॥ શ્રીહરિઃ ॥

શ્રી વલ્લભ પ્રતિનિધિં, તેજોરાશિં દયાર્ણવમ્ ।
ગુણાતીતં ગુણનિધિં, શ્રી ગોપીનાથમાશ્રયે ॥

વૈષ્ણવ પરિવાર

આનંદનો આવિષ્કાર - ભાગ-૫

શ્રીમદ્ વલ્લભનંદન
શ્રી ગોપીનાથજી પ્રભુચરણ ચરિત્રામૃત

● વાર્ષિક વિશેષાંક - ભેટપુસ્તક ●

■ લેખક ■
નંદકિશોર અં. ખંધડીયા

■ તંત્રી ■
વસંતબેન ર. પરીખ

■ પ્રકાશક ■
શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા

વર્ષ : ૨૬ ■ અંક : ૯ ■ સળંગ અંક : ૩૧૫
ડિસેમ્બર-૨૦૦૯ : માગશર-પોષ - ૨૦૬૬ : શ્રીવલ્લભાબ્દ - ૫૩૨

શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ

(ટ્રસ્ટ ર. નં. ઈ/૨૯૭૦ (મહેસાણા) તા. ૩૧-૧-૧૯૮૭)

[ઈન્કમટેક્ષ મુક્તિ નં. : CIT/GNR/80G(5)/MHN-48/2004-2005 : Valid up to 31-3-2008]

ટ્રસ્ટની પ્રવૃત્તિઓ

- વૈષ્ણવ પરિવાર (માસિક)
- બાલપુષ્ટિ (બાલમાસિક)
- પુસ્તક - ઓડિયો કેસેટ પ્રકાશન અને વિતરણ.
- શ્રીબેઠકજી નવનિર્માણ સેવા.
- ગૌસેવા.
- અશક્ત - આર્થિક તકલીફવાળાઓને વૈદકીય સહાય.
- સામાન્ય સ્થિતિવાળા તેજસ્વી વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય.
- સત્સંગ સત્રોનું આયોજન.
- કુદરતી આપત્તિના પ્રસંગે આપદ્ગ્રસ્તોને સહાય.

વૈષ્ણવ પરિવાર - ખાસ સૂચના

■ વાર્ષિક લવાજમ દર વર્ષે ફકત ડીસેંબરથી ૨૮મી ફેબ્રુઆરી સુધી જ સ્વીકારાય છે. વર્ષની અધવચ્ચે સ્વીકારાતું નથી. ■ લવાજમનો પાવતી નંબર જ જે તે વર્ષનો ગ્રાહક નંબર છે. તે અંક પરના સરનામા સાથે છપાય છે. ■ અંક દર મહિનાની ૧લી તારીખે પોસ્ટ થાય છે. ■ દર મહિનાની ૨૦મી તારીખ સુધીમાં અંક ન મળે તો, મહેસાણા કાર્યાલયને જ જાણ કરવાથી બીજી નકલ મોકલાશે. ■ અંક ન મળવા અંગે પ્રતિનિધિને ફરિયાદ ન કરવી. ■ સરનામું બદલાય તો ગ્રાહક નંબર સાથે જૂનું અને નવું સરનામું તાત્કાલિક મહેસાણા કાર્યાલયને જણાવવું. ■ બધો જ પત્રવ્યવહાર મહેસાણા કાર્યાલય સાથે જ કરવો. ■ પત્રમાં ગ્રાહક નંબર અને પૂરું સરનામું લખવું.

મહેસાણા કાર્યાલય

શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
હરસાનીજી હાઉસ, ૪૧-૪૪, ઊર્મિ
શોપીંગ સેન્ટર, બી. કે. સિનેમાની સામે,
મહેસાણા -૩૮૪૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૩૯૬૩૫૩
ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
Email : shpct@hotmail.com

મુંબઈ કાર્યાલય

શ્રી વિજયભાઈ એમ. દેસાઈ
કેમિ ઈક્વિપ, દેવકરણ મેન્શન,
૧લા માળે, ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ.
ફોન:(ઓ) ૨૨૦૧૦૦૮૪, ૨૨૦૬૦૮૫૮
(ઘર) ૨૩૬૯૩૮૨૧ ફેક્સ : ૯૧-૨૨-૨૨૦૬૦૮૫૮
(સમય : સવારે ૧૧ થી સાંજે ૫ સુધી)
Email : chemi@vsnl.com

અંધેરી કાર્યાલય

શ્રી વિનયભાઈ મહેતા
ડીલાઈટ એન્ટરપ્રાઈઝ, ૧, સાવિત્રી
સદન રાધિકા નિવાસ પાછળ,
સર એમ. વી. રોડ, અંધેરી(ઈ), મુંબઈ.
ફોન : ૨૬૮૩૭૦૪૭, ૨૬૮૩૦૪૮૩
Email : delight@vsnl.com

અમેરિકા સંપર્ક કેન્દ્ર

Shri Navnitbhai C. Shah
3,Christy Lane, Ocean,
NJ - 07712-2604
Phone : 732-493-9096
Email : ncshahllc@yahoo.com

Shri Rajendra K. Patel
1707, Edington, Portage,
MI - 49024 (U.S.A.)
Phone : 616-323-1880

પ્રસ્તાવના

માખણની આત્મકથા લખવી હોય તો સીધા એના જન્મથી શરૂઆત કરીને એના ભાવિની સફરની વાતો ન કરાય પણ એમાં છાસનો, દહીંનો, મેળવણનો અને દૂધનો તેમ જ ગાયનો ઉલ્લેખ તો મુખ્યત્વે કરવો જ પડે. ઉપરાંત ચૂલો, દેવતા, પંખો, સાણસી, થંભ, રવાઈ (વલોણું, ઝેરણી) દોરી, ગોળી, હાંડી, વલોવનાર વગેરેનો પણ સમાવેશ અનાયાસે જ થઈ જાય; કારણ કે આ સર્વ કોઈ માખણ પેદા કરવામાં એકબીજા સાથે ભૂતકાળમાં અભેદ્ય રીતે સંકળાયેલા છે. તેથી વર્તમાન અને ભવિષ્યની સાથે સાથે આવશ્યક ભૂતકાળ ભળે તો જ એની આત્મકથાને વ્યવસ્થિત રીતે માણી શકાય. માખણને માણવા ઈચ્છનાર પ્રત્યેકને એનો ઈતિહાસ ખબર જ હશે એવું ન માની લેવાય.

એ જ રીતે શ્રીમદ્ વલ્લભનંદનનું ચરિત્રામૃત લખવું હોય તો શ્રીમદ્ વલ્લભ આપમેળે જ એમાં આવી જાય. અને શ્રીમદ્ વલ્લભ આવે એટલે શ્રીનાથજી આવે. શ્રીનાથજી આવે એટલે સખાઓ આવે, ગ્વાલિનીઓ આવે. આ ન્યાયે આ ચરિત્રામૃત ગ્રંથમાં પણ શ્રી ગોપીનાથજીની સાથે, પહેલાં કે પછી જે કોઈ પ્રસંગો, પાત્રો કે સ્થળો સંકળાયેલા છે એ સર્વનો એના મહત્ત્વ અનુસાર અછડતો કે ઊંડો ઉલ્લેખ કરવો જ પડે અને તો જ શ્રી ગોપીનાથજીને આપણે સમજી શકીએ. અન્યથા છીછરા પાણીમાં છબછબિયાં કરીને બહાર નીકળી જવા જેવું થાય. હવાડામાં આવેલા પાણીને સમજવું કે માણવું હોય તો એના કૂવાને અને આજુબાજુના વિસ્તારને પહેલાં સમજી લેવો પડે!

આ ગ્રંથના શરૂઆતના પૃષ્ઠો વાંચતી વખતે કદાચને કોઈ જ્ઞાની વાચકને એવી ભ્રાંતિ થઈ આવે કે, ‘આ શું? શ્રી ગોપીનાથજીનું ચરિત્ર હજુ કેમ નથી આવતું? આ તો શ્રી મહાપ્રભુજીના પૂર્વજો, શ્રી મહાપ્રભુજી, શ્રીનાથજી કે શ્રીનાથજીના સખાઓ અને શ્રી મહાપ્રભુજીના સેવકોના જ ચરિત્રના પ્રકરણો ચાલી રહ્યાં છે!’ એવે સમયે એવા વાચકને મારી એટલી જ નમ્ર વિનંતી છે કે ઉપર દર્શાવેલા માખણના ઉદાહરણને યાદ રાખે અને પછી ધૈર્યપૂર્વક આગળ વધે. જેમ જેમ આગળ વધાશે એમ એમ અનુભવ થતો જશે કે ખરેખર

શરૂઆતના પૃષ્ઠોમાં આલેખાયેલો ઈતિહાસ સમજવો આવશ્યક હતો.ધારો કે વાર્તા સાહિત્યથી કે સંપ્રદાયથી તદ્દન અજાણ એવી કોઈ વ્યક્તિ આ ચરિત્રામૃત વાંચવા બેસે તો એને જરૂરિયાત પૂરતી પાર્શ્વભૂમિકાનો તો ખ્યાલ આપવો જ જોઈએ ને? માખણને માણવા ઈચ્છનાર પ્રત્યેકને એનો ઈતિહાસ ખબર જ હશે એવું ન માની લેવાય. વળી 'બાપ એવા બેટા...' વાળી કહેવતને જો આપણે માન્ય રાખતા હોઈએ તો બેટાને સમજવા માટે બાપને પહેલાં સમજી લેવા જોઈએ. બાપને સમજવા માટે માને સમજવી પડે. એ બંનેને સમજવા માટે એમના પૂર્વજોને પણ થોડા થોડા સમજવા પડે. ત્યાર પછી બેટાનું ચરિત્ર આપમેળે આપણને સમજાવા લાગે અથવા તો સમજવું સરળ થઈ પડે!

આમ, આ ગ્રંથને વાંચનાર વ્યક્તિ ભલે આપણા સંપ્રદાયની હોય પણ આપણા સાહિત્યથી અપરિચિત હોય તો એના હાથમાં આ ગ્રંથ કંટાળારૂપ ન બનવો જોઈએ. એ જ હેતુથી મેં શ્રી ગોપીનાથજીના પૂર્વજોના અતિ આવશ્યક ઈતિહાસને જ સંક્ષેપમાં આ ગ્રંથની શરૂઆતમાં સાંકળી લીધો છે. તેમજ શ્રી ગોપીનાથજી અને શ્રીપુરુષોત્તમજીનાં જીવનચરિત્રને તેમના વિશે પૂરી જાણકારી મળી રહે તે રીતે આલેખવાનો પ્રયાસ કર્યો છે.

વળી આ ગ્રંથમાં આપણા સાંપ્રદાયિક સાહિત્યના વિસંગતિવાળા પ્રસંગોમાં માત્ર પ્રસંગનું બીજ પકડી લઈને એને મઠાર્યા છે અને હાર્દ સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. ગામનું નામ કે તિથિઓને એવે સમયે મેં ઓછું મહત્ત્વ આપ્યું છે. બે પ્રસંગોની વચ્ચે કડી જોડવા માટે કે એને સળંગ કથાનું રૂપ આપવા માટે પણ મેં ક્યાંક ક્યાંક તર્કનો પ્રયોગ કર્યો છે. આ ગ્રંથમાં એવા તો અનેક પ્રસંગો છે કે જ્યાં ભારોભાર વિસંગતિ ડોકાતી હોય અને એવે સમયે મેં એવા પ્રસંગોનું ફક્ત બીજ પકડી રાખ્યું હોય. એવા પ્રસંગોને મઠારવા જતાં મેં કલ્પના શક્તિનો પ્રયોગ ઓછો કર્યો છે અને તર્ક શક્તિનો પ્રયોગ વિશેષ કર્યો છે. તેથી આ ગ્રંથને 'નવલકથા' તરીકે સમજવા કરતાં 'સત્યકથા' તરીકે સમજવો વધુ ઉચિત લેખાશે.

અહીં કોઈ વિરલ વાચક શંકાથી પ્રેરાઈને, પૂછવા ખાતર જ, એમ પૂછે કે 'આવું બન્યું છે એની સાબિતી શું?' તો એવા સમયે મારો એક જ ઉત્તર હશે કે 'આવું નહીં બન્યું હોય એની સાબિતી શું?' આવા ટાણે જો એ વાચક ફરી કોઈ વકીલની બુદ્ધિ ઉછીની લઈને દલીલ કરે કે, 'જે બન્યું જ ન હોય એની સાબિતી શી રીતે હોઈ શકે અને સાબિતી વગરના પ્રસંગનું અસ્તિત્વ કેટલું?' તો મારો પ્રત્યુત્તર એવો હશે કે, 'જે બન્યું છે એ હકીકત છે પણ એનો ઘટના ક્રમ કે કાળ ક્રમ કે એની સાથે સંકળાયેલી અન્ય વાતોની સાબિતી તરીકે જો ભિન્ન ભિન્ન પુસ્તકોમાં વેગળા વેગળા ઉલ્લેખો પ્રાપ્ત થતા હોય તો એને સાબિતી તરીકે કેટલી હદે માન્ય રાખી શકાય? અને છતાંય જો આપણે એવી વિસંગતિઓવાળા પ્રસંગોને / સાબિતીઓને હોંશે હોંશે માન્ય રાખતા હોઈએ તો, શંકા ન ઉઠાવતા હોઈએ તો સાબિતી વગરના પ્રસંગોને પણ, જો એ પ્રસંગના મૂળ તત્ત્વને કે હાર્દને ઉઝરડો ન પાડતા હોય તો, કોઈક વાર તર્કના આધારે માન્ય રાખવા જોઈએ.' અને એટલે જ મારા દ્વારા મઠારાયેલા પ્રસંગો કલ્પનાને આધારે નહીં પણ તર્કને આધારે મહાલતા હોય છે.

મારી આ વાત 'સંશોધન ગ્રંથ' લખતી વખતે કદાચ લાગુ ન પાડી શકાય; પરંતુ વાંચકો એ ખાસ યાદ રાખે કે મારો આ ગ્રંથ કોઈ પણ પ્રકારે 'સંશોધન ગ્રંથ' નથી પરંતુ 'ચરિત્રામૃત ગ્રંથ' છે જે વધુમાં વધુ સાચી સાબિતીઓના પાયા પર ચણાયેલો 'ભાવનાત્મક' રીતે માણવાનો સત્યકથાવાળો ગ્રંથ છે. હા, વધુમાં વધુ સાચી સાબિતીઓ એકત્રિત કરવામાં મારી મહેનત કોઈપણ સંશોધન ગ્રંથ લખતી વખતે કરવામાં આવતી મહેનત કે લેવામાં આવતી કાળજી કે પાળવામાં આવતા નિયમો કરતાં જરાય ઊણી ઊતરે એમ નથી. તેમ જ એ સાચી સાબિતીઓને મઠારતી વખતે વાપરવામાં આવેલી કળા કોઈ પણ નવલકથા લખતી વખતે વાપરવામાં આવતી કળાઓ કરતાં પાછી / ઓછી પડે એમ નથી. એટલે આ ગ્રંથનો 'સંદર્ભ ગ્રંથ' તરીકે ઉપયોગ કરનારાઓ સદંતર તો નાસીપાસ નહીં જ થાય. આ ગ્રંથ દ્વારા સંશોધનકારોના દ્વાર અવશ્ય ખુલ્લા થઈ જશે અને અમુક પ્રકારનું દિશા સૂચન તો અવશ્ય મળશે; તેમ જ નવલકથાના શોખીનોને એમનો પણ ખોરાક પ્રાપ્ત થઈ જશે.

આપણા પ્રાચીન વાર્તા સાહિત્યમાં જે અને જેટલું નોંધાયું છે એના કરતાં અનેક ગણું જે અને જેટલું નથી નોંધાયું એને ઉકેલવાનો / વાંચવાનો આપણે પ્રયત્ન કરવાની આવશ્યકતા છે. મારું ચોક્કસપણે માનવું છે કે આ પ્રકારના વણનોંધાયેલા કે વણપ્રકાશિત થયેલા અનેક પ્રસંગો ભજવાયેલા છે... અને એ પણ કંઈક જુદી રીતે!! નહીં તો આટલી બધી વિસંગતિઓ ન હોય! આ વિપુલ વિસંગતિઓ જ શંકાનું મૂળ છે. પ્રસંગોના ઘટના ક્રમમાં, એમની સંવતો અને

તિથિઓમાં, માસમાં, સ્થળમાં, પાત્રોમાં વગેરેમાં એટલી બધી વિસંગતિઓ છે કે મેળ બેસાડવા જતાં મગજ ચકરાવે ચડી જાય છે. છતાંય શ્રી વલ્લભ અને શ્રી વલ્લભનંદનની ઈચ્છા તેમ જ કૃપા થકી ધૂંધળું ચિત્ર ઘણું સ્વચ્છ કરી શક્યો છું એ મારું મહદ્ ભાગ્ય છે. ઈતિહાસના શોખીનો આ ગ્રંથનું ૧૮મું પ્રકરણ અવશ્ય વાંચે એવી મારી ભલામણ છે.

આવી જ વિસંગતિઓથી લચ્યાપચ્યા આપણા અમૂલ્ય સાહિત્યનું આપણા વડવાઓ / આપણે ૩૩૫ વર્ષોથી વાંચન, અધ્યયન અને મનન કરતા આવ્યા છીએ / કરીએ છીએ અને ક્યારેય 'આમાં આમ કેમ?' એવો પ્રશ્ન નથી ઉઠાવ્યો. આના ઘણાં બધાં કારણોમાંનું એક કારણ કદાચ એ પણ હોઈ શકે કે આપણે 'વિશ્લેષણાત્મક' વાંચન નથી કરતા. આજે એક પ્રસંગ કોઈ એક પુસ્તકમાં આપણે વાંચીએ છીએ. ઘણા સમય પછી જો એ જ પ્રસંગ બીજા કોઈ પુસ્તકમાં વાંચવામાં આવે તો આપણે અગાઉ વાંચેલા પ્રસંગ સાથે એની તુલના નથી કરતાં, કારણ કે આપણે એ પ્રસંગ કાગળ ઉપરેય નથી નોંધ્યો હોતો કે મગજમાંય નહીં! કે ફરીથી બંને પુસ્તકો સાથે રાખીને વાંચવા જેટલી જિજ્ઞાસા / તત્પરતા ધરાવતાં! જો કોઈ વિદ્વાન સંશોધક આવી જિજ્ઞાસા કે તત્પરતાવશ થઈને અતિ શ્રમ ઉઠાવી એ વિષય અંગેનો સંશોધનાત્મક ગ્રંથ લખે છે તો આપણે એને વાંચવાની કે વધાવવાની દરકાર પણ નથી કરતાં. આપણને ફક્ત નવલકથાઓ જ વાંચવી ગમે છે! સત્યકથાઓની આપણે અવગણના કરીએ છીએ. આપણી એ મનોવાંછિત પ્રણાલીને તોડવા ખાતર મેં અહીં સત્યકથાને નવલકથાના રૂપમાં લખી છે. આશા રાખું છું કે વાચકો એમાં ત્રુટિઓ શોધવાને બદલે એને સહર્ષ વધાવી લેશે અને એમાં નિરૂપિત થયેલા કથાનાયકના ચરિત્રામૃતને હૃદયારૂઢ કરી આનંદના આવિષ્કારને પ્રાપ્ત કરશે.

'આનંદના આવિષ્કાર'ને વૈષ્ણવોના ઘરે ઘરે પહોંચતો કરવાનો ભગીરથ પ્રયત્ન આજથી કેટલાય વર્ષો પૂર્વે ગો. વા. શ્રી રમેશભાઈ પરીખે આદર્યો હતો. આભ જેવડી ઊંચાઈને અડકી ગયેલી એ ગ્રંથની હારમાળાએ વિક્રમજનક સપાટી સર કરી હતી. છતાંય હરિ ઈચ્છાથી એમાં એક કડી ઓછી રહી ગઈ! શ્રી ગોપીનાથજીની. કદાચ મારે માટે જ એ કડી શ્રી રમેશભાઈએ છોડી દીધી હશે! શ્રી વલ્લભાચાર્યજી, શ્રી વિઠ્ઠલનાથજી, શ્રી ગોકુલનાથજી અને શ્રી હરિરાયજીના ચરિત્રોને નવલકથાની શૈલીમાં આલેખીને શ્રી રમેશભાઈ અન્ય વિષયોના લેખન તરફ વળ્યા અને ભરપૂર સાહિત્યસેવા કરીને એક દિવસ

એમણે ચિર વિદાય લીધી. પેલી ખૂટતી કડી ખૂટતી જ રહી ગઈ. શ્રી ગોપીનાથજી મિતભાષી અને વૈરાગી પ્રકૃતિના હતા એટલે એમણે શ્રી રમેશભાઈ સામે કોઈ વાંધો ન ઉઠાવ્યો!... પણ એમનાં શોકાકુલ વહુજી શ્રી પાચ્યમાગારુજીએ બહુ વ્યથિત હૃદયે પોતાની મનોવ્યથા મારી પાસે ઠાલવી! એમની ઉપર પુષ્ટિ સંપ્રદાયે કરેલા મિથ્યા અને અસત્ય આરોપોથી આપશ્રી અત્યંત વ્યાકુળ છે અને આઘાત ભોગવી રહ્યાં છે એમ જણાવીને મને ઘણી બધી અપ્રગટ વાતો કહી અને શ્રી ગોપીનાથજીના ચરિત્રામૃતને ગ્રંથસ્થ કરવાની પ્રેરણા તેમ જ શક્તિ આપી. આજે આપશ્રી ઉભય સરકારના આશીર્વાદથી અને ચરણકમલોની કૃપાથી જ હું આ દિવ્ય ગ્રંથનું લેખનકાર્ય કરી શક્યો છું. એમાં કોઈ શંકા નથી!

શ્રી ગોપીનાથજીના ચરિત્રામૃતવાળા આ ગ્રંથના પ્રકાશન પછી શ્રી ગોપીનાથજીને ૪૯૯ વર્ષ પૂરા થશે અને એમની ૫૦૦મી જયંતીની ઉજવણી શરૂ થશે. આવો, આવા સુઅવસરે આપણે શ્રીમદ્ વલ્લભનંદન શ્રી ગોપીનાથજીને અને એમના પ્રેમાળ કૃપાળુ કુટુંબીજનોને નવેસરથી ઓળખીએ! આપણે આમ કરશું તો જ આપણા પૂર્વજોએ કરેલી ભૂલનું પ્રાયશ્ચિત થયેલું ગણાશે અને સાચા અર્થમાં શ્રી ગોપીનાથજીને પ્રસન્ન કર્યાના આશીર્વાદ પ્રાપ્ત થશે! આપશ્રીની ૫૦૦મી જયંતીની ઉજવણીની આપણે આ રીતે આજથી જ શરૂઆત કરીએ. કરશું? જો તરતોતરત હા ન પાડવી હોય તો આ ગ્રંથ વાંચ્યા પછી નક્કી કરીને કહેજો... કે....

યદનુગ્રહતો જંતુઃ સર્વદુઃખાતિગો ભવેત્ ।
તમહં સર્વદા વંદે શ્રીમદ્વલ્લભનન્દનમ્ ॥

નંદકિશોર

(નંદકિશોર અં. ખંધડીયા)

વિ.સં. ૨૦૬૫, શ્રાવણ વદ ૮
શુક્રવાર, તા. ૧૪-૦૮-૨૦૦૯

■

પ્રાસંગિક

જગદ્‌ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજી આપણા પુષ્ટિમાર્ગના સ્થાપક આચાર્ય. આપણા સૌના ગુરુ. વૈશ્વાનર અગ્નિસ્વરૂપ. આપશ્રીને બે પુત્રો. મોટા પુત્ર શ્રી ગોપીનાથજી અને નાના પુત્ર શ્રીવિઠ્ઠલનાથજી-શ્રીવિઠ્ઠલેશજી-શ્રીગુસાંઈજી પ્રભુચરણ.

શ્રીગુસાંઈજી પ્રભુચરણ શ્રીવિઠ્ઠલનાથજીના નામ અને ચરિત્રથી સૌ વૈષ્ણવો પરિચિત પરંતુ શ્રીગોપીનાથજી પ્રભુચરણના નામ અને ચરિત્રથી સૌ અપરિચિત! આપશ્રી શ્રીમહાપ્રભુજી પછી પુષ્ટિમાર્ગના દ્વિતીય આચાર્ય સ્વરૂપે બિરાજેલા. તેમના પછી તેમના પુત્ર શ્રી પુરુષોત્તમજી તૃતીય આચાર્ય તરીકે બિરાજ્યા અને તેમના લીલાપ્રવેશ પછી શ્રી ગુસાંઈજી મહારાજ પુષ્ટિમાર્ગના આચાર્યપદે બિરાજ્યા.

શ્રીવલ્લભનંદન એવા શ્રીગોપીનાથજીના પ્રાગટ્યને હાલ ૪૯૯મું વર્ષ ચાલી રહ્યું છે. તેમની ૫૦૦મી જન્મજયંતી - પંચશતાબ્દી વર્ષની ઉજવણીની શરૂઆત સંપ્રદાયમાં થઈ રહી છે, ત્યારે આપશ્રીના દિવ્ય ચરિત્રથી સૌ વૈષ્ણવો પરિચિત થાય તે આશયથી આ વર્ષે શ્રી ગોપીનાથજીના ચરિત્રને દર્શાવતો ગ્રંથ 'વૈષ્ણવ પરિવાર'ના સર્વ મેમ્બરોને ભેટપુસ્તક તરીકે આપવાની પ્રભુપ્રેરણા થઈ.

સંપ્રદાયના વિદ્વાન અને સંશોધનાત્મક વૃત્તિથી લેખનકાર્ય કરી રહેલ પ. ભ. શ્રી નંદકિશોર ખંધડીયાજી સાથે આ અંગે વાત થતાં તેમણે શ્રી ગોપીનાથજીના દિવ્યચરિત્રને આધુનિક નવલકથા શૈલીમાં આલેખવાનું બીડું સહર્ષ ઝડપી લીધું. તેમને પણ આ ચરિત્ર લખવાની પ્રેરણા થઈ જ હતી. શ્રી ગોપીનાથજીના ચરિત્ર અને જીવનપ્રસંગો અંગે સ્વમાર્ગીય વિવિધ ગ્રંથોમાંથી ઉપલબ્ધ થતી હકીકતોને સંશોધનાત્મક રીતે ચકાસી, વાર્તારસ જળવાઈ રહે તે રીતે તેમણે આ ગ્રંથમાં સુંદર રીતે રજૂ કરી છે. સાથે સાથે કેટલીક બાબતો અંગે પોતાના વિચારો, તારણો, મંતવ્યોને પરિશિષ્ટમાં રજૂ કર્યા છે. હકીકતોમાં રહેલી વિસંગતતાઓ તરફ અંગુલિનિર્દેશ કર્યો છે. તે દૂર થાય તેવા પ્રમાણો પણ શક્ય હોય ત્યાં સુધી રજૂ કર્યા છે. વિશેષ સંશોધન માટે પ્રશ્નો પણ મૂક્યા છે.

સંપ્રદાયમાં ખૂબ જ પ્રિય બનેલી 'આનંદનો આવિષ્કાર' ગ્રંથ શ્રેણીના ચાર ગ્રંથોમાં શ્રી રમેશભાઈ પરીખ દ્વારા શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજી, શ્રી ગુસાંઈજી પ્રભુચરણ, માલાતિલકના રક્ષણહાર શ્રી ગોકુલનાથજી અને શિક્ષાપત્રના કર્તા શ્રી હરિરાયજીનાં દિવ્ય ચરિત્રો સુંદર, ભાવવાહી રસાળ શૈલીમાં આલેખાયાં છે. આ ગ્રંથશ્રેણી વૈષ્ણવોમાં ખૂબ જ પ્રિય બની છે. તેની અનેક આવૃત્તિઓ પ્રકાશિત થઈ છે. આપણા પ્રતાપી આચાર્ય મહાનુભાવોનો પરિચય કરાવતી ચરિત્રાત્મક ગ્રંથોની આ શ્રેણીમાં શ્રીગોપીનાથજીના દિવ્ય ચરિત્રનું આલેખન, આપશ્રીની પંચશતાબ્દી વર્ષની ઉજવણી નિમિત્તે, આનંદનો આવિષ્કાર - ભાગ-૫ સ્વરૂપે થઈ રહ્યું છે, તેનો ખૂબ આનંદ છે. સાથે સાથે 'વૈષ્ણવ પરિવાર'ની દર વર્ષે ભેટ પુસ્તક આપવાની પરંપરામાં આ વર્ષે આ ચરિત્રાત્મક ગ્રંથ ભેટપુસ્તક તરીકે આપવાનો મનોરથ પૂર્ણ થયો છે તેનો વિશેષ આનંદ છે.

ગ્રંથને સંશોધનાત્મક પદ્ધતિએ છતાં સુચારુ, રસાળ, ભાવવાહી શૈલીમાં, ખૂબ જ જહેમતપૂર્વક, ઝડપથી તૈયાર કરી આપવા બદલ શ્રી નંદકિશોરભાઈનો ધન્યવાદ સાથે આભાર માનું છું. ગ્રંથના પ્રકાશનમાં પોતાની દ્રવ્યસેવા દ્વારા મનોરથી બનનાર વૈષ્ણવોનો તેમની આ નામ સેવા માટે આભાર માની, તેમના પ્રત્યે મારી પ્રસન્નતા વ્યક્ત કરું છું.

શ્રી વલ્લભનંદન શ્રીગોપીનાથજી પ્રભુચરણના જીવન-કવનમાંથી સંપ્રદાયના પરમ વિદ્વાન એવા પ. ભ. શ્રી વૈકુંઠભાઈ ભગતે અષ્ટોત્તરશત નામરત્નો પ્રાપ્ત કરી, આપશ્રીના સ્તવન રૂપી સુંદર રત્નમાળા ગૂંથી છે. એ સ્તવન આ ગ્રંથમાં પાછળ પ્રકાશિત કર્યું છે. આશા છે આપ સૌને આ સ્તવન આપશ્રીના નામસ્મરણ અને સ્વરૂપધ્યાન માટે ઘણું ઉપયોગી થશે. શ્રીગોપીનાથ પ્રભુચરણના જીવન-કવનનો પરિચય કરાવી, આપશ્રીના સ્વરૂપમાં ભાવની વૃદ્ધિ કરાવનારું થશે. આ પ્રસંગે પ. ભ. શ્રી વૈકુંઠભાઈને પણ તેમની આ સુંદર રત્નમાળા જેવી રચના માટે ધન્યવાદ આપી, તેને પ્રસ્તુત ગ્રંથમાં પ્રકાશિત કરવાની અનુમતિ આપવા બદલ આભાર માનું છું.

ત્યાગની સાક્ષાત્ મૂર્તિસમા, અહંતા મમતા વગરના, વિરક્ત જીવનના અનુરાગી, ભગવત્સેવા પરાયણ, પિતૃસેવા તત્પર, શ્રી વિઠ્ઠલનાથજી આદિ સર્વ સ્વજનોના સુખદાતા, શાસ્ત્ર આજ્ઞા પ્રમાણે શિસ્તબદ્ધ જીવન ગાળીને વૈષ્ણવી જીવન કેવું હોય તેનો આદર્શ ચરિતાર્થ કરી બતાવનાર આપણા આ મહાનુભાવ આચાર્યને આ ગ્રંથ દ્વારા સૌ વૈષ્ણવો જાણે અને આપશ્રી પ્રત્યે પણ ભક્તિભાવ કેળવી, તેમનું નિત્ય સ્મરણ કરી, વંદન કરે એ અભિલાષા સાથે પ્રકાશિત આ ગ્રંથ, આપશ્રીની મહદ્ કૃપાનું જ પરિણામ છે. તેથી આપશ્રીના યુગલ ચરણકમલોમાં સાદર, સદૈન્ય સમર્પિત કરી કૃતાર્થતા અનુભવું છું.

- વસંતબેન પરીખ

શ્રી ગોપીનાથજી પ્રાગટ્યોત્સવ - ભાદરવા વદ-૧૨

આ ગ્રંથના મનોરથી

એક વૈષ્ણવ
(મહેસાણા)ના
જયશ્રીકૃષ્ણ.

આ ગ્રંથના મનોરથી



ગો. વા. ઇંદિરાબેન પરીખ તેમજ ગો. વા. શ્રી શાંતિલાલભાઈ

તેમજ

રાધિકા અને
કુલીનભાઈ એસ. પરીખ
(યુ.એસ.એ.)ના
જયશ્રીકૃષ્ણ.

દુષ્યંતભાઈ પરીખ
(યુ.એસ.એ.) ના જયશ્રીકૃષ્ણ.

મીતા હરેશભાઈ મજમુંદાર
(યુ.એસ.એ.)ના
જયશ્રીકૃષ્ણ.

રીચા જીનલ પારેખ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

મયુર જી. શાહ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

એક વૈષ્ણવ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

ગો. વા. સુશીલાબેન મોહનલાલ દેસાઈ (વાડાસિનોર)ના
જય જય શ્રીગોકુલેશ

શ્રીમદ્ વલ્લભનંદન શ્રીગોપીનાથજી પ્રભુચરણ

(૧)

વ્રજમાં ગિરિરાજ પર્વતના મધ્ય શિખર પર જે સમયે શ્રીનાથજીની વામ ઉર્ધ્વભુજાનું પ્રાકટ્ય થયું હતું, એની જ આસપાસના અરસાની આ વાત છે. ચૌદમો-પંદરમો સૈકો હતો. દક્ષિણ ભારતના આંધ્ર પ્રદેશમાં આકબીડુ નામે જિલ્લો. આ જિલ્લામાં વ્યોમસ્તંભ નામનો પર્વત. પર્વતમાંથી કૃષ્ણા નદી ખળભળ કરતી વહી જાય. આ પર્વતની તળેટીમાં અને નદીના દક્ષિણ તરફના રમણીય તટ પ્રદેશમાં કાંકરવાડ નામે એક સરસ મઝાનું ગામ વસેલું. આ ગામમાં ભારદ્વાજ ગોત્રવાળા, કૃષ્ણયજુર્વેદી, તૈત્તરીય શાખાધ્યાયી, વેલ્લનાડુ સંજ્ઞક કુળના તૈલંગ બ્રાહ્મણો નિવાસ કરતા હતા. આ કુળ પરાપૂર્વથી શ્રીગોપાલકૃષ્ણની ભક્તિ કરતું હતું. આ કુળે વૈદિક શ્રૌત દીક્ષા લીધી હતી. તેથી એ 'દીક્ષિત કુળ' તરીકે પ્રસિદ્ધ થયું હતું.

આવા પવિત્ર બ્રાહ્મણ કુળમાં શ્રી યજ્ઞનારાયણ ભટ્ટજી પ્રગટ થયા. એમને વિષ્ણુમુનિ નામના એક તપસ્વી સંન્યાસીએ ગોપાલમંત્રની દીક્ષા આપી. ચારે વેદ અને છએ શાસ્ત્રના પ્રખર જ્ઞાતા એવા યજ્ઞનારાયણજીએ મોટી ઉંમરે દેવપુરના સુધર્મા નામે પવિત્ર બ્રાહ્મણની નર્મદા નામની કન્યા સાથે લગ્ન કર્યું. પ્રતિવર્ષ બંને જણ મળીને સોમયજ્ઞ કરે. એક વખત વૃદ્ધાવસ્થામાં સોમયજ્ઞનું કાર્ય ચાલતું હતું. ખૂબ શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક, પૂર્ણાહુતિ સમયે તેમણે પોતાના ઈષ્ટદેવ ગોપાલકૃષ્ણનું સ્મરણ કરતાં કરતાં યજ્ઞવેદીમાં શ્રીફળ હોમ્યું. એ જ ક્ષણે વેદીમાંથી દિવ્ય પ્રકાશ પ્રગટ્યો. આવા અલૌકિક દિવ્ય પ્રકાશની વચ્ચે શ્રી યજ્ઞનારાયણજીને પીતાંબરધારી, કમલનયન મુરલી મનોહર ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શન થયા. પતિ-પત્ની બેઠાં હતાં એ જ સ્થાન પર ઊભા થઈ ગયાં અને આશ્ચર્યચકિત થઈને ભગવાનને એકટક નિહાળવા લાગ્યાં.

ભગવાન શ્રીકૃષ્ણે તેમને આજ્ઞા કરી, 'હે ભટ્ટજી, આપની ભક્તિથી હું બહુ જ પ્રસન્ન થયો છું. મનમાં જે આવે એ વરદાન માગી લો.' તેમણે કંઈ જ ન માગ્યું. હર્ષાશ્રુની સાથે, ભગવાનને હાથ જોડીને, બસ બંને જણ વિસ્ફારિત નેત્રે

સંજયભાઈ શાહ (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.

ભગવાનને નિહાળતાં જ રહ્યાં. ભગવાને ફરીથી આજ્ઞા કરી, 'આપે કંઈક તો માગવું જ પડશે. મારી આજ્ઞા છે.' ત્યારે બહુ જ દીનતાપૂર્વક ભટ્ટજીએ વિનંતી કરી, 'હે દીનદયાળુ, હે કૃપાસિંધુ, મને કોઈ જ કામના નથી. હું તો સદાય આપની ભક્તિની જ વાંછના કરું છું. જ્યાં સુધી મારો વંશ પહોંચે ત્યાં સુધી મારા સર્વ વંશજ પણ આપની ભક્તિમાં મગ્ન રહે એ જ મારી ઈચ્છા છે.'

'તથાસ્તુ.' ભગવાને અત્યંત પ્રસન્ન થઈને વરદાન આપ્યું. 'એમ જ થશે. આપની આ ઈચ્છાની પૂર્તિને માટે હમણાં જ આપને આ યજ્ઞવેદીમાંથી મારું એક નાનું વિગ્રહ (મૂર્તિ સ્વરૂપ) પ્રાપ્ત થશે, જેની સેવા આપ અને આપના વંશજ પેઢી દર પેઢી કરતાં રહેશો. આ ઉપરાંત હું પ્રસન્ન થઈને એ પણ વરદાન આપું છું, કે આપના વંશમાં જ્યારે એકસો સોમયજ્ઞ પૂરા થશે ત્યારે હું સ્વયં, સ્વધર્મનું રક્ષણ કરવા માટે, તીર્થોને સનાથ કરવા માટે અને નિજ ભક્તોને શરણમાં લઈ ઉદ્ધાર કરવા માટે, આપના એ સમયના વંશજને ઘરે, વૈશ્વાનર સ્વરૂપે, પુત્ર રૂપે પ્રગટ થઈશ.'

આમ વરદાન આપીને ભગવાન યજ્ઞવેદીમાંથી તિરોહિત થઈ ગયા અને એ જ ક્ષણે તે વેદીના અગ્નિમાંથી ભગવાન શ્રી મદનમોહનજીનું, શ્રી સ્વામિનીજી સહિતનું, ગૌર વર્ણવાળું, અષ્ટધાતુનું એક પાંચ-છ ઈંચ જેટલા નાના કદવાળું, સેવોપયોગી, સુંદર વિગ્રહ બહાર પધાર્યું. શ્રી યજ્ઞનારાયણજીએ વિગ્રહને રેશમી વસ્ત્રમાં વીંટાળી પોતાના મસ્તક પર ધારણ કર્યું. નેત્રોએ લગાડ્યું અને છાતીસરસું ચાંપ્યું. ઉપસ્થિત સર્વ જનોએ શ્રી ગોપાલકૃષ્ણની જય બોલાવી અને શ્રી યજ્ઞનારાયણજીના ભાગ્યની વડાઈ કરવા લાગ્યા.

શ્રી યજ્ઞનારાયણજીએ પોતાના સમગ્ર જીવન દરમ્યાન ૩૨ સોમયજ્ઞ કર્યા. તેઓ સાક્ષાત્ વેદમૂર્તિ હતા. એક સમયે કોઈ તેજોદ્વેષી પંડિતને પોતાની નિંદા કરતો અટકાવવા એમણે ભેંસને છડી મારીને વેદના પાઠ ભણતી કરી હતી. એમના પુત્ર શ્રી ગંગાધરજી થયા. એમણે ૨૮ સોમયજ્ઞ કર્યા. શ્રી ગંગાધરજીએ પણ લોકચર્ચા ટાળવા એક સમયે પોતાની કેશજટા ખોલીને એમાંથી ગંગાજીની ધારા વહાવી હતી. એમના પુત્ર શ્રી ગણપતિ ભટ્ટે ૩૦ સોમયજ્ઞ કર્યા. એમણે એક સમયે પોતાના સામર્થ્યથી એક યોજનના વિસ્તારમાં સવા પ્રહર (લગભગ ચાર કલાક) સુધી હુંડ (સોનામહોર)ની વર્ષા કરાવી હતી.

મહેન્દ્રભાઈ ભીખાલાલ શાહ (વિરમગામ)ના જયશ્રીકૃષ્ણ.

એમના પુત્ર શ્રીવલ્લભ ભટ્ટજીએ ૫ સોમયજ્ઞ કર્યા. તેઓએ પણ પોતાના સામર્થ્ય વડે, એક સમયે લોકનિંદાને ટાળવા, બાર કોસના વિસ્તારમાં મધ્યરાત્રિના સમયે ભરબપોરનો સૂર્ય પ્રજ્વલિત કર્યો હતો. એમના પુત્ર શ્રી લક્ષ્મણ ભટ્ટજી થયા. એમણે બાકીના ૫ સોમયજ્ઞમાંથી ૩ પૂરા કર્યા અને પછી ચિંતિત થઈ ગયા. બબ્બે પત્નીઓ હોવા છતાં હજુ સુધી એ નિ:સંતાન હતા. વંશ આગળ વધવાના કોઈ ચિહ્નો જણાતાં નહોતાં.

એમનું એક મન કહેતું હતું, 'ભાગ્યને કોણ બદલી શક્યું છે? જે થવાનું હોય છે એ તો થઈને જ રહે છે અને જે નથી થવાવાળું એ કદાપિ નથી થતું. મારા પૂર્વજોને સ્વયં ભગવાને વરદાન દીધું છે. પોતે અવતરિત થવાનું, તો પછી વંશ આગળ વધવા માટે સંતાન પ્રાપ્તિ થશે જ.' જ્યારે બીજું મન કહેતું હતું, 'શ્વાસનો શો વિશ્વાસ? ક્યારે એકસો સોમયજ્ઞ પૂરા થશે અને ક્યારે ભગવાન કોને ત્યાં અવતરિત થશે?! કંઈ તો સમજ પડે. મારા કરેલા ત્રણ યજ્ઞ મળીને આજ સુધી આ કુળમાં કુલ અઠ્ઠાણું સોમયજ્ઞ થયા છે. હજુ પણ બે બાકી છે. કઠિન કાર્ય છે. ખેર, પ્રભુ જ લાજ રાખશે.'

એ જ રાત્રિએ નિદ્રાધીન થયેલા શ્રી લક્ષ્મણ ભટ્ટજીને મળસકે બંસીનો મધુર સ્વર સંભળાયો. સ્વપ્નમાં મુરલી મનોહર ભગવાન શ્રી કૃષ્ણે દર્શન દીધાં.

'હે લક્ષ્મણ ભટ્ટજી, આપની ચિંતાથી હું જ્ઞાત છું. પરંતુ આપે ચિંતિત થવાની કોઈ આવશ્યકતા નથી. શેષ રહેલા બે સોમયજ્ઞ પણ આપના દ્વારા જ સંપન્ન થશે. સો સોમયજ્ઞની સમાપ્તિ પછી આપને ત્યાં ત્રણ પુત્રો થશે. એમાંથી જે દ્વિતીય પુત્ર થશે એ, મારા પૂર્વવચનાનુસાર, હું પોતે હોઈશ. આપ નિશ્ચિંત રહો.'

શ્રી લક્ષ્મણભટ્ટજી સફાળા જાગી ગયા. એમણે તરત પેટીમાંથી પોતાના પૂર્વજોની નોંધપોથી કાઢી અને એમાં આ પ્રસંગ નોંધી લીધો. પ્રસંગની નોંધ કરીને એમણે કલમ-દવાત અને પોથીને બાજુએ સરકાવ્યા. ખંડની બારી ખોલીને બહારની તાજગીભરી શીતળ હવાના મોટા જથ્થાને એક ઊંઊંઊં...ડા શ્વાસ દ્વારા છેક અંદર સુધી ભરી લીધો.

'ક્યારે આવશે એ શુભ દિન?!?' શ્રી લક્ષ્મણભટ્ટજી મનોમન બોલી ઊઠ્યા.

ચંદ્રિકાબેન મહેન્દ્રભાઈ શાહ (વિરમગામ)ના જયશ્રીકૃષ્ણ.

પૂર્વાકાશમાં છવાઈ રહેલી લાલિમા એમના નિરાશ નેત્રોમાં આશાની ઓઢણી બનીને લહેરાવા લાગી. આછું અજવાળુ ફેલાતાં જ પક્ષીઓનો મધુર કલરવ એમની ઉદાસીનતાને ઉડાડવા મંડ્યો. વહેલી પ્રભાતે જ એમણે શૈયાત્યાગ કરી દીધો અને નિત્યકર્મથી પરવારી પ્રભુની સેવામાં નિમગ્ન થઈ ગયા.

સમય પાંખ લગાડીને ઊડવા લાગ્યો. અંતે એ દિવસ પણ આવી પહોંચ્યો કે જ્યારે શ્રી લક્ષ્મણભટ્ટજીના હસ્તે બાકીના બે સોમયજ્ઞો પણ પૂરા થઈ ગયા. નાનકડા એવા ગામમાં મેળા જેવું વાતાવરણ સર્જાઈ ગયું. સોમા સોમયજ્ઞની પૂર્ણાહુતિને દિવસે ઈષ્ટદેવ શ્રીગોપાલકૃષ્ણનું સ્મરણ કરીને વેદીમાં શ્રીફળ હોમવામાં આવ્યું. એ જ ક્ષણે વેદીમાંથી અલૌકિક દિવ્ય પ્રકાશ પ્રગટ થયો. ગગનભેદી ગડગડાટ થયો. જોરદાર વાયુ વહેવા લાગ્યો. પરમ પાવનકારી સૌરભ ચારે તરફ ફેલાઈ ગઈ. થોડી ક્ષણોમાં ધીર ગંભીર સ્વરમાં આકાશવાણી થઈ :

'હે તૈલંગકુલશિરોમણિ, વિપ્રવર્ય, મહામહિમ્નોપાધ્યાય શ્રી લક્ષ્મણભટ્ટજી, આપ ધન્ય છો. આજે આપનું પરમ સૌભાગ્ય છે કે આપના હસ્તે આ પાંચમો અને આપના કુળમાં સોમો સોમયજ્ઞ સંપન્ન થઈ રહ્યો છે. ઈશ્વરના વચનો કદાપિ મિથ્યા નથી હોતા. ઘણા વર્ષો પહેલાં આપના પૂર્વજ, વેદમૂર્તિ શ્રી યજ્ઞનારાયણભટ્ટજીને પ્રાપ્ત થયેલા વચન અનુસાર, શ્રી પૂર્ણપુરુષોત્તમ ભગવાનને સ્વધર્મની રક્ષાર્થે, તીર્થોને સનાથ કરવા માટે અને નિજ ભક્તોને શરણમાં લઈ ઉદ્ધાર કરવા માટે, આપને ત્યાં, વૈશ્વાનર સ્વરૂપે, પુત્ર રૂપે પ્રગટ થવાનો સમય આવી પહોંચ્યો છે. આ અત્યુત્તમ ફલ પ્રાપ્તિ માટે આપને વધાઈ હો. ઈતિ શુભમ્ અસ્તુ.'

વિ.સં. ૧૫૨૬ના ચૈત્ર સુદ ૯ (રામ નવમી)ને સોમવારનો એ દિવસ હતો કે જ્યારે શ્રી લક્ષ્મણભટ્ટજીને પોતાને ઘરે પૂર્ણપુરુષોત્તમ પ્રભુનું પુત્ર રૂપે પ્રાકટ્ય થવાની વધાઈ મળી. આવી અલૌકિક વધાઈ મળ્યાની ખુશીમાં અને ૧૦૦મા સોમયજ્ઞની સમાપ્તિ નિમિત્તે શ્રી લક્ષ્મણભટ્ટજીએ સવાલાખ બ્રાહ્મણોને ભોજન કરાવવાનો સંકલ્પ કર્યો. પણ હજુ દિલ્હી ઘણું દૂર હતું. ગોકળગાયની ગતિએ ગામ સુધી આવી પહોંચેલા સમયને ઘરમાં આવતાં હજુ ઘણો સમય લાગવાનો હતો!!

પ્રતિમા અરૂણકુમાર પટેલ (યુ.કે.)ના જયશ્રીકૃષ્ણ.

આ ઘટનાને સીધા સાદા ચાર વર્ષ વીતી ગયાં. કોઈ જ નવાજૂની ન થઈ! વિરોધાભાસી સંદેહો અને અટકળો વચ્ચે શ્રી લક્ષ્મણભટ્ટજી ઝોલા ખાતા રહ્યા. અંતે વિ.સં. ૧૫૩૦માં એમને ગૃહે પારણું બંધાયું અને પ્રથમ પુત્ર (શ્રી મહાપ્રભુજીના મોટા ભાઈ)નો જન્મ થયો કે જેમનું નામ શ્રી રામકૃષ્ણ રાખવામાં આવ્યું.

શ્રી લક્ષ્મણભટ્ટજીએ અલૌકિક વધાઈ મળ્યાની ખુશીમાં અને ૧૦૦મા સોમયજ્ઞની સમાપ્તિમાં સવાલાખ બ્રાહ્મણોને ભોજન કરાવવાનો જે સંકલ્પ કર્યો હતો, તે પૂરો કરવા માટે તેઓ પોતાનાં પત્ની, ૩ વર્ષના પુત્ર રામકૃષ્ણ તથા અન્ય સગાં સંબંધીઓ સાથે દક્ષિણથી નીકળીને ઉત્તરમાં તીર્થરાજ પ્રયાગ પધાર્યા અને સપરિવાર મકરસ્નાન કર્યું. એ સમયે મકર પર્વમાં સૂર્યનો અર્ધોદય અને સોમવતી અમાસ હતા. પ્રયાગ સ્નાન માટે ભાવિકોની જબરી ભીડ જામી હતી.

વતનથી નીકળ્યાના એક વર્ષને અંતે શ્રી લક્ષ્મણભટ્ટજી પ્રયાગથી નીકળી કાશી પહોંચ્યા અને કાશીથી નીકળીને ગયાક્ષેત્ર તરફ પધાર્યા. ગયાક્ષેત્રમાં શ્રાદ્ધનું કાર્ય પતાવીને પાછા કાશી પધાર્યા અને ત્યાં હનુમાન ઘાટ પાસે ઘર લઈને વાસ કર્યો. અન્ય સગાં સંબંધીઓએ પણ ત્યાં જ આજુબાજુમાં ઘર વસાવ્યાં. યથા સમયે આપે પ્રથમ પુત્ર રામકૃષ્ણને યજ્ઞોપવિત સંસ્કાર કરાવ્યા.

કાશી નગરીમાં એ અરસામાં હૈહયવંશી રાજા ભુવનેશ્વરસિંહનું રાજ હતું, જે જોનપુરના મુસ્લિમ રાજ્યની (સુલતાન હુસેનના રાજ્યની) સત્તા હેઠળ હતું. દિલ્લીના બાદશાહ અને જોનપુરના સુલતાન હુસેન વચ્ચે સંઘર્ષ તો હતો જ. એવામાં દિલ્લીના લશ્કરે કાશી પર હુમલો કર્યાની અફવા ફેલાઈ. સૌ નાસભાગ કરવા લાગ્યા. શ્રી લક્ષ્મણભટ્ટજી પણ જરૂરી ઘરવખરી સમેટી, અન્ય સગાં સંબંધીઓ સાથે સ્વદેશ કાંકરવાડ જવા રવાના થયા. એમનાં પત્ની ઈલ્લમાગારુ એ સમયે સાત માસના ગર્ભવતી હતાં.

કાશીથી શરૂ થયેલો એમનો લાંબો અને કષ્ટદાયક પ્રવાસ આગળ વધે ત્યાં સુધીમાં આપણે એક આંટો વ્રજમાં શ્રીગિરિરાજજીની આસપાસ મારી આવીએ અને ત્યાં ઘટી રહેલી છાનીછપની પણ મઝાની ઘટનાઓને માણી આવીએ. કારણ કે ત્યાંની છાની ઘટનાઓને અને અહીંની પ્રગટ ઘટનાઓને

કીકીબેન પ્રફુલભાઈ પટેલ (યુ.કે.)ના જયશ્રીકૃષ્ણ.

ભવિષ્યમાં કોઈક રીતે આપસમાં સંકળાવાનો પ્રસંગ ઊભો થવાનો છે!! તો ચાલો, આપણે વ્રજમાં જઈ આવીને ફરી પાછા અહીંના પ્રવાસમાં જોડાઈ જશું...

●●●

વ્રજમાં શ્રી ગિરિરાજજીની તળેટીમાં ઘણાં નાનાં ગામો વસેલાં. એમાંના એક ગામ આન્યોરના મુખી સદુ પાંડેની 'ઘૂમર' ગાયને એવી ટેવ હતી કે દરરોજ સાંજે વગડામાંથી ચરીને ઘરે પાછા ફરતી વખતે એ બીજી ગાયોથી છૂટી પડી જતી અને શ્રી ગિરિરાજજી પર ચડી જતી. થોડીવાર ગિરિરાજ શ્રીગોવર્ધનના મધ્ય શિખર (દેવ શિખર)ની પેલી કંદરાના મુખ ઉપર ઊભી રહેતી અને સ્વયં દૂધ સ્રવીને પછી નીચે ઊતરી બીજી ગાયોની પાછળ પાછળ પોતાના વાડામાં પ્રવેશી જતી. આમ લગભગ છએક મહિના ચાલ્યા પછી એ ગાય વસુકી ગઈ. એને દૂધ આવતું બંધ થઈ ગયું.

ત્યાર પછી એક દિવસ જમુનાવતા ગામના ધર્મદાસની 'ઘૂમર' ગાય ખોવાઈ ગઈ. સાંજે ગાય પાછી ન આવી એટલે ધર્મદાસને ચિંતા થઈ. એમણે પોતાના ૧૦ વર્ષના ભત્રીજા 'કુંભન'ને સાથે લીધો અને ગાયને શોધવા નીકળી પડ્યા. ગાય શોધતાં શોધતાં બંને શ્રી ગિરિરાજજી ઉપર પહોંચ્યા. જોયું તો એમની ઘૂમર ગાય શ્રી ગોવર્ધનના મધ્ય શિખરની પેલી કંદરાના મુખ ઉપર ઊભી હતી અને એના આંચળમાંથી દૂધની ધારા સ્વયં વહી રહી હતી. બંનેને અત્યંત અચરજ થયું. બંનેએ ગાયને ખસેડવાના બહુ પ્રયત્ન કર્યા પણ ગાય ત્યાંથી એક ડગલુંય ખસી નહીં.

એ સમયે ગિરિકંદરાની અંદર બિરાજી રહેલા શ્રીનાથજીએ મધુર વાણીમાં કાકા-ભત્રીજા સમક્ષ બંને ગાયોનો અને એમના દૂધ સ્રવી જવાનો ભેદ ખોલ્યો. શ્રીનાથજીએ ધર્મદાસને આજ્ઞા કરી કે એમનું જમુનાવતા ગામ થોડું દૂર હોવાથી એમની આ 'ઘૂમર' ગાયને હવે પછીથી નજીકના ગામવાળા સદુ પાંડેની ગાયો સાથે મૂકી દેવી જેથી કરીને પોતાને દૂધ સમયસર મળતું રહે અને ગાયના જીવને પણ અંધારામાં જંગલી પશુનો ધોખો નહીં.

આ આજ્ઞાની સાથે જ શ્રીનાથજીએ ૧૦ વર્ષના કુંભનદાસને પોતાની સાથે દરરોજ ખેલવા આવવા માટેનું આમંત્રણ પણ આપ્યું. કાકા-ભત્રીજા

કાન્તાબેન રમણલાલ શાહ (પુના)ના ના જયશ્રીકૃષ્ણ.

બંનેએ શ્રીનાથજીની આ બંને આજ્ઞા શિરોધાર્ય કરી. ધર્મદાસે પોતાની દુધાળી ઘૂમર ગાય સદુ પાંડેની ગાયો સાથે ભેળવી દીધી અને સદુ પાંડેની વસુકી ગયેલી ઘૂમર ગાય પોતે રાખી લીધી; કે જેથી સદુ પાંડેને પોતાની ગાયોની ગણતરીમાં વધઘટ થયાની જાણ ન થાય. એમના ભત્રીજા કુંભને દરરોજ ગાયો ચરાવવા જવાનો નિયમ કરી લીધો. ખેતરે જવાનું ઓછું કરી નાખ્યું. શ્રી ગિરિરાજજી પર ચડીને ગાયો પેટ ભરીને ચરે અને બીજી તરફ કુંભન પેલા પર્વતના દેવની સાથે પેટ ભરીને રમતો રમે.

ઢળતી બપોરે ધર્મદાસની (અને હવે સદુ પાંડેની) પેલી ઘૂમર ગાય પોતાની મેળે શ્રીગિરિરાજજીની પેલી કંદરા પર આવે અને રમતો રમીને થાકેલા દેવને પોતાનું ધારોષ્ણ દૂધ પિવરાવી જાય. ભત્રીજો કાકાની ગાયને આ રીતે દૂધ સ્રવતાં જોઈને હરખાઈ ઊઠે. પરંતુ થોડા દિવસમાં તો આ વાત બધેય ફેલાઈ ગઈ. કારણ સહેલું હતું. ગાય એના માલિકને દૂધ ઓછું આપવા લાગી હતી અને અન્ય ગોવાળિયાઓએ મુખીની કાનભંભેરણી શરૂ કરી હતી.

ગાયને અને કુંભનાને શ્રીનાથજીની હજુ વધારે સેવા કરવાના ઓરતા છે, તો ચાલો આપણે પાછા કાશી તરફ વળીએ અને પ્રવાસમાં કષ્ટ ભોગવી રહેલા ઈલ્લમાગારુના સ્વાસ્થ્યની ભાળ કાઢીએ...

●●●

શ્રી લક્ષ્મણભટ્ટજી અન્ય સગાં સંબંધીઓ સાથે કાશીથી સ્વદેશ કાંકરવાડ જવા રવાના થયા ત્યારે એમના દ્વિતીય પત્ની ઈલ્લમાગારુ સગર્ભા હતા. દક્ષિણ દેશ તરફ આગળ વધતાં વધતાં મધ્યપ્રદેશના સઘન વનમાં (ચમ્પારણ્યમાં) નદીના કિનારે સૌનો પડાવ પડ્યો હતો, ત્યારે રાત્રિએ ઈલ્લમાગારુને અધૂરે માસે ગર્ભસ્રાવ થયો.

પોતાની નબળી, અતિ પરિશ્રમિત અને ભયવિહ્વળ પરિસ્થિતિના પરિણામ સ્વરૂપે અધૂરા માસે પ્રસવ થતાં અંધારી રાતમાં ગર્ભ નિશ્ચેતન જણાયો, તેથી ભગવદ્ ઈચ્છા માની, ઈલ્લમાગારુએ સાડીમાંથી કકડો ફાડી એમાં ગર્ભને લપેટી એક શમી વૃક્ષ (જે વૈજ્ઞાનિક ઢંગે જીવનદાતા રૂપ અગ્નિને ચૈતન્ય કરનાર છે)ની બખોલમાં મૂકી, ઉપર પાંદડાં ઢાંકી દીધાં. અધૂરા માસે ગર્ભ સ્રવી જતાં ખેદ પામેલા યુગલે નજીકના ચૌડા નામના નગરમાં જઈને

ઈન્દિરાબેન મૂળજીભાઈ તકવાણી (કાંદીવલી-મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

ત્યાંના દીવાન કાશીવાળા શેઠ કૃષ્ણદાસ ચોપડા ક્ષત્રી (શ્રી મહાપ્રભુજીના સેવક કાશીવાળા શેઠ પુરુષોત્તમદાસના પિતા અને શ્રી લક્ષ્મણભટ્ટજીના સેવક)ને ત્યાં જઈને મદદ તેમ જ શ્રમનિવારણ અર્થે રાતવાસો કર્યો. વિદ્વાન શ્રી લક્ષ્મણભટ્ટજીએ વિચાર કર્યો કે ભગવદ્ આજ્ઞાનું ફલ મળવાનો સમય આવી ગયો લાગે છે. શ્રી પૂર્ણપુરુષોત્તમ તો ક્યારેય કોઈના ગર્ભમાં આવતા નથી. માટે પ્રભુ સ્વેચ્છાથી જ પ્રગટ થશે એવું હવે લાગી રહ્યું છે. શ્રી લક્ષ્મણભટ્ટજી જ્યોતિષવિદ્યામાં નિપુણ હતા. એ સમયે રાત્રિએ બહારનું વાતાવરણ જોયા પછી એમને શ્રી પૂર્ણપુરુષોત્તમના પ્રાદુર્ભાવના સર્વ ચિહ્નો જણાવા લાગ્યા. બધી દિશાઓ પ્રફુલ્લિત થઈ રહી હતી. વન હર્યું ભર્યું થઈને ઝૂમી રહ્યું હતું. સર્વ પ્રાણીઓ આનંદ કિલ્લોલ કરતાં હતાં.

એ જ રાત્રિએ નિદ્રાધીન થયા પછી સ્વપ્નમાં શ્રી લક્ષ્મણભટ્ટજીને ભગવદ્ આજ્ઞા થઈ : 'હું આપને ત્યાં અવતીર્ણ થયો છું. ચંપારણ્યમાં શમી વૃક્ષની નીચે અગ્નિકુંડની મધ્યમાં બિરાજું છું. મને વનમાં મૂકીને ચાલ્યા ન જશો. સવારે આવજો અને આ કેસરી ઉપરણો આપું છું તે પુત્રને ઓઢાડજો. એના છેડે બે તુલસીમાળા બાંધી છે અને સાથે ચર્વિત તાંબૂલ પણ છે. નાની ઝીણી માળા પુત્રના ગળામાં પહેરાવજો અને મોટા મણકાવાળી માળા છે તે પુત્રને જપ કરવા માટે હસ્તમાં આપજો. ચર્વિત તાંબૂલને ઘૂંટીને જન્મઘૂંટીમાં પિવડાવી દેજો.'

અન્ય સગાં સંબંધીઓ પડાવ ઉઠાવીને સ્વદેશ તરફ જવા રવાના થયા. ભગવદ્ આજ્ઞા સાંભળીને અધીરું થઈ ગયેલું યુગલ બીજા દિવસે સવારે હાંફળું-ફાંફળું ફરીથી વનપ્રદેશમાં પ્રવેશ્યું. ભીમરથી નદીના કિનારે પેલા શમી વૃક્ષની નીચે જઈને જુએ છે તો ત્યાં અનિર્વચનીય ચમત્કારવાળી અલૌકિક શોભા પ્રગટી છે. બાર હાથના વિસ્તારમાં અગ્નિની જ્વાળાઓનો કુંડ. તેની મધ્યમાં નદીની વાલુકા (રેતી)નો ચાર હાથ જેટલો ગોળ ચોતરો. એ ચોતરા ઉપર કોટિ કંદર્પ-લાવણ્યયુક્ત એક બાળક પોતાના ચરણનો અંગૂઠો ચૂસે. બ્રહ્મા આદિ દેવતાઓ અંતરિક્ષમાં ઊભા ઊભા તે બાળકની સ્તુતિ કરીને પુષ્પવૃષ્ટિ કરે. ગંધર્વો ગાન કરે. અપ્સરાઓ વાજિંત્રો વગાડીને નૃત્ય કરે.

ઈલ્લમાગારુને આ પ્રકાર દૂરથી જોવામાં આવતાં તેમના સ્તનોમાંથી દૂધની ધારા છૂટવા લાગી. તેઓ અગ્નિકુંડની પાસે આવ્યાં અને વિનંતી કરી: 'જો મારું બાળક આ કુંડમાં હોય તો, હે નારાયણ, મને એ પ્રાપ્ત થાવ.' તરત સર્વ દેવતાઓ અંતર્ધાન થઈ ગયા અને અગ્નિએ માતાને માર્ગ આપ્યો. ઈલ્લમાગારુએ દોડીને પુત્રને તેડી લીધો અને છાતીસરસો ચાંપી સ્તનપાન કરાવવા લાગ્યાં. એ બાળક તે જ પૂર્ણબ્રહ્મસ્વરૂપ વૈશ્વાનર વિભુ શ્રી વલ્લભ-શ્રી મહાપ્રભુજી...

ગો.વા. ગુણવંતીબેન ગોરધનદાસ મોદી (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

● ● ●

હવે પાછા આપણે વ્રજની એક ઊડતી મુલાકાત લઈ આવશું? કારણ કે ત્યાં પણ આ દિવસે અને આ જ સમયે આવું જ કંઈક થઈ રહ્યું હતું.

ધૂમર ગાય એના માલિકને દૂધ ઓછું આપવા લાગી હતી અને અન્ય ગોવાળિયાઓએ મુખીની કાનભંભેરણી શરૂ કરી હતી. સદ્દુ પાંડેને મહિનાઓથી વહેમ તો પડ્યો જ હતો. એમણે પોતાના મોટા ભાઈ માણેકચંદને વાત કરી. બંને ભાઈઓ બીજા થોડા અનુભવી વ્રજવાસીઓને લઈને સવારથી જ ગાયની પાછળ પાછળ ગયા. ઢળતી બપોરે ગાય શ્રી ગિરિરાજજીની પેલી કંદરાના મુખ પરની શિલા પાસે જઈને ઊભી રહી અને પોતાની મેળે જ દૂધ સ્રવવા લાગી. સૌએ આ કૌતુક જોયું. કુંભન પણ ત્યાં જ હતો. સદ્દુ પાંડેએ એને આ પ્રકાર વિષે પૂછી જોયું. પરંતુ કુંભને કોઈ જ ભેદ ન ખોલ્યો. ગાય દૂધ સ્રવીને ખસી ગઈ એટલે વ્રજવાસીઓએ ભેગા મળીને બળ વાપરી પેલી શિલાને ખસેડી. જોયું તો નીચે ગિરિકંદરામાં એક સાતેક વર્ષનો શ્યામ વાનવાળો સુંદર કિશોર રમી રહ્યો છે.

સદ્દુ પાંડેએ એને પૂછ્યું : 'તું કોણ છે?'

'હું આ પર્વતનો દેવતા છું. દેવદમન મારું નામ છે.'

'બહાર કેમ નથી નીકળતો? અમને તારા સંપૂર્ણ દર્શન કરાવ.'

'એમ કરવાને થોડા વર્ષોની વાર છે. આજે તમે મારા મુખનું દર્શન કર્યું એ જ ઘણું છે. આજના પાવન દિવસે, અન્ય કોઈ સ્થળે, મને સંપૂર્ણ પ્રગટ કરનારનું પ્રાકટ્ય થઈ ચૂક્યું છે. તે આવીને મને પ્રગટ ન કરે ત્યાં સુધી તમે લોકો મને દૂધ-દહીં-માખણ આરોગાવ્યા કરજો. આ તમારી સાથે જે નાનકડી દીકરી છે એની સાથે દરરોજ સવાર-સાંજ દૂધ મોકલાવજો. એના હાથે હું દૂધ આરોગીશ અને પછી એની સાથે રમીશ.' દેવદમને તે દિવસે પોતાનો થોડોક ભેદ ખોલ્યો.

સુરેજા ભાવેશ જી. (યુ.એસ.એ.)ના જયશ્રીકૃષ્ણ.

આમ શ્રી પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણ, શ્રી વલ્લભ-શ્રી મહાપ્રભુજી સ્વરૂપે મધ્યપ્રદેશ (હાલના છત્તીસગઢ રાજ્ય)ના રાયપુર શહેરની નજીક આવેલા ચંપારણ્યમાં અગ્નિકુંડમાંથી અલૌકિક રીતે પ્રગટ થયા, તો એ જ સમયે અભિજિત નક્ષત્રમાં શ્રીનાથજી સ્વરૂપે વ્રજમાં શ્રી ગિરિરાજજી ઉપર કંદરામાં પણ પ્રગટ થયા (શ્રીનાથજીના મુખારવિંદનાં દર્શન વ્રજવાસીઓએ કર્યાં). એક સ્વરૂપ સેવક બન્યું. બીજું સ્વરૂપ સેવ્ય.

(૨)

દિલ્હીના લશ્કરનો ભય હવે કાશી ઉપર રહ્યો નથી એવા સમાચાર ચૌડા નગરમાં મળતાં શ્રી લક્ષ્મણ ભટ્ટજી પરિવાર સહિત ફરીથી કાશીમાં આવી સુખરૂપ પોતાના જૂના ઘરમાં નિવાસ કરવા લાગ્યા. શ્રીવલ્લભાધીશ બાળલીલાના બહાને પોતાના પ્રભાવના અનેક પ્રકારના ચમત્કાર કાશીમાં બતાવવા લાગ્યા.

એક દિવસ શ્રી લક્ષ્મણ ભટ્ટજી કાશીમાં અગ્નિહોત્રની યજ્ઞશાળામાં અગ્નિના કુંડમાં હોમ કરતા હતા અને સઘળા વિદ્વાન બ્રાહ્મણો વેદમંત્ર ભણતા હતા ત્યારે પાંચ વર્ષના બાલ વલ્લભે બહુ નમ્ર અને સુંદર વાણીમાં શ્રીમદ્ ભાગવતના સારરૂપ વચનો સર્વને સમજાવ્યા હતા અને હોમ-હવન રૂપી સાધન કરતાં વાર્યા હતા. એ સમયે સૌને પ્રતીતિ થઈ કે, આ બાળક ભવિષ્યમાં નક્કી કોઈ પ્રખર અને તેજસ્વી આચાર્ય બનશે અને ઉત્તમ ભક્તિનો વિસ્તાર કરશે.

કાશીમાં શ્રી લક્ષ્મણભટ્ટજીએ સાત વર્ષના શ્રી વલ્લભને રામ નવમીના દિવસે ગાયત્રીમંત્ર અને ગોપાલમંત્રનું દાન કરી યજ્ઞોપવીત સંસ્કાર કર્યા. એ સમયે શ્રીવલ્લભને એક ધુરંધર બ્રાહ્મણે ગાયત્રી મંત્રનો ઉપદેશ કર્યો અને શાક્તત્ત્વ જાહેર કર્યું. તરત જ મંડપની મધ્યમાં શ્રીમદ વલ્લભે રોષ ભરેલી દૃષ્ટિથી એ બ્રાહ્મણના વચનનું વેદશ્રુતિઓના આધારે ખંડન કર્યું અને ગાયત્રીની ઉપાસનાથી કે જપથી કોઈ અંશમાં શાક્તપણું પ્રાપ્ત થતું નથી, એ પ્રતિપાદિત કર્યું.

શ્રી લક્ષ્મણ ભટ્ટજીએ શ્રી વલ્લભને યજ્ઞોપવીત અપાવ્યા પછી કાશીમાં જ વિદ્યારંભનો પ્રબંધ કર્યો. સર્વ પ્રથમ એમને કુલ પુરોહિત શ્રી વિષ્ણુચિત્તજીની પાઠશાળામાં કુળ પરંપરા અનુસાર કૃષ્ણ યજુર્વેદની તૈત્તરીય શાખાનું અધ્યયન કરાવવામાં આવ્યું. ત્યાર પછીથી સંપૂર્ણ યજુર્વેદનું. થોડા દિવસોમાં ત્યાંથી પાછા ફરીને ઘેર પધાર્યા તો પિતાજીએ ઋગ્વેદ અને સામવેદના અધ્યયન માટે એમને શ્રી તિરુમલ્લજીની પાઠશાળામાં દાખલ કરાવ્યા. ત્યાંથી પણ અલ્પ સમયમાં અભ્યાસ પૂર્ણ કરીને શ્રી વલ્લભ ઘરે પધાર્યા તો અથર્વવેદનો અભ્યાસ શ્રી લક્ષ્મણ ભટ્ટજીએ સ્વયં કરાવ્યો. તદ્દુપરાંત સંજીવની વિદ્યા, શતાવધાની વિદ્યા, આરોગ્ય શાસ્ત્ર, જ્યોતિષ શાસ્ત્ર, વ્યાકરણ શાસ્ત્ર, કાવ્ય શાસ્ત્ર, ઈતર ધર્મ શાસ્ત્રો, અને ભિન્ન ભિન્ન કળાઓ પણ શ્રી લક્ષ્મણ ભટ્ટજીએ પુત્રને શિખવાડી.

હવે ભગવદ્ ગીતા, શ્રીમદ્ ભાગવત, શાંડિલ્યસૂત્ર, નારદપંચરાત્ર, બાકીના બધા પુરાણો ઈત્યાદિની શિક્ષા મેળવવા માટે શ્રી વલ્લભને શ્રી માધવાનંદજી નામના એક ત્રિદંડી સંન્યાસીના આશ્રમમાં પ્રવેશ અપાવ્યો. શ્રી વલ્લભે શ્રી માધવાનંદજી પાસેથી ચાર મહિનામાં સર્વ વિદ્યાઓ, છ શાસ્ત્રો, દશ મુખ્ય ઉપનિષદો, અઢાર પુરાણો અને અન્ય સર્વ વાદો ભણી લીધા અને તે શાળામાં જે પંડિત વિદ્યાર્થીઓ હતા તેમની સાથે વાદ કરીને તેમને પરાજિત કર્યા. આ ઉપરથી 'શ્રીમદ્ વલ્લભ સ્વયં ઈશ્વર છે' એવું શ્રી માધવાનંદજીએ અનુમાન કર્યું અને શ્રી વલ્લભના અભ્યાસની પૂર્ણાહુતિ નિમિત્તે ગુરુદક્ષિણામાં પોતાના ગુરુનાં દર્શન માંગ્યા તથા ભગવત્સેવા માંગી. શ્રી વલ્લભે શ્રી માધવાનંદજીને એમના ગુરુનાં દર્શન તાત્કાલિક કરાવીને પ્રસન્ન કર્યા અને ભગવત્સેવા ભવિષ્યમાં ક્યારેક આપવાનું કબૂલ્યું.

ગુરુને ઘરેથી વિદ્યાભ્યાસ પૂર્ણ કરીને શ્રીવલ્લભ પાછા પોતાના પિતૃગૃહે પધાર્યા. શ્રીવલ્લભને વિદ્યાભ્યાસ કરાવ્યા પછી શ્રી માધવાનંદજીને હવે અન્ય કોઈ શિષ્યોમાં, પોતાના આશ્રમમાં કે કાશી નગરીમાં કંઈ જ મમત્વ ન રહેતાં એમણે પોતાનો આશ્રમ સમેટી લીધો અને વ્રજ તરફ ચાલી નીકળ્યા.

સાચા અર્થમાં વૈરાગી બનવા અને હરિભક્તિ પ્રાપ્ત કરવા કાશીથી બધું સમેટીને નીકળી પડેલા માધ્વગોડિયા સંન્યાસી શ્રી માધવાનંદજી (શ્રી મહાપ્રભુજીના ઘણા વિદ્યાગુરુઓમાંના એક) વિ.સં. ૧૫૪૩ ના ઉત્તરાર્ધથી વિ.સં. ૧૫૪૯ના પૂર્વાર્ધ દરમ્યાન વ્રજમાં ભ્રમણ કરતાં કરતાં શ્રી ગિરિરાજજીની પરિક્રમા અર્થે આન્યોર ગામે આવી પહોંચ્યા. ગામના મુખી સદુ પાંડે સાથે મુલાકાત થઈ. થોડો સત્સંગ થયો. શ્રીનાથજીના મુખારવિંદના

રમેશચંદ્ર મણીલાલ શાહ તથા શાહ પરિવાર (સુરત)ના જયશ્રીકૃષ્ણ.

ઉષાબેન અરવિંદભાઈ શાહ અને અરવિંદભાઈ નટવરલાલ શાહ પરિવાર (ભરૂચ)ના જયશ્રીકૃષ્ણ.

પ્રાકટ્યની વાત નીકળી. વ્રજવાસીઓ પર્વતના એ દેવની કેવા કેવા પ્રકારે માનતા રાખે છે અને એ દેવ કઈ રીતે સૌની માનતા પૂરી કરે છે એ વિષય પણ સત્સંગ દરમ્યાન છેડાયો. શ્રી માધવાનંદજીને તાલાવેલી લાગી અને તેઓ પણ અન્ય વ્રજવાસી સાથે ચાલ્યા એ પર્વતના દેવનાં દર્શન કરવા.

શ્રીગિરિરાજજી પર આવીને સૌએ નિયમ પ્રમાણે દેવને દૂધ-દહીંનો ભોગ ધરાવ્યો. શ્રી માધવાનંદજીએ વાંકા વળી ગિરિકંદરામાં બિરાજતા એ શ્યામસુંદર શ્રીનાથજીનાં મુખારવિંદનાં દર્શન કર્યાં. દર્શન કરતાંવેંત શ્રી માધવાનંદજીને પરમ સુખની પ્રાપ્તિ થઈ. વ્રજમાં આવ્યા પછી અનેક દેવ-દેવીઓનાં દર્શન કર્યાં હતાં પરંતુ આવા પૂર્ણ બ્રહ્મના દર્શન ક્યાંય નહોતા કર્યાં. સૌને દૂધ ધરાવતા જોઈ શ્રી માધવાનંદજીને પોતાના સંન્યાસીપણા ઉપર ક્ષણવાર માટે ક્ષોભ થઈ આવ્યો. પોતાની પાસે પણ કંઈક હોત તો અત્યારે આ દેવને ધરાવી શકતને, એવી પ્રબળ ઈચ્છા એમને થઈ આવી. નિઃસાધન બની દર્યાદ્ર સ્વરે એમણે શ્રીનાથજીની સ્તુતિ કરી.

એમના મનમાં એવું ઉદ્ભવ્યું કે, જે કંઈ સૂકી ભિક્ષા મળી આવે તે લાવી, શ્રીનાથજીને ભોગ ધરાવવો અને પછી પોતે પ્રસાદ લેવો. ત્યાર પછીના પહેલે જ દિવસે તેઓ વ્રજવાસીઓને ત્યાંથી સૂકી ભિક્ષા માગી લાવ્યા. સ્વહસ્તે પાકસામગ્રી સિદ્ધ કરી અને શ્રી ગોવર્ધન પર્વત પર જઈ શ્રીનાથજીને ભોગ સન્મુખ કર્યો ત્યારે શ્રીનાથજીએ આજ્ઞા કરી:

'યતિજી, તમારા વિદ્યાશિષ્ય શ્રી વલ્લભ તમને યાદ છે? તેઓ અહીં પધારીને સ્વહસ્તે સામગ્રી સિદ્ધ કરીને અમને ભોગ ધરાવશે ત્યારે જ અમે અન્નપ્રાશન કરશું. ત્યાં સુધી તો અમે દૂધનું જ પાન કરશું.'

આ સાંભળીને શ્રી માધવાનંદજી ફરીથી નિરાશ થયા. તેઓ નીચે ઊતરી આવ્યા. પરંતુ તેઓ ભક્ત હતા અને વિદ્વાન પણ હતા તેથી કંઈક એવો મનોરથ સેવ્યો કે જેમાં નિરાશ થવાય જ નહીં.

બીજા દિવસે વનમાં જઈ ગુંજા અને મોરપિચ્છ વીણી લાવ્યા. ગુંજાની માળા કરીને શ્રીનાથજીના શ્રી કંઠમાં ધરાવી અને મોરપિચ્છની ચંદ્રિકા શ્રી મસ્તક પર ધરાવી. આથી શ્રીનાથજી ઘણા જ પ્રસન્ન થયા અને શ્રી માધવાનંદજીને આશ્વાસન આપ્યું :

હેમલતા બી. દેસાઈ (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.

'યતિજી, અમને ભોગ તથા શૃંગાર ધરાવવાનો તમારો જે મનોરથ છે તે અવશ્ય પૂરો થશે પરંતુ થોડી ધીરજની જરૂર છે. હાલ તમે યાત્રાર્થે વિચરણ કરો. યોગ્ય સમય આવશે ત્યારે શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પ્રબંધથી અમે તમારી સેવા અંગીકાર કરશું.'

સંન્યાસી હરખાઈ ગયા. ઝૂંપડી બનાવીને શ્રી ગિરિરાજજીની તળેટીમાં વાસ કર્યો. નિત્ય શ્રી ગિરિરાજજીની પરિક્રમા કરે અને શ્રીનાથજીના પ્રગટ થવાની રાહ જુએ. પરંતુ શ્રીનાથજીને સંપૂર્ણ પ્રગટ થવાની ઉતાવળ નહોતી. દરરોજ નવા નવા ખેલ કરે અને એ ખેલ દ્વારા વ્રજવાસીઓને અનેક પ્રકારનું સુખ આપે. અભણ અને ભોળી પ્રજામાં શ્રીનાથજીની નિર્દોષ માનતા રાખવાની પ્રથાએ વેગ પકડ્યો.

(૩)

આ તરફ વિ.સં. ૧૫૪૫ના પૂર્વાર્ધમાં શ્રી લક્ષ્મણ ભટ્ટજીના ગૃહે, આકાશવાણીના કથન મુજબ, ત્રીજા પુત્રનો જન્મ થયો. તેમનું નામ કેશવપુરી રાખવામાં આવ્યું. ત્યાર પછી શ્રી લક્ષ્મણ ભટ્ટજી દક્ષિણ યાત્રાએ પધાર્યા. દક્ષિણમાં તિરુપતિમાં શ્રી લક્ષ્મણ બાલાજીના સ્વરૂપમાં એક દિવસ તેઓ સદેહે લીન થઈ ગયા. તેમનાં મોટાં પત્ની શ્રી યલ્લમાગારુથી પતિનો વિયોગ સહન ન થયો અને તરત જ એમણે પણ પોતાનો દેહ ત્યાગી દીધો. શ્રી ઈલ્લમાગારુને તો આ પ્રસંગથી બમણો શોક પ્રાપ્ત થયો. પતિની સાથે સાથે વહાલસોયાં બેન પણ એમણે ગુમાવ્યાં. છતાંય શોકમગ્ન માતાએ પોતાની જાતને સંભાળી લીધી; કારણ કે એમણે ત્રણ પુત્રો અને બે પુત્રીઓ મળીને કુલ પાંચ સંતાનોને સંભાળીને ઉછેરવાનાં હતાં... યશોદા માતાને પુત્રનું જે સુખ અધૂરેથી છીનવાઈ ગયું હતું તે એમણે અહીં પૂરેપૂરું પામવાનું હતું!!

પિતાજી સ્વધામ પધારતાં હવે શ્રીવલ્લભ સ્વતંત્ર થયા. પોતાના પ્રાકટ્યના લક્ષ્યને સિદ્ધ કરવાના હેતુથી આપે ભારત પરિક્રમા કરવાનો પોતાનો સંકલ્પ માતાજી સમક્ષ પ્રકટ કર્યો. માતા ઈલ્લમાગારુએ ભારે મનથી એમને અનુમતિ દીધી.

શ્રી વલ્લભે પોતાના માતાજી, મોટા ભાઈ, બે બહેનો, નાના ભાઈ, ફોઈ વગેરે સર્વ કુટુંબીજનોને કાકા શ્રી જનાર્દન ભટ્ટજીની સાથે કાશીથી પોતાને

ઉર્વિ શાહ (લંડન)ના જયશ્રીકૃષ્ણ.

વતન કાંકરવાડ રવાના કરવાનો પ્રબંધ કર્યો અને પોતે ફોઈના ચાર પુત્રો સ્વભૂ, સ્વયંભૂ, શંભુ અને વિભુ, કે જે પિતાજી શ્રી લક્ષ્મણ ભટ્ટજીના ખાસ સેવકો હતા તેમને સાથે લઈને પ્રથમ યાત્રાનો શુભારંભ કર્યો. યજ્ઞોપવીતને સમયે શરણે આવેલા કૃષ્ણદાસ મેઘન પણ સાથે થઈ ગયા. પાકું બાંધેલું ઘર, સીવેલાં વસ્ત્રો તેમ જ પાદત્રાણ (પાદુકા)નો ત્યાગ કરીને પરિક્રમા કરવાનું મહત્ત્વ શ્રીવલ્લભે પ્રદર્શિત કર્યું. યાત્રા આગળ વધવા લાગી.

વિ.સં.૧૫૪૬માં શ્રી મહાપ્રભુજી પ્રથમ પરિક્રમા કરતાં વૃદ્ધિનગર (હાલના મહારાષ્ટ્ર રાજ્યના વર્ધા)માં પધાર્યા. આ સમયે નગરના શેઠ થીરદાસ હરિશરણી (ઉર્ફે કપુરચંદ હરસાની)ના ચાર પુત્રોમાંના સૌથી નાના એવા સોળ વર્ષના પુત્ર દામોદરદાસ આપશ્રીને શરણે આવ્યા.

દામોદરદાસના પિતા થીરદાસ દક્ષિણના શ્રીરંગપટ્ટણમ પર હુમલાઓ થવાથી ત્યાંથી ઘરબાર સમેટી, સપરિવાર સ્થળાંતર કરીને, વૃદ્ધિનગરમાં આવીને વસ્યા હતા અને પોતાની કુશળતા તેમ જ ધાર્મિક નીતિને કારણે ત્યાંના પણ નગરશેઠ બન્યા હતા. થોડા સમય પછી તેઓ પુષ્કળ ધન સંપત્તિ મૂકીને ગુજરી ગયા. એમના અવસાન પછી ચારેય પુત્રો મિલકતની વહેંચણી કરી રહ્યા હતા ત્યાં જ એમના ઘર પાસેથી, ધોરી માર્ગ પસાર થતો હતો ત્યાંથી, શ્રીમહાપ્રભુજી પસાર થયા. ઘરના પહેલા માળના ઝરૂખામાં સૌથી નાના પુત્ર દામોદરદાસ વિરક્ત દશામાં ઊભા હતા. એમણે શ્રી મહાપ્રભુજીનાં દર્શન કર્યાં અને મિલકતના ભાગલાની પરવા કર્યા વગર, તરત ઝરૂખામાંથી ભૂસકો માર્યો. માર્ગમાં શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદમાં બેસી ગયા અને પછી આપશ્રીની સાથે ચાલવા લાગ્યા.

શ્રીમહાપ્રભુજી પ્રથમ પરિક્રમા કરતાં ઉજ્જૈન (શિવપુરી)માં સાંદીપનિ આશ્રમમાં પધાર્યા. ત્યાંથી વેત્રવતી નદીના તીરે ઓડછામાં (ગ્વાલિયર પાસે) શ્રીમહાપ્રભુજીએ રાજા રામભદ્ર (રામભદ્રનારાયણ) સમક્ષ માયાવાદી પંડિતો સાથે શાસ્ત્રાર્થ કર્યો અને સૌને એક જ પ્રશ્નમાં નિરુત્તર કર્યા. ઘટસરસ્વતી પંડિતે, વશ કરેલી સરસ્વતીના જોરે, આવાહન આપ્યું, પરંતુ શ્રી મહાપ્રભુજીની સામે ઘડામાંથી સરસ્વતી દેવી કંઈ બોલ્યાં જ નહીં અને જ્યારે બોલ્યાં ત્યારે પંડિતની વિરુદ્ધમાં જ બોલ્યાં. આમ શ્રી મહાપ્રભુજીએ સૌ માયાવાદી પંડિતોને પરાજિત કર્યા અને ભક્તિમાર્ગનું પ્રતિપાદન કર્યું. આ પ્રતાપ જોઈને કેટલાક માયાવાદીઓ આપશ્રીને શરણે આવ્યા અને બાકીના બધા ડરના માર્યા ભાગી ગયા. રાજાએ શ્રી મહાપ્રભુજીનો કનકાભિષેક કર્યો.

એલ. ટી. પટેલ (યુ.કે.)ના જયશ્રીકૃષ્ણ.

ઓડછાથી આગળ વધતાં માર્ગમાં ગૌડ સંપ્રદાયના આચાર્ય શ્રી કૃષ્ણચૈતન્ય સાથે શ્રી મહાપ્રભુજીની મુલાકાત થઈ. એ સમયે બંને આચાર્યો વચ્ચે ભગવન્નામના માહાત્મ્યનો પ્રસંગ છેડાયો. ત્યાંથી આગળ વધતાં સઘન વનમાં અનેક તામસી જીવોનો (પશુ, પક્ષી, જંતુ, વૃક્ષ, વગેરેનો) આચાર્યશ્રીએ પોતાના ચરણારવિંદની અલૌકિક સુગંધ ફેલાવીને ઉદ્ધાર કર્યો.

આ રીતે અનેક સ્થળોએથી આગળ વધતાં વધતાં શ્રી વલ્લભ પોતાને વતન કાંકરવાડ આવી પહોંચ્યા. આપના પિતૃપક્ષના સૌ પરિવારજનો એકબીજાને મળીને હરખાયા. થોડા દિવસોના વિશ્રામ પછી, ત્યાંથી આગળ વધીને હવે શ્રી વલ્લભ તિરુપતિમાં શ્રી લક્ષ્મણ બાલાજીનાં દર્શને પધારવાના છે એવું જ્યારે માતા ઈલ્લમાગારુએ જાણ્યું ત્યારે એમણે પણ ભગવાન શ્રી વ્યંકટેશજીનાં દર્શન કરવાની ઈચ્છા પ્રગટ કરી. શ્રીવલ્લભે પ્રેમથી માતાજીને સાથે લઈ લીધાં. એમનું ધ્યાન રાખવા માટે બંને પુત્રીઓ સુભદ્રા અએ સરસ્વતી (શ્રી વલ્લભની બંને બહેનો) પણ સાથે થઈ ગઈ. તો બંને બહેનોનું ધ્યાન રાખવાના બહાના હેઠળ બંને ભાઈઓ (પુત્રો) પણ આ યાત્રામાં જોડાઈ ગયા.

માતાજી ત્રણેય પુત્રો, બંને પુત્રીઓ, અને નણંદના ચાર પુત્રોના સંગમાં યાત્રાર્થે નીકળી પડ્યાં. એમનો હરખ માતો નહોતો. કાંકરવાડથી નીકળ્યા પછી માર્ગમાં અનેક વિદ્વાન પંડિતો સાથે શ્રીવલ્લભને વાદવિવાદ કરવો પડ્યો. ત્યાંથી આગળ વધી હાલના બેજવાડા થઈ સૌ મંગલગિરિ પધાર્યા. ત્યાં મંગલગિરિની પરિક્રમા કરીને પર્વત પર બિરાજી રહેલા શ્રી પનાનૃસિંહજી ભગવાનને શ્રી વલ્લભે પનો સિદ્ધ કરીને આરોગાવ્યો. ત્યાર પછીનાં સ્થળોએ પણ શ્રીવલ્લભે વિદ્વાનો સાથે શાસ્ત્રચર્ચા કરી. એ સર્વ કોઈને સમાધાનકારી રીતે નિરુત્તર કરતાં કરતાં અંતે આપ તિરુપતિ આવી પહોંચ્યા. તળેટીમાં પુરાણકાલીન મંદિરમાં શ્રી રામચંદ્રજીનાં દર્શન - પૂજન ઈત્યાદિ કરીને આપ તિરુમલાઈ ગિરિ પર પહોંચ્યા અને શ્રી વ્યંકટેશ ભગવાનનાં દર્શન-પૂજન કર્યાં. અહીં શ્રી વલ્લભના સંગમાં સૌ પરિવારજનોને ઘણો અલૌકિક લાભ મળ્યો.

સંધ્યાબેન બકુલભાઈ શાહ (નવસારી)ના જયશ્રીકૃષ્ણ.

તિરુમલાઈના પ્રસન્નકારી રોકાણ દરમ્યાન એક રાત્રિએ માતાજી ઈલ્લમાગારુએ સ્વપ્નમાં પોતાના પતિ શ્રી લક્ષ્મણાચાર્યજીને શ્રી વ્યંકટેશ ભગવાનના મુખારવિંદમાં પ્રવેશ કરીને સદેહે લીન થતા જોયા. જાગીને તેઓ અત્યંત શોક કરવા લાગ્યા. ત્યારે શ્રી વલ્લભે આધ્યાત્મિક ઉપદેશ આપીને માતાજીના શોકનું નિરાકરણ કર્યું અને પ્રસન્નતા અપાવી. બીજે દિવસે શ્રી ઈલ્લમાગારુનાં પિયરથી એમના ભાઈએ શ્રી વલ્લભ પર સંદેશો મોકલાવ્યો હતો એ મળ્યો. એમાં શ્રી વલ્લભને મામાજીએ જણાવ્યું હતું કે એમની બહેનનો શોક ઉતારવા માટે તેઓ માતાજી તેમ જ અન્યોને લઈને અવશ્ય પોતાને મોસાળ હમ્પી વિદ્યાનગર પધારે અને થોડા દિવસ એમની સાથે રહે.

પિયરનો સંદેશો મળતાં જ શ્રી ઈલ્લમાગારુએ થોડી વધુ પ્રસન્નતા પ્રાપ્ત કરી લીધી. એમનું મન પોતાની માતા, (પિતા તો હવે રહ્યા નહોતા), બંને ભાઈઓ, ભાભીઓ તેમ જ અન્ય સર્વ સ્વજનોને મળવા અને પિયરની ભૂમિને નિહાળવા અધીરું થઈ ઊઠ્યું. પણ શ્રી વલ્લભ તો યાત્રાર્થે વિચરણ કરી રહ્યા હતા અને પોતે શ્રી લક્ષ્મણ બાલાજી ભગવાનનાં દર્શન કરવા પૂરતા જ સાથે થયા હતા, તેથી હવે શું કરવું? હમ્પી સુધી પોતાને કોણ પહોંચાડે? શોક, હર્ષ અને દ્વિધાની મિશ્રિત લાગણીઓને મુખ પર પ્રતિબિંબિત કરતાં તેઓ શ્રી વલ્લભની સામે ચૂપચાપ ઊભા રહી ગયાં. અત્યારે એમનાં નેત્રો ઘણું બધું બોલી રહ્યાં હતાં!

અંતર્યામી શ્રીવલ્લભાધીશ મૂક માતાના વાચાળ બનેલાં નેત્રોની ભાષા કળી ગયા. એમને માટે માતાનું લૌકિક દુઃખ નિવારવું તો આવશ્યક હતું જ; પણ સાથે સાથે શ્રી લક્ષ્મણ બાલાજી ભગવાને કરેલી આજ્ઞાનું પાલન કરવું પણ એટલું જ આવશ્યક હતું! હા, હમ્પી વિદ્યાનગર જઈને ત્યાં ચાલી રહેલા શાસ્ત્રાર્થમાં ભાગ લેવા માટેની એ ભગવદ્ આજ્ઞા હતી. શ્રી વલ્લભ પોતાની માતાનાં નેત્રોમાં ઊભરાઈ રહેલા સ્નેહ-વાત્સલ્યના પૂરથી ભીંજાઈ ગયા અને અતિશય લાડમાં આવી જઈ માતાને વળગી પડ્યા. મસ્તકને હકારમાં ધુણાવી વિદ્યાનગર જવાની પોતાની મૂક સંમતિ દર્શાવી. માતાએ અત્યંત સ્નેહયુક્ત હસ્ત પુત્રના મસ્તક પર ફેરવ્યો અને ભાલપ્રદેશ ચૂમવા લાગ્યા. સારસ્વત કલ્પનું યશોદા મૈયા અને કનૈયાનું દૃશ્ય એ સમયે ફરીથી સાકાર થઈ ગયું! (હવે પછીથી આપણે જ્યારે પણ તિરુમલાઈ જઈએ ત્યારે આંખો મીંચીને, ધ્યાન

કામિનીબેન પટેલ (યુ.કે.)ના જયશ્રીકૃષ્ણ.

ધરીને, આ મહા અલૌકિક દૃશ્યને ફરીથી ભજવાતું નિહાળવાનો પ્રયત્ન કરશું? એકલા શ્રી વલ્લભના દર્શન તો આપણામાંથી ઘણાએ કર્યાં હશે, પણ એમના માતાજી સહિતના આવા પ્રકારનાં દર્શન ક્યારેય કોઈએ કર્યાં છે?)

શ્રીવલ્લભની યાત્રા હવે આગળ વધી. ત્વરિત વેગે, થોડા જ દિવસોમાં, સૌ હમ્પી નગરમાં આવી પહોંચ્યા. નાનીજીએ અને બંને મામાજીઓએ પુત્રી ઈલ્લમાગરુની સાથે ત્રણેય દોહિત્રોનું તેમ જ બંને દોહિત્રીઓનું ઉમળકાભેર સ્વાગત કર્યું. માતૃપક્ષના સૌ પરિવારજનો હોંશે હોંશે આવીને એકબીજાને ભેટ્યા. બહેન ઈલ્લમાગરુની નણંદના ચારેય પુત્રોનો પણ ઉચિત આદર સત્કાર કર્યો. કૃષ્ણદાસ મેઘન અને દામોદરદાસજીનું પણ યથાયોગ્ય સન્માન થયું. એક બીજાના ખબર અંતર પુછાયા. પિતાના સ્થાને રાજદરબારમાં હવે પોતાના બંને ભાઈઓ રાજાના પુરોહિતો તેમ જ માનીતા સલાહકારો બની ગયા છે જાણીને ઈલ્લમાગારુ વિશેષ હરખાયાં. તેઓ પોતાના ઘરમાં ઉપર-નીચે, આગળ-પાછળ બધે હરખભેર ફરી વળ્યાં અને બાળપણની યાદોને તાજી કરી. ઘરેલું વાતાવરણમાં ઉત્સવ જેવો આનંદ છવાઈ ગયો. પરંતુ એ આનંદ ઝાઝો ન ટકી શક્યો!

શ્રીવલ્લભના મામાજીઓએ સર્વ આગંતુકોને માટે ઉતારાની તેમ જ ખાન-પાન-વિશ્રામની ઉત્તમ વ્યવસ્થા કરી રાખી હતી. પરંતુ શ્રી વલ્લભે એ સગવડોને નકારી કાઢી અને માતાજી તેમ જ બંને ભાઈઓ અને બહેનોને મામાજીને ત્યાં રાખીને પોતે ગામ બહાર નદી કિનારે આવીને બિરાજ્યા. સેવકો એમની સાથે જ હતા. વાતને વણસતી અટકાવવા ઈલ્લમાગારુએ પોતાની માતા તથા ભાઈ-ભાભીઓને પ્રેમથી સમજાવ્યા કે અહીં દરબારમાં ચાલી રહેલા શાસ્ત્રાર્થમાં ભાગ લઈને પછી વલ્લભ આગળ નીકળી જશે. તેઓ યાત્રાર્થે ભ્રમણ કરી રહ્યા છે એટલે પાકા બાંધેલા ઘરમાં નહીં રહે કે કોઈના હાથનું રાંધેલું અન્ન-જલ ગ્રહણ નહીં કરે. બસ, આ જ વાત પર મામાજીઓની માખી છીંકાઈ ગઈ! પોતે પણ ઉચ્ચ કુળના બ્રાહ્મણ છે, સર્વ આચાર-વિચાર પાળે છે. વળી સગપણમાં મામા થાય છે, તો પછી ભાણેજ થઈને આવા નખરાં શાને દેખાડે છે!

આ માનહાનિનો બદલો લેવાનું મામાજીઓએ નક્કી કર્યું. એમણે પોતાની સત્તાનું જોર વાપરી દ્વારપાળોને હુકમ છોડી દીધો કે હવે પછી કોઈ

રાગિણીબેન એન. પટેલ (યુ.એસ.એ.)ના જયશ્રીકૃષ્ણ.

પણ વ્યક્તિ શાસ્ત્રાર્થમાં ભાગ લેવા આવે તો એને પ્રવેશ આપવો નહીં. બીજે દિવસે શ્રી વલ્લભાધીશ ભર બજારમાં થઈને રાજમહેલે પધાર્યા. એમનું અલૌકિક તેજ અને રૂપ નિહાળીને દ્વારપાળો ભાન ભૂલી ગયા. રાજાએ સામે ચાલીને શ્રી વલ્લભાધીશજીને વધાવ્યા. ભરી સભામાં આપે છટાપૂર્વક પ્રવેશ કર્યો અને શાસ્ત્રાર્થમાં ભાગ લીધો. અનેક દિવસો સુધી વાદવિવાદ ચાલ્યો અને અંતે શ્રી વલ્લભાધીશે વિજય પ્રાપ્ત કર્યો. રાજા પરિવાર સહિત આપને શરણે આવ્યા અને સેવક બન્યા. રાજાએ આપશ્રીની સુવર્ણતુલા કરી અને આખા નગરમાં રથ દ્વારા ભવ્ય શોભાયાત્રા કાઢી. રાજાએ ધરેલી ભેટ સોગાદોમાંથી શ્રીમહાપ્રભુજીએ ફક્ત સાત સોનામહોરો, કે જે દૈવી હતી, એનો સ્વીકાર કર્યો. રાજાએ લાગલગાટ ચાર દિવસ સુધી શ્રી વલ્લભાધીશજીના ભિન્ન ભિન્ન અભિષેકો કર્યા. તામ્રાભિષેક, કનકાભિષેક, રજતાભિષેક અને રત્નાભિષેક. અનેક દૈવી જીવો આપશ્રીને શરણે આવ્યા. એમાં એક માધવ ભટ્ટ કાશ્મીરી નામના અતિશય વિદ્વાન પંડિત પણ હતા કે જેમણે શ્રી આચાર્યજીના ગ્રંથો લખવામાં લહિયાનો ભાગ ભજવ્યો.

(૪)

હવે સમય આવી પહોંચ્યો શ્રીનાથજીના સંપૂર્ણ પ્રગટ થવાનો. શ્રીનાથજીની ઈચ્છાથી શ્રીમદ્ વલ્લભાધીશ યાત્રા કરતા કરતા મથુરા આવી પહોંચ્યા. મથુરાથી શ્રીવલ્લભ ગોકુલ પધાર્યા.

વિ.સં. ૧૫૪૯ના શ્રાવણ સુદ ૧૧ ને ગુરુવારની મધ્યરાત્રિએ અન્ય સેવકો સાથે શ્રીમદ વલ્લભાધીશ ગોકુલના ગોવિંદ ઘાટ પર પોઢ્યા હતા. મધ્યરાત્રિ થવા આવી ત્યાં આપશ્રીની નિદ્રા ખૂલી ગઈ. આપશ્રી ઘાટના પગથિયા પર જઈને બિરાજ્યા અને અપલક નેત્રે શ્રી યમુનાજીના જલપ્રવાહને નિહાળી રહ્યા. 'ભૂતલ પર ભટકી રહેલા દૈવી જીવો સાથે શ્રી હરિને ફરીથી ક્રીડા કરવી છે, પરંતુ એ જીવોનો પ્રભુ સાથે કઈ રીતે સંબંધ થાય? જીવો તો અનેક દોષોથી સભર છે, પોતપોતાના સંસારમાં આસક્ત છે જ્યારે પ્રભુ નિર્દોષ, પૂર્ણ આનંદમય છે. એ બંનેનો સંબંધ કઈ રીતે થાય? પ્રભુએ દૈવી જીવોના ઉદ્ધારાર્થે ભૂતલ પર મારું પ્રાકટ્ય કર્યું છે, પરંતુ મારું એ કાર્ય હજુ સુધી શરૂ નથી થયું...'

પૂર્વી મોદી મલકાન (યુ.એસ.એ.)ના જયશ્રીકૃષ્ણ.

આ પ્રકારની માનસિક વિટંબણા ચાલી રહી હતી ત્યાં જ ગોવિંદઘાટ પર સાક્ષાત શ્રી ગોકુલચંદ્રમાજી પ્રભુ (શ્રી કૃષ્ણ ભગવાન) પ્રગટ થયા. દર્શન કરતાં શ્રીમદ વલ્લભાધીશ પુલકિત થઈ ઊઠ્યા.

શ્રી કૃષ્ણ ભગવાને સસ્મિત મધુર વચનો કહ્યાં. 'હે શ્રી વલ્લભ, આપની ચિંતાથી અમે જ્ઞાત છીએ. હવે આપ નિર્ગુણ શુદ્ધ પુષ્ટિ ભક્તિમાર્ગની સ્થાપના કરો. આવો, એ ભક્તિમાર્ગના રહસ્યને અમે સમજાવીએ. અમે આપને આત્મનિવેદન-બ્રહ્મસંબંધ મંત્ર પ્રદાન કરીએ છીએ. એ મંત્ર દ્વારા આપ દૈવી જીવોને અમારા શરણે લાવો. તે પછી એમના તમામ દોષોની નિવૃત્તિ થશે. એમ થવાથી એમની સેવાનો અમે અંગીકાર કરશું. એમનો અમે કદાપિ ત્યાગ નહીં કરીએ.' આ મુજબ આજ્ઞા કરીને પ્રભુએ શ્રીમદ વલ્લભાધીશને આત્મનિવેદન બ્રહ્મસંબંધ મંત્ર પ્રદાન કર્યો.

આ પ્રકારથી શ્રી મહાપ્રભુજીની ચિંતા નિવૃત્ત થઈ અને આપ અત્યંત પ્રસન્ન થયા. તે જ સમયે સ્વહસ્તથી તૈયાર કરેલું સૂતરનું ત્રણસો સાઈઠ તારનું, એકસો આઠ ગાંઠ વાળેલું, કેસરી રંગે રંગેલું પવિત્રું, આપે શ્રી ગોવર્ધનધરણને ધારણ કરાવીને મિસરીનો ભોગ ધરાવ્યો. મિસરી સર્વથી અધિક મધુર તથા રસથી પરિપક્વ છે. આવા સૌભાગ્યના પ્રસંગે મિસરી કરતાં વધુ યોગ્ય સામગ્રી કોઈ જ ન હોઈ શકે. તેથી જ આવી ઉત્તમ સામગ્રીનો ભોગ શ્રીમહાપ્રભુજીએ ધરાવ્યો.

મધુર ભોગ ધરાવીને શ્રીમહાપ્રભુજીએ મધુરેશ પ્રભુની મધુર સ્વરે 'અધરં મધુરં વદનં મધુરં..'થી સ્તુતિ કરી. પ્રભુના એ સમયના સ્વરૂપને અનુરૂપ જે સ્તોત્ર રચાયું તે જ 'શ્રી મધુરાષ્ટકમ્'.

વિ.સં. ૧૫૪૯ના શ્રાવણ સુદ ૧૨ને શુક્રવારે પ્રાતઃકાળમાં કુમળા કુમળા તડકામાં શ્રીયમુનાજીના સ્વચ્છ જલમાં સૌએ સ્નાન કર્યું. રાત્રિ દરમ્યાન થયેલા પોતાના અનુભવને શ્રીમહાપ્રભુજીએ 'સિદ્ધાંત રહસ્ય' નામના ગ્રંથમાં ગૂંથી લીધો અને 'શ્રાવણ માસના અમલ (શુક્લ - સુદ) પક્ષની એકાદશીની મધ્યરાત્રિએ ભગવાને પોતે પ્રગટ થઈને પ્રત્યક્ષમાં જે કંઈ કહ્યું તે અક્ષરે અક્ષર હું કહું...' એમ કહીને નિજ અંતરંગ સેવક દામોદરદાસ હરસાનીજીને બ્રહ્મસંબંધનું રહસ્ય સમજાવ્યું અને ગોકુળના ગોવિંદ ઘાટ ઉપર પહેલ વહેલી બ્રહ્મસંબંધ મંત્રની દીક્ષા

નવનીતલાલ ગો. દેસાઈ (દાહોદ)ના જયશ્રીકૃષ્ણ.

આપી. આ રીતે દામોદરદાસ હરસાનીજીએ સર્વ પ્રથમ પુષ્ટિમાર્ગીય બ્રહ્મસંબંધી વૈષ્ણવ બનવાની મહત્તા પ્રાપ્ત કરી. ત્યાર પછીથી શ્રી મહાપ્રભુજીએ અન્ય દૈવી જીવોને શરણે લઈને બ્રહ્મસંબંધ મંત્રની દીક્ષા આપવા માંડી જે શ્રી વલ્લભકુળમાં આજ પર્યંત ચાલુ છે.

એ જ દિવસે સાંજે ગોકુલની પાવન રજને શ્રીમસ્તકે ચડાવી શ્રીમદ્ વલ્લભાધીશ ત્વરાથી શ્રી ગિરિરાજજી તરફ પધાર્યા. શ્રી ગિરિરાજજીની તળેટીમાં વસેલા અનેક ગામોમાંના એક આન્યોર ગામમાં શ્રી મહાપ્રભુજી પોતાના છ સેવકો સહિત ગામના મુખી સદુ પાંડેના ઘરે પધાર્યા અને ઓટલા પર બિરાજ્યા. ઘરમાંથી મુખી અને મુખિયાણી બહાર આવ્યા અને નવાગંતુકોનું હાર્દિક સ્વાગત કર્યું. આપશ્રીના દૈવી પ્રભાવથી મુખીનું કુટુંબ અંજાઈ ગયું. સૌએ આપશ્રીનું શરણ સ્વીકાર્યું. આપશ્રીએ જાહેરાત કરી : 'કાલે સવારે અમે તમને નામ સંભળાવીને નિવેદન કરાવશું અને તમારા દેવદમનનેય પ્રગટ કરશું. પરંતુ પહેલાં એ કહો કે શ્રી ગોવર્ધન પર્વત ઉપર તમારા દેવદમન કઈ રીતે પ્રગટ થયા? અમને શરૂઆતથી માંડીને વાત કરો.'

રાત્રિ સત્સંગ દરમ્યાન હકડેઠઠ ભીડ જામી. આચાર્યશ્રી મુખીના ઘરના ઓટલા પર બિરાજ્યા. સૌએ નિકુંજનાયક શ્રીનાથજીની રસિક વાતો છેડી. સાંભળીને આપશ્રી ભાવવિભોર થઈ ઊઠ્યા. શ્રીનાથજીની ઉર્ધ્વભુજાના પ્રાગટ્યથી લઈને આજ સુધીનો રોમાંચકારી ઈતિહાસ વાગોળાયો. મોડી રાતે સત્સંગનું સમાપન થયું.

વિ.સં. ૧૫૪૯ના શ્રાવણ સુદ ૧૩ને શનિવારના પ્રાતઃકાળે શ્રી ગિરિરાજની તળેટીમાં આન્યોર ગામમાં શ્રીમહાપ્રભુજીએ વ્રજવાસીઓને નામ નિવેદન કરાવ્યું અને મુખી સદુ પાંડે, પત્ની ભવાની, પુત્રી નરો, ભાઈ માણેકચંદ પાંડે, અંધ માતા તેમ જ સકલ પરિવારને, જમુનાવતા ગામના કુંભનદાસ ગોરવા ક્ષત્રી તથા એમની પત્નીને, ગુફાવાસી રામદાસ ચૌહાણને તથા ગામના અનેક અગ્રગણ્ય વ્રજવાસીઓને બ્રહ્મસંબંધ દીક્ષા આપી. પાંચ-પાંચ વર્ષના બે બ્રાહ્મણ પુત્રોને પણ શરણે લીધા. (અગાઉના બે સિદ્ધ પુરુષો કે જે અનેક જન્મોથી ગોલોક સ્થિત અલૌકિક શ્રી ગિરિરાજજીનાં દર્શન કરવા માટે તપ કરતા હતા અને દેહ છોડતા હતા.)

પ્રિયવદન ચોકસી (યુ.એસ.એ.)ના જયશ્રીકૃષ્ણ.

મધ્યાહ્નકાળ થયો. સૌ સેવકોને સાથે લઈ શ્રી મહાપ્રભુજી શ્રી ગિરિરાજજી ઉપર પધાર્યા. સૌએ તાજા દૂધ-દહીં-માખણની હાંડલીઓ સાથે લઈ લીધી. નરોએ સૌની આગેવાની લીધી. સદુ પાંડેના ઘરની પાછળથી એક ટૂંકો રસ્તો શ્રી ગિરિરાજજીની ટોચ સુધી જતો હતો. શ્રી મહાપ્રભુજીએ સાષ્ટાંગ દંડવત પ્રણામ કરીને પ્રથમ ચરણ શ્રી ગિરિરાજજી ઉપર ધર્યું અને એ જ સમયે ચરણ નીચેની શિલા આનંદના અતિરેકમાં તથા આચાર્યશ્રીના સુખ ખાતર દ્રવીભૂત થઈ ગઈ. શ્રી મહાપ્રભુજીના ચરણની છાપ એ માખણ જેવી શિલામાં અંકિત થઈ ગઈ! આપશ્રી કૃષ્ણ નામનો જયઘોષ કરતાં આગળ વધ્યા. સૌ એ માર્ગે થઈ ઉપર પહોંચ્યા. અનેક સરિતાઓ સમુદ્ર તરફ ધસી રહી હતી તો સમુદ્રે પણ પોતાની મર્યાદા છોડીને ઉછાળો માર્યો! હજુ તો ઉપર અર્ધે રસ્તે સૌ પહોંચી રહ્યા હતા ત્યાં જ દેવદમન શ્રીનાથજી ગિરિકંદરામાંથી ઠેકડો મારીને સ્વયં બહાર પધાર્યા અને દોડીને શ્રી મહાપ્રભુજીને ભેટી પડ્યા! મહાન અલૌકિક દૃશ્ય સર્જાયું. અંતરિક્ષમાંથી દેવોએ પુષ્પવૃષ્ટિ કરી. ગંધર્વોએ દૈવી ગાન ગાયાં. અપ્સરાઓએ મોહક નૃત્યો કર્યાં. એ જ સમયે આનંદના અતિરેકમાં તથા ઉભય ભગવત્સ્વરૂપોના સુખ ખાતર બંનેના ચરણો નીચેની શ્રી ગિરિરાજજીની શિલા દ્રવીભૂત થઈ ગઈ. શ્રી ગિરિરાજજીની માખણ જેવી બની ગયેલી શિલાએ આ બંને પરમ તત્ત્વોનાં ચરણચિહ્નોને પોતાના વક્ષઃસ્થળ પર અંકિત કરી લીધાં.

શ્રી ગોવર્ધનનાથજીએ પોતાની સેવા પ્રગટ કરવાની આચાર્યશ્રીને આજ્ઞા કરી. તત્કાળ એ સ્થળે શ્રી ગિરિરાજજીની કંદરાના મુખ પર શ્રી મહાપ્રભુજીએ એક પર્ણકુટી જેવું નાનું મંદિર તૈયાર કરાવી એમાં શ્રીનાથજીને પાટ બિરાજમાન કર્યા અને ગુફાવાસી રામદાસ ચૌહાણને શ્રીનાથજીની નિત્ય સેવા સોંપી. કુંભનદાસને કીર્તન સેવા સોંપી અને વ્રજવાસીઓને સામગ્રીની સેવા સોંપી. (શ્રીનાથજીના અષ્ટસખાઓમાંના એક એવા કુંભનદાસજી શ્રી ગુસાંઈજીના સમયમાં શ્રીનાથજીના અષ્ટછાપ મંડળમાં સ્થાન પામ્યા.) શ્રીનાથજીનો આ પહેલો પાટોત્સવ થયો. એ જ સમયે શ્રી મહાપ્રભુજીએ પેલા બે બ્રાહ્મણ પુત્રોનો ઉદ્ધાર કર્યો.

શ્રીનાથજીને નાના મંદિરમાં પાટ બિરાજમાન કરી, સેવાનો સૂક્ષ્મ પ્રકાર બાંધી, આચાર્ય શ્રી મહાપ્રભુજી અધૂરી રાખેલી પરિક્રમા પૂરી કરવા, વ્રજ છોડીને, ફરીથી દક્ષિણ તરફ પધાર્યા.

સુભદ્રાબેન મહેન્દ્રભાઈ પટેલ (યુ.એસ.એ.)ના જયશ્રીકૃષ્ણ.

આ તરફ વિ.સં. ૧૫૪૯ના ઉત્તરાર્ધથી લઈને વિ.સં. ૧૫૫૨ના પૂર્વાર્ધ દરમ્યાન વ્રજના ગાંઠ્યોલી ગામની પાથો ગ્વાલિન, ગોવર્ધન ગામની ખેમો ગુજરિયા, અડીંગ ગામનો ગોપાલ ગ્વાલ, સખીતરા ગામના માંડલિયા પાંડેની પુત્રવધૂ રસિકા વહુ, આન્યોર ગામની નરો વગેરે સાથે શ્રીનાથજીના અત્યંત હૃદયસ્પર્શી, રોચક અને મધુરા પ્રસંગોની વણઝાર ખડકાઈ.

વ્રજથી ઘણે દૂરના એક ગામમાં એક નવા પાત્રે જન્મ લીધો. વિ.સં. ૧૫૫૦માં શ્રીનાથજીના અષ્ટસખામાંના એક એવા પરમાનંદદાસજીનો જન્મ કાન્યકુબ્જ (હાલના કનોજ) ગામના એક નિર્ધન કનોજીયા બ્રાહ્મણ માતા-પિતાની ઝૂંપડીમાં થયો. જે દિવસે જન્મ થયો એ જ દિવસે બપોરે તેમને ગામના એક શ્રીમંત વેપારી પાસેથી અઢળક ધન પ્રાપ્ત થયું. એ ધન મેળવીને માતા-પિતાને જે પરમ આનંદની પ્રાપ્તિ થઈ એના કારણે પુત્રનું નામ 'પરમાનંદ' રાખવામાં આવ્યું. ધનના જોરે ઝૂંપડીની જગ્યાએ વિશાળ ભવન ઊભું થયું. પરમાનંદ લાડકોડમાં મોટા થવા લાગ્યા. દર વર્ષે પુત્ર પરમાનંદનો જન્મદિવસ મા-બાપ ધામધૂમપૂર્વક ઉજવતા હતા. સમયની સાથે પરમાનંદનો વિદ્યાભ્યાસ શરૂ થયો.

બસ, એમને મોટા થવા દેવા માટે અને શ્રી મહાપ્રભુજીના શરણે આવવા દેવા માટે આપણે આટલેથી અટકીને હવે પાછા શ્રીમહાપ્રભુજીની સાથે પરિક્રમામાં જોડાઈ જઈએ.

(૫)

અધૂરી રાખેલી પરિક્રમા પૂરી કરવા, વ્રજ છોડીને, ફરીથી દક્ષિણ તરફ પધારેલા આચાર્ય શ્રી મહાપ્રભુજી પંપા સરોવર, કાંચીપુરમ્, ચિદમ્બરમ્, પાલંકોટ, તોતાદ્રિ, કન્યાકુમારી, પદ્મનાભમ્, જનાર્દન, મલયાચલ, કૌંડિન્યાશ્રમ, મહિપપુરી, ઉડુપીકૃષ્ણ, શૃંગેરીમઠ ઈત્યાદિ દક્ષિણના સ્થળોની યાત્રા કરી પાછા વિદ્યાનગર પધાર્યા અને ત્યાંથી પંઢરપુર તરફ પ્રયાણ કર્યું.

પંઢરપુરમાં પાંડુરંગ શ્રી વિઠ્ઠલનાથજી સાથે વાર્તા-વિનોદ કરી ત્યાંથી નાસિક, સુરત, નર્મદા તટ પ્રદેશો, ભરૂચ, ભાનુક્ષેત્ર, જામ્બુવત, કપિલક્ષેત્ર, ગિરનાર, પ્રભાસક્ષેત્ર, મુળગોમતા, દ્વારકા, શંખોદ્ધાર, નારાયણ સરોવર, સિંધ, રહુગણપુર, પ્રહ્લાલાદ્રિ, પંચનદી (પંજાબ), રેવાસર વગેરે પશ્ચિમ પ્રદેશની યાત્રા કરી.

સિંધ અને પંજાબથી આગળ વધી કુરુક્ષેત્ર, હરિદ્વાર, લક્ષ્મણઝૂલા, ઋષિકેશ, યમુનોત્રી, ગંગોત્રી, વ્યાસગંગા, રૂદ્રપ્રયાગ, કેદારનાથ, બદ્રિનાથ, કર્ણપ્રયાગ, શમ્બલ, કનોજ, નૈમિષારણ્ય, અયોધ્યા, પ્રયાગ અને વિંધ્યાચલ વગેરે ઉત્તર પ્રદેશની યાત્રા કરી.

ત્યાંથી આગળ વધતાં કાશી, ગયા, ગંગાસાગર, વૈતરણી અને જગન્નાથપુરી વગેરે પૂર્વ પ્રદેશની યાત્રા કરી.

જગન્નાથપુરીમાં એકાદશીના વ્રતના દિવસે જ કોઈ તેજોદ્વેષીએ શ્રીમહાપ્રભુજીના શ્રીહસ્તમાં પ્રસાદ મૂકી દીધો. આપશ્રીએ આખો દિવસ અને આખી રાત એ પ્રસાદની સ્તુતિ કરી અને દ્વાદશીના દિને એ પ્રસાદનું પ્રાશન કર્યું.

જગન્નાથપુરીથી નીકળી મંદાર મધુસૂદન, મહેન્દ્રાચલ અને ગોદાવરી યાત્રા કરતાં શ્રીમહાપ્રભુજીએ દક્ષિણમાં સ્વગૃહે પાછા પધારી વિ.સં. ૧૫૫૪માં પ્રથમ પરિક્રમા પૂર્ણ કરી.

આ જ વર્ષે શ્રીનાથજીના અષ્ટસખામાંના એક એવા કૃષ્ણદાસજીનો જન્મ ગુજરાતના ખેડા જિલ્લાના ચિલૌતર (હાલના ચરોતર) વિભાગના કણબી પટેલ મુખીને ઘરે થયો. પિતાએ ગામેગામથી વિદ્વાન બ્રાહ્મણ પંડિતોને તેડાવ્યા અને પોતાના નવજાત પુત્રના જન્માક્ષર બનાવરાવ્યા.

'મુખીજી, અમારી ગણતરી એમ કહે છે કે આ બાળક ભગવાનનો પરમ ભક્ત બનશે, સાધુ-વૈરાગીની સોબત કરશે, વહીવટી કામકાજમાં ભારે નિપુણ બનશે, ગાન અને સંગીત વિદ્યામાં અતિ પ્રવીણ હશે, પુષ્કળ દેશાટન કરશે અને એનું નામ 'કૃષ્ણદાસ' રાખવામાં આવશે... વળી.. એની કિશોરાવસ્થામાં જ એ તમારા ઘરનો ત્યાગ કરશે અને આજીવન અવિવાહિત રહેશે...' પંડિતોએ બાળકના જન્માક્ષરનો સારાંશ મુખીને કહી સંભળાવ્યો.

પુત્રનું ભવિષ્ય સાંભળીને મુખી ઉદાસ થઈ ગયા અને દાન-દક્ષિણા આપી પંડિતોને વિદાય કર્યા. પુત્રના નામકરણની વિધિને દિવસે મુખીએ પુત્રનું નામ 'કૃષ્ણદાસ' રાખ્યું. સમય વીતતો ગયો. પિતાના અવળા ધંધાઓથી ત્રાસેલા

ગોપાલભાઈ જી. શાહ (યુ.એસ.એ.)ના જયશ્રીકૃષ્ણ.

તરુણાબેન અંબાણી (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

સત્યનિષ્ઠ કૃષ્ણદાસ મોટા થવા લાગ્યા.. ચાલો, એમને પિતાને ઘરે હજુ થોડા વધુ મોટા થવા દઈએ.. અને આપણે હરિ ઈચ્છાથી સર્જાયેલા એક મહત્ત્વના મિલનને માણીએ!...

દ્વિતીય પરિક્રમાના આરંભમાં મંગલપ્રસ્થ યાત્રા તથા વેંકટાચલાદિ દક્ષિણની યાત્રા કરીને વલ્લભાધીશ શ્રીમહાપ્રભુજી પંઢરપુર પધાર્યા. ત્યાં વિ.સં. ૧૫૫૫ના ચૈત્ર સુદ ૨ને દિવસે શ્રી વિઠ્ઠલનાથજી (પાંડુરંગ શ્રી વિઠોબાજી) એ આપશ્રીને વિવાહ કરવાની આજ્ઞા આપી. શરૂઆતમાં તો શ્રી વલ્લભે હળવાશથી આનાકાની કરી.

'અમે વિવાહ કેવી રીતે કરીએ? અમારું કોઈ સ્થાયી ઠેકાણું તો છે નહીં. દૈવી જીવોના ઉદ્ધારાર્થે, તીર્થોને સનાથ કરવા માટે અને શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનું સ્થાપન કરવા માટે ત્રણ વાર પૃથ્વી પરિક્રમા કરવાનો નિર્ણય લીધો છે. એમાંથી હજુ તો બીજી પરિક્રમાનો આરંભ થયો છે. ત્રીજી પરિક્રમા તો આખી બાકી છે. વળી અમે સાંપ્રત બ્રહ્મચર્યાશ્રમને ગ્રહણ કરેલો છે.'

'આ બધા હેતુઓ માટે આપે વિવાહ કરવો અત્યંત આવશ્યક છે. અમે આપને સમજાવીએ...' શ્રી વિઠ્ઠલનાથજી પોતાની વાત પર અડગ હતા.

'ઉપરાંત એક વાત એવી છે કે હવે લગ્ન શક્ય નથી.' શ્રી વલ્લભ હળવાશમાં હતા. શ્રી વિઠોબાજીના પ્રસ્તાવને આપ ઠેલવાનો પ્રયત્ન કરી રહ્યા હતા.

'કેમ, કેમ?' શ્રી વિઠ્ઠલનાથજીએ ચિંતિત સ્વરે પૂછ્યું.

'હાલનો સમય બાળલગ્નનો છે અને અમારી ઉંમર તો વીસ વર્ષની થઈ ચૂકી છે. અમને હવે કન્યા આપશે કોણ?' શ્રી વલ્લભાચાર્યજીએ સ્મિત સહિત વાતને ટાળવાનો પ્રયત્ન કર્યો. સાંભળીને શ્રી વિઠોબાજી મુક્ત મને હસી પડ્યા.

'એનો બંદોબસ્ત અમે કરી આપીએ તો? આમ તો જો કે અમે કરી જ રાખ્યો છે. અમારી ઈચ્છાથી, ગંગાજી પ્રસન્ન થઈને એક કન્યાને વરદાન આપવાના છે. એ કન્યા કે જે સાક્ષાત લક્ષ્મીજીનો અવતાર છે, એણે નિયમિત ગંગાપૂજન કરીને, ગંગાજીને પ્રસન્ન કર્યાં છે અને આપની સાથે વિવાહ કરવાની હઠ પકડીને બેઠી છે. આપને કાશી પધારવાને પાંચ દિવસ બાકી હશે ત્યારે ગંગાજી એ કન્યાને સૌભાગ્યદ્રવ્ય આપીને 'તથાસ્તુ' કહી દેશે..! ગંગાજીના 'તથાસ્તુ' કહેવાથી કન્યાના માતા-પિતા પણ 'જે તારી મરજી એ જ અમારી મરજી' એવું કહી દેશે. આમ શ્રી ગંગાજી ઉપરાંત ત્રણ ત્રણ જણ આતુરતાપૂર્વક આપની રાહ જોઈ રહ્યાં છે. વળી એ આપના સજાતીય પણ છે અને આપના પિતાજીના સમયથી કાંકરવાડથી કાશી આવીને વસેલા છે. એટલે વિશેષ ચિંતાનું કોઈ કારણ નથી. દેવં ભટ્ટ આપની પાસે સામે ચાલીને આવશે અને એમની કન્યા માટે માંગું નાંખશે. આપ વહેલાસર કાશી પધારો.' શ્રી વિઠોબાજીએ ઘટસ્ફોટ કર્યો.

ગો.વા.અ.સૌ. ચંપાબેન ચીમનલાલ શાહ, હ. વર્ષાબેન ઉપેન્દ્રભાઈ શાહ પરિવાર (સેવાલીયા)ના જયશ્રીકૃષ્ણ.

'આપ અમારા વિવાહ માટે આટલો આગ્રહ શા માટે સેવો છો? આપ કંઈક સમજાવી રહ્યા હતા ને?' શ્રી વલ્લભે હળવી વાતને હવે થોડી ગંભીરતાથી લીધી અને કારણ જાણવાનો પ્રયત્ન કર્યો.

શ્રી વિઠ્ઠલનાથજીએ સ્પષ્ટતા કરી : 'આપ આપના ધ્યેયને એકલા હાથે પહોંચી વળતા નથી એટલે આપે આપના અમુક સેવકોમાં સામર્થ્ય મૂક્યું છે. પુરુષોત્તમદાસ, ગદાધરદાસ, પ્રભુદાસ જેવા એ સામર્થ્યવાન સેવકો આપના પ્રતિનિધિ બનીને દૈવી જીવોનો હાથ પકડે છે અને આપ સુધી ખેંચી લાવે છે. પરંતુ આ બધા ખેલ ક્યાં સુધી? આપે અને આપના સેવકોએ માનવ દેહ ધારણ કર્યા છે એટલે એ દેહોની સમાપ્તિ તો નિશ્ચિત છે જ. તેથી જ આપ વિવાહ કરો તો અમે આપના ગૃહે પુત્ર બનીને અવતરીએ અને આપનો વંશ આગળ વધારીએ. જો એમ નહીં થાય તો આપનો માર્ગ આગળ વધતો અટકી જશે અને જીવો કૃતાર્થ નહીં થાય.'

શ્રીમહાપ્રભુજીને યોગ્ય ખુલાસો પ્રાપ્ત થતાં તેઓ વિવાહ માટે માની ગયા અને પંઢરપુરથી આગળ વધ્યા. એ જ ઘડીએ શ્રી વિઠ્ઠલનાથજીએ કાશીમાં વસતા દેવં ભટ્ટ નામના બ્રાહ્મણને સ્વપ્નમાં આજ્ઞા કરી કે શ્રી વલ્લભ થોડા સમય પછી કાશીમાં પધારશે. એમની વેરે એ પોતાની કન્યાનો વિવાહ કરે.

શ્રીમહાપ્રભુજી પંઢરપુરથી નીકળી વિ.સં. ૧૫૫૬ના પૂર્વાર્ધમાં ગુજરાતમાં નર્મદાના દક્ષિણ તટે થઈ પોરબંદર, સિદ્ધપુર, દ્વારકા અને પુષ્કરારણ્ય થઈ વ્રજ તરફ પધાર્યા.

ડૉ. દિનેશ એમ. શાહ (કલોલ)ના જયશ્રીકૃષ્ણ.

એ જ સમયે બીજી એક મહત્વની ઘટના ઘટી. વિ.સં. ૧૫૫૬ના ચૈત્ર સુદ ૨ની રાત્રિએ અંબાલય ગામ (અંબાલા - અસલ પંજાબમાં, હાલ હરિયાણામાં)ના એક શ્રીમંત ઠાકુરના ભગવદાસક્ત સ્વભાવવાળા દીકરા પૂરણમલ ક્ષત્રિયને તથા આગરા ગામના એક નામાંકિત કુશળ કારીગર કડિયા હીરામણિ મિસ્ત્રીને શ્રીનાથજીએ સ્વપ્નમાં દર્શન દીધા અને શ્રી ગિરિરાજજી ઉપર પોતાને માટે મોટું મંદિર બંધાવવાની આજ્ઞા કરી. બંને વ્રજમાં આવી પહોંચ્યા. આવીને શ્રી મહાપ્રભુજીને મળ્યા અને પોતપોતાના સ્વપ્નની વાત કરી. અંતર્યામી શ્રીમહાપ્રભુજીએ બંનેની વાત માની લીધી. મંદિર નિર્માણની પૂર્વ તૈયારીઓનો આરંભ થયો.

વિ.સં. ૧૫૫૬ના વૈશાખ સુદ ૩ (અક્ષય તૃતીયા)ને રવિવારના દિવસે રોહિણી નક્ષત્રમાં શ્રીમહાપ્રભુજીએ અનુનયપૂર્વક શ્રી ગિરિરાજજીને વિનંતી કરી અને એમની ઉપર મંદિરનો પાયો ખોદવા દેવાની અનુમતિ માગી.

શ્રી ગિરિરાજજીની પ્રસન્નતાપૂર્વકની અનુમતિ મેળવીને શ્રીમહાપ્રભુજીએ વેદોક્ત રીતિથી ભૂમિપૂજન કર્યું અને નિજ હસ્તે અમુક શિલાઓ ખસેડીને ખાતમુહૂર્ત કર્યું. એ સાથે જ પૂરણમલ ક્ષત્રિય અને હીરામણિ મિસ્ત્રી દ્વારા શ્રીનાથજીના નવા મોટા મંદિરનો પાયો નંખાયો. તરત જ કારીગરો કામે વળગ્યા અને પાયો ખોદાવા લાગ્યો. આગરાથી બીજા કુશળ કારીગરો આવી પહોંચ્યા. હીરામણિ મિસ્ત્રીની દેખરેખ અને પૂરણમલના માર્ગદર્શન તથા દ્રવ્ય સહાયથી દિવસ-રાત કામ પૂરઝડપે આગળ વધ્યું. લગભગ એક લાખ મુદ્રાનો વ્યય થયો. (થોડા જ સમયમાં ધન ખૂટી જતાં મંદિરનું બાંધકામ અધૂરું રહ્યું અને પૂરણમલ ક્ષત્રિય ધન કમાવા માટે શ્રીમહાપ્રભુજીની આજ્ઞા લઈને દક્ષિણમાં ગયા. ધન કમાઈને ૧૦ વર્ષે પાછા ફર્યા.)

વિ.સં. ૧૫૫૬ના ઉત્તરાર્ધમાં પૂરણમલે અધિક ધન કમાવા માટે શ્રી મહાપ્રભુજીની વિદાય લીધા પછી શ્રી મહાપ્રભુજીએ અધૂરી રાખેલી દ્વિતીય પરિક્રમાને ફરીથી આગળ વધારી. દૈવી જીવોના ઉદ્ધારાર્થે, દેશદેશાંતરના માયાવાદીઓને પરાસ્ત કરવા માટે, અને તીર્થોને માન દેવા માટે એમ ત્રણ પ્રકારના કાર્યો સિદ્ધ કરવા માટે શ્રી મહાપ્રભુજીએ ભારત પરિક્રમણ કરવાનો દૃઢ સંકલ્પ કર્યો હતો. એ નિમિત્તે શ્રીમહાપ્રભુજી વ્રજયાત્રા કરી, કુરુક્ષેત્ર થઈને બદ્રિકાશ્રમ તથા વ્યાસાશ્રમ પધાર્યા.

મધુસૂદનભાઈ નટવરલાલ શાહ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

વ્યાસાશ્રમના વિકટ માર્ગમાં પર્વત ઉપરથી ગબડતી શિલાને સેવક કૃષ્ણદાસ મેઘને ઝીલી લીધી અને શ્રી મહાપ્રભુજીએ શ્રી વેદવ્યાસજીને મળીને ત્રણ દિવસ સુધી ભગવદ્ ચર્ચા કરી. શ્રી વેદવ્યાસજીએ પણ શ્રી મહાપ્રભુજીને વિવાહ કરવાની આજ્ઞા આપી. વ્યાસજીને મળીને આપશ્રી હરિદ્વાર, સોરમજી, કનોજ વગેરે સ્થળોએ થઈને કાશી પધાર્યા.

આ તરફ કાશીમાં પંચગંગા ઘાટ પર (શેઠ પુરુષોત્તમદાસના ઘરની પાસે) દેવં ભટ્ટ નામના વિદ્વાન, પવિત્ર અને સદાચારી તૈલંગ બ્રાહ્મણ એમનાં પત્ની સાથે વસતા હતા. એમની ૧૨ વર્ષની મહાલક્ષ્મી નામની કન્યા રૂપ, શીલ અને ગુણથી સાક્ષાત લક્ષ્મી જેવી હતી. એ કન્યાને ગંગાપૂજનનું ફળ મળ્યું હતું. ગંગાજી પ્રસન્ન થતાં કન્યાએ માંગ્યું હતું કે એના વિવાહ ઈશ્વર સાથે થાય. ગંગાજીએ સૌભાગ્યદ્રવ્ય સહિત વરદાન આપતાં કહ્યું હતું કે તથાસ્તુ, કાશીમાં જ વસતા શ્રી વલ્લભાધીશ સ્વયં શ્રીકૃષ્ણ છે. એમની સાથે વિવાહ થશે. પિતા મારફત વાત ચલાવવા કહ્યું. કન્યાએ લાજ કોરાણે મૂકી માતાને સૌભાગ્યદ્રવ્ય બતાવતાં પોતાના મનની વાત કહી. માતાએ કન્યાના પિતાને વાત કહી. પિતાને તો સ્વપ્નમાં શ્રી વિઠ્ઠલનાથજીની આજ્ઞા થઈ જ ચૂકી હતી એટલે તેમણે પણ સરળતાથી હા પાડી દીધી.

શ્રી વલ્લભાચાર્યજી કાશીમાં પધાર્યા છે એ વાત જાણીને શ્રી દેવં ભટ્ટે ન્યાતના રિવાજ મુજબ, વિવેક પુરઃસર, પોતાની કન્યા માટે વાત ચલાવી. શ્રી મહાપ્રભુજીએ પણ ભગવદ્ આજ્ઞા જાણી એ વાત મનોમન સ્વીકારી લીધી અને વાતને આગળ વધારવા માટે વડીલોની ઉપસ્થિતિ હોવી આવશ્યક છે એમ કહી માતા ઈલ્લમાગારુ તેમ જ અન્ય સંબધીઓને બોલાવવા શ્રી મહાપ્રભુજીએ સેવકોને દક્ષિણમાં રવાના કર્યા. માતા કાશી આવી પહોંચે એ પહેલાં પોતે શ્રી જગન્નાથજીની યાત્રાએ પધાર્યા.

જગન્નાથપુરીમાં વિદ્વાનોના વાદનો નિર્ણય કરવા શ્રી મહાપ્રભુજી ભોજદેવ રાજાની સભામાં પધાર્યા અને વિદ્વાનોને પરાજિત કર્યા. પરાજિત થયેલા વિદ્વાનોને સંદેહ પ્રાપ્ત થતાં શ્રી જગન્નાથરાયજીની સમક્ષ કાગળ-

અ.સૌ. સુભદ્રાબેન તથા અ.સૌ. કુમુદબેન શાહ (મહુધા)ના જયશ્રીકૃષ્ણ.

કલમ-શાહી ધર્યા અને શ્રી જગન્નાથરાયજીએ શ્લોક લખી દીધો. જગન્નાથપુરીથી આપશ્રી પાછા કાશી પધાર્યા. કાશીમાં હજુ માતાજીનું આગમન નહોતું થયું. દક્ષિણથી તેઓ નીકળી ચૂક્યાં હતાં. બસ, થોડા દિવસમાં જ તેઓ પહોંચવાના હતાં. શ્રીમહાપ્રભુજી માતાજીની રાહ જોતા લેખનકાર્યમાં વ્યસ્ત થઈ ગયા. આવા જ એક દિવસે...

.... આવા જ એક દિવસે વિ.સં. ૧૫૫૭માં કાશીમાં હનુમાન ઘાટ પર બિરાજીને ૨૨ વર્ષના શ્રીમહાપ્રભુજી સંધ્યાવંદન કરી રહ્યા હતા ત્યારે ૨૦ વર્ષનો એક અજાણ્યો બ્રાહ્મણ યુવક અંધારું થાય એટલે ગંગાજીમાં ડૂબીને આત્મહત્યા કરવાના ઈરાદે સાંજથી ત્યાં આવીને બેઠો હતો. અંતર્યામી આચાર્યશ્રી એ યુવકના મનનો ઈરાદો કળી ગયા અને કૃષ્ણદાસ મેઘન તથા દામોદરદાસ હરસાનીની સાથે વાત છેડી જેમાં આત્મહત્યા કરનારને શું દોષ લાગે અને કેવી અવગતિ થાય વગેરે ચર્ચા કરી. ઘાટ પરના અંધારા ખૂણામાં બેસીને આ વાર્તાલાપ સાંભળી રહેલા પેલા બ્રાહ્મણ યુવકને પોતાની ભૂલ સમજાઈ અને તે શ્રી મહાપ્રભુજીને શરણે આવ્યો. એણે પોતાની વીતક કથા શ્રીમહાપ્રભુજીને કહી સંભળાવી...

... નામ રાણા વ્યાસ. ગોધરા ગામના વાસી. પોતાનો એક વૈરાગી સાથે ૧૨ વર્ષની ઉંમરે ભેટો થયો અને વૈરાગીની વાતો સાંભળીને પોતે ૮ વર્ષ સુધી ચાર ધામની યાત્રા કરી પણ ક્યાંયથી સુખ ન પામ્યા. દ્વારકામાં માધવ સરસ્વતી નામના પંડિતના સેવક બન્યા. ઘરે પાછા ફર્યા ત્યારે મા-બાપે લગ્ન માટે બહુ સમજાવ્યા પણ ઈંદ્રિયાજિત તરીકેનો અહંકાર છવાયેલો હતો તેથી બ્રહ્મચારી રહ્યા. ઘણું ભણ્યા. પોતાને વિદ્યાનો અહંકાર પ્રાપ્ત થયો. બધાને મૂર્ખ સમજવા લાગ્યા. સૌને દીક્ષા આપવા લાગ્યા. સમયાંતરે મા-બાપના દેહ છૂટ્યા. વારસામાં દસેક હજાર રૂપિયા મળ્યા. હવે દ્રવ્યનો પણ અહંકાર પ્રાપ્ત થયો. વિદ્યાના અહંકારને કારણે પોતે કાશીના પંડિતો સાથે વાદ-વિવાદ કરવા આવ્યા. થોડું ધન વાટ ખરચીમાં વપરાયું. થોડું ધન ચોરાયું. કાશીમાં વાદ-વિવાદમાં પોતે હાર્યા. તેથી હવે લાજના માર્યા ગંગાજીમાં ડૂબીને આત્મહત્યા કરવા માટે આ ઘાટ પર આવ્યા છે... આમ વીતક કથા કહી સંભળાવી...

શ્રી મહાપ્રભુજીએ કરુણાર્દ્ર થઈ રાણા વ્યાસને દીક્ષા આપી અને 'ચતુઃશ્લોકી' ગ્રંથ શીખવી પોતાનું સામર્થ્ય પ્રદાન કર્યું. બીજે દિવસે એમને

પ્રો. ભગવતીપ્રસાદ પી. પંડ્યા (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.

ગામના પંડિતો સાથે ફરીથી વાદ-વિવાદ કરવા મોકલ્યા. રાણા વ્યાસ એક જ વાક્યમાં સૌ પંડિતોને જીતીને પાછા ફર્યા. દીનતાપૂર્વક એમણે ભગવત્સેવાની ઈચ્છા વ્યક્ત કરી. શ્રીમહાપ્રભુજીએ એમને શ્રી બાલકૃષ્ણજી પધરાવી દીધા અને ઘરે પાછા વાળ્યા. વિદ્યાનો અહંકાર હવે દૂર થઈ ગયો હતો. દ્રવ્યનો અહંકાર પણ દૂર થઈ ગયો હતો.. પરંતુ ઈંદ્રિયાજિતનો અહંકાર હજુ દૂર નહોતો થયો...

... ઘરે પાછા ફર્યા પછી રાણા વ્યાસને એક બ્રાહ્મણ સ્ત્રીનો સંગ થયો. ગામલોકોએ હાકેમને ચુગલી કરી. હાકેમે રાણા વ્યાસને પકડી લાવવા માણસોને મોકલ્યા. શ્રી મહાપ્રભુજીના બીજા એક સેવક અને રાણા વ્યાસના સત્સંગી મિત્ર જગન્નાથ જોષીએ આ સમાચાર જાણીને રાણા વ્યાસ અને પેલી સ્ત્રીને તત્કાલ બીજે ગામ નસાડી મૂક્યા અને પોતે દરબારમાં હાજર થયા. રાણા વ્યાસ નિર્દોષ હોવાની પોતે સાક્ષી આપી. હાકેમે સાબિતી માંગી. હાકેમે એમને લુહારની ભઠ્ઠીમાં તપી રહેલી ગાડાના પૈડાની લોખંડની ધગધગતી વાટ ઉપાડીને સોગંદ ખાવા કહ્યું. જગન્નાથ જોષીએ શ્રી મહાપ્રભુજીનું સ્મરણ કરી, નીડર બની, વાટને હાથમાં ઉપાડી લીધી. વાટ શીતળ બની ગઈ. જોનારાઓને કંઈ ખબર ન પડી. જોષીજીએ વાટને ગળામાં પહેરી લીધી. થોડી વાર એમ જ ઊભા રહ્યા. જોનારા સૌ કોઈ છોભીલા પડી ગયા અને કરગરીને વાટને કાઢી નાંખવા કહ્યું. જોષીજીને વધુ જોમ ચડ્યું અને પૂછ્યું કે તેઓ હવે કોના ગળામાં આ વાટ નાંખે! હાકેમે એમના બહુ મનામણાં કર્યાં ત્યારે જોષીજીએ ગળામાંથી વાટ કાઢીને જમીન પર ફેંકી. તરત જમીનનો એટલો ભાગ બળી ગયો. જોનારા સૌ સ્તબ્ધ થઈ ગયા! હાકેમે પ્રસન્ન થઈને જોષીજીની ખૂબ સરાહના કરી અને કંઈક માંગવા કહ્યું. જગન્નાથ જોષીએ ચુગલી કરનારને માફી આપવા કહ્યું અને રાણા વ્યાસને નિર્ભય રીતે ગામમાં વસવાટ કરવાનો અધિકાર અપાવ્યો. વાત થાળે પડી. છુપાવેલા રાણા વ્યાસને જગન્નાથ જોષીએ પાછા બોલાવી લીધા. આ પ્રસંગથી રાણા વ્યાસનો ઈંદ્રિયજિતનો અહંકાર પણ હવે ઓગળી ગયો. તેઓએ શ્રી બાલકૃષ્ણજીનો ઉત્સવ બહુ ધામધૂમપૂર્વક ઉજવ્યો.

થોડા સમય પછી રાણા વ્યાસ ગોધરા છોડીને સિદ્ધપુર આવીને વસ્યા. ત્યાં એક મૃત પતિની પાછળ એની રજપૂતાણી પત્ની સતી થવા ચિતા પર ચડી રહી હતી, એને રાણા વ્યાસે સતી થતી રોકી અને શ્રી મહાપ્રભુજીનો ઉપદેશ

ગો.વા. સુશીલાબેન મોહનલાલ દેસાઈ (વાડાસિનોરવાળા - મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

સંભળાવ્યો. રજપૂતાણીને જ્ઞાન પ્રાપ્ત થયું અને તે સગાઓનો વિરોધ કરી રાણા વ્યાસની સત્સંગી બની. પાછળથી જ્યારે શ્રી મહાપ્રભુજી સિદ્ધપુર પધાર્યા ત્યારે રાણા વ્યાસે રજપૂતાણીને બ્રહ્મસંબંધ અપાવી સેવક બનાવડાવી...

સમય ઝડપથી વીત્યો.. હવે દક્ષિણથી માતા ઈલ્લમાગારુ કુટુંબ કબીલા અને અન્ય સંબંધીઓ સાથે કાશી આવી પહોંચ્યાં હતાં. ન્યાતના આચાર પ્રમાણે અને શિષ્ટાચાર પ્રમાણે વાત આગળ વધી. સર્વ કંઈ વ્યવસ્થિત ગોઠવાઈ ગયું. શુભ મુહૂર્ત નક્કી કરવામાં આવ્યું. કાશીમાં વસતા વિદ્વાન, પવિત્ર અને સદાચારી તૈલંગ બ્રાહ્મણની ૧૨ વર્ષની મહાલક્ષ્મી નામની કન્યા સાથે ૨૪ વર્ષના શ્રી મહાપ્રભુજીનો વિવાહ સંપન્ન થયો.

વિવાહની સાથે જ શ્રી મહાલક્ષ્મી વહુજી (શ્રી અક્કાજી)ના પિયરથી ભગવદ્ સ્વરૂપ શ્રી ગોકુલનાથજી શ્રી મહાપ્રભુજીને ગૃહે પધાર્યા.

વિવાહ પશ્ચાત્ તરત શ્રી મહાપ્રભુજીએ ત્રીજી પરિક્રમાની શરૂઆત કરી. વિ.સં. ૧૫૬૦ થી ૧૫૬૬ દરમ્યાન શ્રી જગન્નાથપુરી, મહેન્દ્રાચલ, પંઢરપુર અને ગુજરાતના પ્રદેશો વટાવતાં આપશ્રી દ્વારકા પધાર્યા. દ્વારકામાં ઘણા યાદગાર પ્રસંગો સર્જાયા. એમાંનો એક પ્રસંગ ભવિષ્યમાં શ્રીનાથજીના ચરિત્રામૃતની સાથે સંકળાયેલો હતો. ૨૦ વર્ષના નિરાધાર વિરક્ત રામદાસ સાંચોરા બ્રાહ્મણ કે જે ત્યારથી લઈને ૩૦ વર્ષ પછી (વિ.સં. ૧૫૯૦માં) શ્રીનાથજીના દીર્ઘકાલીન મુખિયાજી બનવાના હતા એ શ્રીમહાપ્રભુજીના શરણે આવ્યા અને સેવા અંગેનું સર્વ રીતનું પ્રશિક્ષણ પામ્યા પછી પાછા પોતાને ગામ ગયા. શ્રી વલ્લભ ત્યાંથી પાછા ફરતા આગરા થઈને વ્રજમાં પધાર્યા અને શ્રી ગોવર્ધનનાથજીની સેવામાં પહોંચ્યા. આગરામાં પણ એક ઉચ્ચ કોટીનો દૈવી જીવ આપશ્રીની રાહ જોઈ રહ્યો હતો.. શ્રીનાથજીના પ્રારંભિક અષ્ટસખાઓમાંનો એક!

આગરાની પાસેના એક નાના ગામમાં એક છીપા (વસ્ત્ર છાપવાવાળા) ને ઘરે વિષ્ણુદાસનો જન્મ થયો હતો. તેઓ ૨૦ વર્ષના થયા ત્યારે એમનાં લગ્ન થયા અને તેઓ પિતાના ધંધામાં પૂરી મહેનતથી મદદ કરવા લાગ્યા. આગરા પધારેલા શ્રીમહાપ્રભુજીની સાથે કૃષ્ણદાસ મેઘન પણ હતા. આપ બંને આગરાના બજારમાં થઈને પસાર થતા હતા ત્યારે વિષ્ણુદાસને ઉત્તમ કક્ષાના વસ્ત્રનું થાન (તાકો) વેચતા જોયા. શ્રી મહાપ્રભુજીને એ થાન સેવોપયોગી લાગ્યું. બહુ પસંદ પડી ગયું. કૃષ્ણદાસને મોં માંગી કિંમતે એ થાન ખરીદી લેવાની આપે આજ્ઞા કરી અને પોતે થોડે દૂર એક પીપળાના વૃક્ષ નીચે જઈને ઊભા રહ્યા. કૃષ્ણદાસે વાર બે વારની કિંમત પૂછવાને બદલે આખા થાનની કિંમત પૂછી એટલે વિષ્ણુદાસે આખો થાન ખરીદનાર તરફ નવાઈથી જોયું અને ચકાસવા માટે ચાર ગણી કિંમત કહી. તરત જ કૃષ્ણદાસે ચાર ગણી કિંમત ચૂકવી દીધી અને હજુ વધારે થાન હોય તો ઉતારે લઈ આવવા કહ્યું.

હવે વિષ્ણુદાસ વહેમાયા અને કિંમત પરત કરીને થાન પાછું માંગવા લાગ્યા. બંને વચ્ચે રકઝક વધી પડી. કૃષ્ણદાસ મક્કમ હતા. કોઈ પણ ભોગે એમણે થાન પરત કરવાની ઘસીને ના પાડી દીધી અને વાતનો નિવેડો લાવવા માટે આચાર્યશ્રી પાસે આવીને મળવા કહ્યું. વિષ્ણુદાસ કૃષ્ણદાસની સાથે પીપળાના વૃક્ષ પાસે આવ્યા. ત્યાં આચાર્યશ્રીનાં દર્શન થતા વેંત વિષ્ણુદાસની જિદ્દ પીછેહઠ કરી અને જોતજોતામાં તો તેઓ આપશ્રીને શરણે આવી ગયા અને એમને માટે શ્રી મહાપ્રભુજીએ 'સેવાફલ' નામના ગ્રંથની રચના કરી દીધી. એ ગ્રંથના પ્રતાપબળે વિષ્ણુદાસને સર્વ શાસ્ત્ર પુરાણનું જ્ઞાન પ્રાપ્ત થયું અને મહા પંડિત બની ગયા. કીર્તનો પણ રચવા લાગ્યા. થોડા સમયમાં માતા-પિતા તેમ જ પત્નીની સાંસારિક મોહજાળમાંથી તેઓ મુક્ત થયા અને શ્રીમહાપ્રભુજીની પાસે આવીને (કાશી અને પછીથી અડેલમાં) વસી ગયા. (વિષ્ણુદાસનો શરણે આવવાનો આખો પ્રસંગ તો બહુ દીર્ઘ અને મર્મસ્પર્શી તેમ જ બોધપ્રદ છે; પરંતુ અહીં વિષયાંતર ન થઈ જાય એ હેતુથી એને ટૂંકાવીને સંક્ષેપમાં વર્ણવ્યો છે.)

હવે શ્રી વલ્લભ આગરાથી વ્રજમાં પધાર્યા અને શ્રી ગોવર્ધનનાથજીની સેવામાં પહોંચ્યા.

આ તરફ પૂરણમલ ક્ષત્રિય ધન કમાવા માટે ગયા હતા તે ભગવત્કૃપાથી પુષ્કળ ધન કમાઈને ૧૦ વર્ષે વિ.સં. ૧૫૬૬માં પાછા વ્રજમાં ફર્યા અને શ્રી મહાપ્રભુજીની આજ્ઞા લઈ મંદિરનું બાંધકામ પૂર જોશથી આગળ ધપાવ્યું.

ત્રીજી પરિક્રમા પૂરી કરીને શ્રી મહાપ્રભુજી શ્રી ગોવર્ધનનાથજીની સેવામાં પહોંચ્યા ત્યારે શ્રીગોવર્ધનનાથજીએ શ્રી મહાપ્રભુજીને ક્ષેમકુશળ પૂછ્યા અને

કોકીલાબેન રસિકલાલ મોદી (દેવ) (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

મિહિરભાઈ શાહ (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

મધુરું મલકાયા. શ્રી મહાપ્રભુજી આ મધુરા મલકાટનો મર્મ પામે એ પહેલાં તો શ્રી ગોવર્ધનનાથજીએ શ્રી વલ્લભને હવે એક કાયમી સ્થળે વસવાટ કરીને શાંતિથી ગૃહસ્થાશ્રમ શરૂ કરવાની આજ્ઞા કરી. શ્રી વલ્લભે પણ સ્મિત સાથે એ આજ્ઞા સ્વીકારી લીધી. આપ આન્યોરથી નીકળી પરાસૌલી - આદિ વૃંદાવન-થઈ ગોકુલ પધાર્યા. ત્યાં આગરાના વૈષ્ણવ ગજ્જન ધાવન આવીને, પોતાના માથે સેવા અર્થે શ્રી મહાપ્રભુજીએ પધરાવી દીધેલા શ્રી નવનીતપ્રિયજી ઠાકોરજીને શ્રી મહાપ્રભુજીને ત્યાં, પોતાની અવસ્થાને કારણે, પાછા પધરાવી ગયા. હવે ગોકુલમાં જ આપને એક અન્ય વિશેષ અનુભવ પણ થયો. બલદેવજી તથા કૃષ્ણને આપે બાલભાવથી ખેલતા જોયા. ત્યારે આપે મનમાં વિચાર્યું કે હવે હરિ ઈચ્છા કંઈક આવી જ લાગે છે! ત્યાંથી વ્રજ પ્રદેશો વટાવતાં આપ કાશી આવી પહોંચ્યા.

વિ.સં. ૧૫૬૭માં કાશીના પંડિતોની સાથે વાદવિવાદ કરતાં, તેમને સંન્યાસ કેવો હોય એ સમજાવતાં, ભક્તિમાર્ગીય સંન્યાસનું સ્વરૂપ દેખાડવાને માટે, આપે પ્રતિજ્ઞા કરી કે યથાસમયે પોતે ભાગવત સંન્યાસ ગ્રહણ કરીને બતાવશે. હવે આપ લેખનકાર્યમાં વ્યસ્ત થઈ ગયા. માયાવાદી પંડિતોએ કેડો ન મૂક્યો. એમણે ફરીથી વાદ શરૂ કર્યા. એમના મિથ્યા વાદથી હવે શ્રી મહાપ્રભુજી ત્રસ્ત થઈ ગયા. લેખનકાર્યમાં વિક્ષેપ પડવા લાગ્યો.

કાશીના ક્લેશયુક્ત કોલાહલથી કંટાળીને, તેમ જ શ્રી ગોવર્ધનનાથજીની આજ્ઞાથી, શ્રી વલ્લભાધીશ પરિવારજનો તથા અંતરંગ સેવકોની સાથે તીર્થરાજ પ્રયાગ (અલાહાબાદ) પધાર્યા અને એક ઘર તૈયાર કરાવી એમાં થોડો સમય બિરાજ્યા. સેવકોને પ્રયાગ જેવા ભીડભાડવાળા તીર્થથી દૂર કોઈ એકાંત સ્થળ શોધવા માટે રવાના કર્યા. સેવકોએ 'અડેલ' નામનું એક ઉત્તમ સ્થળ શોધી કાઢ્યું અને શ્રી વલ્લભાચાર્યજીને બતાવ્યું. આપશ્રીને એ સ્થળ બહુ ગમી ગયું. એટલે હવે પ્રયાગમાં થોડો વધુ સમય બિરાજીને, ત્યાં રહ્યે રહ્યે, પ્રયાગથી ૭ માઈલ દૂર, ત્રિવેણીને સામે પાર, શ્રી યમુનાજીને કિનારે 'આરલ' (અડેલ/અરેલ) નામના એક નાનકડા એકાંત ગામમાં પોતાના તેમ જ અન્ય સંબંધીઓના ઘર બંધાવ્યા અને પછીથી પ્રયાગ છોડીને ત્યાં વસવાટ કર્યો. હવે આપશ્રીએ શાંતિપૂર્વક ગૃહસ્થાશ્રમની શરૂઆત કરી. કાશીથી અન્ય સગાંઓ પણ અડેલમાં આવી પહોંચ્યાં.

ચંદ્રવદન કેશવલાલ શાહ (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.

બસ, પ્રકૃતિને ખોળે ગેલ કરતું આ નાનકડું એકાંત ગામ જ, કે જે પોતાના મુઠ્ઠી જેવડા પરિસરમાં અનેક રહસ્યોને સંઘરીને બેઠું છે એ, આપણા આ ગ્રંથની કથાનું હવે પછીનું મુખ્ય સ્થળ છે! આ જ ગામના વનમાં, આ જ ગામની નદીના જળમાં, આ જ ગામના વાયુ મંડળમાં અને આ જ ગામની શેરીઓના મકાનોમાં આ ગ્રંથનો ઈતિહાસ, વિસ્તરતા જતા પારિવારિક સંબંધોની ક્ષિતિજે, ભૂલભૂલામણીની રમતમાં ઘૂમરાયા કરે છે અને ભેદ ભરમોથી છલકાતા રહસ્યોને ઉકેલવાના પ્રયત્નો કરતો રહે છે!! કાંકરવાડથી કાશી સુધીમાં ભેદ ભરમોવાળા કોઈ જ રહસ્યો નહોતા; પરંતુ હવે અડેલથી ભેદ ભરમોવાળા રહસ્યો શરૂ થઈને છેક અમદાવાદ સુધી પહોંચવાના છે!!

(૬)

અડેલથી શ્રી મહાપ્રભુજી થોડા થોડા સમયના અંતરે વ્રજમાં પધારતા અને શ્રીનાથજીની સેવાના પ્રકારનો બંદોબસ્ત નિહાળી આવતા. સાથે સાથે નવા મંદિરનું બાંધકામ કેટલે આવ્યું એનું પણ નિરીક્ષણ કરી લેતા. વ્રજના આવા પ્રવાસો દરમ્યાનના એક પ્રવાસમાં, અડેલથી વ્રજમાં પધારતી વખતે, રુનકતા ગામ પાસે (મથુરા અને આગરાની વચ્ચોવચ) શ્રી યમુનાજીના કિનારે ગૌઘાટ પર નિવાસ કરી રહેલા, અને વર્ષો પહેલાં સીંહી ગામમાં આવેલા પોતાના પિતાના ઘરનો ત્યાગ કરી ચૂકેલા, સૂરસ્વામી પોતાના અનેક સેવકો સાથે શ્રી મહાપ્રભુજીને શરણે આવ્યા.

શ્રી મહાપ્રભુજીએ સૂરસ્વામીને નામ નિવેદન કરી સમર્પણ કરાવ્યું અને 'દાસ' બનાવ્યા. પછીથી શ્રીમદ્ ભાગવત દશમસ્કંધનો સારાંશ ('અનુક્રમણિકા') સંભળાવ્યો. પ્રભુની સંપૂર્ણ લીલાનું સૂરદાસજીના હૃદયમાં સ્થાપન કર્યું અને પ્રેમલક્ષણા ભક્તિ સિદ્ધ કરાવી. હવે સૂરદાસજી ભગવદ્ લીલા યશ વર્ણન કરવા માટે સમર્થ બન્યા. ત્યાર પછીથી આચાર્યશ્રીએ 'શ્રી પુરુષોત્તમ સહસ્રનામ' સ્તોત્ર દ્વારા સમગ્ર ભાગવતનો સાર સૂરદાસજીને સંભળાવ્યો. તત્કાળ સૂરદાસજીએ ભાગવતના પ્રથમ સ્કંધથી લઈને દ્વાદશ સ્કંધ સુધીની લીલાનાં કીર્તનો બનાવીને ગાયાં. શ્રી મહાપ્રભુજી ગૌઘાટ પર ૩ દિવસ બિરાજ્યા. સૂરદાસજીએ પોતે જેટલા સેવકો કર્યા હતા તે બધાને શ્રી મહાપ્રભુજીના સેવક બનાવડાવ્યા. આ પ્રસંગે શ્રી મહાપ્રભુજી અને સૂરદાસજી બંને ૩૨-૩૨ વર્ષના હતા.

અશ્વિનભાઈ ચતવાની (યુ.એસ.એ.)ના જયશ્રીકૃષ્ણ.

તે પછી શ્રી મહાપ્રભુજી વ્રજમાં પધાર્યા. સૂરદાસજી પણ સાથે આવ્યા. વ્રજમાં આવીને સૂરદાસજીએ ગોકુલમાં શ્રી નવનીતપ્રિયજીના અને ગોપાલપુરમાં શ્રી ગોવર્ધનધરણ શ્રીનાથજીના અપ્રતિમ સૌંદર્યના અંતર્ચક્ષુ દ્વારા દર્શન કર્યાં. તરત જુદી જુદી લીલાઓનાં અનેક કીર્તનો રચીને ગાયાં. આચાર્યશ્રીએ એમને શ્રીનાથજીની કીર્તન સેવામાં નિયુક્ત કર્યા. શ્રી મહાપ્રભુજીની આજ્ઞાથી અને કૃપાથી સૂરદાસજીએ શ્રી ઠાકોરજીને નિત્ય પ્રાતઃકાલમાં જગાવવાથી લઈને શયન પર્યંતના હજારો પદો રચ્યાં. એમણે સ્થાયીરૂપે શ્રી ગિરિરાજજીની તળેટીમાં પરાસૌલી ગામમાં ચંદ્ર સરોવરને કાંઠે ઝૂંપડી બનાવીને આજીવન વાસ કર્યો. (શ્રીનાથજીના અષ્ટસખાઓમાંના એક એવા સૂરદાસજી શ્રી ગુસાંઈજીના સમયમાં શ્રીનાથજીના અષ્ટછાપ મંડળમાં સ્થાન પામ્યા.)

આ પ્રસંગ પછી તરત જ બીજો પણ એક મહત્ત્વનો પ્રસંગ બન્યો. શ્રીનાથજીના નવા બંધાઈ રહેલા મંદિર માટે લાકડું, પથ્થર, રેતી, ચૂનો, રંગ વગેરે કંઈ કેટલાય પ્રકારની વસ્તુઓ શ્રી ગિરિરાજજી પર દરરોજ આવવા લાગી. કારીગરો વધવા લાગ્યા. ઓચિંતાની કોઈ વસ્તુ ખૂટી જાય તો મોટા શહેરમાં જઈ એની ખરીદી કરવી... દુકાનદારોને સમજાવવા... વ્યવસ્થિત હિસાબ રાખવા.. કારીગરોને પગાર ચૂકવવા... શ્રીનાથજીની સેવા સંબંધી સામગ્રી ભેગી કરવી... આ સર્વ કંઈ માટે હવે એક અધિકારીની જરૂરિયાત વરતાવા લાગી... અને વિ.સં. ૧૫૬૭માં જ એવો એક યાદગાર પ્રસંગ બની ગયો કે જે શ્રીનાથજીના કારોબારના પ્રથમ અધિકારીને વ્રજ સુધી ખેંચી લાવ્યો.

ગુજરાતના ચિલૌતરા ગામના મુખીના દીકરા કૃષ્ણદાસની ઉંમર હવે ૧૩ વર્ષની થઈ ગઈ હતી. એક દિવસ કૃષ્ણદાસના સત્યનિષ્ઠપણાને લીધે કૃષ્ણદાસના બેઈમાન પિતાનું મુખીપણું છૂટી ગયું. પિતાએ માથું કૂટ્યું. પુત્રને આડી-અવળી વાતો સંભળાવી અને ઘરમાંથી નીકળી જવા કહ્યું. 'ભાવતું'તું ને વૈદ્યે બતાવ્યું' એના જેવું થયું! કૃષ્ણદાસે માતા-પિતાને નમસ્કાર કરીને પ્રસન્નતાપૂર્વક ઘરનો ત્યાગ કર્યો.

ફરતાં ફરતાં કૃષ્ણદાસ મથુરા આવી પહોંચ્યા. ત્યાં સ્નાન, ધ્યાન, દર્શન, ઈત્યાદિથી પરવારી વ્રજમાં શ્રી ગોવર્ધન તરફ પ્રયાણ કર્યું. શ્રી ગિરિરાજજીની તળેટીમાં પહોંચીને કૃષ્ણદાસે વાત સાંભળી કે પર્વતમાંથી દેવ પ્રગટ થયા છે અને પૂરણમલ નામના કોઈ શેઠ એ દેવને માટે નવું મોટું મંદિર શ્રી ગિરિરાજજી પર બંધાવી રહ્યા છે. કૃષ્ણદાસને દેવદમન શ્રીનાથજીનાં દર્શન કરવાનું મન થયું. તેઓ શ્રી ગિરિરાજજી પર પહોંચી ગયા અને નવા મંદિરના બાંધકામને નિહાળતાં નિહાળતાં નાના મંદિરમાં જઈ પહોંચ્યા. શ્રી મહાપ્રભુજી રાજભોગ આરતી કરી રહ્યા હતા. કૃષ્ણદાસે દર્શન કર્યા અને ત્યાં જ જડાઈ ગયા! શ્રીનાથજી રહસ્યમય સ્મિત કરી રહ્યા હતા. ભાવિની ઊથલપાથલનાં પગરણ મંડાયાં!

ગો.વા. દ્વારકાદાસ ગંગાદાસ શાહ, હ. ગો.વા. ઈન્દુબેન દ્વારકાદાસ શાહ (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.

શ્રીનાથજીની ઈચ્છાથી અને કૃષ્ણદાસની વિનંતીથી થોડી વારમાં તો શ્રી મહાપ્રભુજીએ શ્રીનાથજીની સન્મુખ કૃષ્ણદાસને નામ નિવેદન કરાવ્યું. આત્મસમર્પણ કરતાં જ કૃષ્ણદાસને શ્રી હરિની લીલારસનો અનુભવ થયો અને તરત એક પદ ગાયું :

'વલ્લભ પતિત ઉદ્ધારન જાનો..'

કીર્તન પૂરું થતાં જ શ્રી મહાપ્રભુજીએ પૂછ્યું :

'કૃષ્ણદાસ, હવે શું વિચાર છે?'

'જે કૃપાનાથ! આપ તો અંતર્યામી છો. હું ઘરનો ત્યાગ કરીને આપને શરણે આવ્યો છું. નાની ઉંમરનો જાણીને મને પાછો ન ધકેલી દેતા. શ્રી ગોવર્ધનધરણનું નવું મોટું મંદિર સિદ્ધ થઈ રહ્યું છે. અનેક નાના મોટા કાર્યો માટે આપને સેવકોની જરૂર પડશે. મને આપ જે કહેશો તે કરવાને હું તૈયાર છું.'

'ઠીક છે... હાલ તો તમે પૂરનમલજી કહે એ રીતે એમને મદદ કરો... પછી શ્રી ગોવર્ધનધરણની જેમ ઈચ્છા હશે એમ થશે..' કહીને શ્રી મહાપ્રભુજીએ કૃષ્ણદાસને શ્રીનાથજીની બહારની વહીવટી સેવામાં રાખી લીધા. બહુ યાદગાર ઘડી હતી એ!.. શ્રી ગોવર્ધનધરણની ઈચ્છામાં શું હતું એ કેમ કરીને કળી શકાય?!

સૌ સેવકોને શ્રીનાથજીની સેવા સાવધાનીપૂર્વક કરવાની આજ્ઞા કરીને શ્રીમહાપ્રભુજી અડેલ તરફ પધાર્યા.

શ્રી મહાપ્રભુજીએ અડેલમાં ગૃહસ્થાશ્રમ શરૂ કર્યો. તે પછી થોડા સમય બાદ શ્રી મહાલક્ષ્મીજીને શ્રીઠાકોરજી શુભ સંકેતો જણાવવા લાગ્યા.

જગદીશ ફુડ્ઝ પ્રા. લી., હ. એન. બી. ઠક્કર (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.

નિવાસસ્થાનમાંથી કૃષ્ણ નામનો મધુર ધ્વનિ સતત વહેતો થયો. માતા શ્રી ઈલ્લમાગારુને શ્રી નવનીતપ્રિયજીની સેવામાં જવાનું ઘણું મન થવા લાગ્યું. શ્રી મહાપ્રભુજીની ઈચ્છાથી શ્રી નવનીતપ્રિયજીએ માતા શ્રી ઈલ્લમાગારુને બ્રહ્મસંબંધ દીક્ષા આપી. માતા હોંશે હોંશે શ્રી નવનીતપ્રિયજીને લાડ લડાવવા લાગ્યાં. શ્રી મહાપ્રભુજીએ આ સર્વ શુભ સંકેતોનું અર્થઘટન આપ્યું કે નજીકના ભવિષ્યમાં એમના ગૃહે શ્રી ઠાકોરજી પ્રગટશે.

શ્રી હરિને વિવિધ ક્રીડા કરવાનું મન થતાં જુદા જુદા સ્વરૂપો પ્રગટ કરીને પછી પોતે એ જુદા જુદા સ્વરૂપો સાથે ખેલે છે, એ ન્યાયે અડેલ ગામમાં શ્રી મહાપ્રભુજીને ગૃહે સંવત ૧૫૬૭ના ભાદરવા વદ બારસે પ્રથમ પુત્રનું પ્રાકટ્ય થયું. વધાઈની ખુશીમાં આપે મંગલસ્નાન કર્યું. નામકરણને દિવસે પુત્રનું નામ 'ગોપીનાથ' રાખવામાં આવ્યું. આ સમાચાર સાંભળતાવેંત કૃષ્ણદાસે હરખભેર શ્રી ગોવર્ધનનાથજી સન્મુખ શ્રી ગોપીનાથજીના પ્રાકટ્યની વધાંઈ ગાઈ -

'ઘર ઘર આનંદ હોત વધાઈ ॥
શ્રી વલ્લભગૃહ પ્રગટ ભયે હેં ગોપીનાથ કુંવર સુખદાઈ ॥૧॥'

કાશીથી પણ સગાં-સ્નેહીઓ શ્રી ગોપીનાથજીના પ્રાકટ્યનો ઉત્સવ મનાવવા આવી પહોંચ્યાં. શેઠ પુરુષોત્તમદાસ, દામોદરદાસ હરસાની, કૃષ્ણદાસ મેઘન, વિષ્ણુદાસ છીપા, માધવ ભટ્ટ કાશ્મીરી, વગેરે કાયમી અંતરંગ સેવકો તો હાજર હતા જ, એમાં પરગામથી પણ રાણા વ્યાસ જેવા અનેક ખાસ ખાસ સેવકો અડેલ આવ્યા અને મહોત્સવની ઉજવણીમાં હરખભેર ભાગ લીધો.

શ્રી ગોપીનાથજીના પ્રાકટ્ય પછી એમનું છઠ્ઠી પૂજન, એમની કુંડલીનું શુભ વાંચન, નામકરણ, વગેરે વિવિધ સંસ્કારોની જવાબદારી નિભાવ્યા પશ્ચાત્ અગિયારમે દિવસે શ્રી વલ્લભે શ્રી ગોપીનાથજીને ગોદમાં પધરાવ્યા અને અષ્ટાક્ષર મંત્રનું દાન કરી શ્રીકંઠમાં તુલસીની કંઠી ધારણ કરાવી. ઘર આંગણે મંગલવાદ્ય અને નગારાં ચોઘડિયાં વાગવા લાગ્યાં. ગ્રામજનોમાં મિષ્ટાન્નનું વિતરણ કરવામાં આવ્યું. સર્વત્ર આનંદ મંગલ ભર્યું વાતાવરણ છવાઈ ગયું. યોગ્ય સમયે બાળકના કાન વીંધાવ્યા. ત્યાર બાદ છઠ્ઠા માસે અન્નપ્રાશન કરાવ્યું.

થોડા સમય પછી શ્રી મહાપ્રભુજીએ અડેલમાં ૩ સોમયજ્ઞ સંપન્ન કર્યા. નાનકડા ગામમાં શ્રી ગોપીનાથજીના પ્રાકટ્યથી મહોત્સવ જેવું વાતાવરણ તો હતું જ; એમાં સોમયજ્ઞોને કારણે જળ અને વાયુ સહિત અડેલનું તમામ ભૂમંડળ અતિ પવિત્ર બનીને મહેંકવા લાગ્યું. ત્યાર પછી.. ચરણાટના રાજાના ખાસ આગ્રહથી આપે અડેલ છોડીને ચરણાટમાં થોડો સમય નિવાસ કર્યો અને... ફરીથી પાછા અડેલ પધાર્યા.

તો ભલા, આપણી આ કથામાં અતિ રમણીય અને પ્રાકૃતિક સૌંદર્યથી છલક છલકાતું સોહામણું ચરણાટ ક્યાંથી વચ્ચે આવી ગયું?!.. શા માટે આવી ગયું?!.. ચાલો, થોડા વર્ષ આપણે પણ શ્રી વલ્લભાધીશની સાથે ચરણાટનું અદ્ભુત સૃષ્ટિ સૌંદર્ય માણી આવીએ અને ત્યાં શું નવા-જૂની થાય છે એ પણ જોઈ આવીએ... કારણ કે વિ.સં. ૧૫૭૧ના ફાગણ માસમાં કંઈ કાર્ય અંગે પ્રયાગ પધારેલા શ્રી મહાપ્રભુજીએ પોતાના કનોજવાળા સેવક પદ્મનાભદાસજીને રાત્રિના સમયે ઓચિંતા સામે પાર અડેલ જઈ શ્રી અક્કાજી (શ્રી મહાલક્ષ્મી વહુજી)ને નાવમાં બેસાડી પ્રયાગ પધરાવી લાવવા માટે આજ્ઞા આપી દીધી છે.. એ કપરી આજ્ઞાને મૂર્ત કરવા પ્રભુ પોતે નાવવાળા બનીને પદ્મનાભદાસજીને મદદ કરી ચૂક્યા છે.. તો હવે પછી શું?.. એ આજ્ઞા પાછળ અને ભગવત્સહાય પાછળ ભલા શું રહસ્ય છુપાયેલું હશે!?.. ચાલો, વહેલા વહેલા ચરણાટ પહોંચીને રહસ્યોદ્ઘાટનને માણીએ અને વહેલા વહેલા પાછા અડેલ આવી જઈએ હં!...

(૭)

વિ.સં. ૧૫૭૧માં ૩૬ વર્ષના શ્રી વલ્લભાધીશે પ્રયાગ નજીકના અડેલ ગામને હંગામી ધોરણે છોડી કાશી નજીકના ચરણાટ નામના ગામમાં, ત્યાંના રાજાની આગ્રહભરી વિનંતીથી, સપરિવાર નિવાસ કર્યો. અંતરંગ સેવકો તો આપની સાથે જ ચરણાટ આવી ગયા. પરંતુ સગાં-સ્નેહીઓ બધા અડેલમાં જ રહ્યા. મોટા ભાગના સજાતિયો તો કાશીમાં નિવાસ કરી જ રહ્યા હતા.

ચરણાટમાં અદ્ભુત સૃષ્ટિ-સૌંદર્ય હતું. એ ગામની ફરતે માઈલોના માઈલો સુધી ચૂનાર પર્વત (ગોવર્ધન શ્રી ગિરિરાજજીના સૌથી નાના ભાઈ) નો વિસ્તાર ફેલાયેલો. એના ઉપર શ્રી વામન ભગવાનના ચરણારવિંદના ચિહ્નો હતા, તેથી એની તળેટીમાં વસેલા ગામનું નામ 'ચરણાટ' અથવા 'ચરણાદ્રિ' પડ્યું હતું. પર્વત પણ એ જ નામોથી પ્રસિદ્ધ થયેલો હતો. ત્યાંનો સઘન વનપ્રદેશ પ્રકૃતિને ખીલવામાં દરેક રીતે સહાય કરતો હતો.

ગો.વા. લલીતભાઈ ઈશ્વરલાલ કાપડીયા, હ. કુંજલતા આર. કાપડીયા (વાપી)ના જયશ્રીકૃષ્ણ.

ગો.વા. કાન્તા બા શાહ, હ. રૂપાલી અનંતકુમાર કાપડીયા (વાપી)ના જયશ્રીકૃષ્ણ.

એવા એ ચરણાટ ગામમાં ભરપૂર મોટા પરિસરની અંદર શ્રી મહાપ્રભુજીનો આવાસ. થોડા થોડા અંતરે આવેલા ઊંચા પગથિયા પછી ઓટલા સહિતના ચાર-ચાર પ્રવેશદ્વારવાળું, વિવિધ પ્રકારની સર્વ સગવડતાઓથી મહાલતું નિવાસ ગૃહ. એની સામે ખૂબ જ લાંબુ અને પહોળું પ્રાંગણ. પ્રાંગણની ધારે રાજાએ બંધાવી દીધેલો રજવાડી ઠાઠનો અને સવિશેષ સુવિધાઓવાળી બાંધણીનો વિશાળ જલકુંડ લહેરાય. કુંડના જલ સુધી પહોંચવા માટે બે પ્રકારનાં પગથિયાં! એક તો સામાન્યજનો માટે પરિસરના મુખ્ય મોટા ડેલાવાળા પ્રવેશદ્વાર તરફ સામાન્ય પ્રકારના ખુલ્લાં અને પહોળાં પગથિયાં. બીજા પ્રકારમાં, પરિવારજનો માટે, નિવાસગૃહની છેવાડેના પ્રવેશદ્વારની સામે લંબચોરસ છત્રીઓ જેવી અને નાની થાંભલીઓના આધારે ચણાયેલી છતની નીચે ઢંકાયેલા ભૂગર્ભમાં ઊતરતા નાનાં મઝાનાં પગથિયાં. થોડેક જ દૂરથી પણ કોઈને ખબરેય ન પડે કે અહીં નીચે ઊતરવા માટેનાં પગથિયાં હશે! એ છુપા પગથિયાં પૂરા થાય એટલે ઉચ્ચ કુળને બિરાજવા માટે નીચેની બીજી છતની નીચે ખુલ્લી ઓરડીઓ. ખાનગી પરિસરની અંદર ખુલ્લાનું ખુલ્લું અને છતાંય પ્રાંગણમાંથી કોઈ જોઈ ન શકે એવું એ સુખદાયી અજ્ઞાત સ્થળ! તાપ અને વરસાદની એ ઓરડીઓમાં ન પહોંચે અસર કે ન પહોંચે કિનારે ઊભેલા કોઈની નજર! જલ ઉપર થઈને વહી આવતો શીતળ વાયુ પોતાની સાથે કમલ પુષ્પોની ધીમી મીઠી સુગંધ એ ખુલ્લી ઓરડીઓમાં લેતો આવે. હંસલીઓ સાથે જલક્રીડામાં મસ્ત એવા હંસલાઓની પાંખોના ફફડાટથી જલકણોનો છંટકાવ ઓરડીમાં બિરાજેલા મહાનુભાવોને અતિશય સુખદાયી લાગે! ધ્યાનમગ્ન થવા માટે આનાથી ઉત્તમ સ્થળ ભાગ્યે જ બીજે ક્યાંય હોય!!

કમલ પુષ્પોની આસપાસ ઊડતા ભ્રમરોનો ગુંજારવ અને હંસના અસંખ્ય જોડાંઓની વિચિત્ર ધ્વનિ સાથેની ચિત્તાકર્ષક જલક્રીડા કોઈ અનેરો આહ્લાદ પેદા કરી જાય! મોરનો કેકારવ, કોયલના ટહુકા અને પોપટની કિલકારી પેલા અનેરા આહ્લાદમાં માદકતા ઉમેરવાનું કામ કરે! કુંડના કાંઠા પર ત્રિતરફ સઘન, ઘેઘૂર અને ઊંચા વૃક્ષો શીતળ વાયુમાં ડોલ્યા કરે. એના અડાબીડ પાંદડાઓમાંથી ચળાઈને આવતો સૂર્યનો તાપ પણ નીચે આવતા સુધીમાં પોતાની ઉષ્ણતા ભૂલી જાય! આવાં વૃક્ષોના થડ સાથે ચપોચપ વીંટળાયેલી અને મુખને ઊંચું રાખી ઉર્ધ્વગમનનો પ્રયત્ન કરતી, નવયૌવનાસમ, રંગબેરંગી ખીલેલાં પુષ્પોથી આચ્છાદિત, લીલીછમ વેલીઓના નાજુક, નમણા અને શરમાળ લટકાઓને તો શ્રી આચાર્યચરણ જેવા 'રસો વૈ સઃ' જ માણી શકે!!

આવા પ્રાકૃતિક સૌંદર્યનું રસપાન કરતાં કરતાં અને ખોળામાં નાનકડા પુત્ર શ્રી ગોપીનાથજીને રમાડતાં રમાડતાં એકાંતમાં શ્રી મહાપ્રભુજીએ શ્રી સુબોધિનીજીનું લેખન કાર્ય આગળ ધપાવ્યું. પુત્ર પણ ધ્યાન દઈને પિતાની ઉચ્ચારાયેલી વાણીને શ્રવણેંદ્રિયમાં ગ્રહણ કરે અને સમજવાનો પ્રયત્ન કરે. માધવ ભટ્ટ કાશ્મીરી જેવા વિદ્વાન લખનાર સેવકની સાથે જ્યારે લખાવતા / લખતા ચર્ચા થવા લાગે ત્યારે વિશેષ આનંદ આવે! કોઈ કોઈ વાર આ કાર્યમાં રાણા વ્યાસ જેવા પ્રખર વિદ્વાન સેવક પણ હાજર રહેતા. દ્વારપાલ વિષ્ણુદાસ છીપા પણ સાંભળવા બેસતા. ઘણી વખત તો લેખન કાર્ય ચાલતું હોય એવે સમયે ત્યાંના રાજા પણ આપશ્રીના દર્શને આવી ચડતા અને વિક્ષેપ ન પડે એ હેતુથી, દબાતા પગલે, સીધા જ પગથિયાં ઊતરીને પેલા અજ્ઞાત સ્થળે પહોંચી, દંડવત્ પ્રણામ કરીને, ચૂપચાપ સૌની પાછળ બેસી જતા. લેખન કાર્ય દરમ્યાન થનારી ચર્ચા ધ્યાનપૂર્વક સાંભળતા, જિજ્ઞાસાવશ પ્રશ્નો પણ પૂછી લેતા અને ચર્ચામાં ભાગ પણ લેતા.

હવે... ખરી નવા-જૂનીનો આરંભ થયો. ચરણાટની પાસે ગંગાજીને કિનારે બેસીને બટુક નામના એક રામાનુજી પંડિત બાર વર્ષથી નિત્ય શ્રી વિષ્ણુસહસ્ર-નામનો પાઠ કરતા હતા. એક સમયે, વિ.સં. ૧૫૭૨ના કારતક વદ ૮ને દિવસે ગંગાજીમાંથી ભગવદ્ સ્વરૂપ શ્રી વિઠ્ઠલનાથજી પ્રગટ થયા. એ સ્વરૂપે બટુક પંડિતને આજ્ઞા કરી : 'તારા ઉપર અમે પ્રસન્ન થયા છીએ. તું અમારી સેવા કર.'

'મહારાજ, આપે આટલી કૃપા કરીને મને દર્શન દીધાં એથી હું કૃતાર્થ થયો. પરંતુ હું તો વૈરાગી છું અને આપ મહા અલૌકિક છો. કોઈક મોટા સાધન સંપન્ન ગૃહસ્થને ઘરે આપ બિરાજો તો સારી રીતે આપની સેવા થાય. બાકી હું તો આપને ગંગાજીમાં રોજ ડૂબકી મરાવીને સ્નાન કરાવીશ અને મને નિત્ય જે અર્ધો શેર દૂધ તથા એક ટંકનું સીધુ મળે છે એનો આપને ભોગ ધરાવીશ. એનાથી અધિક હું કંઈ જ સેવા કરી શકું એમ નથી.' પંડિતે પોતાની લાચારી દર્શાવી.

સરસ્વતીબેન ગોવિંદભાઈ પરીખ (કઠલાલ)ના જયશ્રીકૃષ્ણ.

ડૉ. પ્રિતીબેન એસ. મહેતા (જામનગર)ના જયશ્રીકૃષ્ણ.

'કંઈ નહીં, જેવી બને એવી એક મહિના સુધી તું અમારી પ્રેમપૂર્વક સેવા કરજે. પછી અમે કહીએ ત્યાં અમને પધરાવી આવજે. ત્યાર પછી અમારી ઈચ્છા હશે એ પ્રમાણે અમે બિરાજશું.' બટુક પંડિત માની ગયા અને એમણે ભગવદ્ આજ્ઞા પ્રમાણે એક મહિના સુધી એ સ્વરૂપની યથા શક્તિ અત્યંત પ્રેમપૂર્વક સેવા કરી.

મહિનો પૂરો થયા પછી, વિ.સં. ૧૫૭૨ના માગશર વદ ૮ની રાત્રે શ્રી વિઠ્ઠલનાથજીએ બટુક પંડિતને ફરીથી આજ્ઞા કરી : 'પંડિત, અહીંથી ત્રણ કોસ દૂર ચરણાટ ગામ છે. ત્યાં શ્રી વલ્લભાચાર્યજી મહાપ્રભુજી બિરાજે છે. આવતી કાલે સવારે અમારો નિત્યક્રમ કર્યા પછી તું અમને ઝાંપીજીમાં પધરાવીને એમની પાસે લઈ ચાલજે. મધ્યાહ્ન સુધીમાં પહોંચી જઈશ.'

'મહારાજ, આ શું? મારા જેવા વૈરાગીને આપ કયા ગામમાં ધકેલી રહ્યા છો? હું તો જાણતો નથી કે ચરણાટ ગામ ક્યાં આવ્યું અને શ્રી વલ્લભાચાર્યજી મહાપ્રભુજી કોણ છે અને ક્યાં બિરાજે છે.'

'અરે બાવરા પંડિત, શ્રી વલ્લભાચાર્યજી મહાપ્રભુજી તો જગતમાં પ્રસિદ્ધ છે. તું જેને પણ પૂછીશ એ તને બતાવી દેશે.'

'એટલે કે ગામ શોધવામાં અને ઘર શોધવામાં મારે માર્ગમાં દશ જણને પૂછવાનું કે પેલા જગપ્રસિદ્ધ આચાર્યશ્રીનું ગામ અને ઘર ક્યાં આવ્યું? એટલો સમય મારું ભગવદ્ સ્મરણ છૂટી જશે એનું શું?'

શ્રી વિઠ્ઠલનાથજી આ ભોળા અને એકનિષ્ઠ બ્રાહ્મણની અનન્યતા ઉપર વારી ગયા. તરત આપે દાનથી ઉપર દક્ષિણા પણ આપી દીધી. 'અમે સ્વયં પ્રત્યક્ષ રીતે જ્યાં તારા શિર પર બિરાજમાન હોઈશું ત્યાં તને ભગવદ્ સ્મરણ છૂટી જવાનો દોષ કેવી રીતે લાગશે? છતાંય વારુ ચાલ, માર્ગમાં કોઈને પણ પૂછતો નહીં, બસ? તું અમારી સાથે વાતો કરતો ચાલજે અને માર્ગ પૂછતો રહેજે. અમે તને ચરણાટ ગામનો માર્ગ બતાવતા રહેશું અને ગામ આવશે એટલે આચાર્યશ્રીના ઘર સુધી દોરી જશું. પછી તો વાંધો નથી ને? આચાર્યશ્રી ચરણાટ ગામમાં કુંડ ઉપર બિરાજે છે.'

'ઠીક છે. મારે ત્યાં જઈને કંઈ પૂછવા કહેવાનું છે કે મૂંગા મૂંગા ઊભા રહીને આપને મસ્તક પર ઝાંપીજીમાં સંભાળી રાખવાના છે?'

પન્નાબેન બંસીલાલ કોઠારી તથા બંસીલાલ ચિમનલાલ કોઠારી (બોરીવલી-મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

શ્રી વિઠ્ઠલનાથજીને હસવું આવી ગયું. 'પંડિત મહાશય, ત્યાં જઈને વિવેક ખાતર પૂછજે કે શ્રી વલ્લભાચાર્યજી મહાપ્રભુજી અહીં જ બિરાજે છે ને? તેઓ હા પાડે એટલે કહેજે કે શ્રી ઠાકોરજી આજ્ઞા કરીને પધાર્યા છે. એટલે તેઓ તરત અમને પધરાવી લેશે અને તારા પર બહુ રીઝશે.'

'જુઓ મહારાજ, મારી ધૂનમાં જો હું કંઈ આડુ અવળું બોલી ગયો તો ઊંધું વેતરાશે અને આપ નારાજ થશો. એના કરતાં મને મૂંગો જ ઊભો રહેવા દેજો ને.'

'ઠીક છે, ચાલ. શેના પછી શું બોલવું અને શું કરવું એ અમે તને ઝાંપીજીમાંથી કહેતા રહેશું. હવે કંઈ વાંધો છે?'

'ના, હવે બધું બરાબર છે. પણ આપ સમયે સમયે બરાબર બતાવતા અને બોલતા રહેજો હોં. નહીં તો હું વનપ્રદેશમાં આડે માર્ગે ભેરવાઈ જઈશ અથવા કુંડ ઉપર પોરો ખાતો બેઠો રહીશ.'

બીજા દિવસે સવારના નિત્યક્રમથી પરવારીને બટુક પંડિતે શ્રી વિઠ્ઠલનાથજીને ઝાંપીજીમાં પધરાવ્યા અને મસ્તક પર ધારણ કરીને પૂછ્યું, 'બોલો મહારાજ, કઈ દિશામાં જવું છે?' અને શ્રી વિઠ્ઠલનાથજીએ ચરણાટનો માર્ગ બતાવવા માંડ્યો. વચ્ચે વચ્ચે હળવો હાસ્ય-વિનોદ પણ કરતા રહ્યા. શ્રમિત થતાં, વચ્ચે થોડી વાર મૌન પણ ધારણ કરી લેતા. એવે સમયે પંડિત અકળાઈ જતા અને ઝાંપીજીને થપથપાવતા. આ રીતે અંતે બપોરના સમયે બટુક પંડિત શ્રી વિઠ્ઠલનાથજીના સ્વરૂપને ઝાંપીજીમાં પધરાવી, મસ્તક પર ધારણ કરીને, ચરણાટમાં શ્રી મહાપ્રભુજીના નિવાસસ્થળે પહોંચી ગયા. મુખ્ય પ્રવેશદ્વારના મોટા ડેલાની અંદર, ઘેઘૂર વૃક્ષની નીચે ખુલ્લા ગમાણમાં બાંધેલી ગાય અને વાછરડાને ૩-૪ વર્ષના શ્રી ગોપીનાથજી ચારો નીરી રહ્યા હતા. ત્યાં જઈને બટુક પંડિત ઊભા રહ્યા.

'પંડિતજી, બહુ દૂરથી આવ્યા હો એવું લાગે છે. જલપાન કરશો?' બાલ શ્રી ગોપીનાથજીએ વાછરડાને પંપાળતા, પોતાની કાલી કાલી વાણીમાં, પંડિત સામે જોઈ મોહક સ્મિત કરતાં પૂછ્યું.

પંડિત તો આ તેજસ્વી બાલકની આવી વિસ્મયકારી વાણીથી અત્યંત પ્રભાવિત થઈ ગયા અને થોડી ક્ષણો સુધી, ધોતી-બગલબંડી અને તિલકધારી, લાંબા છૂટા કેશવાળા, પ્રખર તેજસ્વી, ભીનેવાન બાલકને

અરવિંદા રમેશચંદ્ર શાહ (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

એમ જ નિહાળતા ઊભા રહ્યા. પોતાને શું બોલવાનું છે કે કરવાનું છે એ જ ભૂલી ગયા.

'પંડિતજી, જલપાનની સાથે કંઈ ફલાહાર પણ કરશો? કે પછી સંપૂર્ણ ભોજનની ઈચ્છા છે? દૂરથી ચાલીને પધાર્યા છો એટલે તૃષાની સાથે ક્ષુધા પણ લાગી હશે ને?' બાલ શ્રી ગોપીનાથજીએ બટુક પંડિતની તંદ્રા દૂર કરવાનો પ્રયત્ન કર્યો.

તંદ્રામાંથી જાગૃત થતા વેંત પંડિતે ઝાંપીજીને સહેજ ઠપકાર્યા અને ખોંખારો ખાધો. તરત અંદરથી ધીમા સ્વરે શ્રી વિઠ્ઠલનાથજી બોલ્યા : 'એ બધું પછી કરજે. પહેલાં એમ પૂછ, વત્સ, શ્રી વલ્લભાચાર્યજી મહાપ્રભુજી અહીં જ બિરાજે છે ને?'

પંડિતે વાક્ય ગોખી લીધું અને ઉતાવળે પુનરાવર્તન કરીને બોલી ગયા : 'એ બધું પછી કરજે. પહેલાં એમ પૂછ, વત્સ, શ્રી વલ્લભાચાર્યજી મહાપ્રભુજી અહીં જ બિરાજે છે ને?' પંડિતે ઉપરણા વડે મુખ પરનો પરસેવો લૂછતાં અને મસ્તક પરના ઝાંપીજીને સંભાળતાં પોપટિયું રટણ કર્યું.

એક જ વાક્ય બે જુદા જુદા સ્વરમાં બે વાર સાંભળીને શ્રી ગોપીનાથજી ભેદ પામી ગયા. મુક્ત હાસ્યને ખાળતાં અને મધુરું મલકાતા આપ બોલી ઊઠ્યાઃ 'જી... આવો પંડિતજી, વેગે પધારો. આપની જ પ્રતીક્ષા થઈ રહી છે. હવે માતાજીના કષ્ટનું નિવારણ થશે..' કહેતાં શ્રી ગોપીનાથજી નીરણ છોડીને ગૃહની અંદર દોડી ગયા.

બટુક પંડિતની દ્વિધા વધી ગઈ! તેઓ મનોમન વિચારી રહ્યા. 'આ પ્રભુસ્વરૂપ બાલક કોણ હશે? એના દર્શન માત્રથી હૃદયમાં આટલો સ્નેહ કેમ છલકાઈ આવ્યો હશે, વારુ? જતાં જતાં એણે શું કહ્યું એ પણ સમજાયું નહીં! એક વાર ફરીથી એનાં દર્શન થશે?'

ત્યાં તો પિતાની અંગુલી ઝાલીને બહાર આવી રહેલા એ બાલકે ફરીથી દેખા દીધી. ભક્તના મનની અભિલાષા તાત્કાલિક પૂરી થઈ ગઈ!

'પંડિતજી, આપ જેમને મળવા પધાર્યા છો એ અમારા પૂજ્ય પિતૃચરણને મળો.'

નિર્મળાબેન ગજેન્દ્રભાઈ શાહ (ભરૂચ)ના જયશ્રીકૃષ્ણ.

બટુક પંડિત શ્રી મહાપ્રભુજીનાં દર્શન કરીને તો ઓર વાચાહીન થઈ ગયા. અપલક નેત્રે બસ તેઓ શ્રી મહાપ્રભુજીને નિહાળી જ રહ્યા. એટલે તરત મસ્તક પરના ઝાંપીજી જોર જોરથી ડોલવા લાગ્યા. આ જોઈને હવે શ્રી ગોપીનાથજીથી હસવું ખળાયું નહીં. તેઓ મુક્ત મને હસી પડ્યા. પુત્રનું હાસ્ય સાંભળીને અંતર્યામી આચાર્યશ્રી પણ મધુરું મલકાઈ ઊઠ્યા. મસ્તક પર જોશથી ડોલી રહેલા ઝાંપીજીને કારણે પંડિત ભાનમાં આવ્યા અને એમણે ડોલતા ઝાંપીજીને સ્થિર કરી શ્રી મહાપ્રભુજીને નમસ્કાર કર્યા. બાલક શ્રી ગોપીનાથજીની અત્યંત સરાહના કરી અને પછી થોથવાતી જીભે બોલ્યાઃ

'મહારાજ, નાના મોંઢે... મોટી વાત થઈ જશેએએ... એટલેએએ... કકહી નથી શકતો... અને કહીશશશ તો આપ માનીઈઈ નહીં શકોઓઓ...'

'શું વાત છે પંડિતજી? કહો તો ખરા!' શ્રી મહાપ્રભુજીએ પ્રેમાળ સ્વરે કહ્યું.

'ક...કંઈ નહીં મહારાજ, નારેએએ કંઈઈઈ નથીઈઈ કહેવું ઉઉ.' પંડિત શ્રી મહાપ્રભુજીનું તેજ જીરવી નહીં શક્યા અને જીભના લોચા વાળવા લાગ્યા..

ત્યાં તો ફરીથી ઝાંપીજી ડોલવા લાગ્યા. અંદરથી સ્વર સંભળાયો :

'આવું બોલવા અમે કહ્યું હતું? અમારા પ્રાકટ્યની અને આગમનની માંડીને વાત કર.'

'એ ભલે, કરું છું. ધીરા પડો, નહીં તો પડી જશો... મેં પહેલાં જ કહ્યું હતું કે મને આ બધું નાટક નહીં ફાવે... હાં, તો પછી વાત સાંભળી જ લો મહારાજ. હવે જે બોલવા કહ્યું હતું એ બોલી નાંખું છું...' એમ કહીને પંડિતે શ્રી વિઠ્ઠલનાથજીના પ્રાકટ્યની અને આજ્ઞાની માંડીને વાત કરી. શ્રી મહાપ્રભુજીએ પંડિતને ઉષ્માભર્યો આવકાર દીધો અને પંડિતના શિરેથી ઝાંપીજી ઉતારી સહર્ષ શ્રી વિઠ્ઠલનાથજીને પોતાને ત્યાં પધરાવ્યા. બટુક પંડિતનો યથોચિત આદર સત્કાર કર્યો. બાલ શ્રી ગોપીનાથજીએ પંડિત માટે જલપાન અને ફલાહારની વ્યવસ્થા કરાવી તો શ્રી મહાપ્રભુજીએ સ્વહસ્તે કેળપત્રમાં મહાપ્રસાદની પાતળ ધરી.

એક વૈષ્ણવ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

એ જ સમયે શ્રી મહાપ્રભુજીને ગૃહે ચરણાદ્રિ (ચરણાટ) ગામમાં, શ્રી મહાલક્ષ્મી વહુજીની કૂખે, કસ્તૂરીના તિલક સહિત, શ્રી કૃષ્ણના અવતાર સમ દ્વિતીય પુત્ર શ્રી વિઠ્ઠલનાથજી (શ્રી ગુસાંઈજી)નું અલૌકિક રીતે પ્રાકટ્ય થયું. વિ.સં. ૧૫૭૨ના (વ્રજ પોષ વદ ૯) ગુર્જર માગશર વદ ૯ને શુક્રવારના દિવસનો એ મધ્યાહ્નકાળ હતો.

શ્રી મહાપ્રભુજીએ ભાવવિભોર થઈને કહ્યું કે, 'અમારે ઘેર સેવ્ય અને સેવક એમ બંને ભાવથી આજે શ્રી ઠાકોરજી પ્રગટ થયા છે.' વધાઈની ખુશીમાં આપે મંગલસ્નાન કર્યું.

સૌએ નંદ મહોત્સવ ખૂબ ધામધૂમપૂર્વક ઉજવ્યો. કાશીથી અને અડેલથી પણ સગાં-સ્નેહીઓ તેમ જ સેવકો આ મહોત્સવ મનાવવા આવી પહોંચ્યા. કાયમી અંતરંગ સેવકો તો હાજર હતા જ. એમાં પરગામથી પણ અનેક ખાસ ખાસ સેવકો ચરણાટ આવ્યા અને મહોત્સવની ઉજવણીમાં હરખભેર ભાગ લીધો. બાલ શ્રી ગોપીનાથજી સૌ વૈષ્ણવોમાં ભળી ગયા અને મન મૂકીને નાચ્યા. નાના ભાઈના પ્રાકટ્યથી શ્રી ગોપીનાથજી અતિ ઉત્સાહમાં આવી ગયા... સેવકોએ તેમ જ ગામના રાજાએ બાલક શ્રી ગોપીનાથજીને પોતાના ખભા પર ઊંચકી લીધા અને ઘણા જ પ્રેમથી સૌ દધિ-કાદૌમાં નાચ્યા. રાજાએ છૂટે હાથે દાન આપ્યાં. અને શ્રી મહાપ્રભુજીના સકલ પરિવારને શ્રી વિઠ્ઠલનાથજીના પ્રાકટ્યની ખુશાલીમાં અઢળક ભેટ ધરી. પછીથી ગુર્જર માગશર વદ ૧૪ના દિને શ્રી મહાપ્રભુજીએ અને શ્રી મહાલક્ષ્મી વહુજીએ વેદોક્ત વિધિથી છઠ્ઠી પૂજન કર્યું અને ત્યાર પછી વિદ્વાન બ્રાહ્મણો દ્વારા બાળકની કુંડલીનું શુભ વાંચન કરવામાં આવ્યું. નવજાત શિશુનું નામકરણ થયું. 'વિઠ્ઠલ / વિઠ્ઠલેશ / વિઠ્ઠલનાથ' નામ ધરવામાં આવ્યું.

હવે આવ્યો પ્રાકટ્ય પછીનો અગિયારમો દિવસ. પોષ સુદ ૪ના દિને શ્રી વલ્લભે શ્રી વિઠ્ઠલને ગોદમાં પધરાવ્યા અને અષ્ટાક્ષર મંત્રનું દાન કરી શ્રીકંઠમાં તુલસીની કંઠી ધારણ કરાવી. ફરીથી ઘર આંગણે મંગલવાદ્ય અને નગારાં ચોઘડિયાં વાગવા લાગ્યાં. શ્રી મહાપ્રભુજીએ સ્વહસ્તે, અને હર્ષોલ્લાસમાં નાચતા ગાતા બાલ શ્રી ગોપીનાથજીની મદદ વડે, ગ્રામજનોમાં મિષ્ટાન્નનું વિતરણ કર્યું. વસ્ત્રદાન અને અન્નદાન પણ થયું. રાજાએ આ સર્વ પ્રસંગોમાં પરિવાર સહ અતિ ઉત્સાહથી ભાગ લીધો અને દરેક પ્રકારે પોતાની વૈષ્ણવતાને સાર્થક કરી બતાવી.

વસંતબેન નટવરલાલ શેઠ (અંજાર - કચ્છ)ના જયશ્રીકૃષ્ણ.

હવે શ્રી વિઠ્ઠલેશ એક મહિનાના થયા. વિધિ અનુસાર સૌ ગઁગા પૂજન કરવા નીકળ્યા. બાલક ગોપીનાથજી પણ સાથે હતા. સખી-સહેલીઓ સાથે સૌ પરિવારજનો ગંગાજીના ઘાટ પર પધાર્યા. ત્યાં શિશુ શ્રી વિઠ્ઠલેશજીને ભૂખ લાગી અને તેઓ રડવા લાગ્યા. માતા એમને ગોદમાં લઈને થોડે ઊંચે ઘાટના પગથિયા પર બિરાજ્યાં અને સ્તનપાન કરાવવા લાગ્યાં. શ્રી ગોપીનાથજી માતા અને ભાઈનું ધ્યાન રાખતા બાજુમાં જ ખેલી રહ્યા હતા અને થોડી થોડી વારે નાના ભાઈના મસ્તકે અત્યંત વહાલપૂર્વક પોતાનો હસ્ત ફેરવીને એમને દુગ્ધપાન કરતા નીરખી લેતા હતા.

ત્યાં તો મોટો ગોકીરો ઊઠ્યો અને ઘાટ પર નાસભાગ શરૂ થઈ ગઈ! શું થયું એ કંઈ સમજાય એ પહેલાં તો ઘાટ ખાલી થઈ ગયો! કપડાં ધોઈ રહેલા લોકો કપડાં પડતાં મૂકીને નાઠા.. સ્નાન કરી રહેલા લોકો વસ્ત્રો પહેર્યા વગર જ ઉઘાડા ભીના શરીરે જલમાંથી સડસડાટ બહાર નીકળી ઘાટ છોડીને કિનારાથી દૂર દૂર ભાગવા લાગ્યા... હોડી ચલાવવાવાળાઓએ હાલકડોલક થવા માંડેલી હોડીઓમાંથી જ ભૂસકા માર્યા અને તરીને કિનારા પર આવી ગયા... ઘાટ પરના વિવિધ મંદિરોના પૂજારીઓ જે તે દેવીદેવતાઓની આરતી અધૂરી છોડીને દર્શનાર્થીઓની ભીડમાંથી ધક્કામુક્કી કરીને માર્ગ મોકળો કરતાં અને પોતપોતાની ચોટી, જનોઈ અને અબોટિયાઓ સંભાળતા એકીશ્વાસે અદૃશ્ય થઈ ગયા... દુકાનદારો દુકાનમાં રાખેલા માલસામાનની પરવા કર્યા વગર બગલમાં માત્ર ગલ્લાપેટી દબાવીને જીવ લઈને નાઠા... સૌ મરણિયા બનીને ભાગંભાગ કરી રહ્યા હતા અને એકબીજાને હડસેલીને પડતા આખડતા પોતાનો રસ્તો ચોખ્ખો કરવાનો પ્રયત્ન કરતા હતા...

માતા મહાલક્ષ્મીજીએ દૃષ્ટિ ઉઠાવી અને દૃશ્ય નિહાળ્યું. દૃશ્ય જોઈને તેઓ એકદમ છળી પડ્યાં! ગંગાજીના નીર અતિશય ઝડપથી વધી રહ્યાં હતાં અને અવિરત ગતિએ ઘાટના એક પછી એક પગથિયાં એમાં ડૂબી રહ્યાં હતાં! ગજગામિની બનેલાં ગંગાજી કોઈનીય પરવા કર્યા વિના ઝડપભેર ઘાટના પગથિયાં ચડી રહ્યાં હતાં! કાચી-પોચી છાતીવાળાના ધબકારા એટલી હદે વધી ગયા કે લથડિયાં ખાઈને ત્યાં જ બેસી ગયા. વધી રહેલા જલની ગતિએ એ

જયાબેન એન. શાહ (મહેસાણા)ના જયશ્રીકૃષ્ણ.

લોકોના પગમાં ભાગવા માટેની ગતિ આવી શકે એમ નહોતી. વગર વરસાદે કે વગર ઉનાળે ગંગાજી પોષ માસમાં આ રીતે શા માટે ઉછાળા મારી રહ્યાં છે એ કોઈનેય સમજાયું નહીં! ગંગાજીએ પ્રચંડ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. પરંતુ એ રૌદ્ર નહોતું, સૌમ્ય હતું. ધીર ગંભીર 'ઉત્કંઠિતા' નાયિકા જેવું હતું!

શ્રી મહાલક્ષ્મી વહુજી ચીસ પાડી ઊઠ્યાં. 'ઊઈ માઆઆઆઆ... ગોપીઈઈઈઈઈ..' કહેતાં એમણે બાજુમાં ખેલી રહેલા મોટા પુત્ર શ્રી ગોપીનાથજીનું બાવડું ઝાલી લઈને પોતાની પાસે ખેંચી લીધા અને છાતી સરસા ચાંપી દીધા. બીજા હાથે શ્રી વિઠ્ઠલેશજીને પણ છાતી સરસા ચાંપી દીધા અને બંને પુત્રોને ત્યાંથી ઉઠાવી, હરણફાળ ભરતા, છેક એકદમ ઉપરના પગથિયે જઈને બેઠાં. તાળવે ચોંટી ગયેલા શ્વાસને જરા હેઠે બેસાડ્યો.

પણ આ શું?! ગંગાજીના ઉછાળા મારી રહેલા જલ જાણે કે શ્રી મહાલક્ષ્મી વહુજી અને શ્રી ગોપીનાથજીનો જ પીછો કરી રહ્યાં હોય એ રીતે એમની પાછળ પાછળ છેક ઉપરના પગથિયા સુધી પળવારમાં આવી પહોંચ્યાં અને એમની આસપાસ કૂંડાળું રચીને વમળો દ્વારા મોજાં ઉછાળવા લાગ્યાં. વહુજીને ઊભા થવાનોય મોકો ન મળ્યો. હવે? ક્યાં ભાગવું? અતિશય દ્વિધા, હતાશા અને નિ:સહાય અવસ્થા અનુભવી રહેલાં વહુજી બંને પુત્રોને ગળે વળગાડી વિસ્ફારિત નેત્રે આમતેમ જોવા લાગ્યાં. એમના નેત્રોમાંથી અશ્રુધારા વહી ચાલી અને તેઓ મનોમન શ્રી વલ્લભાધીશજીનું સ્મરણ કરવા લાગ્યાં. ભાગી જઈને દૂર ઊભેલા પરિવારજનો રાડારાડ કરવા લાગ્યા અને વહુજી તેમ જ બંને બાલકોને બચાવવા માટે વ્યર્થ પ્રયત્નો કરવા લાગ્યા.

હવે વાત કંઈક સમજમાં આવતાં, પિતાની જ પ્રતિકૃતિસમ, શ્રી ગોપીનાથજી ઝટ દઈને જલમાં એક પગથિયું નીચે ઊતરી ગયા. તરત ઊછળતા વમળો શાંત પડી ગયા!... પણ ધીમી ગતિએ ઉપર વધવાનું તો ચાલુ જ રહ્યું. શ્રી ગોપીનાથજી પ્રસંગનો મર્મ પામી ગયા. પિતાજીના પ્રતિનિધિ બની ગયેલા શ્રી ગોપીનાથજીએ પોતાના નાના નાના હસ્ત વડે માતાજીના મોટા મોટા અશ્રુ લૂછી નાંખ્યા અને આશ્વાસન આપતા પ્રેમાર્દ્ર સ્વરે બોલ્યા : 'મા, આપ ગભરાવ છો શા માટે? આપ તો શ્રી ગંગાજીના લાડકાં છો એ વાત ભૂલી ગયાં? કોઈ માતા પોતાની પુત્રીને કે દોહિત્રને કેવી રીતે ડુબાડી શકે? આપને

ચપલા વલ્લભભાઈ જીણાભાઈ (લીંબુડા)ના જયશ્રીકૃષ્ણ.

તો શ્રી ગંગાજીનું વરદાન પ્રાપ્ત થયેલું છે, ખરું ને? આપને, અમને કે વિઠ્ઠલેશને કંઈ નહીં થાય મા, ધીરજ ધરો અને અષ્ટાક્ષર મંત્રનો જાપ કરવા માંડો. આપની પાસે તો અમોઘ શક્તિ છે.'

'ગોપી, અત્યારે એ બધી વાતોનો શો અર્થ? તમને બંનેને કઈ રીતે બચાવવા એની જ્યાં ચિંતા વળગી છે ત્યાં વરદાનને યાદ કરીને શું ફાયદો?' માતા પોતાનો જનનીધર્મ બજાવવા વ્યાકુળ થઈ રહ્યાં હતાં.

'મા, એ વરદાન કોઈ ક્ષુલ્લક (તુચ્છ, સાધારણ) ઘટના નહોતી. એમાં ભારોભાર શ્રી હરિ ઈચ્છા સમ્મિલિત હતી. આપના જ મુખે અનેક વાર અમે એ પ્રસંગ સાંભળી ચૂક્યા છીએ. તાત ચરણોને આપ કેવી રીતે પામ્યા એ કોઈ લૌકિક કહાણી નથી... આજે એ વરદાનને ફરીથી યાદ કરી અને માતા સમ ગંગાજીને પ્રણામ કરો. પછી જુઓ શું થાય છે...' એમ કહેતાં રમત રમતમાં શ્રી ગોપીનાથજીએ માતાની ગોદમાં બિરાજી રહેલા શ્રી વિઠ્ઠલેશજીના જમણા ચરણને હળવેથી ઊંચકી ગોદની નીચે ઝુલાવ્યું અને પૂચકારીઓ બોલાવી નાના ભાઈને વહાલ કરવા લાગ્યા. માતા મહાલક્ષ્મીજી ગંગાજીને પ્રણામ કરવા નેત્રો મીંચી બંને હસ્ત જોડીને કરગરી ઊઠ્યા. ત્યાં તો ચમત્કાર સર્જાયો!!

ઉછાળા મારી રહેલા ગંગાજીના જલે શ્રી ગોપીનાથજીની પછી હવે શ્રી મહાલક્ષ્મી વહુજીનાં પણ ચરણસ્પર્શ કરી લીધાં અને શ્રી વિઠ્ઠલેશજીના ઝૂલી રહેલા અત્યંત સુકોમળ ચરણારવિંદનો પણ સ્પર્શ કર્યો. પછી જલ તરત જ ઓસરવા લાગ્યાં!! આ જોઈને બંને ભાઈઓ ખિલખિલાટ હસી પડ્યા! ત્યાં તો એ ઓસરી રહેલા જલમાંથી શ્રી ગંગા દેવી પ્રગટ થયાં અને શ્રી મહાલક્ષ્મી વહુજીના શિરે વહાલથી હસ્ત ફેરવીને બોલ્યાં:

'હે પરમ સૌભાગ્યવતી પુત્રી, અગ્નિની જ્વાળામાંથી નીકળેલો તણખો પણ અગ્નિસ્વરૂપ જ હોય છે. વિદ્યાની સરિતામાંથી ભરેલો ઘડો પણ વિદ્યાસ્વરૂપ જ હોય છે. અગ્નિમાંથી ગમે એટલા તણખા નીકળે તો પણ એ અગ્નિ ઓછો નથી થતો. સરિતામાંથી ગમે એટલા ઘડા ભરાય તો પણ એ સરિતા સુકાતી નથી. આ બધા સિદ્ધાંતોનું મૂળ છે 'પૂર્ણાત્ પૂર્ણમુદચ્યતે.' પૂર્ણમાંથી પૂર્ણ જ નીકળે અને છતાંય પૂર્ણ તો પૂર્ણ જ રહે અને નીકળેલા તમામ

કુસુમબેન સટ્ટા (મહેસાણા)ના જયશ્રીકૃષ્ણ.

પૂર્ણો પણ પૂર્ણ જ હોય! સમજાયું? એ સર્વ પૂર્ણોનું પૂર્ણ રીતે જતન કરજે અને સૌભાગ્યના પરમોચ્ચ શિખરે બિરાજજે. તારું તો સર્વ કંઈ મંગલ જ મંગલ છે અને કલ્યાણ જ કલ્યાણ છે, એટલે મારી પાસે હવે તને દેવા માટે વિશેષ કોઈ જ આશિષ નથી બચ્યા.'

આટલું કહીને શ્રી ગંગા દેવીએ વહુજીને હાથ જોડ્યા, વાંકા વાળીને નમસ્કાર કર્યા, અને તરત અંતર્ધાન થઈ ગયાં! થોડી વારમાં તો ગંગાજીના જલ ફટાફટ પગથિયાં ઊતરી ગયાં અને પાછા યથાવત્ સ્થાને પહોંચી જઈ કુદરતી રીતે વહેવા લાગ્યાં! પતિતપાવની ગંગાજીને થોડી વાર પહેલાં શાનું શૂરાતન ચડ્યું હતું અને એટલી જ વારમાં એ પાછું કેમ કરતાં ઊતરી ગયું એનો ભેદ, ભાગી ગયેલામાંથી કોઈની જ સમજમાં ન આવી શક્યો. ક્યાંથી આવે?! કેમ કરતાં આવે?! ભગવદ્ લીલારસ અકળ છે, અપૂર્વ છે, અગાધ છે, અગમ્ય છે, અદ્વિતીય છે. સહેલાઈથી એ પ્રત્યેકની સમજમાં કઈ રીતે આવે?

માતા તો આ ચમત્કારથી એટલા દિગ્મૂઢ થઈ ગયાં કે બંને પુત્રોને બંને હાથે પોતાની છાતી સરસા ચાંપીને, અષ્ટાક્ષર મંત્રનું રટણ કરતાં ક્યાંય સુધી અવાક નેત્રે અને તેજ ગતિના શ્વાસે ગંગાજીને નિહાળી રહ્યાં. અત્યારે તેઓ માત્ર એક મમતાયુક્ત માતા હતાં, બસ, એનાથી વિશેષ કંઈ નહીં! જ્યારે ગંગાજીને મન તેઓ કોઈ અનેરી મૂરત હતાં! ગંગાજી અત્યંત માદક સ્મિત વેરતાં, પુત્રી સમ શ્રી મહાલક્ષ્મી વહુજીના પરમોચ્ચ સૌભાગ્યને વંદન કરી રહ્યાં અને મનોવાંછિત સર્વ કંઈ પામી ચૂકેલી ચપલાની જેમ રસાળ ગતિએ સરતાં રહ્યાં!!! અજબ ગજબની લીલા છે ને શ્રી હરિની!! વારી જવાનું મન થાય છે ને??!!

ઘરે પહોંચીને સૌએ પોતે નજરોનજર નિહાળેલો પ્રસંગ, પોતપોતાની સમજ પ્રમાણે, મોણ ઉમેરીને શ્રી મહાપ્રભુજી સમક્ષ કેટલાય દિવસો સુધી વાગોળ્યા કર્યો. એ સાંભળીને શ્રી મહાપ્રભુજી મંદ મંદ સ્મિત કરતાં વહુજીને અને બંને પુત્રોને અતિશય સ્નેહસભર દૃષ્ટિએ નીરખતા રહ્યા.

હવે મહા થી જેઠ માસ દરમ્યાન આચાર્ય શ્રી મહાપ્રભુજી સહકુટુંબ શ્રી વિઠ્ઠલનાથજીને લઈને ગોપાલપુર પધાર્યા અને ત્યાં બંને બાળકોને શ્રીગોવર્ધનનાથજીના ચરણસ્પર્શ કરાવ્યા. ત્યાંથી આચાર્યશ્રી ગોકુલ પધાર્યા

રામદાસ મદનજી ભગત (ચેન્નઈ) પરિવાર (સલેમ)ના જયશ્રીકૃષ્ણ.

અને કર્ણવેધ કૂપ ઉપર શ્રી વિઠ્ઠલેશજીના કાન વીંધાવ્યા. ત્યાર બાદ ગોકુલમાં જ શ્રી વિઠ્ઠલેશજીને છઠ્ઠા માસે અન્નપ્રાશન કરાવ્યું અને ત્યાં ચતુર્માસ વ્યતીત કર્યો. પછીથી આપશ્રી બાળકોને લઈને સહકુટુંબ પાછા ચરણાટ આવી પહોંચ્યા. સમય પાંખ લગાડીને ઊડવા માંડ્યો. બંને બાળકો માતા-પિતાની વહાલસોઈ છત્રછાયામાં આગવી રીતે ઊછરવા લાગ્યા. વિ.સં. ૧૫૭૫ના ચૈત્ર સુદ ૯ (રામ નવમી)ને શુભ દિવસે શ્રી વલ્લભે ચરણાટમાં ત્રણ વર્ષના શ્રી વિઠ્ઠલેશનો ચૌલ (મુંડન) સંસ્કાર કર્યો.

ચરણાટમાં થોડો સમય વધુ બિરાજ્યા પછી પરિવારજનોએ પોતાની આટલા વર્ષોની એક અકળામણ શ્રી મહાપ્રભુજી સમક્ષ રજૂ કરી. ચરણાટનું ઘર તો બધી રીતે સુવિધાજનક હતું પરંતુ ઘર વપરાશની આવશ્યક ચીજ વસ્તુઓનો ત્યાં અભાવ રહેતો હતો કારણકે કાશી ત્યાંથી દૂર પડી જતું હતું એટલે કાશીથી વસ્તુઓ લાવવી મોંઘી તેમ જ સમય ખાનારી બની જતી હતી. વળી એટલી લાંબી દોડધામ માટે ખવાસો કે સેવકો પણ કંઈ ઝાઝા નહોતા કે આવાગમનના સાધનો પણ સરળતાથી મળતાં નહોતાં. આને લીધે રસોઈ, સેવા, ઘરકામ, વિશ્રામ વગેરે સર્વ નિત્યક્રમ વિલંબથી થવા લાગ્યો. આની અસર સર્વના સ્વાસ્થ્ય પર પણ થઈ. ઘણી વાર અમુક વસ્તુ વગર પણ ચલાવી લેવું પડતું હતું. કોઈ કાર્ય સમયસર ન થવાને કારણે શ્રી મહાપ્રભુજી પોતે પણ ઘણી વાર દ્વિધામાં મુકાઈ જતા હતા.

અંતે, પરિવારજનોને પડતી રોજિંદી મુશ્કેલીઓને ધ્યાનપૂર્વક સમજી લીધા પછી, શ્રી મહાપ્રભુજીએ ચરણાટ છોડવાનો નિર્ણય પાકો કરી લીધો અને ત્યાંના રાજાને બોલાવ્યા. પાંચ સાડા પાંચ વર્ષ પહેલાં રાજાએ જે ભાવથી આપને ચરણાટમાં બિરાજવાનું આમંત્રણ આપ્યું હતું અને ચરણાટના નિવાસ દરમ્યાન ઊજવાયેલા તમામ લૌકિક પ્રસંગોમાં રાજાએ જે ઉમંગથી સાથ સહકાર અને હાજરી નોંધાવ્યા હતા એને માટે આપે રાજાની ભૂરી ભૂરી (ભારોભાર) પ્રશંસા કરી અને ઉચિત આદર સન્માન કર્યા પછી પોતાના નિર્ણયની જાણ કરી. રાજાને આ નિર્ણય જાણીને ઘણું દુઃખ થયું. એમણે વચલો માર્ગ કાઢવાના ઘણા પ્રયત્નો કરી જોયા; પરંતુ હવે પરિવારનો વિસ્તાર વધતો જતો હોવાથી આવશ્યક વસ્તુઓની સંખ્યા અને વપરાશ, એમ બંનેનું પ્રમાણ

રેખાબેન આર. પટેલ (ભાવનગર)ના જયશ્રીકૃષ્ણ.

પણ વધી ગયું છે એ વાત રાજાને વ્યવસ્થિત રીતે સમજાવીને શ્રી મહાપ્રભુજીએ મનાવી લીધા. સૌથી સબળ કારણ તો પરિવારજનોના નબળા રહેતા સ્વાસ્થ્યનું બતાવ્યું. વાત ગળે ઉતારી રાજાએ ભારે હૈયે વિદાય દીધી.

અડેલમાં તો ઘર તૈયાર જ હતાં. ખવાસો અને સેવકોને મોકલાવીને એ ઘરોની સાફ-સફાઈ કરાવી લીધી અને આમ વિ.સં. ૧૫૭૬માં શ્રી મહાપ્રભુજીએ ચરણાટ છોડીને ફરીથી અડેલમાં પરિવાર સાથે કાયમી વાસ કર્યો. તદ્દન ખોબા જેવડું ચરણાટ ગામ સાવ સૂનું થઈ ગયું; તો અડેલ જેવા નાનકડા ગામમાં ફરીથી ચેતનાની લહેર દોડવા માંડી. ત્યાં રહેતા સગાં-સ્નેહીઓ પણ આનંદિત થઈ ગયાં. શ્રી વલ્લભના પરિવારના પુનર્વસવાટથી અડેલ ગામમાં ઉષ્માભર્યું વાતાવરણ છવાઈ ગયું. સૌ પરિવારજનોના હૈયે ટાઢક થઈ અને રોજિંદા કાર્યો ઢંગથી થવા લાગ્યાં. રોજબરોજની ઘર વપરાશમાં જોઈતી વસ્તુઓ ફટાફટ નજીકના મોટા શહેર પ્રયાગ (અલાહાબાદ)થી ચપટી વગાડતામાં હાજર થવા લાગી. મહેમાનો તેમ જ આગંતુકોની અવર જવર પણ વધી ગઈ. સેવકોને શ્રી વલ્લભના દર્શને આવવું સરળ અને સહેલું થઈ પડ્યું. વચનામૃતો, પ્રવચનો અને સત્સંગનો ફેલાવો એવો થયો કે અડેલ પણ હવે ગોકુળિયું ગામ બની ગયું.

પરિવારના વિસ્તારની સાથે શ્રી વલ્લભનો રીતસરના એક નાનકડા રજવાડા જેવો ઠાઠ અને કારોબાર થઈ ગયો. શ્રી ગોપીનાથજી તો અડેલ ગામથી સુપરિચિત હતા જ. બાલ્યાવસ્થાની ઘણી બધી સ્મૃતિઓ જ્યાં છોડીને ગયા હતા ત્યાં હવે એમણે નવાગંતુક નાના ભાઈ શ્રી વિઠ્ઠલનાથજીને પણ પોતાની પ્રવૃત્તિઓમાં ભેળવી દીધા. બંને બાલકો એ ગામના રાજકુંવરો બની ગયા. એ બંનેની કિશોરલીલાનાં દર્શન કરવા શ્રી મહાદેવજી પણ નિત્ય નવાં રમકડાં લઈને બંનેને રમાડવા આવતા અને નૃત્ય કરતા.

વ્યવસ્થિત રીતે સ્થાયી થઈ ગયા પછી શ્રી મહાપ્રભુજીએ અડેલમાં ફરીથી એક સોમયજ્ઞ કર્યો અને ગામના વાતાવરણને એકદમ પવિત્ર તેમ જ આહ્લાદક બનાવી દીધું. શ્રી યમુનાજીને કિનારે, જાતજાતના પક્ષીઓના કલરવમાં, ઘેઘૂર વૃક્ષોની છાયા ઓથે, ચબૂતરા પર બેસીને શ્રીમદ્ ભાગવત પરની ટીકા શ્રી સુબોધિનીજીનું લેખન કાર્ય શ્રી મહાપ્રભુજીએ આગળ ધપાવ્યું. સાથે સાથે એ લેખનની પ્રતિલિપિ પણ મોટા થતા જતા જયેષ્ઠ પુત્ર શ્રી ગોપીનાથજી માટે રાણા વ્યાસ પાસે તૈયાર કરાવવા માંડ્યા.

ગો. વા. નાનજીભાઈ જીવરાજભાઈ પોશિયા (જૂનાગઢ)ના જયશ્રીકૃષ્ણ.

(૮)

હવે ૮ વર્ષના ગોપીનાથજીનો કાશીમાં વિધિપૂર્વક યજ્ઞોપવીત સંસ્કાર કરવામાં આવ્યો. લગ્ન પ્રસંગ જેટલી દોડધામ અને ભવ્યતા શ્રી વલ્લભના ગૃહમાં છવાઈ ગઈ. સગાં-સ્નેહીઓને આમંત્રણ મોકલાયાં. મંડપ બંધાયા. મંગલ વાદ્યો વાગ્યાં. શ્રી મહાલક્ષ્મી વહુજીને પિયરિયાં મળ્યા. એકમેકના ખબરઅંતર પુછાયા. બટુકનું મોસાળું કરવામાં આવ્યું. પંડિતોએ અને બ્રાહ્મણોએ ઉપનયન વિધિ શાસ્ત્રોક્ત રીતે પાર પાડ્યો. શ્રી વલ્લભાચાર્યજીએ પોતે શ્રી ગોપીનાથજીને બ્રહ્મસંબંધ દીક્ષા અને ગોપાલમંત્રની દીક્ષા આપી. પ્રસંગને બધાએ હોંશે હોંશે માણ્યો. થોડા દિવસ ત્યાં રહી, બધાં રંગેચંગે કાશીથી પાછા અડેલ આવી ગયાં. ત્યાર બાદ શ્રી ગોપીનાથજીના અધ્યયનનો તાત્કાલિક પ્રબંધ આપના જ નિરીક્ષણમાં થયો. શ્રી વલ્લભાચાર્યજી પાસે જ શ્રી ગોપીનાથજીએ તત્પૂરતું વિદ્યાધ્યયન કર્યું. વેદ-વેદાંગો અને શાસ્ત્રો-પુરાણોનું અધ્યયન સ્વયં શ્રી આચાર્યજીએ બહુ જ ચીવટપૂર્વક પુત્રને કરાવ્યું. સેવાવિધિમાં પણ આચાર્યશ્રીએ પુત્રને પારંગત બનાવવા માંડ્યા.

સેવા વિધિની સૂક્ષ્માતિસૂક્ષ્મ ભાવનાઓ, ખૂબીઓ અને કલાઓથી હવે શ્રી ગોપીનાથજી નાની વયથી જ સુમાહિતગાર થવા લાગ્યા. એક સમયે શ્રી મહાપ્રભુજીએ શ્રી ઠાકોરજીના શૃંગાર કર્યા પછી, ભીતરિયાની ભૂલને કારણે, 'ગોપીવલ્લભ ભોગ' તૈયાર નહોતો થયો ત્યારે શું પ્રસંગ બન્યો હતો એનાથી શ્રી ગોપીનાથજી જ્ઞાત થઈ ચૂક્યા હતા! વ્રજભક્તોના ભાવથી આવતા 'સિંગારભોગ'માં થયેલા વિલંબને કારણે શ્રી ઠાકોરજીને જે શ્રમ થયો અને એ નિવારવા શ્રી સ્વામિનીજીએ જે શ્રમ ઉઠાવ્યો, એ પ્રસંગ શ્રી ગોપીનાથજી માટે અવિસ્મરણીય હતો!

એવી જ રીતે ઠંડીના દિવસોની એક વહેલી સવારે શ્રી મહાપ્રભુજીને સેવામાં પહોંચવા માટેના સ્નાનને જરા વાર હતી અને શ્રી ઠાકોરજીને જગાવવાનો સમય થઈ ગયો હતો ત્યારે શ્રી ગોપીનાથજી સ્નાન કરીને તૈયાર હતા. તેથી શ્રી મહાપ્રભુજીએ એમને શ્રી ઠાકોરજીને જગાવવા માટે કહ્યું. ત્યારે શ્રી ગોપીનાથજી ઉત્સાહભેર અંદર પધાર્યા. ખેલનો આરંભ થયો! આપ અંદર તો પધાર્યા પણ દૃશ્ય જોઈને આગળ વધી ન શક્યા! ત્યાં જ સ્થિર થઈ ગયા અને એ મનોહારી દૃશ્ય

ગો. વા. મોતીબેન નાનજીભાઈ પોશિયા (જૂનાગઢ)ના જયશ્રીકૃષ્ણ.

નિહાળ્યા કર્યું! શ્રી ઠાકોરજી ભર નિદ્રામાં પોઢી રહ્યા હતા. એમની લોભામણી સૂરત ભલભલાને ભાવવિભોર કરી મૂકે એવી હતી. કંઈ કેટલાય ભાવોને રમાડતું એમનું મુખારવિંદ અદ્‌ભુત ભાસી રહ્યું હતું. બાલસહજ નિર્દોષ ભાવથી, રજાઈ ઓઢીને પોઢેલા શ્રી ઠાકોરજી પર શ્રી ગોપીનાથજી વારી ગયા અને રસાવેશી થઈ ગયા. એમને શ્રી મહાપ્રભુજીની આજ્ઞા વિસારે પડી ગઈ! થોડી ક્ષણો એમ જ વીતી ગઈ. ત્યાં તો શ્રી મહાપ્રભુજીનો સ્વર સંભળાયો :

'ગોપીશ, આટલી વાર શીદ લાગી પ્રભુને જગાવવામાં?'

'તાતજી, શ્રી ઠાકોરજી તો ભર નિદ્રામાં પોઢ્યા છે. શું કરીએ? આવી ઠંડીમાં જગાવતા જીવ નથી ચાલતો. આપ ઘડીકમાં રજાઈ અહીંથી ખેંચે છે તો ઘડીકમાં ત્યાંથી. અત્યંત વહાલ ઊભરાય એવી મુદ્રામાં આપ રજાઈ ઓઢીને પોઢી રહ્યા છે.' નેત્રો દ્વારા રસ નીતારતા શ્રી ગોપીનાથજી અસમંજસ અવસ્થામાં બહાર પધારતાં બહુ મીઠું બોલ્યા.

'તમે ફરીથી અંદર જઈ એક ક્ષણવાર ઊભા રહો. અને પછી હાથથી તાળી વગાડીને ઠાકોરજીને જગાવો. કારણ કે બ્રાહ્મમુહૂર્તમાં શ્રી ઠાકોરજીને જગાવવાની મર્યાદા છે. સૂર્યોદય થયા પછી નિદ્રા નિષિદ્ધ છે. વળી શિયાળામાં તો બાળકને વહેલી ભૂખ લાગે માટે વહેલાસર જ મંગલભોગ ધરીને સેવાક્રમની શરૂઆત કરી દેવી જોઈએ. તેથી સૂર્યોદયની પહેલાં જ આપણે પણ જાગી જવું જોઈએ અને શ્રીઠાકોરજીને પણ અવશ્ય જગાવી દેવા જોઈએ.'

શ્રી ગોપીનાથજીએ પિતાની આજ્ઞા પ્રમાણે ફરીથી અંદર જઈ તાળી પાડીને શ્રી ઠાકોરજીને જાગવાની વિનંતી કરી : 'હે નાથ, સૂર્યોદય થવાની તૈયારી છે. આપ કૃપા કરી શ્રી સ્વામિનીજી સહિત જાગો, અમારી સેવાનો અંગીકાર કરો અને મને પોતાનો કરી સ્વીકારો.' આવી દીનતાભરી પ્રાર્થનાથી આપે પ્રભુને જગાવ્યા. હવે શ્રી ઠાકોરજીએ આળસ મરડી અને હસ્ત ઊંચા કરી અધ મૂંદેલા (અર્ધ મીંચેલા) નેત્રોએ જમ્હાઈ લીધી (બગાસું ખાધું). એમના શ્રીઅંગના માદક મરોડો વળી એક લોભામણું દશ્ય ખડું કરી ગયા અને શ્રી ગોપીનાથજી શ્રી ઠાકોરજીની આ ભંગિમા પર દિલ દઈ બેઠા! રસિક જીવના હૈયાના ટોડલે મોરલા નાચવા લાગ્યા! બોલો, મોરના ઈંડાને ચીતરવાની જરૂર પડે?!

ગો.વા. મુકતાબેન ગોરધનભાઈ પરસાણા (જૂનાગઢ)ના જયશ્રીકૃષ્ણ.

રસ નીતરતા આવા તો અનેક પ્રસંગો સર્જાયા અને સેવા વિધિ અંગે કંઈક નવું શીખવી ગયા. હવે એક મોટો પ્રસંગ સર્જાવાનો સમય નજીક આવી પહોંચ્યો. પૂરણમલ દ્વારા શ્રી ગિરિરાજજી ઉપર શ્રીનાથજીનું, અનેક પ્રકારની સગવડતાઓ સાથેનું, વિશાળ નવું મંદિર સંપૂર્ણ બંધાઈ રહેતાં એની ઉપર કળશ ચડ્યો અને ચક્રની સ્થાપના સાથે સાત ધ્વજાજી લહેરાવાયા. બીજી લગભગ ત્રણ લાખ મુદ્રા (પહેલાંની એક લાખ મળીને કુલ ચાર લાખ મુદ્રા)ને ખર્ચે મંદિર તૈયાર થયું હતું. આજુબાજુના ગામોમાં કોઈ મહાન ઉત્સવ જેવી લાગણી ફેલાઈ ગઈ. પોતાના લાડલા દેવદમનનું નવું મંદિર તૈયાર થઈ ગયું છે એ જોઈને સૌનો હરખ માતો નહોતો.

શ્રી મહાપ્રભુજી અડેલથી સપરિવાર ગોપાલપુર પધાર્યા. વિ.સં. ૧૫૭૬ના વૈશાખ સુદ ૩ (અક્ષય તૃતીયા)ને દિવસે ખૂબ જ ધામધૂમ અને સંપૂર્ણ વેદોક્ત વિધિપૂર્વક શ્રી ગોવર્ધનધરણ શ્રીનાથજીને શ્રી મહાપ્રભુજીએ પોતાના બંને પુત્રોની સહાયતાથી નવા મંદિરમાં પાટ પધરાવ્યા. શ્રીનાથજીનો આ બીજો પાટોત્સવ થયો. પૂરણમલે પાટોત્સવમાં આંખો મીંચીને ખર્ચ કર્યો. પાણીની જેમ ધન વહાવી દીધું. આ ધન કોનું હતું અને કોને માટે ખર્ચાઈ રહ્યું હતું એની પૂરણમલને પૂરી જાણ હતી. કોઈ કચાશ ન રહેવા દીધી ઉત્સવમાં! શ્રીનાથજીનાં વસ્ત્રો, આભૂષણો, પાત્રો, સામગ્રી તથા અન્ય સગવડતાઓના ઢગલા ખડકી દીધા પૂરણમલે! આટલો ખર્ચ કરવા છતાં પૂરણમલ પાસે ઘણું દ્રવ્ય વધ્યું!

અતિ સુંદર, દેદીપ્યમાન અને મહામૂલાં વસ્ત્રો તથા આભૂષણોમાં સજ્જ થઈને શ્રીનાથજીએ સૌને દર્શન દીધાં. પોણા આઠ વર્ષના શ્રી ગોપીનાથજી અને સાડા ચાર વર્ષના શ્રી વિઠ્ઠલનાથજી પોતાના એકતાળીસ વર્ષના પિતા શ્રી વલ્લભાચાર્યજી સાથે શ્રીનાથજીની સેવામાં ઉપસ્થિત હતા. મુખિયાજી રામદાસ ચૌહાણની સવિશેષ દોડધામ હતી, જે શ્રી મહાપ્રભુજીની જાણ બહાર નહોતી!! કુંભનદાસ અને સૂરદાસ કીર્તનોની રમઝટ બોલાવી રહ્યા હતા. કૃષ્ણદાસ પણ વચ્ચે વચ્ચે સાથ આપતા હતા અને બાહ્ય વ્યવસ્થા ઉપર પણ નજર રાખી રહ્યા હતા. પૂરણમલ, પાંડે બંધુઓ અને એમના સૌ પરિવારજનો, અગ્રગણ્ય વ્રજવાસીઓ વગેરે સર્વ કોઈ નિકુંજ નાયકના સ્મિતયુક્ત દર્શન કરીને ધન્ય થઈ રહ્યા હતા.

ગો.વા. દૂધીબેન હંસરાજભાઈ પરસાણા (જૂનાગઢ)ના જયશ્રીકૃષ્ણ.

નિકુંજ નાયકના એ દિવસના પ્રાસંગિક સ્મિતની પાછળ અન્ય ત્રણ મુખ્ય પ્રસંગો તથા અનેકાનેક ગૌણ પ્રસંગો ડોકાઈ રહ્યા હતા, જેમાં ભૂતકાળ અને ભવિષ્યકાળ સંકળાયેલા હતા!! દર્શનાર્થીઓ તો વર્તમાનકાળને માણી રહ્યા હતા, પરંતુ શ્રી વલ્લભાચાર્યજી, શ્રી ગોપીનાથજી અને શ્રી વિઠ્ઠલનાથજી તો ત્રિકાળજ્ઞાતા હતા. આપશ્રી ત્રણેય, શ્રીનાથજીના એ અકળ સ્મિતના ભેદ-ભરમોની ઘડીઓ ઉકેલી રહ્યા હતા!!!

શ્રીનાથજીના મધુરા સ્મિતની પાછળ રહેલા એક ગૌણ રહસ્યને શ્રી મહાપ્રભુજીએ તત્કાળ ઉકેલીને અમલમાં મૂક્યું. આપશ્રીએ પૂરનમલને કહ્યું:

'પૂરનમલ, આજે અમે તમારા પર અત્યંત પ્રસન્ન છીએ. તમારે જે માગવું હોય તે માગો. શ્રી ગોવર્ધનધરણની ઈચ્છા પણ કંઈક એવી જ છે. આજે કચાશ ન રાખતા. તમારા સકલ મનોરથો આજે પૂર્ણ કરી લો..'

'મહારાજ, આપની આજ્ઞા એ મારે મન શ્રી ગોવર્ધનધરણની આજ્ઞા સમાન છે. આપે 'કચાશ ન રાખતા' એમ કહ્યું છે તો પછી મારે એટલું જ માગવું છે કે...'

શ્રી ગોપીનાથજી અને શ્રી ગુસાંઈજી એકીટશે શ્રી ગોવર્ધનધરણને નિહાળી રહ્યા હતા. તેઓ પણ હવે સાવધાન થઈ ગયા અને પૂરનમલ શું માગી રહ્યા છે એ સાંભળવા કાન સરવા કરીને પિતાજીની આજુબાજુ સ્તબ્ધ બનીને ઊભા રહી ગયા!

'તો પછી મારે એટલું જ માગવું છે કે મારા પોતાના હાથે અતિ સુગંધી અરગજા શ્રી ગોવર્ધનનાથજીના સમગ્ર શ્રીઅંગે સમર્પું. ગ્રીષ્મ ઋતુ છે. સુગંધ અને શીતળતાથી પ્રભુ પ્રસન્નતામાં બિરાજશે..'

શ્રીમહાપ્રભુજીએ શ્રીનાથજી સામે જોયું અને બંને પુત્રોએ શ્રી મહાપ્રભુજી સામે જોયું. ગજબનો ખેલ મંડાયો! શ્રીનાથજી અને શ્રી મહાપ્રભુજી વચ્ચે પળવારમાં નેત્રો દ્વારા કંઈ કેટલાય સંકેતો થઈ ગયા. વિદ્યુત પ્રવાહની જેમ એ સંકેતો પસાર થયા. બંને પુત્રોએ એ સંકેતોને અધવચ્ચેથી પકડી પાડ્યા! માતાજી અને વહુજી ભાવવિભોર થઈને આ સમગ્ર ખેલના મૂક પ્રેક્ષકો બની રહ્યાં! સૌના પરમાનંદ એની ચરમ સીમાએ વિહરી રહ્યા હતા!!

ગો.વા. રામજીભાઈ શામજીભાઈ ઠુમર (જૂનાગઢ)ના જયશ્રીકૃષ્ણ.

'ભલે, આજે તમારો મનોરથ પૂરો કરી લો. જાવ, એક વાર ફરીથી અસ્પર્શમાં સ્નાન કરીને ત્વરાથી આવી જાવ.' કૃપાનિધાન આજે ટોપલા ભરી ભરીને કૃપા વરસાવી રહ્યા હતા. શ્રી ગોપીનાથજી અને શ્રી ગુસાંઈજી પણ ફૂલ્યા ન સમાયા.

'હમણાં આવ્યો, જય રાજ...' કહેતાં પૂરનમલે છલાંગ મારી અને ભીડ ચીરતા નાવણિયા (સ્નાનગૃહ) તરફ દોડ્યા.

થોડી વારમાં તો પૂરનમલ અસ્પર્શમાં સ્નાન કરીને પાછા આવી ગયા. હાથમાં સોનાના વાટકામાં સુગંધી અરગજા ભરીને લેતા આવ્યા. એમાં ગરમીમાં સોહાય એવું ઊંચી જાતનું શુદ્ધ અત્તર અને ગુલાબજળ ભેળવીને સુગંધી ચંદન તૈયાર કરવામાં આવ્યું.

મંદિરના દ્વાર બંધ કરવામાં આવ્યાં.

શ્રી મહાપ્રભુજીએ શ્રીનાથજીના શણગાર વડા કર્યા તો શ્રી ગોપીનાથજીએ અને શ્રી ગુસાંઈજીએ વસ્ત્રો વડાં કર્યાં.

નિકુંજનાયકના સમગ્ર શ્રીઅંગની ઝાંખી થતાં પૂરણમલને અતિ વહાલ ઊભરાયું. ધીમે પગલે શ્રી...જીની પાસે જઈ જમણા હાથની હથેળીમાં સુગંધી અરગજા લઈ શ્રી...જીના બંને કપોલ (ગાલ) પર લગાડ્યો. કપોલનો સ્પર્શ થતાવેંત પૂરણમલના રૂંવેરૂવાં ખડાં થઈ ગયાં. એક જોરદાર કંપન આખા શરીરમાં પસાર થઈ ગયું. પૂરણમલની પાંપણો પર હર્ષાશ્રુનાં બિંદુઓ ચમકી ગયાં. એ અશ્રુબિંદુઓને કારણે શ્રી...જીની ઝાંખી ઝાંખી થવા લાગી. વાટકામાં આંગળીઓ બોળતા જાય, અરગજાને હથેળીમાં પસરાવતા જાય અને ધીમે... ધી...મે...શ્રીનાથજીના સમગ્ર શ્રીઅંગે અરગજા સમર્પતા જાય. આખા ઓરડામાં વાતાનુકૂલિત ઠંડક છવાઈ વળી અને ખૂણે ખૂણો મહેકી ઊઠ્યો. વૈશાખની ગરમી પોષની ઠંડકમાં ફેરવાઈ ગઈ.

પૂરનમલના તમામ મનોરથો આજે પૂર્ણ થઈ ગયા. અશક્ય તો શું અસંભવ, અરે અકલ્પનીય દશ્ય હતું એ! નિકુંજનાયક શ્રીનાથજીનો રંચક માત્ર ચરણસ્પર્શ પણ જ્યાં અશક્ય હતો ત્યાં સમગ્ર શ્રીઅંગે અરગજા સમર્પવાનું મહાભાગ્ય પ્રાપ્ત થયું હતું! પૂરનમલના હૃદયના ધબકારા તેજ ગતિથી થવા લાગ્યા!! રૂપમાધુર્યનો નશો નસેનસમાં છવાઈ વળ્યો! પૂરનમલ પોતાનું દેહાનુસંધાન ગુમાવવા લાગ્યા...

પરીખ ભારતીબેન અશોકભાઈ (વાશી)ના જયશ્રીકૃષ્ણ.

આ સૌભાગ્ય પ્રાપ્તિનો યશ કોને આપવો? પૂરનમલે બહાર નીકળીને વધેલું તમામ દ્રવ્ય શ્રી મહાપ્રભુજીના ચરણોમાં ધરી દીધું. ભગવત્સેવા, ગુરુસેવા અને વૈષ્ણવસેવાના મનોરથ અર્થે વેપાર કરીને કમાયેલું દ્રવ્ય ઘરે પાછું લઈ જઈને શું કરવું હતું? જેણે કમાવી આપ્યું હતું એને જ પાછું ભેટ ધરી દીધું. બલિહારી ગુરુ આપકી, ગોવિંદ દિયો બતાય! શ્રી મહાપ્રભુજીએ પૂરનમલને શિરે શ્રીનાથજીનો પ્રસાદી ગદલ પધરાવી દીધો.

'પૂરનમલ, ધનની સેવાથી તમે મંદિર બનાવ્યું. તનની સેવાથી પ્રભુને શ્રી અંગે અરગજા સમર્પ્યો. બાકી રહી મનની સેવા. એ શ્રી ગોવર્ધનનાથજીના આ પ્રસાદી ગદલથી તમને સિદ્ધ થશે. વિશુદ્ધ પ્રીતિનું ફળ તમને પ્રાપ્ત થઈ ગયું. અમારી લૌકિકમાં પ્રત્યક્ષ ઉપસ્થિતિ સમાપ્ત થયા પછી પણ તમને આજીવન અમારા વંશજો દ્વારા શ્રી ગોવર્ધનનાથજીના પ્રસાદી ગદલ નિયમિત રીતે પ્રતિ વર્ષ પ્રાપ્ત થતા રહેશે. એ ગદલ સ્વરૂપે શ્રી ગોવર્ધનનાથજી સ્વયં તમારી પાસે સદૈવ બિરાજેલા રહેશે. કલ્યાણમસ્તુ!' શ્રી મહાપ્રભુજીએ પૂરનમલને અંતરના આશિષ દીધા. એ સાથે જ શ્રી ગોપીનાથજીએ પાસે ઊભેલા નાના ભાઈ શ્રી વિઠ્ઠલેશજીનો હસ્ત ધીમેથી દાબ્યો અને કંઈક સંકેત કર્યો. બંને ભાઈઓએ આપસમાં સમજૂતી કરી લીધી.

પૂરનમલને સર્વ કંઈ પ્રાપ્ત થઈ ગયું. હવે કઈ વાતની કમી એમને બાકી રહી? છતાંય એમની આંખોના ભાવ પરથી એમ લાગી રહ્યું હતું કે કંઈક બાકી રહી જતું હતું! શું હશે એ વારુ? પૂરનમલ એકીટશે આચાર્યશ્રીના ઉપરણા તરફ જ જોઈ રહ્યા હતા.

'ઓહ!' કહેતાં અંતર્યામી શ્રી વલ્લભાધીશજીએ પોતે ધારણ કરેલો ઉપરણો (ખેસ) નિજ અંગ પરથી ઉતાર્યો અને પૂરનમલને ઓઢાડ્યો! ઈતિ સિદ્ધમ્!! ઈતિ વાર્તા!! શ્રીનાથજીના ચરિત્રામૃતનો એક મહાન અંક આજે રચાઈને પૂરો થયો!!! સૌ કોઈ મંત્રમુગ્ધ હતા.

પૂરનમલ શ્રીનાથજીની અને શ્રીમહાપ્રભુજીની આજ્ઞા લઈને તથા શ્રી ગોપીનાથજી અને શ્રી વિઠ્ઠલનાથજી (શ્રી ગુસાંઈજી)ને યથોચિત ભેટ ધરીને પોતાને ઘેર પાછા ફર્યા. જીવ્યા ત્યાં સુધી લૌકિકમાં સાક્ષીવત્ જીવ્યા અને પ્રતિપળ માનસી સેવામાં મગ્ન રહ્યા. નિયમિત રીતે આંખો મીંચીને બેસતા

શેઠ સાવિત્રીબેન બાપુલાલ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

અને શ્રીનાથજીના શ્રીઅંગના દર્શન કરી વિવિધ પ્રકારની સેવા કરતા. કોઈથી વિશેષ બોલતા નહીં. સદા શ્રી વલ્લભનું સ્મરણ કર્યા કરતા. હરતા, ફરતા, ઊઠતા, બેસતા પૂરનમલને બસ સર્વત્ર શ્રીનાથજીનાં દર્શન થતાં! વચન આપ્યા પ્રમાણે દર વર્ષે શ્રી મહાપ્રભુજી શ્રીનાથજીનો પ્રસાદી ગદલ પૂરનમલને મોકલાવતા. (હસ્ત દાબીને બંને ભાઈઓએ આપસમાં કરેલી સમજૂતી પ્રમાણે, આ ક્રમ શ્રી મહાપ્રભુજીની પછી શ્રી ગોપીનાથજી અને શ્રી ગુસાંઈજી બંનેએ પણ જાળવી રાખ્યો હતો.)

હવે, નવા મંદિરમાં પાટ બિરાજમાન થતાવેંત શ્રીનાથજીએ શ્રી મહાપ્રભુજી પાસે હક્કથી અને લાડથી ગાય મંગાવી દેવાની આજ્ઞા કરી. તરત આપશ્રીએ નિજના દ્રવ્યમાંથી બનાવેલી પોતાની સોનાની વીંટી કાઢીને સદ્દુ પાંડેને આપી અને એને વેચીને જેટલી ગાય આવે એટલી લાવી આપવા કહ્યું. બંને પુત્રો શાંતિથી આ લીલા નિહાળી રહ્યા હતા.

એ જ સમયે એક બીજી પણ મહત્ત્વની વાત બની. શ્રીનાથજીની સેવાનો વૈભવ વધ્યો એટલે પ્રથમ મુખિયાજી રામદાસ ચૌહાણના એકાંત સેવાના મનોરથની અવધિ સમાપ્ત થઈ રહી હતી. શ્રીનાથજીના વચન પ્રમાણે એમણે ઘણા વર્ષો (૨૭ વર્ષ) સુધી એકાંત સેવાનો લાભ મેળવ્યો. એમનો દેહત્યાગ સમય નજીક આવી ગયો હતો એ એમણે જાણી લીધું. સેવામાં વિક્ષેપ ન પડે એ હેતુથી વહેલી તકે બીજા મુખિયાજીની વ્યવસ્થા કરી લેવા એમણે શ્રી મહાપ્રભુજીને વિનંતી કરી.

રામદાસજીની વિનંતીના અનુસંધાનમાં શ્રી મહાપ્રભુજીએ સદ્દુ પાંડે વગેરે અગ્રગણ્ય વૈષ્ણવોને એકત્રિત કર્યા. સૌએ એકમતીથી સુઝાવ આપ્યો કે શ્રીકુંડ પર છેલ્લા ૩૩ વર્ષથી ઝૂંપડી બનાવીને રહેનાર અને સતત શ્રી ગિરિરાજજીની પરિક્રમા કર્યા કરનાર વિદ્વાન ગૌડિયા સંન્યાસી બ્રાહ્મણ યતિ શ્રી માધવાનંદજી શ્રીનાથજીના મુખિયાજી બનવા માટે સર્વ રીતે યોગ્ય છે. એમના અનેક બંગાળી બ્રાહ્મણ શિષ્યો રાધા-કૃષ્ણ કુંડ પર રહે છે. એ સૌને બોલાવીને સેવામાં દાખલ કરાવી શકાય છે.

'ઠીક છે... એમને આવતીકાલે બોલાવી લાવજો.' શ્રી મહાપ્રભુજીએ સસ્મિત કહ્યું. પોતાના ઘણા વિદ્યાગુરુઓમાંના એકને વર્ષો પહેલાં બાળપણમાં

રાધાબેન વિઠ્ઠલદાસ શાહ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

આપેલું વચન યથાર્થ કરવાનો સમય હવે આવી લાગ્યો છે, એ વાતનું સ્મરણ આપશ્રીને થઈ આવ્યું.

બીજા દિવસે સવારે શૃંગારના દર્શનના સમયે શ્રીનાથજીની સન્મુખ વાછરડાં સહિતની બે સુંદર ભરાવદાર ગાયો ઊભી કરી દેવામાં આવી. સદુ પાંડેએ આચાર્યશ્રીને દંડવત પ્રણામ કરીને ગાયો સોંપી દીધી. સોનાની વીંટી વેચીને પ્રાપ્ત થયેલી બંને ગાયો શ્રી વલ્લભાધીશે શ્રી ગોવર્ધનધરણને પ્રેમપૂર્વક ભેટ ધરી. ત્યાં તો મંદિરની બહાર અગણિત ગાયો ભાંભરી ઊઠી! ગાયોની ખરીથી ઊડતી રજના વાદળ ચડ્યાં! આચાર્યશ્રી બહાર પધાર્યા. અસંખ્ય ગોવાળો પોતપોતાની ગાયોને સંભાળી રહ્યા હતા. દરેક ઘરમાંથી બબ્બે ચાર-ચાર ગાયો શ્રીનાથજીને ભેટમાં આવી હતી. ગોરજ વડે આચ્છાદિત થયેલા મુખને ઉપરણા વડે પોંછતા પોંછતા આચાર્યશ્રી તો ભાવવિભોર થઈ ઊઠ્યા. બાજુમાં જ ઊભેલા શ્રી ગોપીનાથજી અને શ્રી વિઠ્ઠલનાથજી પણ આ દૃશ્ય જોઈને અતિશય રોમાંચિત થઈ ગયા.

'કૃપાનાથ, મારા તરફથી એકસો ગાયો ભેટ કરું છું. એમાં સૌથી આગળ જે ગાય છે તે શ્રી ગોવર્ધનનાથજીને ધારોષ્ણ દૂધ આરોગાવનાર ધૂમર ગાયના વંશની છે. વળી સૌ વ્રજવાસીઓએ નક્કી કર્યું છે કે જેની પણ ગાય પહેલી વાર વિયાય એની વાછડી શ્રી દેવદમનને ભેટ કરવી.' સદુ પાંડેએ એકત્રિત થયેલી બધી ગાયોની ભેટ વિનંતીપૂર્વક ધરી. પ્રસન્ન થઈને આપશ્રીએ સૌને ધન્યવાદ સહ આશીર્વાદ દીધા.

ગાયોની ભેટ સ્વીકારીને આચાર્યશ્રી પાછા વળી રહ્યા હતા ત્યાં જ આપશ્રીએ એ ગાયોના ધણની પાછળ શ્રી માધવાનંદજીને ઊભેલા જોયા. એમની પાછળ લગભગ ચાળીસેક જેટલા ગૌડિયા બ્રાહ્મણોને પણ હાથ જોડીને ઊભેલા જોયા. આપશ્રી આગળ વધ્યા અને ગાયોની વચ્ચેથી માર્ગ કાઢતાં પોતાના વિદ્યાગુરુની સમક્ષ આવીને ઊભા રહ્યા. પરસ્પર ઉચિત અભિવાદન થયા. પોતાના શિષ્યનો પ્રભાવ નીરખીને ગુરુની છાતી ગજગજ ફુલાઈ.

પરમ કૃપાળુ અને ભક્તેચ્છાપૂરક શ્રીમદ વલ્લભાધીશ પોતાના વિદ્યાગુરુનો હાથ પકડીને મંદિરની અંદર લઈ આવ્યા અને શ્રીનાથજીની સન્મુખ ઊભા કરી દીધા. શ્યામસુંદરનાં દર્શન થતાં શ્રી માધવાનંદજી ધન્ય થઈ

નિર્મળાબેન દેસાઈ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

ગયા. શ્રી મહાપ્રભુજીએ રામદાસજી સાથે શ્રી માધવાનંદજીની ઓળખાણ કરાવી અને સ્નાન કરાવીને સેવામાં દાખલ કરાવ્યા. વર્ષો સુધી શ્રી ગિરિરાજજીની પરિક્રમા કરતાં કરતાં એક માત્ર શ્રીનાથજીની સેવાનો જ મનોરથ સેવ્યા કરનાર શ્રી માધવાનંદજીને આજે ફલપ્રાપ્તિ થઈ ગઈ! બાકીના ગૌડિયા સેવકોને કૃષ્ણદાસ પાસે મોકલાવી દીધા અને કોણે કયું ખાતું કઈ રીતે સંભાળવું એ સમજી લેવાની આજ્ઞા કરી.

ભેટમાં આવેલી અસંખ્ય ગાયોને રહેવા માટે શ્રી ગિરિરાજજીની બીજી તરફની તળેટીમાં એક ગામ વસાવ્યું. જતે દિવસે શ્રીનાથજીનું એક લાડકું નામ રખાયું – 'ગોપાલ'. ગાયોના પાલક ગોપાલના નામ સાથે ગામનું નામ જોડાયું અને થઈ ગયું 'ગોપાલપુર' (જે આજનું 'જતિપુરા' છે.)

આ રીતે શ્રીનાથજીને લાડ લડાવવામાં દિવસો વીતવા લાગ્યા.

થોડા દિવસમાં તો કૃષ્ણદાસે પોતાની કાર્યકુશળતાથી સૌ ગૌડિયા સેવકોની ઝૂંપડીઓ શ્રી ગિરિરાજજીની તળેટીમાં રુદ્રકુંડ ઉપર તૈયાર કરાવી દીધી અને ઘરવખરી સાથે વસવાટ કરાવી આપ્યો. મંદિરની નજીક જ વસવાટ થવાથી ગૌડિયાઓ વધુ સમય સુધી અને મુક્ત મને સેવામાં ઉપસ્થિત રહેવા લાગ્યા. રામદાસજીએ શ્રી માધવાનંદજીને સેવાનો સર્વ પ્રકાર શીખવી દીધો.

હવે શ્રી મહાપ્રભુજી બધું વ્યવસ્થિત કરીને સ્વગૃહે અડેલ તરફ પધારવા માટે તૈયાર થયા. શ્રીનાથજીનો નિત્યનો નેગ બાંધી દીધો. સામગ્રી પહોંચાડવાની જવાબદારી સદુ પાંડેને સોંપી. મહાપ્રસાદ દ્વારા નિર્વાહ ચલાવવાની સેવકોને આજ્ઞા આપી અને ગામ-પરગામ ફરી ભેટ ઉઘરાવી લાવીને મંદિરનો કારભાર કુશળતાપૂર્વક ચલાવવાની જવાબદારી કૃષ્ણદાસને સોંપી. એમને શ્રીનાથજીના ભેટિયા તથા અધિકારી તરીકેની શાલ ઓઢાડી. કુંભનદાસ, સૂરદાસ અને કૃષ્ણદાસને સોંપેલી શ્રીનાથજીની કીર્તન સેવા યથાવત ચાલુ રાખી.

ત્યાં જ એક સેવકે આવીને ખબર આપ્યા : 'જે, કૃપાનાથ, મુખિયા રામદાસજી (રામદાસ ચૌહાણ)ને દેહત્યાગ કીયો હૈ...'

સમાચાર સાંભળીને શ્રી મહાપ્રભુજીએ ખેદ વ્યક્ત કર્યો અને રામદાસજીની અત્યંત સરાહના કરી.

એક વૈષ્ણવ (મહેસાણા)ના જયશ્રીકૃષ્ણ.

'ઓહ, હવે ખરેખર શ્રી ગોવર્ધનનાથજીની સેવાનો વૈભવ વધવાનો હોય એવું લાગી રહ્યું છે.' શ્રી મહાપ્રભુજીએ વાણી ઉચ્ચારી અને શ્રી ગોપીનાથજી ધ્યાનથી સાંભળી રહ્યા. તેઓ બધું જોઈને અને સાંભળીને મનમાં ઉતારી રહ્યા હતા. હૂબહૂ પિતાની પ્રતિકૃતિ સમ ભાસી રહ્યા હતા! ધીર ગંભીર અને પ્રતિભાવાન નવયુવક આચાર્યની પ્રતિભા એમનામાં ઊભરી રહી હતી.

હવે નિકુંજ નાયકની વૈભવી સેવાનો લાભ શ્રી માધવાનંદજીને અધૂરી રહેલી ગુરુદક્ષિણામાં પધરાવી દઈ શ્રી મહાપ્રભુજી પરિવાર સહિત અડેલ સ્વગૃહે પાછા પધાર્યા... કારણ કે ત્યાં એક અન્ય દૈવી જીવ શરણે આવવાની તૈયારીમાં હતો... એક વહેલી સવારે તીર્થરાજ પ્રયાગમાં ગંગાજીના કોઈક ઘાટ પરથી એ નાવમાં ભૂસકો મારીને અડેલ તરફ જ આવી રહ્યો હતો...

(૯)

એક વહેલી સવારે તીર્થરાજ પ્રયાગમાં ગંગાજીના કોઈક ઘાટ પરથી નાવમાં ભૂસકો મારીને અડેલ તરફ આવનાર ૨૭ વર્ષના પરમાનંદ સ્વામી હતા...

વ્રજથી ઘણે દૂર કાન્યકુબ્જ ગામના એક નિર્ધન કનોજીયા બ્રાહ્મણ માતા-પિતાની ઝૂંપડીમાં વિ.સં. ૧૫૫૦માં જન્મ લેનાર શ્રીનાથજીના અષ્ટસખામાંના એક એવા પરમાનંદદાસજીનો જન્મ જે દિવસે થયો હતો, એ જ દિવસે બપોરે માતા-પિતાને ગામના એક શ્રીમંત વેપારી પાસેથી અઢળક ધન પ્રાપ્ત થયું હતું. એ ધન મેળવીને માતા-પિતાને જે પરમ આનંદની પ્રાપ્તિ થઈ એના કારણે પુત્રનું નામ 'પરમાનંદ' રાખવામાં આવ્યું હતું. ધનને લઈને ઝૂંપડીની જગ્યાએ વિશાળ ભવન ઊભું થયું. પરમાનંદ લાડકોડમાં મોટા થવા લાગ્યા.

દર વર્ષે પુત્ર પરમાનંદનો જન્મદિવસ માતા-પિતા ધામધૂમપૂર્વક ઉજવતા હતા. સમયની સાથે પરમાનંદનો વિદ્યાભ્યાસ શરૂ થયો. સાથે સાથે ગાન વિદ્યાનો પણ પરમાનંદને શોખ લાગ્યો. કંઠનું માધુર્ય તો કુદરતે જન્મથી જ બક્ષ્યું હતું. ગીત-સંગીતની મહેફિલો ગોઠવાવા લાગી. પરમાનંદના કંઠે કામણ વેર્યાં. સૂર, શબ્દ અને સંગીતનો ત્રિવેણી સંગમ બહુ ઝડપથી પાંગર્યો. મધુરતમ કંઠની મીઠાશ લોક હૈયે રાજ કરવા લાગી. જેને જુઓ એ પરમાનંદના રચેલાં ગીતો જ ગણગણતાં હોય. મોટી મોટી મહેફિલોમાં મુખ્ય કલાકાર પરમાનંદ જ હોય.

રાધિકા અને કુલીનભાઈ એસ. પરીખ (યુ.એસ.એ.) ના જયશ્રીકૃષ્ણ.

ધન ધનને ખેંચી લાવ્યું. પરમાનંદને કોઈ વાતની અછત ન રહી. દેશદેશાવરમાં પરમાનંદ 'કવીશ્વર' તરીકે પંકાયા અને ગુણીજનોના સાથ સંગાથને કારણે 'સ્વામી'નું સંબોધન પામ્યા. અનેક શોખીન જીવો પરમાનંદ સ્વામીના સેવક બનવા લાગ્યા.

એક વાર ગામમાં દુષ્કાળ પડ્યો. સૌને ખાવા-પીવાના સાંસા પડી ગયા. ગામના હાકેમે દંડ ઉઘરાવ્યો. એમાં પરમાનંદ સ્વામીનું ઘર હાકેમના સૈનિકોએ લૂંટી લીધું. ફરી પાછા પરમાનંદના માતા-પિતા નિર્ધન બની ગયા. પરંતુ આ અવસ્થામાંય પરમાનંદ સ્વામી તો પ્રસન્ન જ રહ્યા. પિતાએ પુત્રને કમાવા જવાનું કહ્યું. પુત્રે અમુક શરત મૂકી. પિતાએ ધનનો મોહ છોડીને પ્રભુ ભજનમાં સમય વિતાવવાની એ શરત હતી. શરત સાંભળીને પિતા ભડકી ગયા. પુત્ર સાથે ચકમક ઝરી. અંતે ધનના લોભી પિતાએ પોતે ઘર છોડ્યું અને કમાવા માટે પરદેશ ચાલી નીકળ્યા. પરમાનંદ સ્વામીએ ઘરે કીર્તનનો સમાજ રચ્યો.

વિ.સં. ૧૫૭૭ના જેઠ સુદ ૧૧ની રાત્રિએ પ્રયાગમાં ગંગાજીના એક ઘાટ પર રાત્રિના સમયે ભાવિકોની સવિશેષ ભીડ જામી હતી; કારણ કે એકાદશીના જાગરણ નિમિત્તે કાન્યકુબ્જ ગામના પરમાનંદ સ્વામી ત્યાં કીર્તનોની રમઝટ બોલાવી રહ્યા હતા. શ્રી મહાપ્રભુજીના એક સેવક જલધરિયા કપૂર ક્ષત્રી પણ પરમાનંદ સ્વામીનાં કીર્તનો સાંભળવા સામે પાર અડેલથી આવ્યા હતા. પરમાનંદ સ્વામીને એ જલધરિયાજીના ખોળામાં અપ્રતિમ સૌંદર્યવાળા ભગવદ્ સ્વરૂપ શ્રી નવનીતપ્રિયજીનાં દર્શન થયાં. એ જ રાત્રે સ્વપ્નમાં ફરીથી પરમાનંદ સ્વામીને શ્રી નવનીતપ્રિયજીએ દર્શન દીધાં. સ્વામીની આંખ ખૂલી ગઈ. તેઓ સફાળા બેઠા થઈ ગયા. કોટી કંદર્પ લાવણ્ય સ્વરૂપ શ્રી નવનીતપ્રિયજીને તેઓ આમતેમ શોધવા લાગ્યા. બાકીની રાત એમણે પડખા ઘસીને બહુ બેચેનીમાં પસાર કરી.

જેઠ સુદ ૧૨ની સવાર પડતામાં તો પરમાનંદ સ્વામી દોડ્યા અને ઘાટ પરથી એક નાવ અડેલ તરફ જવાની તૈયારીમાં હતી એમાં ભૂસકો મારીને બેસી ગયા. અડેલમાં શ્રી યમુનાજીને કિનારે જલધરિયા કપૂર ક્ષત્રી જલ ભરવા માટે ઘાટ પર આવ્યા હતા. એમને જોઈને તરત પરમાનંદ સ્વામી નાવમાંથી કિનારાના આછા જલમાં કૂદી પડ્યા અને એમની સાથે વાતો કરતા, પૃચ્છા

દુષ્યંતભાઈ પરીખ (યુ.એસ.એ.)ના જયશ્રીકૃષ્ણ.

કરતા, અને નવી નવી જાણકારીઓ મેળવતા શ્રી મહાપ્રભુજીના ગૃહે આવી પહોંચ્યા. લોહચુંબકિય ક્ષેત્રમાં એમનો પ્રવેશ થઈ ચૂક્યો!

શ્રી મહાપ્રભુજીના ગૃહના આંગણાનું દૃશ્ય જોઈને જ પરમાનંદ સ્વામીના હૈયે શીતળતા પહોંચવા લાગી. ઘટાદાર વૃક્ષની નીચે, છાણ માટીથી લીંપેલા ચબૂતરા પર, શ્રી ગોપીનાથજી બિરાજ્યા હતા. સન્મુખ નીચે થોડા સેવકો બેઠા હતા અને આપશ્રીનો ઉપદેશ સાંભળી રહ્યા હતા. એટલામાં રાણા વ્યાસ રેશમી વસ્ત્રમાં બાંધેલા કેટલાક ગ્રંથો લઈને ત્યાં આવ્યા.

‘કૃપાનાથ, આચાર્યશ્રી પાસેથી આવી રહ્યો છું. આપશ્રીએ અત્યાર સુધીમાં તૈયાર થયેલી શ્રી સુબોધિનીજીની જે પ્રતિલિપી મારી પાસે બનાવડાવી છે એ આપને સોંપવા મને કહ્યું છે. તદુપરાંત થોડા અન્ય નવા ગ્રંથોની પ્રતિલિપી પણ આમાં છે.’

‘વ્યાસજી, તમારી આ સેવા અતિ ઉત્તમ છે, અમે ક્યારેય નહીં ભૂલીએ..’ કહેતાં શ્રી ગોપીનાથજીએ રાણા વ્યાસ પાસેથી એ ગ્રંથો લઈને પોતાના મસ્તકે ધર્યા અને પાછી રાણા વ્યાસને આપતા બોલ્યા: ‘જાવ, આ પોથીને અંદર અમારા કક્ષમાં સાવધાનીથી પધરાવી આવો અને પછી અહીં અમારી પાસે બેસો... તાતજી ક્યાં બિરાજે છે?’

‘જી, કાલિંદી ઘાટ પર પ્રાતઃસંધ્યા કરી રહ્યા છે અને ત્યાર પછી લેખનકાર્ય...’ કહેતાં રાણા વ્યાસ ગૃહના પગથિયા તરફ વળ્યા અને દ્વાર પર બેઠેલા વિષ્ણુદાસ છીપાને ભગવદ્ સ્મરણ કરીને અંદર જતા રહ્યા.

નવાગંતુક પરમાનંદસ્વામીને જલઘરિયા સેવકે આંખોના ઈશારે ત્યાં જ બેસી જવા સૂચવ્યું અને પોતે જલનો ઘડો લઈને અંદર ગયા. પરમાનંદસ્વામી હાથ જોડીને અન્ય સેવકોની સાથે શ્રી ગોપીનાથજીની સન્મુખ બેસી ગયા. શ્રી ગોપીનાથજીએ એમની સામે જોઈને મૃદુ સ્મિત કર્યું અને મૂક આશીર્વાદ આપ્યા. પછી ઉપદેશનો દોર સાંધ્યો.

‘હાં, તો આપણે કેવા ગુરુ કરવા જોઈએ એ વિષે ચર્ચા કરી રહ્યા હતા ને? આ અંગે પૂજ્ય શ્રી આચાર્યચરણોનું (શ્રીમહાપ્રભુજીનું) કહેવું છે કે ગુરુ કરતા પહેલાં એને સારી રીતે ચકાસી લેવા જોઈએ. કોઈ પણ સામાન્ય વ્યક્તિને ગુરુ બનાવી દેવાથી બંનેનું અહિત જ થાય છે.’

મીતા હરેશભાઈ મજમુંદાર (યુ.એસ.એ.)ના જયશ્રીકૃષ્ણ.

‘કૃપાનાથ, યોગ્ય ગુરુના શાં લક્ષણો હોવાં જોઈએ?’ એક સેવકે જિજ્ઞાસા પ્રદર્શિત કરી.

‘આ અંગે આપશ્રીએ ‘પત્રાવલંબન’ ગ્રંથમાં બહુ સુંદર છણાવટ કરી છે. અમારા વિષ્ણુદાસ એ ગ્રંથનું કાશીમાં સર્જન થયું એ સમયના સાક્ષી છે. એમની પાસેથી અમે એ પ્રસંગ અનેક વાર સાંભળ્યો છે, અને એ ગ્રંથ સમજ્યા પણ છીએ. જેટલી વાર એ ગ્રંથનું અમે અધ્યયન કર્યું છે એટલી વાર અમને એમાંથી કંઈક ને કંઈક નવું સમજવાનું મળ્યું છે. આપશ્રી કહે છે કે યોગ્ય ગુરુમાં કોઈ પણ પ્રકારનો દંભ ન હોવો જોઈએ. એમના આચરણમાં અને વિચારમાં ભિન્નતા ન હોવી જોઈએ. એમનું જીવન સાદગીપૂર્ણ, સરળ અને શુદ્ધ હોવું જોઈએ. એ વિષય-વાસના અને દ્રવ્યાસક્તિ રહિત હોવા જોઈએ. એ દયાવાન, કોઈ પણ પ્રાણીનો દ્રોહ ન કરવા વાળા, સત્યનિષ્ઠ, કામ, ક્રોધ, લોભ, મોહ, માયા અને ઈર્ષ્યા રહિત હોવા જોઈએ. એમણે પરધન અને પરસ્ત્રીનો સર્વથા ત્યાગ કરવો જોઈએ.’

ત્યાં રાણા વ્યાસ પોથીઓની પોટલી ગૃહમાં પધરાવીને પાછા બહાર આવી ગયા અને બધા સેવકોની સાથે, પરમાનંદ સ્વામીની બાજુમાં, બેસી જઈને વચનામૃત સાંભળવા લાગ્યા.

‘તદુપરાંત આચાર્યશ્રી કહે છે કે સુખ અને દુઃખ બંનેમાં ગુરુનું ચિત્ત સ્થિર રહેવું જોઈએ. મન, વચન અને કર્મથી એમણે પ્રભુના બનીને રહેવું જોઈએ. એમને માન અથવા અપમાનની કોઈ ખેવના કે અસર ન હોવી જોઈએ. પોતાના શિષ્યોને કલ્યાણના માર્ગ પર લઈ જવા માટેની એમની વૃત્તિ અને ક્ષમતા હોવી જોઈએ. એ પોતે જ્ઞાન પારંગત હોવા જોઈએ. વળી શ્રીમદ્ ભાગવતના ઉત્તમ જ્ઞાતા પણ હોવા જોઈએ અને એમને શ્રી કૃષ્ણમાં અનન્ય પ્રીતિ પણ હોવી જોઈએ. ગુરુનું કાર્ય અન્યના દોષો દૂર કરવાનું છે. જો એ સ્વયં દોષોમાં આસક્ત થઈ જશે તો બીજાનું કલ્યાણ કઈ રીતે કરશે?’

‘જે નાથ, આવાં લક્ષણોવાળા ગુરુ જો ન મળે તો શું કરવું?’ બીજા એક સેવકે શંકા પ્રદર્શિત કરી.

‘તો..’ શ્રી ગોપીનાથજી મીઠું મલક્યા.. ‘તો હરિ સ્થાનમાં રહીને, ભગવાનની મૂર્તિની સામે બેસી એમનું સેવન કરવું જોઈએ, કારણ કે અંતે તો

રીચા જીનલ પારેખ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

ભગવાન શ્રીકૃષ્ણ જ સદા સર્વદા જગત ગુરુ છે.. શ્રી આચાર્યચરણની આ આજ્ઞા છે..'

એ જ સમયે પેલા જલઘરિયા સેવક ફરીથી ખાલી ઘડો લઈ, જલ ભરવા જવા માટે બહાર નીકળ્યા. ત્યાં તો એમના સહિત સૌ સેવકો ઓચિંતાના ચોંકી પડ્યા અને સિસકારો મારી ઊભા થઈ ગયા! શ્રી ગોપીનાથજી સહિત સર્વના અંગ પર અને વસ્ત્રો પર ક્યાંકથી ગંદવાડ અને મલિન પાણીનો છંટકાવ થઈ ગયો હતો!

'ફરીથી 'ડોકરી કાંડ' શરૂ થઈ ગયો, કૃપાનાથ..' જલઘરિયા સેવક બોલ્યા. એટલામાં તો ધબ... કરતું કંઈક એમના ઘડા ઉપર તાકીને ફેંકાયું. જુએ છે તો પોતનું કરેલું છાણ-માટી અને એંઠવાડથી ભરેલું મસોતા જેવું કપડું ઘડા ઉપર ચોંટી ગયું હતું અને પોતે આખા ગંદવાડથી ભરાઈ ગયા હતા! બીજી જ ક્ષણે કોઈ વૃદ્ધ સ્ત્રીની આનંદમય વિચિત્ર કિકિયારી સંભળાઈ.. 'અય્યોયોઓઓડડ, દેવા રે દેવા...' કહેતાં એ જ સ્વરે ક્યાંકથી અટ્ટહાસ્ય કર્યું અને જલઘરિયાને છોવાઈ (અભડાઈ) ગયેલા જોઈ તાળીઓ પાડી!

ડઘાઈ ગયેલા જલઘરિયાજીએ શ્રી ગોપીનાથજી સામે હતાશાથી જોયું. શ્રી ગોપીનાથજીએ એમને હસ્તથી સંકેત કરીને શાંત રહેવા જણાવ્યું અને સર્વની સામે સ્મિત કરતાં બોલ્યા :

'ચાલો, આજના સત્સંગનું સમાપન શ્રી યમુનાસ્નાનથી કરીએ... આવો જલઘરિયાજી, તમે પણ એ પુણ્ય મેળવો...' કહેતાં શ્રી ગોપીનાથજી ઊભા થયા અને આગળ વધ્યા.

'મહારાજજી, આપનો દાસ બનવાની ઈચ્છા છે..' પાછળ ઊભેલા પરમાનંદસ્વામીએ થોડા આગળ આવી, સંકોચ પામતાં પામતાં, શ્રી ગોપીનાથજીને હાથ જોડી વિનંતી કરી. શ્રી ગોપીનાથજી ઊભા રહ્યા. એમણે સ્વામીજીની નજરથી નજર મેળવી.

'સ્વામીજી, અમારી સાથે ચાલો. તમારી તો ત્યાં ઘાટ પર પ્રતીક્ષા થઈ રહી છે. આજનો દિન બડો નીકો (ઘણો સારો) છે..' કહેતાં શ્રી ગોપીનાથજી પરમાનંદસ્વામીને વેધક દૃષ્ટિથી તાકી રહ્યા અને ચાલવાનું શરુ કર્યું...

મયુર જી. શાહ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

શ્રી ગોપીનાથજી તેમ જ સૌ સેવકો આંગણામાંથી નીકળીને શેરીમાં આવ્યા અને શ્રી યમુનાજીના ઘાટ તરફ વળી ગયા.. કોઈ પોતાના ઘરની બારીની આડશે છુપાઈને ઊભા રહી એમને આ રીતે જતાં જોઈને હરખાઈ રહ્યું હતું..!! કોણ હશે એ ભલા?!

એ વ્યક્તિ હતી શ્રી મહાપ્રભુજીની જ્ઞાતિની એક તૈલંગ બ્રાહ્મણી. પોતાનો દીકરો અને દીકરી ગુજરી જતાં તેમ જ પાછળથી પતિ પણ ગુજરી જતાં, એ નિકટના અન્ય સગાઓને છોડીને દક્ષિણથી કાશી આવી. ત્યાંથી તપાસ કરતી કરતી અડેલ આવી અને શ્રી મહાપ્રભુજીને પોતાની વીતક કથા કહી સુણાવી. જીવન નિર્વાહ અર્થે દયા યાચના કરી. મહાકારૂણિક શ્રી મહાપ્રભુજીએ દયા કરીને એને પોતાની આશ્રિત બનાવી અને બે ટંક પ્રસાદની પાતળ, વસ્ત્રો, માસિક બે મુદ્રાની હાથ ખર્ચી તેમ જ રહેવા માટે પોતાની પડોશનું એક ખાલી ઘર, વગેરેની સુવિધા કરી દીધી.

ચાર-છ મહિના તો બ્રાહ્મણી શ્રી મહાપ્રભુજીની ઋણી થઈને રહી; પરંતુ પછીથી શ્રી મહાપ્રભુજીના માન મરતબાની અને રહેણી કરણીની ઈર્ષ્યા કરવા લાગી. ભર્યા ભાદર્યા કુટુંબની જાહોજલાલી જોઈને મનમાં ખૂબ કૂઢે પણ પોતાની આવક અને ઘર છૂટી જવાના ડરથી કંઈ પ્રગટ ન કરી શકે. શ્રી મહાપ્રભુજીના બંને પુત્રોને જોઈ એને પોતાના સંતાનો યાદ આવી જાય. શ્રી મહાલક્ષ્મી વહુજીનું સૌભાગ્ય સુખ જોઈને એને પોતાના પતિની સાથેના પ્રસંગો યાદ આવી જાય. આવી માનસિક તણાવની અવસ્થામાં એનામાં વિકૃતિ પેદા થઈ અને પરિણામ સ્વરૂપે શ્રી મહાપ્રભુજીના સેવકો દરરોજ જલ ભરીને એના ઘર નીચેથી પસાર થાય ત્યારે બારીમાં ઊભી રહીને એમની ગાગર ઉપર ગંદા પાણીના છાંટા ઉડાડીને છોવરાવી દેવા લાગી.

બે-ચાર દિવસ સુધી તો સેવકોએ ચૂપચાપ ફરીથી સ્નાન કરીને ગાગરો ભરી, પરંતુ બ્રાહ્મણીનો ઉપદ્રવ વધી જતાં એમણે શ્રી મહાપ્રભુજીને ફરિયાદ કરી. શ્રી મહાપ્રભુજીએ સેવકોને સમજાવીને શાંત કર્યા અને બ્રાહ્મણી સુધરી જશે એ આશાએ થોડા વધુ દિવસ (લગભગ બે મહિના) પસાર કર્યા. પરંતુ બ્રાહ્મણીનો ઉપદ્રવ માઝા મૂકવા લાગ્યો. શ્રી મહાપ્રભુજીનાં દર્શને / સત્સંગે આવનાર મહાનુભાવો / વૈષ્ણવો ઉપર પણ એંઠવાડ અને બીજી ગંદકી ફેંકતી

મંજુલાબેન જ્યંતિલાલ ધારીયા (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

જાય અને આનંદમય વિચિત્ર કિકિયારીઓ કરીને 'અય્યોયોઓઓડડ, દેવા રે દેવા...' બોલતી જાય. કોઈની સાથે વિના કારણે ઝગડો ઊભો કરીને લડે અને પછી રોકકળ કરી છાતી કૂટે. આમ એ ડોશી અનેક પ્રકારે ત્રાસ દેવા લાગી. બ્રાહ્મણીના સ્વભાવનો બગાડ જોઈને શ્રી મહાપ્રભુજીને એની દયા ઉપજવા લાગી અને એનો શું ઉપાય કરવો એ વિચારવા લાગ્યા. અંતે આપશ્રીએ એ ડોશીની કોઈ વસ્તુ લઈ આવવા સેવકોને આજ્ઞા કરી. પરંતુ સેવકો એમાંય ન ફાવ્યા. ત્યારે શ્રી મહાપ્રભુજીએ કહ્યું કે, 'રાહ જુઓ, પોતાની મેળે એ કોઈક વસ્તુ દેશે. એ દિવસ એના ઉપદ્રવનો અંતિમ દિવસ હશે.' પણ હજુ સુધી તો એ દિવસેય ન આવ્યો. બધા એનાથી બહુ ડરતા. સૌ સેવકો અને અડોસી પડોસીઓએ તો બ્રાહ્મણીનું નામ જ 'દેવા ડોકરી' પાડી દીધું. સૌ એનાથી બચીને રહેતા. અડેલ ગામની શેરીઓમાં દેવા ડોકરીના કરતૂતો પ્રખ્યાત થઈ ગયા!..

એવા કરતૂતો વાળી શેરીઓમાં થઈને શ્રી ગોપીનાથજી તેમ જ સૌ સેવકો શ્રી યમુનાજીના એક એકાંત ઘાટ પાસે આવી પહોંચ્યા. ઘાટ પરનું દૃશ્ય જોઈને પરમાનંદ સ્વામી આભા થઈ ગયા! એમના ચિત્તને મહા અલૌકિક શાંતિ પ્રાપ્ત થવા લાગી.

શ્રી યમુનાજીના શ્યામ સલિલ ધીર ગંભીર ગતિએ વહી રહ્યાં છે. કિનારા પર નાના નાના ઘાટ બંધાયેલા છે. એમાંથી એક ઘાટ સૌથી વધુ રમણીય. સઘન વનરાજિથી આચ્છાદિત એ ઘાટ પર એક સઘન વૃક્ષની છાયામાં શ્વેત ધોતી ઉપરણાધારી શ્રી મહાપ્રભુજી આસન પર બિરાજી રહ્યા છે અને એમની સામે બેઠેલા માધવ ભટ્ટ કાશ્મીરી આચાર્યશ્રી બોલે એ પ્રમાણે લખી રહ્યા છે. કૃષ્ણદાસ મેઘન હાથ જોડીને સન્મુખ બેઠા છે અને ધ્યાનથી વચનામૃત સાંભળી રહ્યા છે. નજીકમાં જ આચાર્યશ્રીના ૫ વર્ષના નાના પુત્ર શ્રી વિઠ્ઠલનાથજી બડી ઠાવકી અદામાં, હડપચીને હથેળીનો ટેકો દઈ, વાંકી ડોકે નાના આસન પર બિરાજી રહ્યા છે અને એમની સામે બેઠેલા દામોદરદાસ હરસાનીજીને એકાગ્રતાથી અને રસપૂર્વક સાંભળી રહ્યા છે. દામોદરદાસ શ્રી મહાપ્રભુજીની પરિક્રમાઓ દરમ્યાનના વિવિધ પ્રસંગોને પોતાની સ્મૃતિમાંથી ખંખોળીને છોટે શ્રીમદ્ વલ્લભનંદન સમક્ષ વર્ણવી રહ્યા છે.

ભૂપેન્દ્રભાઈ ચંદુલાલ દેસાઈ (વડોદરા)ના જયશ્રીકૃષ્ણ.

અતિ દુર્લભ એવા આ દૃશ્યને પરમાનંદ સ્વામી મન ભરીને માણી રહ્યા હતા, ત્યાં જ જલઘરિયાની આગેવાની અને મોટા પુત્રની સંગતિવાળા સંઘને તેમ જ સૌની વિચિત્ર દશા જોઈને શ્રી મહાપ્રભુજીએ લેખન કાર્ય થોભાવ્યું. એક દૃષ્ટિ ફરીથી સૌ ઉપર ફેરવી અને પછી મુક્ત મને હસી પડ્યા. 'અય્યોયો-ઓઓડડ.. જલઘરિયાજી, ફરીથી દેવા રે દેવા?'

હતપ્રભ બનેલા જલઘરિયાજી એ જ અવસ્થામાં શ્રી મહાપ્રભુજીની સન્મુખ જઈને ઊભા રહ્યા અને ફરિયાદ કરી. શ્રી મહાપ્રભુજીએ સ્વસ્થતાપૂર્વક જલઘરિયાજીને સાંભળ્યા, સમજાવ્યા અને કંઈક વિચારીને પ્રસન્ન મુદ્રામાં આવી ગયા. 'આવી ગઈ, દેવા રે દેવાની કોઈક વસ્તુ આપમેળે આવી ગઈ..' કહેતાં પેલા પોતનાવાળા ગંદા વસ્ત્રને ઘાટ પર જલથી ધોઈને સાફ કરી સૂકવી દેવા કહ્યું. વસ્ત્ર સુકાઈ જાય એટલે સાથે લઈને, ઘરે જઈ શ્રી નવનિતપ્રિયજીના રસોઈઘરના ભિતરિયાજીને સોંપી દેવા સૂચવ્યું. વળી એ ભિતરિયાજી સાંજે રસોઈઘરમાં જતા પહેલાં પોતાને મળીને જાય એવી પણ આજ્ઞા કરી.

'કૃપાનાથ, એક સ્વામીજી આપનાં દર્શને આવ્યા છે અને શરણે આવવાની ઈચ્છા ધરાવે છે. આપ એમના પર કૃપા કરશો?' કોપિત જલઘરિયાજીએ સ્વસ્થ થતાં, પરમાનંદ સ્વામી તરફ જોયું અને આચાર્યશ્રીને પોતાના વતીથી વિનંતી કરી.

'અવશ્ય. એમની જ તો અમે પ્રતીક્ષા કરી રહ્યા છીએ. આવો, પરમાનંદ સ્વામી, આજનો દિન બડો નીકો છે. આવેલો આખો સંઘ શ્રી યમુનાજીમાં સ્નાન કરી લો... શુદ્ધ થઈ જાવ... અને અમારી સાથે ઘરે ચાલો. ત્યાં સુધીમાં અમે લેખન કાર્ય આટોપી લઈએ છીએ.' આચાર્યશ્રીએ મૃદુ વાણી ઉચ્ચારી. 'વ્યાસજી, સ્નાન કરી લીધા પછી આજના લેખનની પોથી સંભાળી લેજો પ્રતિલિપિ કરવા માટે.'

પોતાના જેવા સાવ અજાણ્યાને પણ આચાર્યશ્રીએ નામ દઈને બોલાવ્યા તેથી પરમાનંદ સ્વામીનું અચરજ ઑર વધી ગયું! અવઢવમાં ગોથાં ખાતાં ખાતાં એમણે પણ શ્રીગોપીનાથજી તેમ જ અન્ય સેવકોની સાથે સ્નાન કરી લીધું.

થોડી વારમાં તો સ્નાનથી પરવારીને સૌ ઘાટ પર આવી ગયા. આગળ આગળ જલ ભરેલો ઘડો ખભા પર લઈને જલઘરિયાજી માર્ગ મોકળો કરતા

શ્રીમતી દિનબાળાબેન શાહ (અમદાવાદ)ના જયશ્રીકૃષ્ણ.

નીકળ્યા. પાછળ આચાર્યશ્રી અને આપના બંને પુત્રો, એમની સહેજ સહેજ પાછળ દામોદરદાસ હરસાનીજી, કૃષ્ણદાસ મેઘન, માધવ ભટ્ટ કાશ્મીરી, રાણા વ્યાસ, અને પરમાનંદ સ્વામી ચાલ્યા. સૌની પાછળ પેલા સત્સંગી સેવકો પણ જોડાયા.

સૌ ગામમાં દાખલ થયા. શેરીઓ વટાવી. જેવું ઘર નજીક આવ્યું કે આગળ આગળ ચાલી રહેલા જલઘરિયાજી અટકી ગયા અને ધીમેથી આચાર્યશ્રીની પાછળ સરકી ગયા. આ જોઈને આપશ્રીને હસવું આવી ગયું. આપ સહજ રીતે જ ચાલતા રહ્યા. દેવા બ્રાહ્મણી દ્વાર પર જ ઊભી હતી. એણે આચાર્યશ્રીને જોઈને હાથ જોડ્યા. આપે એને આશીર્વાદ દીધા. ડોશી છણકો કરીને, મોં મચકોડી, અંદર જતી રહી. આપશ્રી એને દયાર્દ્ર નેત્રે જોતા રહ્યા.

ઘરે પધારી આચાર્યશ્રીએ, જલઘરિયા કપૂર ક્ષત્રીની વિનંતીથી, પરમાનંદસ્વામીને શ્રી નવનીતપ્રિયજી સમક્ષ નામ સંભળાવીને આત્મ નિવેદન કરાવ્યું. પછીથી દર્શન કરીને સૌએ મહાપ્રસાદ લીધો. પરમાનંદ સ્વામી ત્યાં જ રોકાઈ ગયા અને સાંજ પડે એની રાહ જોવા લાગ્યા. અન્ય સૌને પણ મનમાં ચટપટી હતી કે સાંજે શું થશે!

સાંજ પડી એટલે શ્રી નવનીતપ્રિયજીના રસોઈઘરના ભિતરિયાજી આચાર્યશ્રી સન્મુખ આવીને હાથ જોડીને ઊભા રહ્યા. આપને વાત યાદ આવી ગઈ. ભિતરિયાજી ઠાકોરજી માટે સામગ્રી બનાવવા જે સગડી પેટાવે એમાં પેલા સુકાઈ ગયેલા વસ્ત્રનો કાકડો બનાવીને, તેલમાં બોળી આંચ આપે એવી આચાર્યશ્રીએ આજ્ઞા કરી. ભિતરિયાજીએ આજ્ઞા પ્રમાણે એ સુકાયેલા વસ્ત્રના કાકડાને તેલવાળો કરી સગડીમાં મૂકીને જેવી આંચ દીધી કે તરત આખા રસોઈઘરમાં પ્રકાશ ફેલાઈ ગયો અને એ જ સમયે પેલી બ્રાહ્મણીના ઘરમાં અને હૃદયમાં પણ પ્રકાશ ફેલાઈ ગયો! જે જૂના સાડલામાંથી એણે કકડો ફાડીને પોતનું બનાવ્યો હતો એ સાડલો પણ ભડભડ કરતો અચાનક ભડકે બળી ઊઠ્યો. અને ક્ષણવારમાં રાખ થઈ ગયો! અનેક દોષોથી ભરેલા જીવો પાસેથી પ્રભુ કોઈ ક્ષુલ્લકમાં ક્ષુલ્લક વસ્તુ પણ પોતાની સેવા અંગે સ્વીકારે તો સમજી લેવું કે જીવનો બેડો પાર થઈ ગયો! કારણ કે એ વસ્તુ સ્વીકારીને પ્રભુ એ જીવના દોષોને બાળી દેતા હોય છે!

શ્રી સમીર એમ. નાયર (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

બ્રાહ્મણીને ઘણો પશ્ચાતાપ થયો. એનું હૃદય પરિવર્તન થયું અને એણે શ્રી મહાપ્રભુજી પાસે બીજે દિવસે સવારે આવીને પોતાના કૃત્યોની માફી માંગી અને શરણે લેવા વિનંતી કરી. મહાકારૂણિક શ્રી મહાપ્રભુજીએ એને નામ નિવેદન કરાવ્યું અને શ્રી નવનિતપ્રિયજીના રસોઈઘરના પોતના કરવાની સેવા સોંપી. દેવા બ્રાહ્મણી મન લગાવીને પોતનાની સેવાની સાથે બીજી સેવાઓ પણ કરવા લાગી અને ખૂબ જ દીનતાપૂર્વક રહેવા લાગી. વૈષ્ણવોની પણ એટલી જ ટહેલ કરવા લાગી. તેથી શ્રી મહાપ્રભુજીએ પ્રસન્ન થઈને એને શ્રી નવનીતપ્રિયજી સન્મુખ બ્રહ્મસંબંધ પણ કરાવ્યું.

આચાર્યશ્રીના આવા દિવ્ય ચરિત્રથી સૌ કૃતકૃત્ય થઈ ગયા.

પરમાનંદ સ્વામી સમય-સમયના નિત્ય નવાં પદ રચીન શ્રી નવનીતપ્રિયજીને સંભળાવવા લાગ્યા અને જ્યારે અનોસર થાય ત્યારે શ્રી મહાપ્રભુજીની સન્મુખ વ્રજલીલાનાં અનેક કીર્તનો ગાવા લાગ્યા. એક દિવસ એમણે 'યહ માંગો શ્રી ગોપીજનવલ્લભ' પદ ગાયું. સાંભળીને આચાર્ય શ્રીવલ્લભ સમજી ગયા કે પરમાનંદ સ્વામીને હવે વ્રજનાં દર્શન કરવાની તાલાવેલી લાગી છે. ભક્તેચ્છાપૂરક શ્રી વલ્લભે વ્રજમાં પધારવાની તૈયારી કરી. નિજ સેવકોની સાથે થોડા જ દિવસમાં આપશ્રીએ અડેલથી વ્રજ તરફ પ્રયાણ આદર્યું. માર્ગમાં પરમાનંદ સ્વામીનું ગામ કનોજ આવ્યું. પરમાનંદ સ્વામીએ વિનંતી કરીને આચાર્યશ્રીને પોતાને ઘરે પધરાવ્યા. ચાર દિવસનો ત્યાં મુકામ રહ્યો. પરમાનંદ સ્વામીના જેટલા પણ સેવકો હતા એ બધા એમને મળવા આવ્યા ત્યારે એ સૌને આચાર્યશ્રીના શરણે લઈ જઈ પોતાના 'સ્વામી' પણાનો સદાયને માટે ત્યાગ કર્યો અને 'પરમાનંદદાસ' બની ગયા!

નિજ સેવકો અને પરમાનંદદાસ સહિત શ્રી મહાપ્રભુજી વ્રજમાં ગોકુલ પધાર્યા. પરમાનંદદાસને ગોકુલ પર ઘણી આસક્તિ પેદા થઈ. પરંતુ હજુ પણ કંઈક વધુ આકર્ષક તત્ત્વ બાકી હતું, એટલે થોડા જ દિવસમાં શ્રી મહાપ્રભુજી સૌને લઈને ગોપાલપુર પધાર્યા. ત્યારે ઉત્થાપનના સમયે કોટિ કંદર્પ લાવણ્ય. શ્રી વલ્લભના પ્રાણપ્રેષ્ઠ એવા શ્રી ગોવર્ધનનાથજીનાં દર્શન કરતાં જ પરમાનંદદાસે કીર્તન ગાવાની શરૂઆત કરી. કેટલાંય પદો તાત્કાલિક રચીને ગાયાં. રસપ્રચૂર અને લાલિત્યસભર શ્રી હરિની નોખીનોખી લીલાઓ પરમાનંદદાસના પદોમાં-ગાગરમાં સાગરની જેમ-સમાવા લાગી. શ્રી

શ્રીમતી પ્રેમીલા ચંદ્રકાંત શાહ ટ્રસ્ટ (મુંબઈ)ના જયશ્રીકૃષ્ણ.

ગોવર્ધનધરણની નિત્ય કીર્તન સેવામાં પરમાનંદદાસને આચાર્યશ્રીએ રમમાણ કરી દીધા. દાસભાવ દૃઢ કરવા માટે શ્રી મહાપ્રભુજીએ પોતે પરમાનંદદાસને બાળલીલા રસનું દાન કર્યું. મીઠા જળનો જીવ મીઠા જળમાં સમાઈ ગયો. શ્રી ગિરિરાજજીની તળેટીમાં સુરભીકુંડ પર પરમાનંદદાસે પોતાનો કાયમી નિવાસ બનાવ્યો. શ્રી ગોવર્ધનધરણે પોતાના નવા સખાને સંભાળી લીધો...

(૧૦)

ગોપાલપુરમાં શ્રી ગોવર્ધનધરણે પોતાના નવા સખાને સંભાળી લીધો તો અડેલમાં શ્રી મહાપ્રભુજીએ પોતાના બંને પુત્રોને સંભાળી લીધા. આચાર્યશ્રીએ જાતે બંને પુત્રોને જાતજાતની વિદ્યાઓ અને કળાઓ શિખવાડવા માંડી. અડેલના વાસ દરમ્યાન શ્રી વિઠ્ઠલનાથજીને નયનરમ્ય પ્રકૃતિને ખોળે નાની વયથી જ ઘોડેસવારીનો શોખ લાગ્યો. મિત્રો સાથે ઘોડેસવારી કરીને શ્રી યમુનાજીના તટ પ્રદેશના વનોમાં દૂર સુધી નીકળી જતા. ઘોડેસવારી કરીને આવ્યા પછી તેઓ શ્રી અંગ પર તેલમર્દન કરી કિનારા પરની ભીની-પોચી રેતીમાં મલ્લકુસ્તી કરતા. મલ્લકુસ્તી કર્યા પછી થાક ઉતારવા તેઓ શ્રી યમુનાજીના જલમાં તરવા પધારતા અને તરતાં તરતાં આસપાસનું સૃષ્ટિ સૌંદર્ય નિહાળતા રહેતા. જે દિવસે મિત્રો ન હોય એ દિવસે આ સર્વ શોખમાં મોટા ભાઈ શ્રી ગોપીનાથજી સાથ દેતા. નાના ભાઈને ક્યારેય નારાજ ન કરતા. તો નાના ભાઈ ક્યારેય મોટા ભાઈની માન હાનિ થાય એવું ન કરતા. બંને ભાઈઓને એક સરખી કળાઓના ખેલ કરતાં જોવા એ પણ એક લહાવો હતો! બંને ભાઈઓ વચ્ચેનો પ્રેમ અને સંપ આખા ગામમાં મીઠી ચર્ચાનો વિષય બન્યો.

શ્રી વિઠ્ઠલનાથજીને એટલી નાની વયમાં ચિત્રકળા પણ બહુ ગમતી. જાતજાતનાં ચિત્રો પળવારમાં દોરી લેતા. કાગળ ઉપર કોતરણી તો અદ્ભુત કરતા. નૃત્ય પણ એટલું જ ગમતું. સમાન વયના કિશોરોને ભેગા કરીને હંમેશા રાસલીલાનો ખેલ ખેલતા. ગીત-સંગીતમાં પણ શ્રી વિઠ્ઠલનાથજીએ પોતાની નિપુણતાને નિખારી. બીન (વિણા) વાદનમાં તો આપશ્રી અત્યંત પારંગત બન્યા. કાવ્યશક્તિ આપશ્રીને સ્વયંસ્ફૂરિત થઈ.

હવે શ્રી વિઠ્ઠલેશજી ૮ વર્ષના થયા એટલે વિ.સં. ૧૫૮૦ના ચૈત્ર સુદ ૯ (રામ નવમી) ને દિને શ્રી વલ્લભે કાશીમાં શ્રી વિઠ્ઠલેશજીને ગાયત્રીમંત્રનો ઉપદેશ કરી વેદવિધિ અનુસાર યજ્ઞોપવીત ધારણ કરાવ્યું અને બ્રહ્મસંબંધ દીક્ષા આપી. ત્યાર પછી શ્રી મહાપ્રભુજીએ શ્રી વિઠ્ઠલનાથજીને વેદના અધ્યયનનો સ્વયં આરંભ કરાવ્યો. શ્રી વિઠ્ઠલનાથજીને સર્વ પ્રકારની વિદ્યામાં નિપુણ બનાવવા માટે શ્રી વલ્લભાધીશે વેદના અધ્યયન ઉપરાંત સેવાવિધિ સમજાવી. શ્રીનાથજીની સેવા અને શણગાર પણ શ્રી વિઠ્ઠલનાથજી શ્રી આચાર્યચરણ પાસેથી મન લગાવીને શીખ્યા.

શ્રી જયેશ શશીકાંતભાઈ દેસાઈ (દેવગઢબારિયા)ના જયશ્રીકૃષ્ણ.

એક દિવસ નવા સિદ્ધ થયેલા મંદિરમાં શ્રીનાથજીને પાટ બિરાજમાન કરાવ્યા પછી શ્રી વિઠ્ઠલનાથજી પાસે શ્રીનાથજીની ઈચ્છાથી શૃંગાર કરાવ્યો. વિવિધ પ્રકારના મનોરથો યોજી શ્રીનાથજીને પ્રસન્ન કર્યા.

આચાર્યશ્રીએ જ્યોતિષવિદ્યા, સંજીવની વિદ્યા તથા નિજવિદ્યાનું પણ બંને પુત્રોને અવધારણ કરાવ્યું. હવે અન્ય વેદશાસ્ત્રોના અભ્યાસ માટે તેમ જ ભિન્ન ભિન્ન મતોની જાણકારીને માટે બંને પુત્રોને આપશ્રીએ કાશીમાં શ્રી માધવ સરસ્વતી (પ્રયાગમાં રહેતા શાંકરપીઠના આચાર્ય શ્રી મધુસૂદન સરસ્વતી દંડીના શિષ્ય) પાસે અભ્યાસ કરાવ્યો. બંનેએ થોડા જ સમયમાં સર્વ શાસ્ત્રો ભણી લીધા અને તમામ મતોને જાણી લીધા. આથી માધવ સરસ્વતી ઘણા જ પ્રસન્ન થયા અને બંનેને પિતૃગૃહે માનભેર વિદાય કર્યા. ઘરે આવી બંને ભાઈઓએ પિતા પાસે સાંપ્રદાયિક ગ્રંથોનું પણ અધ્યયન ગૂઢતાપૂર્વક કર્યું. આમ સર્વ પ્રકારે આચાર્યશ્રીની જાત દેખરેખ હેઠળ તૈયાર થયેલા બંને પુત્રો આગળ જતાં મહાન સેવા પ્રવર્તક અને અજેય વિદ્વાન આચાર્ય રૂપે જગતમાં પ્રસિદ્ધ થયા.

શ્રી ગોપીનાથજીએ પોતાના અધ્યયનકાળ દરમ્યાન 'સાધન દીપિકા' નામનો એક દીર્ઘ ગ્રંથ રચ્યો. શ્રી મહાપ્રભુજીની મૂળ આજ્ઞાઓ અને શાસ્ત્રોની આજ્ઞાઓના શ્લોકોનો સારાંશ એમાં રજૂ કરવામાં આવ્યો. આ ઉપરાંત થોડાક બીજા શ્લોકો પણ આપે રચ્યા. આપને તો શ્રી મહાપ્રભુજીએ રચેલા ગ્રંથોનો જ પ્રચાર અને પ્રસાર કરવો હતો એટલે સ્વયં પોતે કોઈ જ ગ્રંથોની રચના નહીં કરી. શ્રી મહાપ્રભુજીએ લખેલા ગ્રંથોને લોકો સુધી આપે સરળ ભાષામાં પ્રવચનો દ્વારા પહોંચતા કર્યા.

કાશીથી વિદ્યાભ્યાસ કરીને સ્વગૃહે પાછા પધારેલા બંને ભાઈઓએ એક દિવસ આપસમાં કંઈક મસલત કરી.

સ્વ. ઈશ્વરલાલ કેશવલાલ મહેતા, જામનગરના જયશ્રીકૃષ્ણ.

'દાઉભૈયા, આપણે ભોજન કરતા પહેલાંનો કોઈક નિયમ ગ્રહણ કરીએ તો?'

'વિઠ્ઠલેશ, અમારા મનમાં પણ ક્યારનો આ વિચાર ઘોળાયા કરે છે...'

'શું નિયમ લેશું?'

'જુઓ, અમને શ્રીમદ્ ભાગવતજી પર સવિશેષ પ્રીતિ છે તેથી અમે શ્રી ભાગવતજીનું આખું પારાયણ કર્યા પછી જ ભોજન લેવું એમ વિચારી રહ્યા છીએ.'

'બહુ સુંદર. અમે પણ એમ જ કરશું. શ્રીમદ ભાગવત તો આપની જેમ અમને પણ અધિકાધિક પ્રિય છે.'

'વિઠ્ઠલેશ, તમે હજુ ઘણા નાના છો તેથી આ નિયમ તમારાથી નહીં જળવાય. તમે બીજો કોઈ નિયમ લો.'

'ના દાઉભૈયા, જેમ આપ કરશો એમ જ અમે પણ કરશું. આપના નિયમ કરતાં વધુ સુંદર નિયમ બીજો કોઈ હોઈ જ ન શકે.'

'છોટેલાલજી, બડે કહે સો કરનો ચાહીએ, કરે સો નાંય...'

'વારુ, તો પછી શ્રીમદ્ ભાગવતજીના દશમ સ્કંધનો નિયમ લઈએ? એ તો પળાશે ને બડેલાલજી?'

'હા, એ નિયમ બહુ સુંદર રીતે પાળી શકાશે. તો પછી 'શુભસ્ય શીઘ્રમ્' કરશું?'

'હા, આવતી કાલથી જ આ નિયમનો અમલ શરુ કરી દઈએ.'

એ રાત્રિએ બંને ભાઈઓ અતિ ઉત્સાહમાં વહેલા વહેલા પોઢી ગયા. માતાજીને આશ્ચર્ય થયું. થાકી ગયા હશે એમ સમજીને એમણે ઝાઝી ચિંતા ન કરી.

બીજા દિવસની સવાર પડી. બંને ભાઈઓ સ્નાનાદિક, નિત્ય કર્મ તેમ જ સેવા વિધિથી પરવારીને શ્રી ઠાકોરજીને દંડવત પ્રણામ કરીને બહાર પધાર્યા. પછી માતા-પિતાને પણ પ્રણામ કર્યા અને પોતપોતાના ઓરડામાં આસન જમાવીને બેસી ગયા. (ક્યાંક એવી નોંધ છે કે શ્રી મહાપ્રભુજી આ સમયે કાશી પધાર્યા હતા અને થોડા દિવસો પછી પાછા અડેલ સ્વગૃહે પધાર્યા.) ૧૪ વર્ષના શ્રી ગોપીનાથજીએ શ્રીમદ્ ભાગવતજીની પોથી ખોલીને પહેલા પાનાથી

શરૂઆત કરી; તો ૧૦ વર્ષના શ્રી વિઠ્ઠલનાથજીએ સીધી દશમ સ્કંધના પાના પર પોતાની દૃષ્ટિ ઠેરવી. શ્રીમદ્ ભાગવતના શ્લોકોનું પઠન શરુ થયું. આખા ઘરમાં શ્લોકો ગુંજવા લાગ્યા.

ભોજનનો સમય થયો. માતાજી બંને પુત્રોને શોધવા નીકળ્યા.

'ગોપીઈઈઈ... વિઠ્ઠલઅઅ... ક્યાં છો બંને જણા? ભોજન પીરસાઈ ગયું છે. વહેલાસર પ્રસાદ લેવા ચાલો.'

પરંતુ બંનેમાંથી કોઈનોય હોંકારો ન મળ્યો એટલે માતાજી મૂંઝાયા અને મોટા પુત્રના ઓરડામાં પધાર્યા. જુએ છે તો શ્રી ગોપીનાથજી પોથી ખોલીને પાઠ કરી રહ્યા છે. એમણે મૌન રહીને હસ્ત દ્વારા સમજાવ્યું કે હજુ વાર લાગશે. હવે માતાજી નાના પુત્રના ઓરડામાં પધાર્યા. ત્યાંય જુએ છે તો શ્રી વિઠ્ઠલનાથજી પોથી ખોલીને પાઠ કરી રહ્યા છે. એમણે પણ મૌન રહીને અદલ મોટા ભાઈની નકલ કરી અને હસ્ત દ્વારા સમજાવ્યું કે હજુ વાર લાગશે.

માતાજી પાછાં વળી ગયાં. નાના પુત્ર તો થોડાક કલાકમાં આવી ગયા પણ મોટા પુત્ર ઘણા કલાકો સુધી ન આવ્યા. શ્રીમદ્ ભાગવતજીના ૧૮,૦૦૦ શ્લોકોનું આખું પારાયણ કરવું એ કાંઈ રમત વાત નહોતી! અનેક કલાકો વીત્યા પછી પણ શ્રી ગોપીનાથજીનો નિયમ પૂરો ન થયો. છેક ત્રીજે દિવસે પારાયણ પૂરું થયું!

હવે? નિયમ એટલે નિયમ. નિયમ ફરે નહીં અને ફરે એ નિયમ નહીં. બંને ભાઈઓ પોતપોતાના નિયમમાં અફર રહ્યા. માતાજીનો રોજનો સંતાપ વધી પડ્યો. ઠરી ગયેલો પ્રસાદ પાછો ગરમ કેવી રીતે કરવો? કલાકો પહેલાંનું ઠંડુ અન્ન પુત્રોને કઈ રીતે પીરસવું? થાળી ઢાંકી રાખીને ક્યાં સુધી ઝોકાં ખાતાં બેસી રહેવું?નવેસરથી રસોઈ બનાવે તો કેટલી વાર થાય અને કેટલો થાક લાગે? પુત્રો વગર માતા કઈ રીતે ભોજન કરી શકે? માતા પિતાની સાથે ભોજન કરવા ન બેસે તો પિતા અનેક પ્રશ્નો ઉઠાવે. ખાધા-પીધા વગર પુત્રોનું સ્વાસ્થ્ય લથડે તો? આવા તો કંઈ કેટલાય પ્રશ્નો માતાજીને સતાવવા લાગ્યા... થોડા દિવસો આ જ બધી મથામણમાં પસાર થઈ ગયા અને અંતે એક દિવસ માતાજીએ લાગ જોઈને આચાર્યશ્રીને ફરિયાદ કરી જ દીધી.

'સૂનીએ તો! કીતેં દિનનસું આપને દોનોં બાલકન કે સંગ ભોજન નાંય લીનો હૈ?'

'વો તો દોંનો, પાઠ કરીકે ભોજન કે લીએ આવે ન?'

'પર પાઠ કરીકે કિતને બજે ઔર કિતને દિનનકે બાદ ભોજનકું આવે યે આપ જાનોં હો?' કહેતાં શ્રી મહાલક્ષ્મી વહુજીનો સ્વર રડમસ થઈ ગયો. એમણે બંને પુત્રોએ લીધેલા આકરા નિયમની આપશ્રીને જાણ કરી અને પછી પોતાની દ્વિધાઓની પણ! સાંભળીને આચાર્યશ્રી પણ ઘડીભર માટે તો મૂંઝવણમાં મુકાઈ ગયા! પછી 'અમે કંઈક ઉપાય કરીએ છીએ' કહીને વહુજીને સાંત્વન આપ્યું.

શ્રી મહાપ્રભુજી ચૂપચાપ પોતાના ખંડમાં પ્રવેશ્યા.

એ દિવસ પછીની સવારે બંને પુત્રો નિત્ય સેવા વિધિથી પરવારીને શ્રી ઠાકોરજીને તેમ જ માતા-પિતાને દંડવત પ્રણામ કરી જેવા પોતપોતાના ઓરડામાં જવા પાછા વળ્યા કે તરત આપશ્રીએ બંનેના હસ્ત પકડી લીધા અને પ્રેમથી પોતાની પાસે બેસાડ્યા. વહુજીને પણ અંદર જતાં રોકી દીધાં.

બંને પુત્રોના હસ્તમાં એક એક સાવ નાની પોથી મૂકી દેતાં આપે શ્રી ગોપીનાથજીને કહ્યું :

'આમાં શ્રીમદ્ ભાગવતના સારરૂપ 'શ્રી પુરુષોત્તમ સહસ્રનામ' સ્તોત્ર છે, જેનો પાઠ કરવાથી આખા ભાગવતજીનો પાઠ કર્યા બરાબર ફળ મળશે. હવેથી આનો પાઠ કરીને ભોજન લેજો. ખાસ તમારે માટે જ આ સ્તોત્રની રચના કરી છે.

'અને આ શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધના સારરૂપ 'ત્રિવિધ નામાવલી' છે, જેનો પાઠ કરવાથી આખા દશમ સ્કંધનો પાઠ કર્યા બરાબર ફળ મળશે. તમે હવેથી આનો પાઠ કરીને ભોજન લેજો. ખાસ તમારે માટે જ આની રચના કરી છે.' કહેતાં આપે શ્રી વિઠ્ઠલનાથજીને સંબોધ્યા.

'તમારા બંનેના આકરા નિયમને કારણે તમારાં માતુશ્રીને ભારે સંતાપ વેઠવો પડે છે. હવેથી ખાસ ધ્યાન રાખજો અને પાઠની જેમ ભોજન પણ નિયમથી લેતા રહેજો. સમજ્યા? વળી સ્મરણની સાથે સાથે સેવા અને અન્ય ગૃહકાર્યો પણ એટલા જ આવશ્યક છે જે તમે તમારા કડક નિયમ આડે ચૂકી ગયા છો. કોઈ પણ કાર્ય સંતુલન જાળવીને કરવું જોઈએ. એની આડ અસર બીજાં કાર્યો પર નહીં પડવી જોઈએ.'

'જી, તાતજી. જેવી આજ્ઞા..' કહેતાં બંને પુત્રોએ પિતાના ચરણસ્પર્શ કર્યા અને માતાને આલિંગન આપી વહાલ કર્યું. માતાએ બંનેના મસ્તકે પ્રેમસભર હસ્ત ફેરવ્યો અને નવા પાઠ કરવાની અનુમતિ આપી.

હવે બંને ભાઈઓની ટેક પણ જળવાઈ રહી તેમ જ માતાજીના સંતાપનું નિવારણ પણ થઈ ગયું. બંને ભાઈઓ પાઠ કરીને ભોજનના નિર્ધારિત સમયે હાજર થઈ જવા લાગ્યા. જો કે આ સમય દરમ્યાન શ્રી ગોપીનાથજીને શ્રીમદ્ ભાગવત આખેઆખું કંઠાગ્રે વસી ચૂક્યું હતું!

આ નાનકડા એવા પ્રસંગનો ગર્ભિત સાર બહુ મોટો છે. શું ભગવત્સ્વરૂપ એવા બંને ભાઈઓ શ્રી ગોપીનાથજી અને શ્રી વિઠ્ઠલનાથજીને ખરેખર આવા કોઈ પાઠની આવશ્યકતા હતી? છતાંય પોતે માનવ દેહ ધારણ કર્યો છે અને સનાતન વેદમાર્ગનું પાલન કરી રહ્યા છે એટલે એવા માર્ગીઓનું શું કર્તવ્ય હોવું જોઈએ એ ઉપદેશાત્મક રીતે તો આપ સમજાવતા જ હતા પણ ક્રિયાત્મક રીતે પણ આપે આપણને ઉદાહરણ પૂરું પાડ્યું! આમ પોતાના વિચાર અને આચારની સામ્યતા પ્રદર્શિત કરી તેમ જ આવનારી અનેક પેઢીઓ પર ફેડી ન શકાય એવું ઋણ ચડાવ્યું! આ સર્વ ખેલ આપણે માટે ભગવત્સ્વરૂપો રચી ગયા છે!

આવો જ એક અન્ય ખેલ પણ એ ભગવત્સ્વરૂપોએ રચ્યો છે જેની લૌકિક અસર બહુ ઘેરી છે. પ્રસંગ સાવ સામાન્ય અને નાનકડો છે પરંતુ સમગ્ર સનાતનીઓને એમાંથી જબરદસ્ત બોધપાઠ મળી રહે છે. એમાં વણાયેલા સિદ્ધાંતને (કે આચાર્યશ્રીની આજ્ઞાને) પોતાના જીવનમાં પ્રત્યક્ષ થતો નિહાળવો શ્રી ગોપીનાથજી માટે લૌકિક રીતે ખરેખર બહુ આકરો ગયો હશે! એવા એ આકરા પ્રસંગે ભવિષ્યમાં અત્યંત ખળભળાટ મચાવી મૂકનારા અનેક પ્રસંગોની હારમાળા સર્જી છે...!! તે દિવસે એ નાવ અડેલ ગામના કિનારે લાંગરી જ ન હોત તો...???... તો આવો, પહેલાં આપણે એ પ્રસંગ શું હતો એ જાણીએ અને પછી એના ગર્ભિત સારને સમજીએ.

જ્યારે આચાર્યશ્રી પરિક્રમા કરતા કરતા એક વાર કનોજ પધાર્યા હતા ત્યારે દામોદરદાસ સંભલવાર ('સંભરવાલ' કે 'સંભલવાલ' તરીકેનો ઉલ્લેખ પણ છે) નામના એક સાધન સંપન્ન અને અત્યંત સુખી ગૃહસ્થ આપશ્રીના પ્રભાવથી અંજાઈને પોતાની પત્ની સહિત આપશ્રીને શરણે આવ્યા હતા અને સેવક બન્યા હતા. શ્રી મહાપ્રભુજીએ એમને સેવા અર્થે શ્રી દ્વારકાનાથજી

પધરાવી દીધા હતા. દામોદરદાસ શ્રી દ્વારકાનાથજીની રાજસેવા કરતા હતા. દામોદરદાસના પત્નીનું પિયર પણ ઘણું સંપન્ન હતું. લગ્ન સમયે એક દાસી પણ દાયજામાં આવી હતી. એ દાસી પણ પરમ ભગવદીય હતી. શ્રી મહાપ્રભુજીના આશીર્વાદથી દામોદરદાસને એક પુત્રની પ્રાપ્તિ થઈ હતી. પરંતુ એમની પત્નીએ શ્રી મહાપ્રભુજીના વચનમાં દૃઢ વિશ્વાસ ન રાખતા, પુત્ર પ્રાપ્તિની બાબતમાં શંકા સેવીને અન્યાશ્રય કર્યો હતો (જ્યોતિષીને પૂછવા ગઈ હતી) તેથી પુત્ર પ્રાપ્ત તો થયો પણ એ મોટો થતા મ્લેચ્છ બુદ્ધિનો બન્યો હતો. માતા-પિતાએ અન્યાશ્રયના પ્રાયશ્ચિત રૂપે પુત્ર જન્મતાવેંત ધાઈને સોંપી દીધો હતો અને બીજાના ઘરે ઉછેર્યો હતો.

સમય જતા દામોદરદાસનો દેહ છૂટ્યો. ત્યારે પત્નીએ, પુત્રના ભયથી, મૃત્યુના સમાચાર ફેલાવતાં પહેલાં એક વૈષ્ણવ પાસે નાવ ભાડે કરાવી અને એમાં શ્રી દ્વારકાનાથજી સહિત ઘરની રજેરજ વખરી, રાચરચીલું અને સર્વ ધન સંપત્તિ ઠાંસી ઠાંસીને ભરી, ગુરુ ઘરે અડેલ રવાના કરી. નાવ નદીમાં વહેતી થઈ. નાવમાં બિરાજેલા અપ્રતિમ સૌંદર્યવાળા શ્રી દ્વારકાનાથજી પ્રભુ મંદ મંદ મુસ્કાઈ રહ્યા..!

હવે ભાવિએ અડેલ ગામના આકાશમાં શતરંજ બિછાવી. ખેલ શરૂ થયો... દિગ્ગજોએ આકાશમાં પોતપોતાના સ્થાન ગ્રહણ કર્યા! આજે હાથીની ચાલ થવાની હતી.. ભવિષ્યમાં થનારી અનેક ઉથલપાથલોનો પાયો ખોદાવાની શરૂઆત તો આમેય થઈ ગઈ હતી અને એમાં પાયાનો પથ્થર આજે ચણાવાનો હતો! આજે એ નાવ અડેલ ગામના કિનારે આવીને લાંગરી... હા, અડેલના કિનારે નાવ લાંગરી.

અડેલના કિનારે, ઘાટ પર આચાર્ય શ્રી મહાપ્રભુજી નિત્યનિયમ મુજબ મધ્યાહ્ન સમયની સંધ્યા કરી રહ્યા હતા. સાથે બંને પુત્રો અને રાબેતા મુજબના અંતરંગ સેવકો તેમ જ થોડા દર્શનાર્થીઓ હતા. ઘાટ પર નાવ લંગારવામાં આવી. એમાંથી પેલા સાથે આવેલા વૈષ્ણવ નીચે ઊતર્યા અને ઘાટ પર આવીને શ્રી મહાપ્રભુજીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. હાથ જોડીને ઊભા રહ્યા અને નાવ ક્યાંથી આવી છે, કોણે મોકલાવી છે, એમાં શું શું ભર્યું છે વગેરે સર્વ કંઈ જણાવી આપશ્રીને સમગ્ર પ્રકારથી વિદિત કર્યા. આપશ્રીએ દામોદરદાસના હરિશરણ થયાના સમાચાર જાણીને ઘણો ખેદ વ્યક્ત કર્યો અને એમની દીનતા તથા રાજસેવાના પ્રકારને યાદ કરી ઘણી સરાહના કરી.

એ સમયે શ્રી ગોપીનાથજીના મુખમાંથી હરખનો એક ઉદ્‌ગાર સરી પડ્યો :

‘લક્ષ્મીજી સહિત નારાયણ પધાર્યા છે, ભલે પધાર્યા’ બસ, આ હર્ષોદ્‌ગારે પ્રચંડ વાવાઝોડું સર્જ્યું!

‘સોના-ચાંદીના પાત્રો, ઉત્તમ પ્રકારની સામગ્રી, મહામૂલા શૃંગાર વગેરે સર્વ કંઈ શ્રી ઠાકોરજીનો અઢળક વૈભવ જોઈને તમારું મન પ્રસન્ન થયું છે?’ શ્રી મહાપ્રભુજીએ ગંભીરતાથી શ્રી ગોપીનાથજીને પૂછ્યું.

‘આપના વંશમાં પ્રગટ થનારનું મન તો કદાપિ આ રીતે લોભ નહીં પામે. અમને તો સહજમાં શ્રી ઠાકોરજીની સેવાની જ ઈચ્છા થઈ રહી છે, તેથી આપને વિનંતી કરીએ છીએ કે ભલે પધાર્યા.’ શ્રી ગોપીનાથજીએ બહુ જ દીનતાપૂર્વક પોતાના હર્ષોદ્‌ગારનો ખુલાસો કર્યો.

ત્યારે સેવકોને શિક્ષાત્મક ઉપદેશ દેવાના હેતુથી આચાર્યશ્રી બોલ્યા : ‘અમારા વંશમાં અથવા તો અમારો કહેવડાવીને જે કોઈ ભગવદ્ દ્રવ્ય ખાશે એનો વંશ નિર્મૂળ થશે. આ અમારી આજ્ઞા છે.’

આટલું કહીને શ્રીઆચાર્યજીએ સેવકોને કહ્યું :

‘નાવમાંથી શ્રી ઠાકોરજીને પધરાવી લાવો..’

સેવકોએ આપશ્રીની આજ્ઞા પ્રમાણે શ્રી દ્વારકાનાથજીને નાવમાંથી સંભાળીને બહાર પધરાવ્યા.

‘હવે તરતા આવડતું હોય એવા બધા સેવકો નાવમાં બેસી જાવ અને નાવને શ્રી યમુનાજીની મધ્યધારામાં લઈ જાવ.’

બધા તરવૈયા સેવકો ચૂપચાપ નાવમાં બેસી ગયા અને નાવ જલની મધ્યધારામાં લઈ જવામાં આવી.

‘હવે સૌ જલમાં કૂદી પડો અને ‘શ્રી યમુને મહારાણી કી જય’ બોલીને નાવને ઊંધી વાળી દો. એક પણ વસ્તુ એમાં શેષ ન રહી જાય એ તપાસી લેજો.’

આચાર્યશ્રીની આજ્ઞા મુજબ જ કરવામાં આવ્યું. ધન-સંપત્તિથી ઠાંસી ઠાંસીને ભરવામાં આવેલી નાવ પળવારમાં ખાલીખમ થઈ ગઈ. નાવવાળો

પોતાની નાવને અને સાથે આવેલા વૈષ્ણવને લઈને પાછો જતો રહ્યો. સેવકો સૌ તરીને પાછા ઘાટ પર આવી ગયા.

શ્રી દ્વારકાનાથજીને પધરાવીને, એમનો જયજયકાર બોલાવતા, સૌ આચાર્યજીના ગૃહ તરફ ચાલ્યા.

ચાલતા ચાલતા એક અંતરંગ સેવકે હિંમત કરીને આપશ્રીને પૂછ્યું :

'કૃપાનાથ, નાવમાંની સર્વ સામગ્રી તો દામોદરદાસની વૈષ્ણવ સ્ત્રીએ આપને ભેટમાં મોકલાવી હતી. ઉપરાંત એ તો આપની સેવિકા હતી. તો પછી એની ભેટ આપે કેમ નહીં સ્વીકારી?'

'એનો પુત્ર મ્લેચ્છ છે. પિતાની સંપત્તિ પાછી મેળવવા એ અમારી પાસે આવે અને ઝગડો કરે. દ્રવ્ય દુઃખનું મૂળ છે. તેથી વૈષ્ણવ સ્ત્રીએ મોકલાવેલું દ્રવ્ય શ્રી યમુના મહારાણીજીને અંગીકાર કરાવ્યું અને લૌકિક ઝઘડોય મટાવ્યો. એટલું બધું દ્રવ્ય સાચવવા માટે અમારે કેટલા પ્રકારની ઉપાધિઓ વહોરી લેવી પડત અને ચિત્તમાં એની જ પળોજણ સંઘરીને રાખવી પડત.' શ્રી મહાપ્રભુજીએ સેવક પાસે સ્પષ્ટતા કરી. સાંભળીને એ સેવક સહિત સૌ કોઈના શીશ આપશ્રીના ચરણોમાં ઝૂકી રહ્યા.

હવે કહો, પ્રસંગ તો આટલા નાનકડો હતો પણ કેટલો મોટો ગર્ભિત સાર આપી ગયો! પિતા પુત્ર વચ્ચેના આટલા ટૂંકા સંભાષણના નાટકે આપણને કેવા ચેતવી દીધા! સંભાષણનું એ નાટક, નાટક હોવા છતાં નાટક નહીં રહે અને લૌકિકમાં હકીકત બનીને ખળભળાટ મચાવી જશે! આપણને ચેતવવા માટે એ એની જીવંત અસર છોડતું જશે! આ વાત હવે પછીના પ્રસંગો આપણને સાબિત કરી દેખાડશે. આવો, આગળ શું બને છે અને ભાવિ કઈ રીતે શતરંજના ખેલમાં પ્રસંગોની ચાલ ચાલે છે એ આપણે સમજવાનો પ્રયત્ન કરીએ.

(૧૧)

ભાવિએ ખેલ આગળ વધાર્યો... બહુ ઝડપથી દાવ ખેલાવા લાગ્યા... વિ.સં. ૧૫૮૨માં ૪૭ વર્ષના આચાર્ય શ્રી વલ્લભ પૂર્વ ભારતની એક લઘુ યાત્રાએ શ્રી જગન્નાથપુરી પધાર્યા. ત્યારે શ્રી મહાપ્રભુજીને ભૂતલ ત્યાગવા માટેની, ગંગાસાગરમાં, શ્રી ગોવર્ધનધરણ દ્વારા પ્રથમ આજ્ઞા થઈ.

ભગવદ્ આજ્ઞા થઈ એટલે શ્રી મહાપ્રભુજી ચેતી ગયા. પરંતુ હજુ ઘણાં કાર્યો કરવાના બાકી હતાં. ઘણું સાહિત્ય રચવાનું બાકી હતું. શ્રીમદ્ ભાગવત પરની ટીકા 'શ્રી સુબોધિનીજી' તૃતીય સ્કંધ સુધી પૂરી થઈ હતી. ભગવદ્ આજ્ઞા થતાં હવે આપે દશમ સ્કંધ પર શ્રી સુબોધિનીજી શરૂ કર્યા. હજુ ઘણા દૈવી જીવોને શરણે લેવાના હતા. ઢગલાબંધ લૌકિક કાર્યો પણ ઉકેલવાનાં બાકી હતાં. આપશ્રી ત્વરાથી શ્રી જગન્નાથપુરીની યાત્રાએથી સ્વગૃહે પાછા પધાર્યા.

શ્રી મહાપ્રભુજી શ્રી જગન્નાથપુરીની યાત્રાએથી સ્વગૃહે પાછા પધાર્યા પછી નિજ કાર્યોમાં અતિશય વ્યસ્ત થઈ ગયા. શ્રી ગોપીનાથજી આપશ્રીને નિરાંતે મળવા માંગતા હતા પણ એવો અવસર પ્રાપ્ત જ નહોતો થતો. થોડા દિવસ પછી એક વાર એવો મોકો મળી ગયો. આપશ્રી હળવા મિજાજમાં બિરાજી રહ્યા હતા ત્યારે શ્રી ગોપીનાથજીએ તક સાધી.

'તાતજી, આપને એક વિનંતી કરવી છે.'

'બોલો, શું કહો છો?'

'અમારો વિદ્યાભ્યાસ તો થઈ ગયો છે. બહારના પ્રાંતોમાં પાખંડ અતિશય ફેલાયેલો છે. આપ તો હવે માત્ર વ્રજમાં જ શ્રી ગોવર્ધનધરણની સેવા અર્થે પધારો છો; અન્યથા વિશેષ કરીને ગૃહમાં જ બિરાજો છો. તો સ્વમાર્ગનો પ્રચાર પ્રસાર કરવા અમે દેશાટન કરીએ? આપના ગ્રંથોનો અભ્યાસ અમે વ્યવસ્થિત રીતે કર્યો છે અને હજુ પણ કરી રહ્યા છીએ. એ દરેકની પ્રતિલિપિ પણ અમારી પાસે બિરાજે છે. વળી આપની પરિક્રમાઓના અનુભવનું ભાથું તો અમારી પાસે છે જ. એટલે આપ જો આજ્ઞા આપતા હો તો...'

'અવશ્ય. બહુ સુંદર વિચાર છે. પરંતુ અમુક અમુક સ્થળે ઘાગ પંડિતો લાગ જોઈને જ બેઠા છે તમને ફસાવવા માટે. એમના વિષે જાણકારી મેળવી લીધી છે? વાદ વિવાદ કરવાની એમની રીત, એમના મુદ્દાઓ, શરતો, એમના સહાયક પંડિતો વગેરેથી સારી રીતે પરિચિત થઈને જજો એમના ગામોમાં. પ્રયાણ આદરતા પહેલાં થોડા દિવસ અમારી પાસે બેસજો. અમે પ્રતિવાદી બનીને તમારી સાથે માયાવાદીઓની જેમ વિવાદ કરશું. અમને સંતોષ થશે તો જ તમને દેશાટનની હા પાડશું.'

'ખરેખર તાતજી!? આપ માયાવાદીઓની જેમ અમારી સાથે વિવાદ કરશો? અમે તો એની કલ્પના માત્રથી રોમાંચિત થઈ ઊઠ્યા છીએ! જો

એવું જ હોય તો અમે આજથી જ જોરદાર પૂર્વાભ્યાસ આરંભી દેશું.' શ્રી ગોપીનાથજી અતિ ઉત્સાહિત થઈ ગયા.

'અને હા, તમારા દાદીજી તેમ જ માતાજીની અનુમતિ લેવાનું વીસરતા નહીં. તમે બંને એમને પ્રાણથી અધિક પ્યારા છો, ખબર છે ને? તેઓ દુભાય એવું ક્યારેય ન કરતા.'

'જી, તાતજી.' શ્રી ગોપીનાથજી પિતાજીના ચરણસ્પર્શ કરી માતાજી પાસે દોડી ગયા...

... શ્રી ગોપીનાથજીની વિદ્વત્તાથી તેમ જ અન્ય સર્વ પ્રકારની ચકાસણીથી પૂરેપૂરા સંતુષ્ટ થયા પછી. શ્રી મહાપ્રભુજીએ પ્રસન્નતાપૂર્વક એમને દેશાટનની આજ્ઞા પ્રદાન કરી. થોડા દિવસ પછીનું યાત્રાનું શુભ મૂહુર્ત શ્રી મહાપ્રભુજીએ કાઢી આપ્યું. શ્રી ગોપીનાથજીના પ્રથમ દેશાટનની તૈયારીઓ પૂરજોશથી થવા લાગી. શિખામણો અપાવા માંડી...

'...જુઓ, દરેક પ્રાંતના અન્ન-જલ-વાયુ નોખા નોખા પ્રકારના હશે. સ્વાસ્થ્યની કાળજી જરૂરથી વરતજો. જો સ્વાસ્થ્ય લથડ્યું તો તમારો મનોરથ અધૂરો રહી જશે...'

'જી, દાદીજી.'

'કયા સેવકોને સાથે રાખવા માગો છો એ પણ નક્કી કરી લેજો. સેવકોની શારીરિક તેમ જ બૌદ્ધિક બંને પ્રકારની શક્તિ ચકાસી લેજો... માર્ગમાં કઈ કઈ ચીજવસ્તુઓની આવશ્યકતા પડશે એ પણ નોંધ કરીને સાથે લઈ લેજો...'

'જી, તાતજી.'

'જરૂરી ઔષધો લેવાનું ખાસ યાદ રાખજો. નરમ સ્વાસ્થ્યમાં પરહેજી અને લાંઘણ આ બે રામબાણ ઈલાજ છે એ વાત ભુલાય નહીં... સમયાંતરે કાસદ સાથે તમારા ક્ષેમકુશળના સમાચાર મોકલાવતા રહેજો...'

'જી, મા.'

'વહેલા પોઢીને વહેલા ઊઠવાનું રાખજો. એનાથી બળ, બુદ્ધિ અને શૌર્ય વધશે..'

'જી, તાતજી...'

સૌ એકીસાથે હસી પડ્યા.

'અરે, તાતજીના અવાજથી કોઈએ નકલ કરી લાગે છે! આ કોણ બોલ્યું? છોટેલાલજી...!'

'તમારો પ્રવાસ યશસ્વી ભવ એવા આ છોટેલાલજીના આશિષ છે...'

સૌએ મુક્ત મનથી હાસ્ય કર્યું. સૌ પોતપોતાના કાર્યમાં ગૂંથાઈ ગયા.

શ્રી વિઠ્ઠલેશજી ઝીણામાં ઝીણી વસ્તુ યાદ રાખીને ભેગી કરવા માંડ્યા અને દોડી દોડીને મોટા ભાઈના સામાનમાં ગોઠવવા લાગ્યા. મોટા ભાઈએ એમનો હસ્ત પકડી લીધો અને પૂછ્યું :

'તમારા અમારી પ્રત્યેના આદર ભાવથી અમે બહુ જ પ્રસન્ન થયા છીએ, વત્સ. બોલો પાછા ફરતા તમારે માટે શું લેતા આવીએ?'

'આપ પોતે કુશળતાથી પાછા ફરો એટલું જ...'

'ના, એમ નહીં. કંઈક તો માંગો જ.'

'તો અમને પણ સાથે લેતા જાવ ને. આપના વગર અમને નહીં ગમે...'

'એ શક્ય નથી. તમે હજુ બહુ નાના છો. બીજું કંઈ માંગો...'

'અંઅઅઅઅ... ઠીક છે, તો જુઓ...' કહેતાં શ્રી વિઠ્ઠલનાથજીએ વળગણી પરથી માતાજીની સુકાઈ રહેલી સાડી ઉતારી અને શ્રીઅંગ પર લપેટી. એનો છેડો મસ્તક પર ઓઢીને ઘૂમટો તાણ્યો અને કમરને લચકાવતા મુગ્ધા નવોઢાની જેમ ચાર ડગલા ચાલ્યા... 'અમારે માટે આ લાવી દો...'

'અરે, છોટેએએજીઈઈઈ...! શું વાત છે?!!... અત્યારથી?! માને જાણ છે તમારી આ હરણફાળની? તમારી વાત માને જણાવ્યા પછી જો એ હા પાડે તો પ્રબંધ કરતા આવીએ. તમારો વિવાહ તો અમે બહુ ધામધૂમપૂર્વક કરશું. તમારા વિવાહની અમને ઘણી હોંશ છે. થોભો, માને જ પૂછી લઈએ આ બાબત. માઆઆ... જરા બેગી સું ઈહાં આઈયો તો... કછુ ખાસ બાત હે...'

'શીશશશ... ' કહેતાં છોટેજીએ ઘૂમટામાંથી જ સંકેત કરીને બડેજીને સમજાવ્યું કે, 'અમારે માટે એટલે અમારે માટે નહીં પણ આપને માટે, અમને લાવી દો. મા પણ રાજી થશે.' પણ એમનો સંકેત બડેજી ઝટ ન સમજી શક્યા.

ત્યાં તો ખરેખર મા આવી પહોંચ્યાં. 'શું છે ગોપીશ? શું થયું?'

માને આવતા સાંભળીને છોટે લાલજીએ વીંટાળેલી સાડી ગભરાટમાં ફટાફટ કાઢી નાંખી અને પાછી વળગણી પર ટીંગાડી દીધી. ડાહ્યા ડમરા થઈને સાડીની પાછળ અર્ધા ઢંકાઈને ખૂણામાં લપાઈને ઊભા રહ્યા.

'મા, આ સાડી... છોટેલાલજી કહે છે કે...'

માની પાછળ ઊભા રહી, સાડી આડેથી, શ્રી વિઠ્ઠલેશજી મોટાભાઈને ચૂપ રહેવા માટે હાથ જોડીને વિનવણી કરવા લાગ્યા.

'કેમ, શું છે આ સાડીનું?'

શ્રી ગોપીનાથજીએ કાતર દૃષ્ટિથી શ્રી વિઠ્ઠલેશજી તરફ જોયું. શ્રી વિઠ્ઠલેશજી નાસિકા પર અંગુલિ મૂકીને ચૂપ રહેવા માટે વારંવાર હાથ જોડી રહ્યા હતા.

'મા, આ સાડી આપને બહુ ગમે છે?'

'હા, કેમ?... અને છોટેલાલજી શું કહે છે?'

'મા, છોટેલાલજી એમ કહે છે કે... આ સાડી આપને બહુ ગમે છે અને એમને આ સાડી પહેરનાર બહુ ગમે છે. એમની ઈચ્છા છે કે... હવે આ સાડી...'

હવે ઓડનું ચોડ વેતરાશે એમ સમજીને શ્રી વિઠ્ઠલેશજી ઢીલા પડવા લાગ્યા.

'હવે આ સાડીનું પારાયણ છોડો અને મુદ્દા પર આવો.'

'એ સાડીનું પારાયણ જ તો અત્યારનો મુદ્દો છે, મા. આપ બહુ ભોળાં છો. અમે આપને હંમેશા આવી બનારસી સાડીઓ પહેરતાં જ જોયાં છે. દાદીજી પહેરે છે એવી દક્ષિણી સાડી પહેરવી આપને ગમે?'

હવે છોટેજીએ હળવાશ અનુભવી.

'હાઆઆઆ, વાર-તહેવારે કે માંગલિક પ્રસંગે એવી કછોટો મારેલી નવવારી સાડી પણ પહેરી છે... પણ અત્યારે એનું શું છે?'

'મા, આપના રસિક લાલજીનું એમ કહેવું છે કે આપ જ્યારે એવી કછોટો મારેલી નવવારી સાડી ધારણ કરો છો ત્યારે અત્યધિક સુંદર લાગો છો તો અમે આપને માટે એવી પચીસ પચાસ દક્ષિણી સાડી લેતા આવીએ અને આપને ભેટ આપીએ...'

છોટેજી બડેજીની આ સમયસૂચકતા પર વારી ગયા!

'એમ? વિઠ્ઠલે એવું કહ્યું? ક્યાં છે એ નટખટ? એમને દક્ષિણી સાડી ગમે છે કે પછી... દક્ષિણી સાડી પહેરવા વાળી ગમે છે..?'

'બંને, મા...' કહેતાં શ્રી વિઠ્ઠલેશજી સાડીની આડેથી બહાર નીકળ્યા અને માને વીંટળાઈને બહુ વહાલ કર્યું. 'મા, માની જાવને... દાઉ ભૈયાને લાવવા દો ને...'

'ઠીક છે, ગોપીશ, અમારે માટે ભેટ લેતા આવજો.'

હવે છોટેજીએ છૂટકારાનો દમ ખેંચ્યો. 'ચાલો, ચાલો મા, હવે દાઉ ભૈયાને તૈયારી કરવા દો હં. એમને આપણે ઘણું બધું વિચારવાનો થોડોક સમય આપીએ...' હવે બડેજીએ અસમંજસનો દમ ઘૂંટ્યો! છોટેજી માનો હસ્ત ઝાલીને તોફાની હાસ્ય વેરતા અને લચકતી કમરે લટકાળી ચાલ ચાલતા ઓરડાની બહાર પધાર્યા.

પ્રયાણનો દિવસ આવી પહોંચ્યો. સમયાનુસાર સર્વ રીતે સજ્જ થઈને શ્રી ગોપીનાથજીએ ગૃહેથી વિધિપૂર્વક વિજય કર્યો અને પ્રયાણ આદર્યું. શ્રી વિઠ્ઠલેશજી ગામના પાદર સુધી વળાવવા પધાર્યા. બંને ભાઈઓએ એકમેકને કસીને આલિંગન આપ્યું. ગામ લોકોએ ભાવભીની વિદાય આપી. શ્રી યમુનાજીના ખળખળ વહેતાં નીર સ્થિર થઈ ગયાં. થોડી વારમાં તો એ સ્થિર નીરમાં સંધ્યા સમયનો પહેલો તારો ચમક્યો... અને અડેલ ગામનું પાદર સાવ સૂનું થઈ ગયું. એણે સુસ્ત થઈને સમયની ચાદર ઓઢી લીધી....

...અડેલ ગામના પાદરને સૂનું કરીને શ્રી ગોપીનાથજીએ ગુજરાતને ગૌરવવંતુ બનાવવા એ દિશામાં પ્રવાસ આદર્યો. શ્રી ગોપીનાથજી દેશાટન કરતા દ્વારકાની યાત્રા કરવા પધાર્યા. માર્ગમાં અમદાવાદમાં અસારવા નામના સ્થળમાં જયકૃષ્ણ ભટ્ટ નામના એક સાઠોદરા નાગર વૈષ્ણવની ગૃહવાટિકામાં મુકામ કર્યો. ગૃહવાટિકા બહુ સુંદર હતી. આ સમયે ચાચા હરિવંશજી નામના પરમ ભગવદીય વૈષ્ણવ આપની સાથે જ હતા. અહીં આપના પધારવાના ખબર સાંભળીને ભાઈલા કોઠારી, વિકુબાઈ, સોનાભાઈ વગેરે ભાવિકજનો આપનાં દર્શને આવ્યા અને ધન્યતા અનુભવી. ઉપવન જેવી સુંદર વાટિકામાં બિરાજીને આપે સૌને દર્શન અને સત્સંગનો લાભ આપ્યો. નિત્ય સેવાવિધિ ઉપર ઘણા પ્રશ્નો પુછાયા અને એ સર્વના, દેશ-કાળ-ઋતુને ધ્યાનમાં રાખીને, સંતોષજનક ઉત્તરો અપાયા.

ચિત્તને પ્રસન્ન કરી દેનારા સત્સંગ પછીથી એ રાત્રિએ જ્યારે શ્રી ગોપીનાથજી પોઢ્યા ત્યારે આપને સ્વપ્નમાં એક બહુ સુંદર અનુભવ થયો. શ્રી મદનમોહનજી ઠાકોરજીએ આપશ્રીને આજ્ઞા કરી :

'આ વાટિકાના છેડે એક કૂવો છે. એમાં અમે ઘણા સમયથી બિરાજીએ છીએ. હવે અમને બહાર પધરાવો અને અમારી સેવાનો પ્રકાર ચાલુ કરાવો.'

આપશ્રી સફાળા બેઠા થઈ ગયા. આવેલા સ્વપ્નને અનેક વાર વાગોળ્યું. મતવાલા કજરાળા નયનોવાળા શ્રી મદનમોહનજી આપના હૈયે વસી ગયા. આપે ચેન ગુમાવ્યું. નિદ્રા ગુમાવી. બાકીની રાત જાગતા જ બેઠા રહ્યા. ભગવદ્ સ્વરૂપોનું અપ્રતિમ સૌંદર્ય નિહાળીને આપશ્રીનો રસિક જીવ એમની સેવા કરવા માટે થનગની ઊઠતો! નાવમાં પધારેલા શ્રી દ્વારકાનાથજીનું લાવણ્ય જોઈને પણ આપશ્રી સેવા કરવા માટે કેટલા આતુર થઈ ગયા હતા, યાદ છે ને!?

પ્હો ફાટી. પ્રભાત થયું. આપે સેવકને વાટિકાના બીજે છેડે આવેલા જયકૃષ્ણ ભટ્ટને બંગલે દોડાવ્યો અને એમને તાત્કાલિક બોલાવી મંગાવ્યા.

'શેઠજી, કૃપાનાથે આપને યાદ કર્યા છે અને હમણાં જ આવી જવા કહ્યું છે.'

શેઠજી હાંફળા-ફાંફળા બેઠા થઈ ગયા અને વિમાસણમાં મુકાઈ ગયા. 'શું થયું હશે? કંઈ અસુવિધા પ્રાપ્ત થઈ હશે? કોઈ અડચણ આવી હશે? સ્વાસ્થ્ય કથળ્યું હશે? ગાદી-તકિયા-ચાદર વગેરેની સગવડમાં કંઈ ખોટ હશે?' આવે સમયે સારા વિચારો નબળા પડી જાય અને નરસા વિચારો તગડા બનીને બળજબરીથી ધક્કામુક્કી કરી આગલી હરોળમાં આવી જાય, હોં.

શેઠજી પોતાની પાઘડી સંભાળતા સેવકની પાછળ દોડ્યા આવ્યા.

'જી, સરકાર, હુકમ કરો. સ્નાનાદિથી પરવારીને આપને દંડવત્ પ્રણામ કરવા આવી જ રહ્યો હતો. ત્યાં સેવકે આવીને ખબર કર્યા કે આપ યાદ કરી રહ્યા છો. ફરમાવો કૃપાનાથ.'

'શેઠજી, અમે રાત્રિએ નિદ્રા નથી લઈ શક્યા.'

'જી, વનરાજીને કારણે કદાચ મચ્છરોનો ઉપદ્રવ થયો હશે. એને માટે તો મચ્છરદાનીનો પ્રબંધ સારી રીતે કરાવી રાખ્યો છે.'

'અમે બહુ બેચેનીથી રાત વિતાવી છે...'

'આમ્લપિત્તની વ્યાધિ છે? છાતીમાં બળતરા થાય છે? હમણાં જ ઔષધ મોકલાવું.'

'હા, છાતીમાં બળતરા તો થાય છે. એનું ત્વરિત શમન કરવા માટે હમણાં જ બે-ચાર ગોતાખોરોને (ડૂબકીમારૂને) દોરડા સાથે બોલાવી મંગાવો.'

આપના નેત્રોમાં કોઈક મહેકી રહેલું સ્વપ્ન રમી રહ્યું હતું. શેઠજીના મગજમાં મોટી ગરબડનો ગોટો ગબડી રહ્યો હતો! અસમંજસ અવસ્થામાં જયકૃષ્ણ ભટ્ટ આપશ્રીને અપલક નેત્રે તાકી રહ્યા.

'અરે, અમે કહ્યું ને કે બે-ચાર ગોતાખોરોને દોરડા સાથે બોલાવી મંગાવો, હમણાં જ.'

'જી, કૃપાનાથ. જેવો હુકમ.'

શેઠજીએ ઘણી દીવાળી જોઈ હતી. આવી વિચિત્ર આજ્ઞામાં કંઈક ગર્ભિત ઈશારો છે એટલું તો એ સમજી ગયા. થોડી વારમાં તો ચાર ડૂબકીમારૂઓને લઈને એ પાછા હાજર થઈ ગયા.

'કૃપાનાથ, સેવકો હાજર છે. આજ્ઞા ફરમાવો.'

'તમારી વાડીમાં કૂવો ક્યાં છે? અમને ત્યાં લઈ ચાલો.'

'કૃપાનાથ, કૂવા પર સ્નાન કરવું આવે ઠંડે પહોરે હિતાવહ નથી. સળેખમ થઈ જશે. આપને માટે તતેડો (સ્નાન માટેનું પાણી ગરમ કરવા માટેનો ચૂલો) ચાલુ કરાવી દીધો છે.'

'અમને કૂવા પર લઈ ચાલો.'

'જી, પધારો...'

શેઠજી શ્રી ગોપીનાથજીને પધરાવીને વાટિકામાં આવેલા કૂવા તરફ લઈ ગયા. કૂવો આવ્યો એટલે શેઠજી હાથ જોડીને ઊભા રહ્યા.

સરસ મઝાના રંગબેરંગી ફૂલોથી લદાયેલી નાજુક વેલીઓ જેના પર ઝૂકી રહી છે એવો, સુશોભિત કઠેડાવાળો, આકર્ષક રેંટવાળો અને બહાર આસપાસ વર્તુળાકારે ચીરા મઢેલો કૂવો દૂરથીયે નજર તોડી લેતો હતો!

'સવારના પહોરમાં પહેલી ગાગર ઠાકોરજીના ઝારીજી માટેના જલની સિંચાય છે આ કૂવામાંથી, કૃપાનાથ.'

'આ લોકોને કહો કે હરિસ્મરણ કરીને કૂવામાં ઊતરે અને એના તળિયેથી જે કંઈ મળે એ લઈને બહાર આવે.'

'આમાં પથરા સિવાય બીજું શું હશે? બહુ મીઠા પાણીના ઝરાઓ આ કૂવામાં છે. આખા ઘરના પાણીની જરૂરિયાત આ જ કૂવો પૂરી પાડે છે.'

'આમાં પથરા સિવાય બીજું પણ કંઈક છે. પહેલી વારની ડૂબકીમાં ન મળે તો બે ચાર વાર ડૂબકી મરાવો.'

કઠેડે દોરડાઓ બંધાયા. ડૂબકીમારૂઓ દોરડા પકડીને સડસડાટ અંદર ઊતરી ગયા. પહેલી ડૂબકી... કીચડમાં ખરડાઈને બહાર નીકળ્યા... બીજી ડૂબકી.. કાંકરા પથરા સિવાય કંઈ ન મળ્યું... અને ત્રીજી ડૂબકી.. શ્રી મદનમોહનજીના વિગ્રહને લઈને ડૂબકીમારૂઓ બહાર નીકળ્યા. આ જોઈને શેઠજી તો અચંબામાં પડી ગયા!

વાતને ફેલાતાં વાર ન લાગી. શેઠજીની વાડી આમેય એની રમણીયતા માટે પ્રસિદ્ધ હતી. એમાં આ અલૌકિક વાત ભળી. જોતજોતામાં તો ભાવિકજનોનો મેળો ભરાયો વાટિકામાં. એ દિવસે શ્રી ગોપીનાથજીએ શ્રી મદનમોહન પ્રભુનો બહુ મોટો ઉત્સવ મનાવ્યો. શેઠજીએ એ ઉત્સવમાં લખલૂટ દ્રવ્ય ખર્ચ્યું. ઉત્સવના દર્શન કરવા આવનારાઓમાં એક રામદાસ નામના સાંચોરા બ્રાહ્મણ પણ હતા. એમની વિનંતીથી શ્રી ગોપીનાથજીએ શ્રી મદનમોહનજીને તેમ જ પોતાના પાદુકાજીને એમના શિરે સેવા અર્થે પધરાવી દીધા અને એ બ્રાહ્મણને ઘરે પાટોત્સવ ઉજવ્યો. અહીં આપશ્રીએ અનેક દૈવી જીવોને શરણે લીધા અને સેવક બનાવ્યા. રંગેચંગે દિવસો પસાર થયા. અંતે આપશ્રીએ રાજનગર (અમદાવાદ)થી વિદાય લીધી અને દ્વારકા પધાર્યા. દ્વારકામાં આપ એક માસ સુધી બિરાજ્યા... અને પછી ત્યાંથી આગળનો પ્રવાસ વિસ્તાર્યો.

(૧૨)

ચાદર બનેલા સમયે હવે પોતાનું રૂપ બદલ્યું અને કાળી-ધોળી પાંખો લગાડીને ઊડવા માંડ્યો. તારીખિયાનાં પાનાંઓ ફટાફટ ફાટવા લાગ્યાં. શ્રી મહાપ્રભુજી થોડા થોડા સમયે વ્રજમાં પધારીને શ્રી ગોવર્ધનનાથજીની સેવાનો પ્રબંધ નિહાળી આવતા હતા. શ્રી સુબોધિનીજીના દશમ સ્કંધનું લેખન કાર્ય ઝડપથી આગળ વધ્યું. મોટા ભાઈ સાથેની મધુર મસ્તી વગર ઉદાસ રહેતા શ્રી વિઠ્ઠલેશજી ગૃહમાં બિરાજીને દાદીજી તેમ જ માતાજીને સેવાકાર્ય અને ગૃહકાર્યમાં મદદ કરવા લાગ્યા...

... એવામાં એક દિવસ રાત્રિના આછા ટમટમતા દીવાઓને ઓલવી સિંદૂરી સવાર આળસ મરડીને બેઠી થઈ અને થોડી વાર પછી શયનકક્ષના દ્વાર ખોલીને સદ્યસ્નાતાની જેમ ગગનગોખે બેસીને પોતાના તામ્રવર્ણા કેશ સૂકવવા લાગી. અડેલ ગામના આકાશમાં અતિશય સુંદર રક્તિમ આભાવાળો સૂર્યોદય થયો. નિરભ્ર આકાશના સોનેરી ફલકમાંથી પેલી તામ્રવર્ણી પોતાના ફેલાયેલા કેશમાંથી ભીના પોચા ઝાકળ બિંદુઓ ધરતી પર સેરવવા લાગી. વાતાવરણ મહેકવા લાગ્યું. ઘેલી બનેલી ધરતીએ માદક શણગાર સજ્યા. રૂપાળી વનરાજી ડોલવા લાગી. શ્રી યમુનાજીની શીતળ જલ લહરીઓના પ્રાંગણમાં પવન મધુર સ્વરે પાવા વગાડવા લાગ્યો. ભાતભાતના પક્ષીઓએ શરણાઈના સૂર છેડ્યા. સર્વ કંઈ સોહામણું સોહામણું લાગવા માંડ્યું...

શ્રી મહાપ્રભુજીએ રોજ કરતાં વહેલો શય્યાત્યાગ કર્યો. નિત્યકર્મથી પરવારી જઈને સેવકોને ભેગા કર્યા અને વિવિધ સૂચનાઓ આપવા માંડ્યા. થોડી વારમાં તો આપશ્રીનું આખું ગૃહ વાળી ચોળીને સ્વચ્છ થઈ ગયું અને શણગારાઈ પણ ગયું. આસોપાલવનાં તોરણો બંધાયાં. આંગણામાં સુગંધી જળનો છંટકાવ કરીને રંગોળીઓ પુરાઈ. ઢોલ, ત્રાંસા અને મંગલ વાદ્યો વગાડવાવાળા મુખ્ય પ્રવેશ દ્વારની બહાર પોતાના રૂઢિગત ભાતીગળ વસ્ત્રો પરિધાન કરી અડ્ડો જમાવીને બેસી ગયા અને વિવિધ સુરો રેલાવવા લાગ્યા. શ્રી ઠાકોરજી માટે અદકીની સામગ્રી સિદ્ધ કરાઈ. મિષ્ટ સામગ્રી વિશેષ પ્રમાણમાં તૈયાર થઈ. આ બધી દોડધામનો હેતુ કોઈને સમજમાં નહોતો આવી રહ્યો!! દાદીજી અને માતાજી પણ મીઠી મૂંઝવણમાં મુકાઈ ગયા. આજે એવો કોઈ ઉત્સવ કે તહેવાર પણ નહોતો. તો પછી આ બધું શું થઈ રહ્યું હતું! બસ, બધા શ્રી આચાર્યચરણની આજ્ઞાઓ મુજબ વર્તી રહ્યા હતા! સૌએ નવાં વસ્ત્રો ધારણ કરી લીધાં. ચારે દિશાઓ ચિત્તાકર્ષક લાગવા માંડી... અને એવા એ આકર્ષક વાતાવરણમાં કોઈક બે વ્યક્તિ થોડી વાર માટે અદશ્ય થઈ ગઈ! ધમાલમાં કોઈએ એમની ગેરહાજરીની નોંધ ન લીધી!

થોડી વારમાં તો ગામના ગોંદરે ગાડીઓના ઘૂઘરા રણક્યા. રજની ડમરીઓ ઊડી. ઘાટી વનરાજીમાં બેઠેલાં પક્ષીઓ હરખમાં આવી જઈને ઊડાઊડ કરવા લાગ્યાં. થંભી ગયેલા શ્રી યમુનાજીનાં નીર ફરી પાછા ખળખળ કરતાં વહેવા લાગ્યાં. જલમાં નાવ ફેરવી રહેલા નાવિકો ઝડપથી પોતપોતાની નાવ કિનારા પર લઈ આવ્યા અને હલેસાને ભીના ગારામાં ખોસી દઈ પોતે પગથિયા ચડીને ઉપર આવી ગયા. ઘાટ પર સ્નાન કરવા, કપડા ધોવા અને જલ ભરવા આવેલા ગામવાસીઓ પેલી ગાડીઓની પાછળ પાછળ દોડવા લાગ્યા. એમાંથી એક ગાડી બહુ સુંદર રીતે શણગારેલી હતી. ગામવાસીઓ હવે એ જ ગાડીને ઘેરી વળ્યા અને એની આગળ પાછળ ટોળે વળીને, એક બીજાને ધક્કામુક્કી કરતાં, અંદરનું દૃશ્ય જોવા લાગ્યા.

ગાડીઓની સાથે મંગલ ગીતો ગાતા ગાતા ગામવાસીઓનો સંઘ શ્રી મહાપ્રભુજીના આવાસના પ્રાંગણમાં આવીને અટક્યો. ગૃહના સેવકો દોડીને પેલી શણગારેલી ગાડી પાસે પહોંચી ગયા. અંદરનું દૃશ્ય જોઈને જ એમનાં નેત્રો સાનંદાશ્ચર્યથી વિસ્ફારિત થઈ ગયા.

'અરે, યે તો અપને બડે લાલજી, દાઉ ભૈયા, પધારે હેં બ્યાહ રચાકે... દેખો દેખો દુલ્હન ભી સંગમેં બૈઠી હૈં... કોઈ આચાર્યશ્રી કો ખબર કરો.. અક્કાજી કો ખબર કરો... અમ્માજીકો પધરાઓ...'

સેવકોએ દોડાદોડી કરી મૂકી. સાથે ગયેલા સેવકો અને ઘરે રહેલા સેવકો પરસ્પર ભેટ્યા અને ભગવદ્ સ્મરણ કર્યા. ટેકો આપીને વર-વધુને ગાડીમાંથી નીચે પધરાવવામાં આવ્યા. લોકો ટોળે વળીને પાછળ પાછળ દ્વાર સુધી આવી પહોંચ્યા. અંદરથી આચાર્યશ્રી, અક્કાજી અને દાદીજી ઈલ્લમાગારુ દ્વાર પર પધાર્યાં. સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિ અનુસાર વરઘોડિયાને વધાવવામાં આવ્યા અને પછી એમનો ગૃહ પ્રવેશ કરાવવામાં આવ્યો. સેવકોએ ગીતો ગાઈ રહેલા ગામવાસીઓના ધસારાને મહામહેનતે ખાળ્યો. પોતાના લાડીલા પાટવીકુંવરને દુલ્હાના વેશમાં જોવા માટે નિર્દોષ અભણ પ્રજા હિલોળે ચડી. ઘૂંઘટમાં ઢંકાયેલી દુલ્હન કેવી હશે એની સૌ અટકળો કરવા લાગ્યા. બેકાબૂ બનેલા ભાવિકજનોને સેવકો દ્વારા પ્રેમથી સમજાવવામાં આવ્યા અને થોડી વાર માટે સૌને વીખરાઈ જવા વિનંતી કરવામાં આવી. ગૃહ પ્રવેશનો વિધિ સમાપ્ત થઈ જશે એટલે નવપરિણીત યુગલ જરૂરથી બધાંને દર્શન દેવા બહાર પધારશે એમ વારંવાર સમજાવવામાં આવ્યા, પછી બધા વીખરાયાં.

વરઘોડીયાએ દાદીજી તેમ જ માતા-પિતાને પ્રણામ કરી ચરણસ્પર્શ કર્યા અને સેવાના કક્ષ તરફ પધાર્યા. શ્રી ભગવત્સ્વરૂપોને દંડવત પ્રણામ કરીને બંને પાછા માતા-પિતા પાસે બહાર પધાર્યા... શ્રી ગોપીનાથજીની નજર કંઈક શોધી રહી હતી. ત્યાં તો અંદરથી એક અત્યંત સ્વરૂપવાન ગૌર વર્ણની બીજી એક નવી નવેલી દુલ્હન રૂમઝૂમ રૂમઝૂમ થતા ઝાંઝરનો ઝણકાર કરતી અને નાજુક ગોરા કાંડાઓમાં કોણી સુધી સૌભાગ્ય કંકણોને રણકાવતી ઘૂંઘટ કાઢીને બહાર આવી. બહાર આવીને એણે વાંકા વળી વરઘોડીયાને પગે લાગી પ્રણામ કર્યા. સૌ એકીટશે એક કૌતુક પર થયેલા બીજા કૌતુકને નિહાળવા લાગ્યા...

ગૃહમાં પ્રવેશેલી નવાગંતુક દુલ્હને દુલ્હા શ્રી ગોપીનાથજીને કોણીના ઈશારે 'આ કોણ છે' એમ પૂછ્યું. દુલ્હાએ પોતે એનાથી અજાણ હોવાનો સંકેત કર્યો. ત્યાં તો પેલી બીજી દુલ્હને પોતે જ ઘટસ્ફોટ કર્યો :

'હોં તો આપ કી દેવરાની હોં, ભાભીજી. મેરો નામ 'રુક્મિની' હે. આપનું નામ શું છે?'

આ સાંભળીને ઘરના સૌ ચોંકી પડ્યા. 'દેવરાની'? એ ક્યારે આવી? ક્યાંથી આવી? શ્રી આચાર્યજીએ વહુજી સામે નવાઈથી જોયું. વહુજીએ પણ નવાઈ પ્રદર્શિત કરી. સૌથી મોટો આંચકો શ્રી ગોપીનાથજીને લાગ્યો.

'અમારું નામ પાચ્યમાગારુ છે, સૌ લાડમાં પ્રિયા કહે છે.' નવી દુલ્હને એકદમ ધીમા સ્વરે બીજી દુલ્હનને કહ્યું. 'માર્ગમેં ઈન્હોંને શ્રી ઠાકુરજી કે બારેમેં... દાદીજી, તાતજી ઔર માતાજી કે બારેમેં... ઔર દેવરજી કે બારેમેં તો બહુત કુછ બતાયા હૈ... પર... આપકે બારેમેં...'

'જી, આપની જેમ અમારું પણ હમણાં થોડા દિવસ પહેલાં જ આગમન થયું છે આ ગૃહમાં. આપના દેવરજી અમારું હરણ કરીને અમને લઈ આવ્યા છે. અમારા પ્રેમ લગ્ન થયાં છે ને એટલે કોઈને જાણ નથી.. હજુય હરણનું હરણ જ રહ્યું છે.' બોલતાં બોલતાં નખરાળા વહુજી એકદમ લજાઈ ગયાં અને ઓઢણીનો છેડો વધુ નીચે ખેંચી લીધો! વળી પાછો એક નવો ધડાકો!

'અરે, બહેના, તમે સસુરજીની હાજરીમાં આવું આવું અને આટલું ઊંચેથી બોલી શકો છો?' જેઠાણીએ દેરાણીનો હાથ દબાવતાં ધીમેથી પૂછ્યું.

'સસુરજીએ તો અમને બેટી માની છે. બહુ ભલા છે. અમને એમનાથી જરાય સંકોચ નથી થતો. અમે તો એમની લાજેય નથી કાઢતા. આ તો જેઠજી

છે એટલે આટલી કાઢવી પડે છે. બાકી જો આપ કહેતા હોય તો હમણાં ઘૂંઘટ ઊંચો કરી દઈએ...' બોલતાં બોલતાં એ વહુજીએ ઘૂંઘટ ખોલવાનો પ્રયત્ન કર્યો. બાજુમાં ઊભેલાં માતાજીએ એમને ચૂંટી ખણી. ઉઈઈઈ... થોડા દિવસમાં આપ પણ સસુરજીથી ટેવાઈ જશો. વળી આ બડે સાસુજી અને આ છોટે સાસુજી પણ એટલા જ ભલાં છે. આપના જ ઘરમાં આપ ફરી રહ્યાં છો એમ માનજો.' દેરાણીજી વળી વધુ ઊંચા સ્વરમાં બોલ્યાં. એમને સાંભળીને સૌ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા!

'વારુ દેવરાનીજી, હવે એ કહો કે અમારા દેવરજી ક્યાંછે? બહુ ચુલબુલા છે ને? એમને મળવા અમારું મન બહુ ઉત્સુક છે.'

'એ તો અંદર બેસીને પાઠ કરી રહ્યા છે. અમે એમને હમણાં બોલાવીએ, હં. એ તૈયાર થઈને બહાર આવે ત્યાં સુધીમાં ચાલો, અમે આપને અમારું ઘર બતાવીએ.' કહેતાં દેરાણીજી જેઠાણીજીનો હાથ પકડીને અંદર સરકવા લાગ્યાં.

'મા, આ શું પ્રકાર છે? છોટે લાલજીનો વિવાહ ધામધૂમપૂર્વક કરવાનો અમારો મનોરથ તો સાવ હવાઈ ગયો ને! કેટલી હોંશ હતી અમને એમનો વિવાહ કરવાની...'

'જેઠજી, હોંશ તો એમનેય ભારી હતી આપના વિવાહમાં ધમાલ કરવાની... પણ આપે શું કર્યું...? એમણે તો આપને કહ્યું'તુંય ખરું ને સાથે લઈ જવા માટે?' અંદર જતાં જતાં દેરાણીજીએ શ્રી ગોપીનાથજીને રોકડું પરખાવ્યું.

'અમે તો વિવશ હતા. પ્રવાસ કરતાં કરતાં આપણા કાંકરવાડ ગામે પહોંચ્યા તો બડે દાદાજીએ બહુ પ્રેમથી અમને આવકાર્યા અને...'

'અને આ હાર આપના ગળામાં પહેરાવી દીધો, એમ ને?' કહેતાં મીઠો લટકો કરતાં દેરાણી નવાગંતુક જેઠાણીને લઈને અંદર જતાં રહ્યાં.

'તાતજી, અમે સાચું કહીએ છીએ. જુઓ આ પત્રમાં બધી વિગત લખી છે...' એમ કહેતાં શ્રી ગોપીનાથજીએ લગ્નનો આખો પ્રકાર ઘરનાઓ સમક્ષ વર્ણવ્યો અને પછી પત્ર કાઢીને પિતાજીના શ્રીહસ્તમાં આપ્યો. પિતાજી પત્ર વાંચવા લાગ્યા એટલી વારમાં શ્રી ગોપીનાથજીએ માતા સમક્ષ ધીમેથી મૂંઝવણ રજૂ કરી :

'મા, આ રસિયા લાલનાં વહુજી આવાં બટકબોલાં છે...? આપને એમની સાથે ફાવે છે?'

'શું કરીએ ગોપીશ, રસિયાને ગમી એ રસિકા... પુરુષોત્તમ સ્વતંત્ર ક્રીડા કરે છે ને?'

'વળી... વહુજીનું કદ અને કાઠુંય છોટેલાલજી જેવું જ છે. શું ઉંમરમાં તેઓ લાલજીકરતાં મોટાં છે?'

'હા, એવું જ કંઈક લાગે છે.'

'ઠીક છે. લાલજી કેમ હજુ બહાર નથી આવતા? એમને જોયા વગર અમને ચેન નહીં પડે. હવે અમે અધીરા થઈ ઊઠ્યા છીએ એમને મળવા.'

'અમે આવી ગયા છીએ, દાઉ ભૈયા...' કહેતાં શ્રી વિઠ્ઠલેશજી અંદરથી દોડતા બહાર પધાર્યા અને શ્રી ગોપીનાથજીને ગળે વળગી પડ્યા. બંને ભાઈઓ આપસમાં અતિશય વહાલથી ભેટ્યા અને બંનેના નેત્રો અશ્રુઓથી ભીંજાયા. આચાર્યશ્રીએ છોટી લાલજીને તાકી તાકીને નિહાળ્યા.

'વિઠ્ઠલેશ, જરા વહુજીને બહાર બોલાવજો તો.' શ્રી મહાપ્રભુજીએ કહ્યું.

'કેમ, તાતજી? એ તો ભાભીજીને ઘર બતાવી રહ્યાં છે.' છોટે લાલજી ગભરાયા.

'તો તમે ભીતર જાવ અને એમને કહો કે ઉતાવળમાં તમારા મુખ પરથી એ લાલી પોંછવાનું (ભૂંસવાનું) અને કાંડા પરથી આ બે કંગન ઉતારવાનું ભૂલી ગયાં છે. એમની રંગભૂષા અને વેશભૂષાની અમે દાદ દઈએ છીએ.'

'હે પ્રભુ, પતી ગયું બધું! ખેલ ખતમ... ઉતાવળા સો બહાવરા... બહુ શીઘ્રતાથી તાતજીએ પકડી પાડ્યા અમને...' શ્રી વિઠ્ઠલેશજી સ્વગત બોલ્યા અને વાંકા વળી પિતાજીના ચરણ પકડી લીધા... વાતને હવે સાચે પાટે ચડાવી.

'એટલે અમે કરેલા અભિનય માટે કોઈ દાદ નહીં? રંગભૂષા અને વેશભૂષાની દાદ તો માને ફાળે ગઈ. કેટલી ઝડપથી એમણે અમારા સૂઝાવ પર, થોડી વાર માટે એકાંતમાં લઈ જઈને, અમારું વહુજીમાં રૂપાંતર કરી નાંખ્યું હતું!'

'અરે, અભિનય તો એટલો ઉત્તમ કક્ષાનો હતો કે હવે થોડા દિવસ માટે એ જ વહુજીને અમારી પાસે બોલાવીને સાથે રાખવાનું મન થઈ ગયું છે... અમને એકીસાથે બબ્બે વહુજીઓના પાયલના અને કંગનના રણકાર

સાંભળવાના ઓરતા પ્રાપ્ત થયા છે! શું નામ કહ્યું એ વહુજીનું?' માતાજીએ એકદમ હરખમાં આવી જઈને કહ્યું.

'એટલે એવા આખાબોલાં અને નખરાળાં વહુજી પર આપ વારી ગયાં છો, છોટે સાસુજી?' કહેતાં સીધા સાદા શ્રી ગોપીનાથજી પણ પોતે જ પોતાના ભોળપણ પર હસી પડ્યા કે એમને કેમ નાટકની ગંધ કેમ ન આવી!

બડે સાસુજી (દાદીમા શ્રી ઈલ્લમાગારુ) તો પોતાના નાના પૌત્રની આ અભિનય કળા પર એટલી હદે વારી ગયા કે અંદર જઈને ભંડારમાંથી બે મોટા પ્રસાદી ઠોર લઈ આવ્યા અને ઈનામ તરીકે પૌત્રનાં હસ્તમાં મૂકતા પહેલાં બોલ્યા:

'એક વાર પેલો સંવાદ બોલોને બેટા, 'સસુરજીએ તો અમને બેટી માની છે' વાળો.'

'દાદીજી, આપનો શું વિચાર છે? હવે એ સંવાદ ન બોલાય...' કહેતાં શ્રી વિઠ્ઠલેશજીએ આચાર્યશ્રી સામે ગભરાતાં ગભરાતાં જોયું.

'દાદીજી, અમને આ ઠોર આપી દ્યોને. અમારા અભિનયનું ઈનામ પાછું લઈ જશો?' છોટે લાલજીએ લાડમાં આવી જઈ પૂછ્યું.

'અભિનયના ઈનામ પેટે આ એક ઠોર છે અને સંવાદ બોલવાના ઈનામ પેટે આ બીજો ઠોર છે. આ લો, એક ઠોર લઈ લો.'

તરત છોટે લાલજીએ દાદીમાના લંબાયેલા હસ્તમાંથી એક ઠોર લઈ લીધો. 'દાદીજી, આ બીજો ઠોર પણ આપી દ્યોને..' લાડનો સૂર લંબાયો.

'નાઆઆ. સસુરજીવાળો સંવાદ ન બોલવો હોય તો પછી પેલો હરણવાળો સંવાદ બોલો. તો જ આ બીજો ઠોર મળશે.'

'ઠીક છે, સાંભળો...' કહેતાં છોટે લાલજી પેલો બીજો સંવાદ ગડગડાટ બોલી ગયા અને ઠોર માટે હસ્ત લંબાવ્યો. દાદીજીએ પોતાનો હસ્ત પાછો ખેંચી લીધો. 'એમ નહીં, અભિનય સાથે અને એ જ વહુજીના સ્વરમાં લટકા મટકા સાથે બોલો તો આ બીજો ઠોર મળશે.'

'શું દાદીજી આપ પણ! એક ઠોર માટે અમારી પાસે આપ કેટલા નાચ નચાવશો?! અમને તાતજીની સન્મુખ એવું બોલતાં અને કરતાં લજ્જા આવે છે.'

'આ ઠોર અમૂલ્ય પ્રસાદી ઠોર છે, જે તમે રોજ આરોગો છો. પરંતુ આજે એ પ્રસાદી ઠોર ઈનામ રૂપે મળી રહ્યો છે, જે રોજ તમને નથી મળતો. એટલે એ ઠોર આજે બમણો અમૂલ્ય છે, સામાન્ય નથી! બોલો, જોઈએ છે?' દાદીજી પણ મક્કમ રહ્યાં.

શ્રી વિઠ્ઠલેશજી આનાકાની કરવા લાગ્યા.

'તો પછી અમારા તરફથી આ નવાં વસ્ત્રો તમને ઈનામમાં...' કહેતાં શ્રી ગોપીનાથજીએ પેટીમાંથી વસ્ત્રોનું પોટલું બહાર કાઢ્યું.

'એ વસ્ત્રો તો આમેય આપ અમને ઉપહાર તરીકે આપવાના જ છો, તો પછી એને ઈનામમાં કેવી રીતે ગણી શકો?'

'વાહ ઉસ્તાદજી, ખૂબ કહી! ચાલો, તો પછી ઈનામમાં... આવી જ સાડી પહેરવાવાળીનો પ્રબંધ કરીએ તો કેવું?'

'હા, તો તો ચાલશે... અરે ચાલશે નહીં, દોડશે...' છોટે લાલજી કૂદી ઊઠ્યા. 'ઊભા રહો હં, અમે વહુજીને જરા એ સંવાદ પૂછીને યાદ કરી લઈએ...'

'તુમરી ભલે હોવે... બહુત ભાવ ખાવે હો, લાલજી...' દાદીજી મીઠો છણકો કરતાં હસી પડ્યાં. 'કછુ ઓર ચાહીએ કા?'

'એવું હોય તો અમ્માજી, શ્રી નવનીતપ્રિયપ્રભુની પ્રસાદી માખણની આ આખી દોણી અંદરથી આવી છે..' કહેતાં માતાજી અંદરથી દોણી લઈને પધાર્યાં. સાથે સાથે ઝાંઝરને મધુરા ઝમકાવતા પાય્યમાગારુ વહુજી હસ્તના ખોબામાં એક દોનો (દડિયો) લઈને પધાર્યાં. '... અને શ્રી મદનમોહનજી તરફથી માખણમાં ભેળવવા માટે આ મિસરી પણ આવી છે...' દુલ્હનિયાની આ સમયસૂચકતા પર અને તત્કાલીન કોઠાસૂઝ પર સૌ વારેન્યારે થઈ ગયાં.

'હાંઆઆ, હવે અમને થોડું થોડું યાદ આવવા માંડ્યું... અમે બોલવાને તૈયાર છીએ... પણ.. પણ તાતજી...'

'અમ્માજી જેવો જ આ એક ઠોર અંદરથી શ્રી બાલકૃષ્ણપ્રભુએ પોતાના તરફથી પણ તમને પુરસ્કારમાં આપવા માટે મોકલાવ્યો છે. જો હરણવાળો સંવાદ સ્વર અને અભિનય સાથે પુનઃ બોલો તો... વળી વહુજીનું નામ પણ પુછાવ્યું છે...' કહેતાં આચાર્યશ્રી પણ અંદરથી એક ઠોર લઈને પધાર્યા.

સૌના આનંદની અવધિ ન રહી!! તાળીઓના ગડગડાટ સાથે બધા બોલી ઊઠ્યા :

'બોલો શ્રી બાલકૃષ્ણલાલકી જય... શ્રી નવનીતલાલ પ્યારેકી જય...'

'હા, વિઠ્ઠલ, વહુજીનું નામ શું કહ્યું તમે?' માતાજી તો સાચેસાચ નાનાં વહુજીની કલ્પનામાં સરી પડ્યાં.

'રુક્મિની..' કહેતાં લાલજીએ દાદીમાના ખોળામાં મુખ છુપાવી દીધું.

'ચાલો, હવે તો શ્રી પ્રભુની આજ્ઞા થઈ છે એટલે તમારે બોલવું જ પડશે... સૌ ધ્યાનથી સાંભળો હં અમારી છોટી બહુના કારસ્તાન!' દાદીમા પણ અતિ ઉત્સાહમાં આવી ગયા.

'ઠીક છે, સાંભળો...' કહેતાં છોટે લાલજીએ બડે લાલજી પાસેથી એક નવી સાડી લીધી અને એને શ્રીઅંગ પર પહેલાંની જેમ જ લપેટીને ઘૂંઘટ કાઢ્યો. નવા વહુજીની પાસે જઈને એમનો હસ્ત પકડ્યો અને પછી બોલ્યા :

'હોં તો આપ કી દેવરાની હોં, ભાભીજી. મેરો નામ 'રુક્મિની' હે. આપનું નામ શું છે?'

'અમારું નામ પાય્યમાગારુ છે, સૌ લાડમાં પ્રિયા કહે છે.' નવી દુલ્હને એકદમ ધીમા સ્વરે બીજી દુલ્હનનો દોર સાંધ્યો. 'માર્ગમેં ઈન્હોંને શ્રી ઠાકુરજી કે બારેમેં... દાદીજી, તાતજી ઔર માતાજી કે બારેમેં... ઔર દેવરજી કે બારેમેં તો બહુત કુછ બતાયા હૈ... પર... આપકે બારેમેં...'

'જી, આપની જેમ અમારું પણ હમણાં થોડા દિવસ પહેલાં જ આગમન થયું છે આ ગૃહમાં. આપના દેવરજી અમારું હરણ કરીને અમને લઈ આવ્યા છે. અમારા પ્રેમલગ્ન થયાં છે ને એટલે કોઈને જાણ નથી... હજુય હરણનું હરણ જ રહ્યું છે.' બોલતાં બોલતાં નખરાળાં વહુજી એકદમ લજાઈ ગયાં અને સાડીનો છેડો વધુ નીચે ખેંચી લઈને દાદીમાના ખોળામાં લપાઈ ગયાં!

હર્ષોલ્લાસથી વાતાવરણ ખીલી ઊઠ્યું. સેવાના ઓરડામાંથી પણ એક સાથે અનેક સુકોમળ હસ્તો દ્વારા થયેલા મીઠી તાળીઓના ધ્વનિથી આખો આવાસ ગુંજી ઊઠ્યો! નામ રૂપ જૂજવા હતાં પણ તત્ત્વ તો એકનું એક જ હતું!!!

યથા સમયે શ્રી મહાપ્રભુજીએ પાય્યમાગારુ વહુજીને શ્રીનાથજી સન્મુખ બ્રહ્મસંબંધ દીક્ષા આપી અને સેવામાં દાખલ કર્યાં. આચાર્યશ્રીનો પરિવાર વિલસતો ગયો. સાતેય રંગોની કહાણી ચીતરતો અડેલનો ઈતિહાસ પાંગરતો ગયો!

---

(૧૩)

વિ.સં. ૧૫૮૬ (અનુમાનતઃ)માં વ્રજના મધુવનમાં ૫૧ વર્ષના શ્રી મહાપ્રભુજીને ભૂતલ ત્યાગવા માટે બીજી વાર ભગવદ્ આજ્ઞા થઈ. આ સમયે શ્રી સુબોધિનીજીનો દશમ સ્કંધ પૂરો થયો હતો. બીજી આજ્ઞાની સાથે જ આપશ્રી એકાદશ સ્કંધ ઝડપથી લખાવવા માંડ્યા. હવે આપશ્રીએ સાવધાનીપૂર્વક બધું સમેટવા માંડ્યું. સિદ્ધપુરમાં વસી રહેલા ગોધરાના રાણા વ્યાસને આપશ્રીએ પોતાના ગ્રંથોની બાકી રહેલી પ્રતિલિપિઓ તૈયાર કરાવવા માટે બોલાવી લીધા.

થોડા જ સમય પછી વિ.સં. ૧૫૮૭માં અડેલના નિવાસસ્થાને શ્રી મહાપ્રભુજીને નિજધામ પધારવા માટે ત્રીજી અને અંતિમ આજ્ઞા શ્રી ગોવર્ધનધરણે કરી. અત્યારે શ્રી સુબોધિનીજીનો એકાદશ સ્કંધ ચાલુ હતો. આઠ યોગી સુધીના પ્રસંગો લખાવાઈ ચૂક્યા હતા અને નવમા 'કરભાજન' યોગીના પ્રસંગ અંગે વિચાર ચાલી રહ્યો હતો. ત્યાં જ આપશ્રીના લહિયા માધવ ભટ્ટ કાશ્મીરીનો એક અકસ્માતમાં દેહવિલય થયો એટલે પણ શ્રી મહાપ્રભુજીએ માની લીધું કે હવે ભગવદ્ ઈચ્છા આનાથી વધુ આગળ વધવાની નથી લાગતી...

જેવું શ્રી મહાપ્રભુજીએ માની લીધું કે હવે ભગવદ્ ઈચ્છા આનાથી વધુ આગળ વધવાની નથી લાગતી કે તરત, રાહ જોઈને બેઠેલા, અડેલના સપ્તરંગી ઈતિહાસે પોતાનું પડખું ફેરવ્યું... અને એક દિવસ અડેલમાં શ્રી મહાપ્રભુજીના ગૃહે ગુપ્ત બેઠક યોજાઈ! હા, શ્રી મહાપ્રભુજીના ગૃહે ગુપ્ત બેઠક યોજાઈ!... બેઠકમાં શ્રી મહાપ્રભુજીએ બંને પુત્રોને ઉપસ્થિત રાખ્યા હતા. ઉપરાંત દામોદરદાસ હરસાની, કૃષ્ણદાસ મેઘન, વિષ્ણુદાસ છીપા, રાણા વ્યાસ, કૃષ્ણદાસ અધિકારી વગેરે જેવા પોતાના અંતરંગ સેવકોને પણ ખાસ સૂચના આપીને એકત્રિત કર્યા હતા. પૂર્વમધ્યાહ્ન સમયે આચાર્યશ્રીએ ગુપ્ત બેઠકની કાર્યવાહી શરુ કરી.

'કૃષ્ણદાસ (મેઘન), દમલા (દામોદરદાસ), થોડા વર્ષ પૂર્વે, એટલે કે અમારા વિવાહ પશ્ચાત્, કાશીમાં જ્યારે 'પત્રાવલંબન' ગ્રંથ દ્વારા અમે ત્યાંના પંડિતોને નિરુત્તર કર્યા હતા અને ધર્મધ્વજાનો ઉપસંહાર કરવાવાળા જ હતા ત્યારે બે માયાવાદી પંડિતો અમારે ત્યાં આવ્યા હતા, યાદ છે?'

'હા, હા, બરાબર યાદ છે. એક હતા દંડી ઉપેન્દ્રાશ્રમ અને બીજા હતા પ્રકાશાનંદ સરસ્વતી...આજે એમને શા માટે યાદ કર્યા?' બંને સેવકો બોલી ઊઠ્યા.

'એમની સાથે શાસ્ત્રાર્થ કરીને અમે જ્યારે એમને પરાજિત કર્યા ત્યારે એમણે અમને મહેણું માર્યું હતું, એ યાદ છે?' આચાર્યશ્રીએ મુખ્ય વાતની પૂર્વભૂમિકા બાંધવાની શરૂઆત કરી.

બંને સેવકો ચોંકી પડ્યા અને એકબીજા સામે સૂચિતાર્થ દૃષ્ટિથી જોઈને 'ના' કહેવાનો સંકેત કર્યો.

બંને સેવકોએ મોઘમમાં ઉત્તર વાળ્યો. 'એવું કંઈ યાદ નથી.'

શ્રી વલ્લભે માર્મિક સ્મિત કર્યું. 'આ વાત તમને યાદ રહી પણ ન શકે. વિષ્ણુદાસ, તમે તો કાશીના પ્રત્યેક શાસ્ત્રાર્થનો હમણાં પણ આંખે દેખ્યો અહેવાલ સંભળાવી શકો એમ છો. કેટલાય પંડિતોની સાથે તો તમે પોતે જ શાસ્ત્રાર્થ કર્યા હતા અને એમને પરાજિત કરીને નસાડી મૂક્યા હતા! યાદ છે? અમને શ્રમ ન પડે એ હેતુથી તમે જ માથાપચ્ચીસી કરી લેતા હતા અને અમારા સુધી એમને આવવા જ નહોતા દેતા!'

'હા, બધું જ યાદ છે. પરંતુ આજે એ બધી વીતેલી વાતોનું સ્મરણ શા માટે કરી રહ્યા છો, કૃપાનાથ? અને એ પણ આવી ખાસ બેઠકમાં?' વિષ્ણુદાસ છીપાએ નવાઈ દર્શાવી.

'તો એ દિવસે પેલા બે માયાવાદી પંડિતોએ અમને મહેણું માર્યું હતું કે અમને સંન્યાસની આવશ્યકતા નથી. ત્યારે ભક્તિમાર્ગીય સંન્યાસનું સ્વરૂપ દેખાડવાને માટે અમે એમની સમક્ષ પ્રતિજ્ઞા લીધી હતી કે યોગ્ય સમય આવશે ત્યારે અમે સંન્યાસ અવશ્ય ગ્રહણ કરશું અને દેખાડશું કે સંન્યાસ ધર્મ શું હોય છે અને કેવો હોય છે!'

'કિંતુ કૃપાનાથ, વો યોગ્ય સમયકું આપ અભી અયોગ્ય સમયપેં ક્યું યાદ કર રહે હો? ઔર અભી તો આપ કી વય સંન્યાસ લેવે કી હુ નાઁય હે.' દામોદરદાસ બોલ્યા.

'દમલા, અમેય જાણીએ છીએ કે બાવન વર્ષની વય વાનપ્રસ્થાશ્રમની છે, સંન્યાસ લેવાની નહીં. છતાંય અમે આ જ વયમાં સંન્યાસ લેશું. કારણ કે અમારી આ ભૂતલ પરની લીલા હવે શીઘ્ર જ સમાપ્ત થઈ રહી છે. અમને ભૂતલ ત્યાગવા માટે સદ્, ચિદ્ અને આનંદ રૂપ ત્રણ ભગવદ્ આજ્ઞા પ્રાપ્ત થઈ ચૂકી છે. પહેલી આજ્ઞા પાંચ વર્ષ પૂર્વ શ્રી જગન્નાથ પુરી ગયા હતા ત્યારે ગંગાસાગર પર પ્રાપ્ત થઈ હતી. બીજી ગત વર્ષે વ્રજના મધુવનમાં થઈ હતી. અને હમણાં હમણાં અહીં અડેલમાં ત્રીજી આજ્ઞા પ્રાપ્ત થઈ ગઈ છે. હવે અમે ભગવદ્ આજ્ઞાનું ઉલ્લંઘન નહીં કરી શકીએ.'

'પરંતુ કૃપાનાથ, હજુ તો આપના ઢગલાબંધ કાર્યો અધૂરા છે.' કૃષ્ણદાસ અધિકારીજીએ યાદ દેવડાવ્યું.

'તો શું થયું? શ્રી ઠાકોરજીની કૃપાથી અમારા બંને સક્ષમ લાલજી એમને પૂરા કરશે. પાંડુરંગ શ્રી વિઠ્ઠલનાથજીએ અમને જે કહ્યું હતું એ યાદ છે? દામોદરદાસ, તમે તો એ સમયે ત્યાં હાજર હતા. પ્રાકૃત દેહ ધારણ કરવાને કારણે ભૂતલ પરના પ્રાકૃત મનુષ્યોના ધર્મોનો પણ અમે સ્વીકાર કર્યો છે. કિંતુ પ્રાકૃત મનુષ્યોનું આયુષ્ય અલ્પ હોય છે, એટલા માટે અમે પણ આ ભૌતિક દેહથી સદાકાળ ભૂતલ પર નહીં બિરાજી શકીએ. ભંગવદ્ ઈચ્છાથી જ અમે બ્રહ્મચર્યાશ્રમનો ત્યાગ કરીને ગૃહસ્થાશ્રમ અંગીકાર કર્યો. હવે ભગવદ્ ઈચ્છાથી અમે ગૃહસ્થાશ્રમ ત્યાગીને સંન્યાસાશ્રમ અંગીકાર કરશું.' શ્રી મહાપ્રભુજી મક્કમતાથી સીડીનું એક એક પગથિયું ચડી રહ્યા હતા.

'હજુ તો ઘણા બધા દૈવી જીવો શરણમાં આવવાના બાકી છે. એમનું શું થશે?' દામોદરદાસ સીડીના હવે આવનારા પ્રત્યેક પગથિયાને ટાળવાનો પ્રયત્ન કરવા લાગ્યા.

'અમારા વંશજ એમને શરણમાં લેશે.'

'કૃપાનાથ, સાહિત્ય સર્જન પણ હજુ તો અધૂરું છે.' રાણા વ્યાસે દામોદરદાસના જેવો જ પ્રયત્ન કર્યો.

'વ્યાસજી, તમને યાદ છે? તૃતીય સ્કંધ સુબોધિનીજીના લેખન કાર્યની પશ્ચાત્ ચતુર્થ સ્કંધની શરૂઆત કરતાં પહેલાં શ્રી બાલકૃષ્ણ પ્રભુએ અમને ટોક્યા હતા અને દશમ સ્કંધ સુબોધિનીજી લખવા માટે આજ્ઞા કરી હતી? એનો અર્થ શું? તથા એમની આજ્ઞાનુસાર લેખન પૂરું થયા પછી થોડા જ સમયમાં અમારા લહિયા સેવક, પરમ વિદ્વાન, માધવ ભટ્ટ કાશ્મીરીનું ગોલોક ગમન પણ અમને શું સૂચવે છે? એ જ કે હવે અમારા સાહિત્ય સર્જનની પણ પૂર્ણાહુતિ થઈ ગઈ. બાકીનું સાહિત્ય સર્જન અમારા વંશજ કરશે... સારું થયું વ્યાસજી, તમે યાદ દેવડાવ્યું. પ્રતિલિપિનું કાર્ય ક્યાં સુધી પહોંચ્યું?'

'જે, દશમ સ્કંધ સુધી.'

'તૈયાર છે? અહીં આજની બેઠકમાં સાથે લાવ્યા છો?'

'જી, કૃપાનાથ.'

'લાવો તો. એક દૃષ્ટિ ફેરવી લઈએ.'

રાણા વ્યાસે ઊભા થઈને બાજુના ખૂણામાં મૂકેલું પ્રતિલિપિની પોથીનું પોટલું ઉપાડી આપશ્રીની સન્મુખ ધરી દીધું અને ખોલ્યું. આચાર્યશ્રીએ એને ઉપાડીને પોથીના લખાણ પર એક નજર ફેરવી. પોથીના પાના ઉથલાવતાં ઉથલાવતાં ઝડપથી છેલ્લા પાના સુધી આપ જોઈ ગયા અને પછી બોલ્યા :

'વાહ, બહુ સુંદર. આ સર્વ કંઈ હમણાં જ બડે લાલજીને પધરાવી દો.'

'જી, જેવી આજ્ઞા.'

રાણા વ્યાસે પ્રતિલિપિની પોથીને વસ્ત્રમાં લપેટી ગાંઠ મારી અને પોટલું શ્રી ગોપીનાથજી સમક્ષ ધર્યું. શ્રી ગોપીનાથજીએ રાણા વ્યાસ પાસેથી પોટલું લઈને પોતાના મસ્તકે ધરાવ્યું અને પાછું રાણા વ્યાસને આપતાં બોલ્યા : 'ધન્યવાદ, વ્યાસજી, તમારો સ્નેહ અને સેવા અપ્રતિમ છે. જાવ, આને અંદર અમારા કક્ષમાં વ્યવસ્થિત જગ્યાએ સાવધાનીથી પધરાવી આવો..'

રાણા વ્યાસ પોટલું લઈને અંદર પધરાવવા ગયા અને ત્વરાથી પાછા આવી જઈ બેઠકની કાર્યવાહીમાં જોડાઈ ગયા.

'હા, તો અમે એમ કહી રહ્યા હતા કે સંપ્રદાયની ધુરા હવે અમારા વંશજો સંભાળી લેશે.'

'સંપ્રદાયની ધુરા ભલે બંને લાલજીઓ સંભાળી લે; પરંતુ આપ થોડો વધુ સમય ભૂતલ પર બિરાજો તો સારું એવું અમારા સૌનું માનવું પણ છે અને ઈચ્છા પણ છે. અમે આપને આ બાબત આગ્રહપૂર્વક વિનંતી કરીએ છીએ. બોલવામાં અપરાધ થાય તો ક્ષમા કરજો, નાથ; હજુ તો આપના બંને લાલજીની ઉમર પણ પરિપક્વ નથી થઈ. બડે લાલજી શ્રી ગોપીનાથજી વીસ વર્ષના છે તો છોટે લાલજી શ્રી વિઠ્ઠલનાથજી સોળના.' દામોદરદાસજીએ શ્રી મહાપ્રભુજીને સંન્યાસ લેતા રોકવાનો છેલ્લો પ્રયત્ન કરી જોયો.

'શારીરિક સક્ષમતાનો આધાર વયની સાથે અવશ્ય હોય છે, પરંતુ આધ્યાત્મિક સક્ષમતાને વયની સાથે કોઈ લેવાદેવા નથી હોતી. અમારા બંને લાલજી હવે સ્વતંત્ર આચાર્ય બનીને અમારી ગાદી પર બેસવાને લાયક થઈ ચૂક્યા છે. બડે લાલજીના તો વિવાહ પણ થઈ ચૂક્યા છે. એમને અમે આજે અમારા પ્રથમ ઉત્તરાધિકારી તરીકે શુદ્ધાદ્વૈત પુષ્ટિભક્તિમાર્ગના આચાર્યપદ પર અભિષિક્ત કરીએ છીએ. આ બેઠકના સમાપનમાં એ વિધિ પણ સંપન્ન થશે... છતાં પણ જો આવશ્યકતા ઊભી થઈ તો તમે તો છો જ, દમલાજી. એટલા માટે જ તમને પાંચ વર્ષના ગોકુલ નિવાસ પશ્ચાત્ હવે ફરીથી અહીં બોલાવી લીધા છે. અમે તમારા હૃદયમાં પુષ્ટિમાર્ગની સ્થાપના કરી દીધી છે. અમારા સર્વ સિદ્ધાંતો અને ગ્રંથો તમને હૃદયારૂઢ કરાવી દીધા છે... કારણ કે અમારી પશ્ચાત્ ભૂતલ પર તમારી ઉપસ્થિતિ દીર્ઘકાલીન છે...' આચાર્યશ્રી સ્વલક્ષણ મુજબ એક એક શબ્દ જોખી તોલીને ઉચ્ચારી રહ્યા હતા!

'તો આનો અર્થ એ થયો કે હવે અમને આપના દર્શન દુર્લભ થશે.' ઓછું બોલનારા કૃષ્ણદાસ મેઘને પણ હવે રૂંધાયેલા કંઠે, ક્ષોભ પામતાં પામતાં, પોતાના મનની શંકા રજૂ કરી.

'કોણ કહે છે? જ્યારે પણ અમને યાદ કરશો, અમે તમને અલૌકિક સ્વરૂપે દર્શન દેશું. દમલાને અમે અમારા પાદુકા પધરાવી દીધા છે. એવા જ બીજા ઘણા સેવકોને પાદુકા એવં ચરણછાપવાળાં વસ્ત્ર પધરાવી દીધાં છે. તમારા જેવા સર્વને માટે અમે સદા સર્વદા બિરાજમાન છીએ. તમારા જેવા ભક્તોના હૃદયમાં અમારો વાસ છે. ભૂતલનો ત્યાગ કરવાની અમારી લીલા તો કેવળ આસુરી જીવોને વ્યામોહ ઉત્પન્ન કરાવવા માટેની જ હશે.' શ્રી મહાપ્રભુજી પોતાના નિર્ણયમાં અડગ હતા.

'આપના પરિવારજનોને આપના નિર્ણયની જાણકારી છે?' કૃષ્ણદાસ અધિકારીજી પોતાના સ્વભાવ, નીતિ અને કાર્ય પ્રણાલી મુજબ પૂછી બેઠા.

'હા, 'અંતઃકરણપ્રબોધ ગ્રંથની રચના કરીને અમે સૌને તે સમજાવ્યો છે અને ભગવદ્ આજ્ઞાનો સ્વીકાર કરી લેવાનો આગ્રહ કર્યો છે. માતૃચરણની આજ્ઞા અને વહુજીની અનુમતિ મળતાં જ અમે એકાદ બે દિવસમાં સંન્યાસ ગ્રહણ કરી લેશું. બંને લાલજી અમારા ઉત્તરાધિકારી છે. સમય સમય પર તેઓ પોતપોતાનું કર્તવ્ય નિભાવશે. અને હા, દામોદરદાસ, તમારે માટે 'સંન્યાસનિર્ણય' ગ્રંથની રચના કરી છે કે જે અમે તમને આજે જ રાત્રિસત્સંગ દરમ્યાન સમજાવી દેશું.' આચાર્યશ્રી સીડીના લગભગ અંતિમ પગથિયે પહોંચી ચૂક્યા હતા.

'આજે જ!?' દામોદરદાસ વિસ્મિત થઈ ગયા.

‘હા, આજે જ. કેમ કે શક્ય હશે ત્યાં સુધી અમે આવતીકાલે જ સંન્યાસ ગ્રહણ કરશું. હવે કોઈને કંઈ શંકા છે? જો ન હોય તો બેઠકનું સમાપન કરીએ અને આચાર્ય પદ પર બડે લાલજીનો અભિષેક કરીએ. જાવ, અંદરથી જનાનાવર્ગને પધરાવો.’

થોડી વારમાં તો ગુપ્ત બેઠકવાળા ખંડમાં, પડદા-ઓઝલ જનાનાની ઉપસ્થિતિમાં, અંતરંગ સેવકોની સમક્ષ, આચાર્યશ્રી મહાપ્રભુજીએ વેદોક્ત વિધિથી શ્રી ગોપીનાથજીનો શુદ્ધાદ્વૈત પુષ્ટિભક્તિમાર્ગના આચાર્ય પદ મંત્રોચ્ચાર સહિત અભિષેક કર્યો અને પ્રસાદી કંકુથી તિલક કરી બે પ્રકારની ઘોષણા કરી. સાથે સાથે એ પણ ઘોષણા કરી કે શ્રી ગોપીનાથજીની અનુપસ્થિતિમાં શ્રી વિઠ્ઠલનાથજી મોટા ભાઈનું પદ સંભાળશે અને આચાર્યત્વેન બિરાજશે.

અભિષેકનો વિધિ સંપન્ન થયો એટલે જનાનાવર્ગ પાછો અંદર જતો રહ્યો. સૌ સેવકોએ આચાર્યશ્રીને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી ચરણસ્પર્શ કર્યા. શ્રી વલ્લભે પ્રત્યેક સેવકને વ્યક્તિગત રીતે મળી યથાયોગ્ય બોધ વચનો કહ્યાં અને આશીર્વાદ દીધા. પછીથી બધાને આચાર્યશ્રીએ સ્વહસ્તે પ્રસાદ લેવડાવીને વિખેર્યા. સૌ પોતપોતાના મુકામે જવા ભારે હૈયે છૂટા પડ્યા. અંતે શ્રી મહાપ્રભુજીએ બંને પુત્રોને પોતાની પાસે જ રાખ્યા અને સંપ્રદાયનો મર્મબોધ પ્રદાન કરી આચાર્યપદ અંગેની સમજ આપી.

છેવટે શ્રી મહાપ્રભુજીએ શ્રી ગોપીનાથજીને એક અત્યંત મહત્વની વાત કરી : ‘ગોપીશ, તમારા વહુજીને સારા દિવસો (પાંચ પૂરા થઈને છઠ્ઠો મહિનો) જાય છે. તેઓ યોગ્ય સમયે એક પુત્ર રત્ન પ્રાપ્ત કરશે; પરંતુ...’

‘પરંતુ શું તાતજી?’

‘અમારા શબ્દો સાંભળીને રંજ તો નહીં કરો ને?’

‘તાતજી, અમે આપના પુત્રો છીએ, આપનો અંશ છીએ. અમને એ વાતનું અતિશય ગૌરવ છે. આપનો અંશ રંજ કરે તો આપે જ રંજ કર્યા બરાબર લેખાય. અને આપ લૌકિક બાબતોનો રંજ કઈ રીતે કરી શકો? આપનો પ્રત્યેક શબ્દ અમારા બંને માટે બ્રહ્મવાક્ય ‘સમાન’ નહીં પણ બ્રહ્મવાક્ય ‘જ’ છે. અમે અત્યંત પ્રસન્ન છીએ. આપ નિશ્ચિંત થઈને કહો. અમારે માટે અત્યારની ઘડી અવિસ્મરણીય છે અને આપની સાથે વિતાવેલી

પ્રત્યેક ઘડીઓ પણ અવિસ્મરણીય છે. આપની આજ્ઞા એ જ અમારું જીવન છે. આપે દર્શાવેલા સિદ્ધાંતો જે પચાવી શકશે એને લૌકિકના સુખ દુઃખ કદાપિ સ્પર્શી નહીં શકે.. અને ખાતરી રાખજો કે આપના સિદ્ધાંતો અમે સારી રીતે પચાવી શકીએ એ માટે આપે જે અથાગ શ્રમ ઉઠાવ્યો છે... આપનો એ શ્રમ વ્યર્થ નથી ગયો.’

ઓહ! આ તો બાજી પલટાઈ ગઈ! અડેલના વિચિત્ર ભાવિએ આ અવિસ્મરણીય ઘડી અંગે ઘડ્યું’તું કંઈ અને ઘડાયું કઈ! શ્રીમદ્ વલ્લભનંદન શ્રી ગોપીનાથજીને મહાત કરવાનો એનો પેંતરો હતો, પરંતુ પરમ વંદનીય અને આદરણીય ગોપીનાથજીના ઉત્તમોત્તમ સંસ્કાર પાસે એ સ્વયં મહાત થઈ ગયું! ભગવદ્ સ્વરૂપો સામે કોઈ બાથ ભીડી શક્યું છે!? તો અડેલના વિચિત્ર ભાવિની શી વિસાત? છતાંય ‘હાર્યો જુગારી બમણું રમે’ એ ઉક્તિ અનુસાર અત્યારે હાર્યાનો બદલો ભવિષ્યમાં લેવા માટે એણે નવેસરથી કમર તો કસવા જ માંડી હોં! એ સખણું નથી રહેવાનું!

‘... તો સાંભળો. તમારા પછી તમારા પુત્રનો નિત્યલીલા પ્રવેશ થશે અને એ નિર્વંશ જશે. આ વાત અત્યારથી જાણીને લૌકિક દષ્ટિએ તમને અવશ્ય ખેદ પ્રાપ્ત થશે; ન થાય તો પણ તમારે એ રીતનો અભિનય તો કરવો જ પડશે! તમે સારી રીતે જાણો છો કે તમારા ભાગે આવેલું ભગવદ્ ઈચ્છાવાળું આ એક નાટક માત્ર છે! તમારા જેવા વિદ્વાનને આનાથી વધુ સમજાવવાની આવશ્યકતા ન હોય. લૌકિકમાં તમારો આ મહાન ત્યાગ લેખાવો જોઈએ. જો ન લેખાય તો સેવકોનું કમભાગ્ય! બાકી; વંશ તો વિઠ્ઠલેશનો આગળ વધશે. વળી ઘરની મહિલાઓમાં ક્લેશ પેદા ન થાય એનું બંને જણા ખાસ ધ્યાન રાખજો. ક્લેશ માટે અનેક નાનાં-મોટાં કારણો ઊભા થઈ શકે છે. આ ઉપરાંત એક મહત્ત્વની બીજી વાત પણ છે...

... અત્યારે સેવકોની સંખ્યા અલ્પ છે પરંતુ ભવિષ્યમાં વિપુલ માત્રામાં થશે. અત્યારે જ બંને પ્રકારના સેવકો મોજૂદ છે.. નિર્ગુણ અને સગુણ. વળી સગુણમાંય ત્રણેય પ્રકારના છે... સત્ત્વગુણી (સાત્ત્વિક), રજોગુણી (રાજસ), અને તમોગુણી (તામસ). કોઈ બડે લાલજીમાં સ્વરૂપાસક્ત છે તો કોઈ છોટે લાલજીમાં. આ સ્વરૂપાસક્તિ પોતે પોતાનામાં અમુક હદ સુધી વ્યાજબી છે

કારણ કે એ આસક્તિ સેવકોના નિજના ગુણો પર અવલંબિત છે; પરંતુ એ જ આસક્તિ જ્યારે એમની ભાવના પર કે બુદ્ધિ પર હાવિ થઈ જશે ત્યારે જાણે અજાણે જ એ સેવકો તમારા બંને વચ્ચે ભેદરેખા ખેંચશે અને પક્ષપાતના ખેલ રચાશે. બસ, આ પક્ષપાતના ખેલ ખતરનાક હશે, એનાથી બચીને રહેજો... બાકી તો શ્રી હરિ જ બુદ્ધિપ્રેરક છે એ પણ નિઃશંક વાત છે... જો એવો કપરો સમય આવે તો 'કર્તું અકર્તું અન્યથા કર્તું, સર્વસામર્થ્યયુક્ત...' અને 'અશક્યે વા સુશક્યે વા...' નું વિસ્મરણ નહીં થવા દેતા.'

બંને પુત્રોએ શ્રી વલ્લભાધીશને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા અને ચરણરજ મસ્તકે ચડાવી. શ્રી વલ્લભે બંને પુત્રોને છાતી સરસા ચાંપ્યા અને મસ્તક ચૂમી ખૂબ વહાલ કરી આશીર્વાદ આપ્યા : 'કલ્યાણમસ્તુ.'

આખા ગૃહમાં સૌ પરિવારજનોએ અને સેવકોએ એ રાત અત્યંત ભારે હૈયે વિતાવી...

બીજે દિવસે અડેલના કાબરચીતરા આકાશમાં વિ.સં. ૧૫૮૭ના ગુર્જર વૈશાખ વદ ૧૦ની ધૂંધળી સવાર ઊગી.

ચારેય આશ્રમના પાલન દ્વારા પોતાનું પૂર્ણ આચાર્ય સ્વરૂપ જગતમાં પ્રગટ કરવાનું હોવાથી શ્રી મહાપ્રભુજીએ સંન્યાસ લેવાનો દઢ નિર્ણય તો લીધો પરંતુ માતાજી અને વહુજીની આજ્ઞા નહોતી મળી રહી, તેથી કંઈક વિચારીને એ ધૂંધળા દિવસે આપશ્રીએ પોતાની બેઠકમાં આવૃત અગ્નિ પેદા કર્યો. એ અગ્નિ લૌકિક દાહકરૂપ અગ્નિ છે અને બેઠકને બાળી નાંખશે એવી ભ્રમણામાં આવી જઈને માતાજી અને વહુજી ચિંતિત થઈને બહાર ધસી આવ્યાં અને 'પ્રવજ, પ્રવજ' બોલીને શ્રી મહાપ્રભુજીને બહાર પધારવા માટે કહેવા લાગ્યાં. સંસ્કૃતના આ શબ્દને 'બહાર નીકળો, બહાર નીકળો' એવા અર્થમાં અને 'સંન્યાસ લો, સંન્યાસ લો' એવા બંને અર્થમાં ઘટિત કરીને આપશ્રીએ માતાજી તથા વહુજીની આજ્ઞા પ્રાપ્ત કરી લીધી!

આજ્ઞા પ્રાપ્ત થતાવેંત આપ તરત જ બહાર પધાર્યા અને અડેલ ગામની શેરીઓમાં ચાલી નીકળ્યા. એમને આમ કરતા જોઈને બેઠકમાં જ સામે બેઠેલા કૃષ્ણદાસ મેઘન અને દ્વાર પર બેઠેલા વિષ્ણુદાસ છીપા ચેતી ગયા અને સફાળા ઊભા થઈ છલાંગ મારીને પાછળ પાછળ દોડવા લાગ્યા. આચાર્યશ્રી શેરીઓ

વટાવતા વટાવતા એક ઘર આગળ આવીને ઊભા રહ્યા. અડેલ ગામમાં જ વસતા શ્રી માધવેન્દ્ર યતિજીનું એ ઘર હતું. યતિજી પાસેથી આચાર્યશ્રીએ મન-વાણી-દેહનો નિરોધ થાય એવો ત્રિદંડી સન્યાસ ગ્રહણ કર્યો અને 'પૂર્ણાનંદ' નામ ધારણ કર્યું.

સંન્યાસની દીક્ષા લઈને આચાર્યશ્રી છ દિવસ સુધી ત્યાં જ અડેલમાં પર્ણકુટીમાં બિરાજ્યા. ત્યાર પશ્ચાત્ આઠ દિવસ અડેલમાં જ શ્રી યમુનાજીને કિનારે વાસ કર્યો. પછી હંસાશ્રમ અવસ્થા ગ્રહણ કરીને કાશી તરફ પધાર્યા. અઢાર દિવસ લાગ્યા ત્યાં પહોંચવામાં. ત્યાર પશ્ચાત્, અંતમાં કાશીના હનુમાન ઘાટ પર આઠ દિવસ સુધી મૌન વ્રત એવં અનશન વ્રત લઈને પરમહંસ અવસ્થામાં બિરાજ્યા.

ભાગવત સંન્યાસની ચારેય અવસ્થાઓને થોડો થોડો સમય ધારણ કરીને અંતિમ પરમહંસ અવસ્થામાં આપ જ્યારે કાશીમાં હનુમાન ઘાટ પર બિરાજ્યા ત્યારે આપની સાથે વિષ્ણુદાસ છીપા અને કૃષ્ણદાસ મેઘન હતા.

સંન્યાસની આ અવસ્થામાં પણ કાશીના કેટલાક તેજોદ્વેષી પંડિતો વાદ કરવા આવ્યા. એ સમયે શ્રી મહાપ્રભુજીએ 'સંન્યાસનિર્ણય' ગ્રંથ લખી દીધો. એ વાંચીને તત્કાળ તો પંડિતો ચૂપ થઈ ગયા; પરંતુ થોડા દિવસ રહીને ઘણા બધા તેજોદ્વેષી પંડિતો ભેગા મળીને ફરી પાછા આવ્યા અને પ્રશ્નો પૂછીને નિરર્થક સતાવવા લાગ્યા. ત્યારે શ્રી મહાપ્રભુજી મૌન અવસ્થામાં હોવાથી કંઈ બોલ્યા તો નહીં પરંતુ ક્રોધાયમાન થઈને કાળઝાળ (ભયંકર જ્વાલા નીકળતા અગ્નિ) સ્વરૂપે સૌને દર્શન દીધા. એમના એવા અગ્નિ સ્વરૂપથી સૌ પંડિતોની આંખો અંજાઈ ગઈ અને દાઝવા લાગ્યા. બધા ઊભી પૂંછડીએ ત્યાંથી નાઠા. આપશ્રીના લીલામાં પધારવાના અલભ્ય દર્શનના લાભથી પણ એ પંડિતો જરાકને માટે વંચિત રહી ગયા! વૈમનસ્ય, તેજોદ્વેષ, ખટરાગ, ક્રોધ બદલાની ભાવના વગેરે તામસી ગુણો મનુષ્ય જાતિ માટે મહાશત્રુ સમાન છે એ સત્ય પેલા પંડિતો જાણતા હોવા છતાં એના પર વિજય ન મેળવી શક્યા કે ન તો શ્રી મહાપ્રભુજીના સ્વરૂપને ઓળખી શક્યા. માયાના આવરણ ભેદવા ખરેખર કપરા છે.

આમ સંન્યાસના ચાલીશ દિવસ પૂરા થયા પછી આપે ગંગાજીની મધ્ય ધારામાં ઊતરીને આસુરવ્યામોહ લીલા કરવાની તેમ જ શ્રી હરિની નિત્ય

લીલામાં પ્રવેશ કરવાની તૈયારી કરી લીધી. કઠણ કાળજાનો સમય પણ આવી અદ્ભુત અપૂર્વ લીલાનાં દર્શન કરવા થંભી ગયો. આપશ્રીના પિતામહ શ્રી વલ્લભ દીક્ષિતજીએ રચેલા 'પૂર્વાંગ-ઉત્તરાંગ વિશિષ્ટ' નામના ગ્રંથના આધાર પર આપે ચાલીશ દિવસનો ભક્તિમાર્ગીય સંન્યાસ લઈને પોતે લીધેલી પ્રતિજ્ઞાને સત્ય કરી દેખાડી...

... એ પ્રતિજ્ઞાનો અંતિમ તબક્કો હવે સાકાર થવા જઈ રહ્યો હતો. છેવટના દિવસે કાશીના હનુમાન ઘાટ પર સંન્યાસગ્રસ્ત શ્રી વલ્લભ મધ્યાહ્ન સમયે લીલામાં પધારવાની તૈયારી કરી ચૂક્યા હતા, ત્યાં જ આપના બંને પુત્રો આપની પાસે કર્તવ્યબોધ પ્રાપ્ત કરવા દોડી આવ્યા. હાથ જોડીને બંને પુત્રો આપશ્રીના દિવ્ય સ્વરૂપને એકીટશે નિહાળી રહ્યા. આપશ્રી તદ્દન નિર્લેપ ભાવમુદ્રામાં હતા.

વાત વાયુ વેગે ફેલાઈ ગઈ. હજારો લોકોની ભીડ જમા થવા લાગી. છતાંય હનુમાન ઘાટ પર સોપો પડી ગયો. વાયુમાં ડોલતાં સજીવ વૃક્ષો અચાનક કોઈ સુંદર ચિત્રમાંનાં વૃક્ષો બની ગયાં. ગંગાજીના નીર પણ સ્થિર થઈ ગયાં. એ જ ઘાટ પાસે ગંગાજીમાં સમાઈ જતી નાનકડી અસિ નદી (વારાણસીની 'વારણા' અને 'અસિ' એમ બે નદીઓમાંની એક નદી) તો પોતાના ભાગ્ય પર ગૌરવ લેવા લાગી અને ઊછળી ઊછળીને વહેવા લાગી. આ જોઈ ધીર ગંભીર ગંગાજીએ એને ટપારી અને શાંત થઈ જવા કહ્યું. અસિએ પોતે શું ભૂલ કરી છે એ થોડી વાર માટે તો એને ન સમજાયું પણ પછી એણે ગંગાજીની નકલ કરી લીધી. ગંગાજીએ ચરણાટમાં જેવો ખેલ ખેલ્યો હતો એવો ખેલ ફરીથી અત્યારે ખેલવાની હિંમત નહોતી! કારણ કે અત્યારે એમણે 'અભિસારિકા' નાયિકા બનવાનું નક્કી કરી લીધું હતું!

હનુમાન ઘાટના ઊંચા ઊંચા અગણિત પગથિયાંની વિશાળતા અત્યારે આચાર્યશ્રીના ભવ્યાતિભવ્ય અસ્તિત્વ પાસે તદ્દન વામણી લાગી રહી હતી; તો ગંગાજીનો અફાટ જલપટ સાવ નાનાં ઝરણાં જેવો લાગી રહ્યો હતો! રમત રમતમાં કોઈ આધુનિક બાળકે પોતાના ભેરુઓને ઓચિંતાનું 'સ્ટેચ્યુ..ઉઉ' કહી દીધું હોય અને એની અસર સર્વત્ર ફેલાઈ ગઈ હોય એ રીતે અચાનક જ સમગ્ર પ્રકૃતિ થંભી ગઈ હતી! એ અસરમાંથી મુક્ત હતા એક માત્ર આપણા સત્યપ્રતિજ્ઞ: શ્રી વલ્લભ!

'હવે અમારું શું કર્તવ્ય છે?' નાના પુત્ર શ્રી વિઠ્ઠલેશજીએ ધીમા સ્વરે પૂછ્યું.

'હે તાતચરણ, અમારે માટે આપનો અંતિમ ઉપદેશ શું છે એ આપ કૃપા કરીને અમને જણાવો.' મોટા પુત્ર શ્રી ગોપીનાથજીએ વંદન કરતાં વિનંતી કરી.

બંને પુત્રોને આપશ્રી મર્મબોધ તો પ્રદાન કરી ચૂક્યા જ હતા, છતાં ય બંને પુત્રોને પોતાની સમક્ષ ફરીથી બોધ પ્રાપ્ત કરવા માટે આવેલા જાણીને, મૌન ધારણ કર્યું હોવાથી, ઘાટની શિલા પર જ આપે 'શિક્ષાશ્લોકી'ના સાડાત્રણ શ્લોકો દ્વારા ઉપદેશ લખી દઈ કર્તવ્યબોધ પ્રદાન કર્યો. શ્રી ગોપીનાથજીએ એ ઉપદેશ વાંચ્યો :

'યદા બહિર્મુખા યૂયં ભવિષ્યથ કથંચન ।
તદા કાલ-પ્રવાહસ્થા દેહ-ચિત્તાદયોઽપ્યુત ॥૧॥
સર્વથા ભક્ષયિષ્યન્તિ યુષ્માનિતિ મતિર્મમ ।
ન લૌકિકઃ પ્રભુઃ કૃષ્ણો મનુતે નૈવ લૌકિકમ્ ॥૨॥
ભાવસ્તત્રાપ્યસ્મદીયઃ સર્વસ્વશ્ચૈહિકશ્ચ સઃ ।
પરલોકશ્ચ તેનાયં સર્વભાવેન સર્વથા ॥૩॥
સેવ્યઃ સ એવ ગોપીશો વિધાસ્યત્યખિલં હિ નઃ ।'

શ્રી ગુસાંઈજી આ શ્લોકો પર દૃષ્ટિ રાખીને, રૂંધાયેલા સ્વરે, એનો અર્થ બોલ્યા :

'જ્યારે કોઈ પણ પ્રકારથી તમારું ચિત્ત ભગવાનમાંથી છૂટીને અન્ય વિષયોમાં રચ્યુંપચ્યું થઈ જશે ત્યારે આ કાળનો પ્રવાહ તમારું સર્વ રીતે ભક્ષણ કરી જશે. અલૌકિક એવા પ્રભુ શ્રી કૃષ્ણ પ્રતિ જ આપણો પૂર્ણ પ્રેમ હોવો જોઈએ. આલોક અને પરલોક સંબંધી આપણું સર્વસ્વ શ્રી કૃષ્ણ જ છે, એટલા માટે સર્વ ભાવથી જો એમનું સેવન કરશો તો એ તમને આલોક અને પરલોકનું સર્વ સુખ અવશ્ય દેશે.'

એ જ સમયે સાક્ષાત શ્રી ગોવર્ધનનાથજી ત્યાં પ્રકટ થયા અને એ સાડાત્રણ શ્લોકોમાં સમજાવેલી વાતને પોતાનું અનુમોદન છે એવું પ્રતિપાદિત કરવા પોતાની છડીથી બાકીનો દોઢ શ્લોક લખી દઈ ઉપદેશને પૂર્ણ કર્યો. પુષ્ટિ સંપ્રદાયમાં આ પાંચ શ્લોકો 'શિક્ષાશ્લોકાઃ'ના નામથી પ્રસિદ્ધ છે.

શ્રી ગોપીનાથજીએ એ પણ વાંચ્યો :

'મયિ ચેદસ્તિ વિશ્વાસઃ શ્રીગોપીજનવલ્લભે ॥૪॥
તદા કૃતાર્થા યૂયં હિ શોચનીયં ન કર્હિચિત્ ।
મુક્તિર્હિત્વાઽન્યથા રૂપં સ્વરૂપેણ વ્યવસ્થિતિઃ ॥૫॥

શ્રી ગુસાંઈજી આ શ્લોકો પર પણ દૃષ્ટિ રાખીને એનો અર્થ બોલ્યા :

'શ્રી વલ્લભની વાત બિલકુલ સત્ય છે. હું ગોપીજન વલ્લભ છું. તમને મારા પર જો દઢ વિશ્વાસ હશે તો તમે કૃતાર્થ છો, અને એટલા માટે જ તમારે કોઈ પણ પ્રકારનો શોક કરવાની આવશ્યકતા નથી.'

શ્રી વલ્લભ તરત ઊભા થઈ ગયા અને શ્રીનાથજીને દંડવત્ પ્રણામ કર્યા. બંને પુત્રોએ પણ શ્રીનાથજીને વંદન પ્રણામ કર્યા. શ્લોક લખીને તરત શ્રીનાથજી અંતરધ્યાન થઈ ગયા.

આમ સંન્યાસના ૪૦ મા દિવસે અંતિમ કાર્ય પતાવીને વિ.સં. ૧૫૮૭ના અષાઢ સુદ ૨ ઉપરાંત ૩ને દિવસે (રથયાત્રાને દિવસે) મધ્યાહ્ન સમયે જ્યારે પુષ્ય નક્ષત્રની વ્યાપ્તિ થઈ ત્યારે અભિજિત કાળમાં શ્રી મહાપ્રભુજી, માનવ મહેરામણથી છલકાતા છતાંય આપની દૃષ્ટિમાં સાવ નિર્જન એવા, કાશીના હનુમાન ઘાટ પરથી એક એક પગથિયું સાવજની છટાએ અતિ સહજ અને નિર્ભિક રીતે નીચે ઊતરીને સ્થિતપ્રજ્ઞતાથી ગંગાજીના જલપ્રવાહમાં પધાર્યા.

આપશ્રીના ચરણારવિંદોનો સ્પર્શ જેવો જલને થયો કે તરત એમાં વિદ્યુતસંચાર થયો! ધીમે ધીમે આપશ્રી ગંગાજીના જલપ્રવાહમાં પધાર્યા એટલે પ્રવાહ હિલોળે ચડ્યો. ગૌરાંદે ગંગાજીએ પુલકિત થઈને તેજ ગતિ ધારણ કરી લીધી અને અભિસાર આદર્યો! હૈયાના ધબકારા વધી ગયા! અટકચાળી અસિએ ગંગાજીને પૂછ્યુંય ખરું કે, 'હવે કેમ આમ? મને તો ટપારીને શાંત કરી દીધી હતી!' ત્યારે ગંગાજીએ કહ્યું, 'એ બધું તને નહીં સમજાય. તું હજુ બહુ નાની છો. જે થાય છે એ ચૂપચાપ જોયા કર. હવે થોડી વાર માટે મને જરાય વિક્ષેપ ન પાડતી, સમજી? નહીં સમજે તો ફરીથી તારું વહેણ બદલી નાંખીશ.'

હવે શ્રી વલ્લભ છાતી સમાણા જલ સુધી પધાર્યા અને નેત્રો મીંચીને શ્રી હરિનું સ્મરણ કર્યું. બીજી જ ક્ષણે આપે જલમાં ડૂબકી મારી અને તિરોહિત થઈ ગયા. જલપ્રવાહમાંથી એક જબરદસ્ત લાટ ઊછળી. એ જ સમયે એક પ્રચંડ જ્યોતિર્પુંજ એ લાટમાંથી પેદા થયો અને દંડાકાર ધારણ કરીને ગગનમાં સૂર્યમંડળ સુધી પહોંચ્યો! બરાબર એજ સમયે તેજપુંજની એક પ્રખર ધારા શ્રી ગિરિરાજજીની દંડવતી શિલાની પાસેથી વીજળી વેગે ગિરિકંદરામાં પ્રવેશ કરી ગઈ. અંતર્ચક્ષુથી એ જોઈને ત્યાં બેઠેલા સૂરદાસજી પદ ગાઈ ઊઠ્યા -

'દૃઢ ઈન ચરનન કેરો ભરોસો ।
શ્રી વલ્લભ નખચંદ્ર છટા બિન સબ જુગ માઁઝ અઁધેરો ॥
સાધન ઓર નહીં યા કલિ મેં જાસુઁ હોત નિવેરો ।
સૂર કહા કહે દ્વિવિધ આઁધરો બિના મોલ કો ચેરો ॥'

તો કાશીમાં હનુમાન ઘાટ પર બેઠેલા આપશ્રીના અંતરંગ સેવક વિષ્ણુદાસ છીપા આચાર્યશ્રીની આસુરવ્યામોહલીલાનો પ્રસંગ નિહાળીને પદ ગાઈ રહ્યા હતા :

'વંદેહં તં વિમલ હુતાશં ।
જા તેં પ્રકટ પ્રદીપ શ્રી વિઠ્ઠલ અમલ અદ્‌ભુત તિમિર ભ્રમ નાશં ॥૧॥

વિષ્ણુદાસ છીપાની બાજુમાં બેઠેલા કૃષ્ણદાસ મેઘન શૂન્યમનસ્ક થઈને વિમૂઢ અવસ્થામાં પદ સાંભળી રહ્યા હતા. પદ પૂરું થતાં જ, એમને એટલી હદે વિરહજ્વર વ્યાપી ગયો કે એ જ અવસ્થામાં એમણે, ઘાટ પર જ વિપ્રયોગ કરી, દેહનો ત્યાગ કરી દીધો!

ત્યાં એકત્રિત થયેલા સહુ લોકોએ પેલા ભવ્ય અને દિવ્ય દંડાકાર જ્યોતિર્પુંજના દર્શન લગભગ ત્રણ કલાક સુધી કર્યાં.

આમ ૫૨ વર્ષ ૨ માસ અને ૭ દિવસ સુધી ભૂમિને સતત પાવન કર્યા પછી આચાર્ય શ્રી મહાપ્રભુજીએ આસુરવ્યામોહલીલા કરી ભૂતલનો ત્યાગ કર્યો અને શ્રી ગોવર્ધનધરણની નિત્યલીલામાં પૂર્વવત પ્રવેશ કર્યો.

(૧૪)

વિ.સં. ૧૫૮૭માં શ્રી મહાપ્રભુજી નિત્યલીલામાં પધાર્યા ત્યારે શ્રી ગોપીનાથજી ૧૯/૨૦ વર્ષના અને શ્રી ગુસાંઈજી ૧૬ વર્ષના હતા. આ સમય સુધી બંને પુત્રો 'શ્રી વલ્લભનંદન' તરીકે ઓળખાતા. ત્યાર પછીથી, શ્રી ગોપીનાથજી દરેક રીતે પિતાની હૂબહૂ પ્રતિકૃતિ જેવા હોવાથી અને આચાર્યશ્રીની ગાદી પર બિરાજમાન થયેલ હોવાથી, 'શ્રી વલ્લભનંદન'ને બદલે માત્ર, 'શ્રી વલ્લભ' તરીકે અને શ્રી ગુસાંઈજી 'શ્રી વલ્લભનંદન' તરીકે ઓળખાવા લાગ્યા.

શ્રી મહાપ્રભુજીના નિત્યલીલા પ્રવેશ પછી જ્યારે ધીમે ધીમે દાસ વર્ગ અને એની સ્ત્રીઓએ ઘરની મહિલાઓમાં મંથરાકાંડ રચવા માંડ્યા અને

આચાર્યપદ અંગે ગંભીર વિવાદ ચગાવ્યો ત્યારે શ્રી ગોપીનાથજી પિતાના વચનોનું સ્મરણ કરીને ઉદાસીન રહેવા લાગ્યા. તેઓ શ્રી મહાપ્રભુજી દ્વારા ગાદીપતિ આચાર્ય તરીકે અધિકૃત રીતે અભિષિક્ત થયેલા હોવા છતાં ઘરની અમુક મહિલાઓ અને સંપ્રદાયના અમુક સેવકો માત્ર શ્રી ગુસાંઈજીને જ આચાર્ય સ્વરૂપે જોવા લાગ્યા અને માન દેવા લાગ્યા તથા શ્રી ગોપીનાથજીની અવગણના કરવા લાગ્યા ત્યારે આપે અધ્યાત્મ ચિંતનમાં વિશેષ મન પરોવ્યું. ગૃહાસક્તિ નામશેષ થવા લાગી. એમની વિરક્ત છબી જોઈને સૌ કોઈ એમને હવે 'જતિબાબા'ના હુલામણા નામથી સંબોધન કરવા લાગ્યા. આમ આપશ્રી 'ગોપીનાથજી'માંથી 'વલ્લભનંદન', પછી 'વલ્લભ' અને હવે 'જતિબાબા' બની ગયા! સેવકોની પણ બલિહારી છે ને! ભગવદ સ્વરૂપોને પોતાના મનમાં આવે એવા ઘાટ અને નામ આપવા લાગ્યા! ચાલો, એવા 'જતિબાબા'ના ગૃહે કંઈક નવાજૂની થઈ રહી છે એ જોવા આપણે જઈએ.

શ્રી મહાપ્રભુજીના નિત્યલીલા પ્રવેશ પછી પોણા ત્રણ મહિને અડેલની ધરતી લીલુડી બની. વિ.સં. ૧૫૮૭ના (ગુર્જર) ભાદરવા વદ ૮ના દિને શ્રી ગોપીનાથજીને ત્યાં, પાચ્યમાગારુ વહુજીની કૂખે, પુત્રનું પ્રાકટ્ય થયું. સર્વત્ર હર્ષોલ્લાસ છવાઈ વળ્યો. પુત્રનું નામ 'પુરુષોત્તમજી' રાખવામાં આવ્યું. (જેમનો વંશ આગળ નથી વધ્યો.) સેવકોએ શ્રી પુરુષોત્તમજીના પ્રાકટ્યની વધાઈ ગાઈ -

> 'શ્રી વલ્લભસુતકે સુત પ્રગટે પરિપૂરન પુરુષોત્તમ નામ ।
> શ્રી ગોપીનાથ નિરખિ મન ફૂલે મંગલ ગાવત ચહુંદિશ વામ ॥૧॥'

શ્રી મહાપ્રભુજીના ભૂતલત્યાગ પછી શ્રી ગોપીનાથજીએ શ્રીમદ્ વલ્લભાચાર્યજીની આચાર્યપીઠ ઉપર બિરાજીને પુષ્ટિ સંપ્રદાયનું શાસન સંભાળી લીધું. શ્રી ગોપીનાથજીને શિરે હવે અનેકવિધ જવાબદારીઓ આવી પડી. શ્રી આચાર્યચરણે શ્રી વિઠ્ઠલનાથજીની જવાબદારી પણ શ્રી ગોપીનાથજીને સોંપી હતી. વિ.સં. ૧૫૮૮માં શ્રી ગોપીનાથજીએ પિતાના સ્થાને રહીને નાના ભાઈ શ્રી ગુસાંઈજીના વિવાહ વિશ્વનાથ બાગરોદીની કન્યા રુકિમણીજી સાથે ધામધૂમપૂર્વક કરાવી દીધા. હવે વારાફરતી એક ભાઈ ગોપાલપુરમાં શ્રીનાથજીની સેવામાં રહે અથવા પ્રવાસમાં રહે તો બીજા ભાઈ અડેલમાં દાદીજી તથા માતાજીની સેવામાં રહે અને સમગ્ર પરિવારનું ધ્યાન રાખે. પરંતુ આવા આનંદના દિવસોમાંય શ્રી ગોપીનાથજી પોતાની પ્રસન્નતા

ખોઈ ચૂક્યા હતા! શ્રી પુરુષોત્તમજીના પ્રાકટ્ય પછીથી તો આપશ્રી વૈરાગ્ય દશામાં જ રહેવા લાગ્યા. એમને રહી રહીને પિતાજીનું વાક્ય ઠોકા મારવા લાગ્યું... 'તમારા પુત્ર નિર્વંશ જશે...'

શ્રી ગોપીનાથજી પ્રભુચરણે વિ.સં. ૧૫૯૦માં ગુજરાત, સિંધ, દ્વારકા, જગન્નાથપુરી વગેરે ઘણા સ્થળોનો પ્રવાસ કરીને એક લાખ રૂપિયાના સોના-ચાંદીના પાત્રો અને આભૂષણો પોતાના પ્રાણપ્રેષ્ઠ શ્રી ગોવર્ધનધરણ શ્રીનાથજી માટે બનાવરાવીને અંગીકાર કરાવ્યા. આપશ્રીને નિજને માટે જરાય દ્રવ્યાસક્તિ નહોતી. આપનું જીવન વૈરાગયુક્ત બનતુ જતું હતું. પુત્ર શ્રી પુરુષોત્તમજી તો શ્રી ગુસાંઈજીને જ સોંપી દીધા હતા. શ્રી ઠાકોરજીને ભેટ કરવા ગોપાલપુર પધાર્યા ત્યારે શ્રી ગુસાંઈજીને પણ સાથે લેતા ગયા. એ સમયે આપે શ્રીનાથજીના રાગ-ભોગ-શૃંગારનો વ્યવસ્થિત ક્રમ સ્થાપ્યો.

શ્રી ગિરિરાજજી પર નવા મોટા મંદિરમાં શ્રી ગોવર્ધનધરણને પાટ બિરાજમાન કર્યા પછી મુખિયા રામદાસજી (રામદાસ ચૌહાણ)નો દેહ છૂટવાના સમાચાર આવ્યા હતા ત્યારે એ સાંભળીને શ્રી મહાપ્રભુજીએ ખેદ વ્યક્ત કર્યો હતો અને રામદાસજીની અત્યંત સરાહના કરી હતી. એ સમયે બોલાયેલા આચાર્યશ્રીના વચનો અત્યારે શ્રી ગોપીનાથજી દ્વારા સાકાર થઈ રહ્યા હતા! શું હતા એ વચનો, યાદ છે?

'હવે ખરેખર શ્રી ગોવર્ધનનાથજીની સેવાનો વૈભવ વધવાનો હોય એવું લાગી રહ્યું છે.' શ્રી મહાપ્રભુજીએ વાણી ઉચ્ચારી હતી અને શ્રી ગોપીનાથજીએ ધ્યાનથી સાંભળી હતી. તેઓએ બધું જોઈને અને સાંભળીને મનમાં ઉતારી લીધું હતું, ખરું ને? બસ, ફક્ત એ વાણીને સાકાર કરવામાં આપે ૧૪ વર્ષોનો અથાગ શ્રમ ઉઠાવ્યો હતો!

શ્રી ગોપીનાથજી શ્રી મહાપ્રભુજીની વાણીનું અને એમના દ્વારા પ્રસ્થાપિત સિદ્ધાંતોનું ચુસ્તપણે પાલન કરતા અને સેવકો પાસે પણ પાલન કરાવતા. છતાંય ક્યાંક... ક્યાંક... એવું થઈ રહ્યું હતું કે જે શ્રી ગોવર્ધનધરણને પસંદ નહોતું પડી રહ્યું... એવું તે એ શું હતું, ભલા!?...

શ્રી ગોવર્ધનનાથજીની અપ્રસન્નતા ઘણા સમયથી વધી ગઈ હતી; પરંતુ આપશ્રી એને પ્રદર્શિત નહોતા કરતા. હવે સહેવાય એવું ન રહ્યું તેથી આપે અકળામણ અનુભવી. સેવા માટે રાખેલા બંગાળી સેવકો ચોરી કરતા હતા! શ્રી

ગોપીનાથજીને પરદેશ ખેડતાં જે લાખ રૂપિયાની ભેટ આવી હતી એમાંથી બનાવેલાં આભૂષણો તથા પાત્રોની આ બંગાળીઓ ચોરી કરતા હતા. ઉપરાંત ગામ-પરગામ ફરીને કૃષ્ણદાસ અધિકારી જે સામગ્રી તથા ભેટ સોગાદ લઈ આવીને ભંડારમાં રાખતા એમાંથી પણ દરરોજ કંઈકને કંઈક ગુમ થવા લાગ્યું. આ બધું ધીમે ધીમે ભેગું કરીને તેઓ વૃંદાવનમાં પોતાના ગુરુને ત્યાં મોકલી આપવા લાગ્યા. વળી હમણાં થોડા દિવસથી તો એ ગૌડિયાઓ વૃંદા દેવીની મૂર્તિ છાનીછપની રીતે લઈ આવીને શ્રી ગોવર્ધનનાથજીની બાજુમાં મૂકી પહેલાં એને ભોગ ધરાવવા લાગ્યા... આરતી પણ એની પહેલાં ઉતારે... અને પછી એને સંતાડીને પાછી લઈ જાય: સેવામાં સાવધાની રાખે નહીં, અનાચાર આદરે.

વળી મુખિયાજીનો ત્રાસ જુદા પ્રકારનો હતો. એ પંડિતને શ્રીનાથજીના મુકુટ-કાછનીના શૃંગારમાં એવી આસક્તિ હતી કે કોઈ પણ ઋતુમાં શ્રીનાથજીને તેઓ બસ કાછની જ ધરાવે રાખતા હતા!... અને કાછની ધરાવ્યા પછી એ સંન્યાસી પંડિતને શ્રીનાથજીના શ્રીઅંગે ચંદન સમર્પવું બહુ ગમતું. ગ્રીષ્મ ઋતુમાં તો ઠીક, પણ કડકડતી ઠંડીના દિવસોમાંય ચંદનના લેપનો વાટકો સવારે-બપોરે-સાંજે હાથમાં લઈને એ તૈયાર જ ઊભા હોય! આચાર્યશ્રી ભૂતલ પર બિરાજમાન હતા ત્યારથી આ પ્રકાર ચાલી રહ્યો હતો. પરંતુ આચાર્યશ્રીને શ્રીનાથજી કહી ન શક્યા; કારણ કે એ જો કહ્યું હોત તો આચાર્યશ્રી ધર્મસંકટમાં મુકાઈ જાત!

ભાગ્યના પ્રતાપે અને શ્રી માધવાનંદજીના સંગે ગૌડિયાઓએ શ્રી ગોવર્ધનધરણની ૧૪ વર્ષ સુધી સેવા મેળવી પરંતુ એ સેવાથી શ્રીનાથજીને રીઝવી ન શક્યા. અંતરથી સેવા કરવાને બદલે આજીવિકા રળવાની ક્રિયા માત્ર કરવા લાગ્યા. શ્રીનાથજીની પ્રસન્નતા ઓછી રહેવા લાગી, પરંતુ આચાર્યશ્રીએ ગૌડિયાઓને સેવામાં રાખ્યા હતા તેથી શ્રીનાથજીએ ચુપકીદી સેવી.

શ્રી મહાપ્રભુજીએ ભૂતલનો ત્યાગ કરી નિત્યલીલા પ્રવેશ કર્યા પછી શ્રીનાથજીએ પોતાની અપ્રસન્નતા જાહેર કરી. વ્રજના અડીંગ નામના ગામમાં આચાર્યશ્રીના એક કૃપાપાત્ર સેવક અવધૂતદાસ હતા, એમને શ્રીનાથજીએ પોતાનો અજંપો જતાવ્યો. અવધૂતદાસે કૃષ્ણદાસ અધિકારીને શ્રીનાથજીની ઈચ્છાની જાણ કરી. વાત સાંભળીને કૃષ્ણદાસ ચોંકી ગયા. ગૌડિયાઓની જોહુકમી અને વર્ચસ્વ વધી રહ્યા હતા એ તો કૃષ્ણદાસની જાણમાં હતું જ પરંતુ

વાત આટલી હદે વધી ગઈ હશે એની કલ્પના નહોતી. ગૌડિયાઓને સેવામાંથી કાઢવાનું કાર્ય સહેલું નહોતું. સૌથી મોટી રુકાવટ તો એ હતી કે ગૌડિયાઓને આચાર્યશ્રીએ સેવામાં રાખ્યા હતા. વળી ગૌડિયાઓના વડા શ્રી માધવાનંદજી શ્રી મહાપ્રભુજીના વિદ્યાગુરુ હતા. મૂંઝાઈને અંતે કૃષ્ણદાસે પોતે આ બાબતમાં અસમર્થ હોવાનું જણાવી દીધું!

હવે શ્રીનાથજી સ્વયં આમાંથી કંઈક માર્ગ કાઢે તો જ વાત બને એમ હતી. અંતે થયું પણ એમ જ! શ્રીનાથજીએ પોતે જ લોઢાને લોઢા વડે ટીપી નાંખ્યું. પંડિતને પંડિતાઈ મારી ગઈ. ચંદનને ચંદને ફસાવ્યું. શ્રીનાથજીએ યુક્તિ કરીને શ્રી માધવાનંદજીને ખાસ પ્રકારનું ચંદન લાવવા દક્ષિણના મલયગિરિ તરફ રવાના કરી દીધા.

આ તરફ પોતાના મુખિયાજીની ગેરહાજરીમાં ગૌડિયા સેવકો વધારે મનમાની કરવા લાગ્યા. ચોરીનો ઉપદ્રવ વધી ગયો. પ્રસાદની વાંટણીમાં ભ્રષ્ટાચાર વધી ગયો.

શ્રીનાથજીએ કૃષ્ણદાસને ટોક્યા.

'કૃષ્ણદાસ, ધ્યાનથી સાંભળો... સમય બહુ ઓછો છે. થોડા દિવસો પછી રુદ્રકુંડની જગ્યા સ્વચ્છ થઈ જવી જોઈએ...'

'પણ, કૃપાનાથ, એ જગ્યા આચાર્યશ્રીની ઈચ્છાથી જ ગૌડિયાઓને...'

'તમારો ગુરુભાવ ઉચ્ચ કક્ષાનો છે. અમે પણ એ વાત સમજીને જ આચાર્યશ્રીના ભૂતલત્યાગ સુધી ચુપકીદી સેવી. હવે તમને કંઈ બાધા નહીં કરે... અમારી આજ્ઞા છે.'

'આપની આજ્ઞા હું શિરોધાર્ય કરું છું, પરંતુ હાલ ગાદીપતિ આચાર્ય શ્રી ગોપીનાથજી છે અને તેઓ યાત્રાર્થે વિચરણ કરે છે એટલે મારે શ્રી ગુસાંઈજીની આજ્ઞા લેવા અડેલ જવું પડશે. વળી તેઓ પણ આટલો મોટો નિર્ણય શ્રી ગોપીનાથજીની અનુપસ્થિતિમાં લેશે કે કેમ એ શંકા ભરેલું છે.'

'એ તમારા નીતિ નિયમો તમે જાણો. અમારે શું જોઈએ છે તે અમે જણાવી દીધું. હવે કાર્યને કેવી રીતે પાર પાડવું એ તમારી કુશળતા પર આધાર રાખે છે.'

'એ તો આપની પ્રેરણાથી અને આચાર્યશ્રીની કૃપાથી પાર પાડશે જ... પરંતુ શ્રી માધવાનંદજીને આ વાતની ખબર પડી ગઈ અને પાછા આવી ગયા તો?'

'એમને આ વાતની ખબર નહીં પડવા દેવાની અને... પાછા નહીં ફરવા દેવાની-કદાચ કાયમ માટે-અમારી જવાબદારી, બસ.'

બુદ્ધિમાન સેવક સાથે બુદ્ધિના આટાપાટાની અને હૃદયવાદી સેવક સાથે લાગણીના તંતુબંધની રમત તો નિકુંજનાયક જ ખેલી શકે!! શ્રીનાથજી આવી અકળ લીલા ખેલીને ફરીથી નિજમંદિરમાં પધાર્યા.

શ્રીનાથજીની આજ્ઞાથી કૃષ્ણદાસ હવે કૃતનિશ્ચયી બન્યા. થોડા દિવસોની મુસાફરી પછી કૃષ્ણદાસ શ્રી ગુસાંઈજી પાસે અડેલમાં પહોંચી ગયા અને બધી વાતની જાણ કરી.

'કૃષ્ણદાસ, તમે કહી એમાંની એકેય વાતથી અમે અજાણ નથી.' શ્રી ગુસાંઈજીએ હળવા સ્મિત સાથે કૃષ્ણદાસને અકળાવ્યા.

'કૃપાનાથ, તો પછી આપ પણ...?'

'હા, અધિકારીજી, અમે પણ ચૂપ રહ્યા. શ્રી ગોવર્ધનધરણની ઝીણામાં ઝીણી વાતથી અમે વાકેફ છીએ, પરંતુ જે મજબૂરી તમારી હતી એ જ, અને એક વધારે, અમારી પણ હતી. અમારી એક વધારે મજબૂરી એ છે કે આ કાર્યક્ષેત્ર ગાદીપતિ આચાર્યશ્રી વડીલ બંધુને હસ્તક છે. એમને અમે સલાહ અવશ્ય આપી શકીએ પરંતુ એમની અનુપસ્થિતિમાં આ બાબતનો સ્વતંત્ર નિર્ણય ન લઈ શકીએ. આપશ્રી અમારા પિતા સમાન જ છે. તેઓ પાછા ફરે ત્યાં સુધી રાહ જુઓ. આમેય ભાભીજીના બીજી વારના સારા દિવસો ભરાઈ જવા આવ્યા હોવાના ખબર તો અમે એમને મોકલાવી જ દીધા છે એટલે શીઘ્રતાથી પાછા પધારી રહ્યા હશે. આવીને તેઓ જે નિર્ણય લે એ યોગ્ય જ લેશે અને આપણને માન્ય જ હશે.'

'તો પછી શ્રી ગોવર્ધનધરણની ઈચ્છા અને આજ્ઞાનું શું?'

'જો શ્રી ગોવર્ધનધરણ હવે ઉતાવળા જ થયા હોય તો પછી આપ પોતે જ એવી કંઈક લીલા કરશે અને આપણી મૂંઝવણ ટાળશે. એમણે તમને જે પ્રમાણે પ્રેરણા કરી હોય એ પ્રમાણે તમે આગળ વધો અને યશસ્વી બનો. શ્રી ગોવર્ધનધરણ તમારો યશ ફેલાવવા ઈચ્છે છે એટલે જરૂરથી તમે આ વિકટ કાર્યમાં સફળતા મેળવશો. બાકી, 'કર્તું અકર્તું અન્યથા કર્તું, સર્વસામર્થ્યયુક્ત...' શ્રી હરિ જ છે એનું વિસ્મરણ નહીં થવા દેતા.

'તો પછી આપ મને રાજદરબારના કર્તાહર્તાઓ પર બે પત્રો લખી આપો...' કહીને કૃષ્ણદાસે પોતાની આખી યોજના શ્રી ગુસાંઈજીને સમજાવી.

શ્રી ગુસાંઈજીએ, ગાદીપતિ આચાર્ય શ્રી ગોપીનાથજીનું સ્મરણ અને વંદન કરી, એમના પ્રતિનિધિ તરીકે, કૃષ્ણદાસને શ્રીનાથજીના અધિકારી હોવાની રૂએ અબાધિત સત્તા સોંપી અને રાજદરબારના કર્તાહર્તાઓ પર કૃષ્ણદાસની સત્તા અને નિર્ણયોને માન્ય રાખતા પત્રો લખી દીધા.

પત્રો લઈને કૃષ્ણદાસ દરબારમાં પહોંચ્યા અને પોતાની હોંશિયારીથી તથા સત્તાથી બધી પૂર્વ ભૂમિકા તૈયાર કરી દીધી. થોડા દિવસોમાં આગરા-મથુરા થઈને પાછા ગોપાલપુર આવી પહોંચ્યા. ધીમે ધીમે ગુજરાતી સાંચોરા બ્રાહ્મણોને કૃષ્ણદાસ ભેગા કરવા માંડ્યા...

....ગુજરાતી સાંચિહર (સાંચોરા) બ્રાહ્મણોને પૂરતી સંખ્યામાં ભેગા કરી ચૂકેલા કૃષ્ણદાસને શ્રીનાથજીએ ફરીથી સાવધાન કર્યા એટલે કૃષ્ણદાસે પોતાના દાવને આગળ વધાર્યો. એક બપોરે ગૌડિયા સેવકોની સભા ભરી અને ભંડારની સામગ્રીનો હિસાબ માંગ્યો. આચાર્ય શ્રી ગોપીનાથજીએ વસાવી દીધેલા સોના-ચાંદીના પાત્રો તથા આભૂષણોની સિલક મેળવી દેવાનો હુકમ કર્યો. થોડી ચડભડ પછી વાતનું વતેસર થઈ ગયું અને બંગાળી સેવકો એકદમ વીફર્યા. કૃષ્ણદાસ ગાંજ્યા જાય એવા નહોતા. સામ, દામ, દંડ અને ભેદની કૂટનીતિમાં પારંગત કૃષ્ણદાસે જોયું કે મુખિયાજીની ગેરહાજરીને કારણે અગ્રગણ્ય સેવકોમાં ભેદ તો પડી જ ચૂક્યો છે. સમજાવટની આ લોકો પર કંઈ અસર થતી નથી. દામની લાલચમાં લપેટાઈને જિંદગીભરના ગુજરાનને છોડી દેવા જેટલા આ ગૌડિયાઓ ભોળા નથી. તો પછી હવે દંડનું છેલ્લું શસ્ત્ર જ બાકી રહ્યું છે, કે જે શ્રીનાથજીની ઈચ્છાથી અને પ્રેરણાથી વાપરવું જ પડશે.

કોઈ દૈવી અનિષ્ટનો ભય બતાડીને એ સભા કૃષ્ણદાસે બરખાસ્ત કરી. માયાના આવરણ હેઠળ આવી ચૂકેલા ગૌડિયા સેવકો ન તો પોતાની ભૂલ સમજી શક્યા કે ન તો ભાવિના ભેંકારને કળી શક્યા. વિનાશકાળે વિપરીત બુદ્ધિ થઈ ગઈ. સાંજ ઢળી. રાતના ઓળા ઊતર્યા. તમરા વનરાજિમાં સંતાકૂકડી રમવા લાગ્યા. રહી રહીને શિયાળના રડવાનો અવાજ અને કૂતરાના ભસવાનો અવાજ ભેંકાર રાત્રિને વધુ ભયાનક બનાવતો હતો. આકાશમાં કાળાં વાદળો ઘેરાવા લાગ્યાં હતાં.

ત્યાં તો ચીબરીનો તીણો જોરદાર અવાજ આવ્યો અને એ સાથે જ રાત્રિના અંધકારને ચીરતી ચીસો સંભળાઈ. તળેટીમાંના રુદ્રકુંડ (હાલ જતીપુરાનું જ્યાં ટાંગા સ્ટેન્ડ અને કેસરિયા મંડાણ છે ત્યાં) પર ગોકીરો ઊઠ્યો. બંગાળીઓની વસ્તી ભડકે બળી રહી હતી. આગની લપટો કાળા વાદળોને આંબી રહી હતી. સૌ બંગાળીઓ અંધારામાં જીવ બચાવીને નાઠા. ઝૂંપડીઓ રાખના ઢગલામાં પરિવર્તિત થઈ ગઈ.

કોઈ કહે કે અમુકના ઘરમાં તેલનો બળતો દીવો ઊંદરે ઊંધો વાળ્યો, તો કોઈ કહે કે અમુકના ઘરનો ચૂલો રાતના બરાબર ઠર્યો નહોતો એમાંથી તણખો ઊડ્યો... ખેર, જે થવાનું હતું એ થઈને જ રહ્યું! દોષ તો કર્મોનો જ હતો!

હતપ્રભ થઈ ગયેલા બંગાળી સેવકોની ખબર કાઢવા વહેલી પરોઢે તો કૃષ્ણદાસ હાજર થઈ ગયા.

'જુઓ, તમારી ઝૂંપડીઓ અને ઘરવખરી અમે એક વાર ફરીથી વસાવી આપશું, પણ હાલ તરત તો તમે સેવામાં પહોંચો. સેવાનો ક્રમ ચુકાવો ન જોઈએ.'

'અધિકારીજી, અમારા ચિત્ત સ્વસ્થ નથી. અત્યારે તો અમે સેવામાં નહીં જઈ શકીએ.. થોડા દિવસ પછી વાત..' કહીને સૌ બંગાળી સેવકો વીખરાઈ ગયા. કૃષ્ણદાસે તાબડતોબ હાજર રાખેલા ગુજરાતી સાંચોરા બ્રાહ્મણોને શ્રીનાથજીની સેવામાં પહોંચતા કર્યા.

થોડા દિવસો પછી બંગાળી સેવકો પાછા ફર્યા અને સેવામાં જવા માટે શ્રી ગિરિરાજજી પર ચડવા લાગ્યા, ત્યાં જ કૃષ્ણદાસે લાઠી આડી ધરી અને એમને રોક્યા. સેવકોએ બાંયો ચડાવી તો તરત જ કૃષ્ણદાસના અંગરક્ષકો વૃક્ષો ઓથેથી પ્રગટ થયા અને સેવકો તથા કૃષ્ણદાસની વચ્ચે આવીને ઊભા રહ્યા. વાત વણસતી અટકી ગઈ. કૃષ્ણદાસે જણાવી દીધું કે હવે એ લોકોની જરૂર નથી. સેવામાં નવા સેવકો રાખી લીધા છે અને જૂના તમામને બરતરફ કર્યા છે. હતાશ થયેલા બંગાળી સેવકો પાછા ફર્યા અને અંદરોઅંદર મસલત કરી રાજદરબારે પહોંચ્યા. દરબારમાં તો કૃષ્ણદાસે અગાઉથી જ શ્રી ગુસાંઈજી પાસેથી લખાવી લીધેલા પત્રો રજૂ કરી રાખ્યા હતા એટલે ત્યાં પણ સેવકોની ફરિયાદ ટકી શકી નહીં.

હારી થાકીને સૌ સેવકો શ્રી ગોપીનાથજીને મળવા અડેલ ગયા. ત્યાં શ્રી ગોપીનાથજી તો નહોતા બિરાજતા એટલે સૌએ શ્રી ગુસાંઈજી પાસે ધા નાંખી.

આજીવિકા અને ભરણપોષણનું કોઈ જ સાધન એમની પાસે ન હોવાનું જણાવી પોતાને ભૂખના દુ:ખથી ઉગારવાની સૌએ શ્રી ગુસાંઈજીને વિનંતી કરી. શ્રીનાથજીની ઈચ્છા ન હોવાથી શ્રી ગુસાંઈજીએ ગૌડિયાઓને સેવામાં પાછા તો ન જ લીધા પરંતુ કૃપા વરસાવી એક ભગવત્સ્વરૂપ પધરાવી દીધું. આચાર્યશ્રીના એક સેવક નારાયણદાસ ભાટ હતા. એમને વૃંદાવનના રાધાબાગની ધરતીની નીચેથી આ ભગવત્સ્વરૂપ પ્રાપ્ત થયું હતું. આ સ્વરૂપને પધરાવીને નારાયણદાસ ભાટ શ્રી ગોપીનાથજી પાસે ગયા હતા અને શ્રી ગોપીનાથજીએ આ સ્વરૂપને પંચામૃત સ્નાન કરાવીને 'શ્રી મદનમોહનજી' નામ ધારણ કરાવી નારાયણદાસને શિરે સેવા અર્થે પધરાવી દીધું હતું. નારાયણદાસ ભાટનો દેહ છૂટ્યા પછી વૈષ્ણવો શ્રી મદનમોહનજીને પધરાવીને અડેલ આવ્યા હતા અને પૂછી રહ્યા હતા કે આ સ્વરૂપને હવે ક્યાં પધરાવવું. એ જ સમયે બંગાળી સેવકો ધા નાંખતા શ્રી ગુસાંઈજી પાસે આવી પહોંચ્યા હતા અને કાકલૂદી કરી રહ્યા હતા કે શ્રીનાથજીની પાછળ એ લોકોને ખાનપાનની લીલાલહેર હતી. હવે જો બીજું કોઈ સ્વરૂપ પધરાવી આપે તો એની પાછળ આવેલી સેવામાંથી જીવનનો નિર્વાહ કરી શકે.

શ્રી ગુસાંઈજીએ વિ.સં. ૧૫૯૦ના કારતક સુદ ૯ને દિવસે બંગાળીઓને નારાયણદાસ ભાટના શ્રી મદનમોહનજી સેવા અર્થે પધરાવી દીધા અને વૃંદાવનમાં મંદિર બનાવીને ત્યાં જ વસવાટ કરવાની સલાહ દીધી. પોતાના હિતની વાત સમજી લઈને ગૌડિયા સેવકોએ ગોપાલપુર ત્યજી દીધું અને શ્રી મદનમોહનજીનું મંદિર વૃંદાવનમાં બનાવીને ત્યાં જ વસી ગયા. વિકટ ધર્મસંકટનો અંત આવી ગયો. વાદળો વીખરાઈ ગયાં. અડેલના પેલા હારેલા જુગારીએ દાવમાં એક વાર ફરીથી હાથ ધોઈ નાંખ્યા!

કૃષ્ણદાસે અડેલ આવીને શ્રી ગુસાંઈજીને સમાચાર દીધા કે, 'ગૌડિયાઓએ રાજદરબારમાંથી પોતાનો નબળો દાવો રદબાતલ કરી દીધો છે અને શ્રીનાથજીની સેવા પરનો પોતાનો સ્વૈચ્છિક અધિકાર સમજી-વિચારીને જતો કરી ભૂલનો સ્વીકાર કરી લીધો છે. રહ્યાસહ્યા અવશેષો સમેટીને તેઓએ ગોપાલપુર છોડી દીધું છે અને શ્રી મદનમોહનજીને પધરાવીને વૃંદાવનમાં વસવાટ ઊભો કર્યો છે. હવે આપ સુખેથી ગોપાલપુર પધારો અને નવા સાંચોરા સેવકોને સેવાની રીતિ સમજાવો.'

યાત્રાર્થે વિચરણ કરી રહેલા શ્રી ગોપીનાથજી સમયસર પાછા અડેલ પધાર્યા. શ્રી ગુસાંઈજીએ બધા સમાચાર વિગતવાર આપ્યાં. સાંભળીને શ્રી ગોપીનાથજી અત્યંત પ્રસન્ન થયા અને 'જે નિર્ણયો લેવાયા છે એ દરેક પ્રકારથી યોગ્ય જ લેવાયા છે' એમ કહીને શ્રી ગુસાંઈજીની ઘણી પ્રશંસા કરી. બંને ભાઈઓ સાથે ગોપાલપુર પધાર્યા અને શ્રીનાથજીના નવા સેવકોને સેવાની સર્વ રીત શિખવાડી. ગુજરાતથી આવેલા શ્રી મહાપ્રભુજીના સેવક રામદાસ સાંચોરા બ્રાહ્મણને આપશ્રી બંનેએ એકમતીથી નવા મુખિયાજી તરીકે નિયુક્ત કર્યા. થોડા મહિના પહેલાં જ સ્થાપેલો સેવાનો ક્રમ જેમને સમજાવ્યો હતો એ તો બધા બંગાળી સેવકો હવે નીકળી ગયા હતા. તેથી એ સમયે શ્રી ગોપીનાથજીએ એક વાર ફરીથી, નવા રાખેલા સેવકો સમક્ષ, શ્રીનાથજીના રાગ-ભોગ-શૃંગારનો વ્યવસ્થિત ક્રમ સ્થાપ્યો અને સૌને સમજાવ્યો. એ ક્રમનું ચુસ્તપણે પાલન કરવાનો આદેશ પણ આપશ્રીએ આપ્યો.

અહીં રહીને શ્રી ગોપીનાથજીએ શ્રી ગોપાલમંત્રનું પુરશ્ચરણ* સિદ્ધ કર્યું. સવા કરોડ ગોપાલમંત્ર ચોક્કસ નિયમ ગ્રહણ કરી ચોક્કસ સમય મર્યાદામાં જપીને પૂરા કરતા અને સાથે શ્રીનાથજીની સેવા કરતા. બંને ભાઈઓના જીવનમાં શાસ્ત્રમર્યાદા મુખ્ય હતી છતાં બંનેના આચરણમાં એક સૂક્ષ્મ ભેદ એ હતો કે શ્રી ગોપીનાથજી શાસ્ત્ર આજ્ઞાને આધીન રહેતા હતા જ્યારે શ્રી ગુસાંઈજી શાસ્ત્રમર્યાદાને સાચવીને ભાવને મુખ્ય સ્થાન આપતા હતા. છતાંય બંને ભાઈઓ વચ્ચે અતૂટ સ્નેહ સંબંધ હતો. મતભેદને તો કોઈ અવકાશ જ નહોતો. શ્રી ગુસાંઈજી મોટા ભાઈનું ખૂબ જ માન જાળવતા અને તેમની સર્વ આજ્ઞાઓનું પૂજ્યભાવથી પાલન કરતા. તો શ્રી ગોપીનાથજી પણ નાના ભાઈને એક સ્વતંત્ર આચાર્ય તરીકેનું મહત્ત્વ આપવા ઉપરાંત પુત્રતુલ્ય માનતા અને નિ:સ્વાર્થ નિર્મળ સ્નેહથી તરબોળ કરી દેતા. એમની સર્વ ઈચ્છાઓને વાત્સલ્ય ભાવથી પરિપૂર્ણ કરતા. એમણે લીધેલા નિર્ણયોને કદી પોતાની મોટાઈ દેખાડવા અવખોડ્યા નહોતા કે ઓછા મહત્ત્વના નહોતા દેખાડ્યા... અને એટલે જ પોતાની ગેરહાજરીમાં ઊભી થયેલી પ્રખર વિકટ સમસ્યાને હલ કરવા માટે લેવાયેલા એવડા મોટા નિર્ણયને (અથવા તો ન લેવાયેલા નિર્ણાયક નિર્ણયને!) એમણે બહુ જ સહજતાથી અને સરળતાથી, કોઈ પણ ટીકા-ટિપ્પણ વગર, સ્વીકારી લીધો હતો.

વિકટ સમસ્યાનો હિંમત તથા હોંશિયારીથી ઉકેલ લાવી અધિકારી તરીકેની

---

* *જેને પુરશ્ચરણ સિદ્ધ થયું હોય એ પોતાની ઈચ્છામાં આવે તે પ્રાપ્ત કરી શકે અથવા તો પ્રભુનાં દર્શન કરી શકે.*

ઉત્તમ ફરજ બજાવવા બદલ, બંને ભાઈઓએ, કૃષ્ણદાસને આશીર્વાદ સહ ધન્યવાદ દીધા અને એક વાર ફરીથી એમને પ્રસાદી ઉપરણો તથા શાલ ઓઢાડીને સર્વસત્તાધીશ અધિકારી બનાવ્યા. શ્રીનાથજીની આ બહુ અટપટી લીલા હતી! ભૂત અને ભાવિની અનેક સાંકળો એક બીજા સાથે સંકળાઈ રહી હતી! વિ.સં. ૧૫૯૦ની આ અત્યંત સબળ કડી હતી. અડેલમાં હારેલા ભાવિએ અહીં ગોપાલપુર સુધી પોતાના હાથ લંબાવ્યા હતા અને બહુ અટપટા દાવ ખેલવા માંડ્યા હતા! અહીં પણ હારવાનો ડોળ કરીને એણે એક જબરદસ્ત અવળો પાસો ફેંક્યો હતો. જો કે બંને ભાઈઓ સ્નેહથી સાથે મળી ભાવિને હંફાવી રહ્યા હતા અને એને જીતવાની એક પણ તક નહોતા આપતા. એટલે જ એ અવળા પાસાની અસર તાત્કાલિક નહોતી વરતાવાની... પણ ભવિષ્યમાં નાના ભાઈ જ્યારે એકલા પડી જશે ત્યારે એની અસર વરતાશે અને એવી તો વરતાશે કે લૌકિકમાં હાહાકાર મચાવી દેશે!! આપણે એ હાહાકાર મચાવી દેનાર દાવને જીરવી શકવાની શક્તિ કેળવતા થઈએ અને હૃદયને સતાવી રહેલા ગમને ભૂલવા અત્યારે થોડી વાર માટે તો એવી કોઈક સૂરીલી સરગમ સાંભળીએ કે ઝૂમી ઉઠાય!

જી હા, એ સુરીલી સરગમ પણ અડેલમાં જ છેડાઈ છે! એ સરગમ સાંભળીને અઢી-ત્રણ વર્ષના શ્રી પુરુષોત્તમજી તો થેઈ થેઈ કરીને નાચી રહ્યા છે! શ્રી ગુસાંઈજી અને રુકિમણી વહુજી પોતાને કોઈક મંજુલ મધુર સ્વરે 'કાકાજી' અને 'કાકીજી' કહેનારના આગમનની ખુશાલીમાં આનંદ વિભોર થઈને છૂટે હાથે દાન આપી રહ્યા છે! પોતાનું જ ટૂંકુ નામ ધારણ કરનાર પૌત્રીને પામીને શ્રી મહાલક્ષ્મી વહુજી (અક્કાજી) હવે પૂર્ણ રૂપે દાદીજી બની ચૂક્યા છે! તો બડે દાદીજી માતાજી શ્રી ઈલ્લમાગારુ (અમ્માજી) તો વળી સોનાની બેવડી સીડી ચડી ચૂક્યા છે!

આ બધું શું થઈ રહ્યું છે!? આ બધાયને પેલી સરગમની મધુરી ધૂન અસર કરી ગઈ છે!? હા, શ્રી ગોપીનાથજીને ગૃહે પાચ્યમાગારુ વહુજીની કૂખે કન્યા રત્ને પ્રાકટ્ય ધર્યું છે. નામ ધરવામાં આવ્યું છે 'લક્ષ્મી'. વિ.સં. ૧૫૯૦ની આ મધુરી કડીને વહાલપૂર્વક ઉછેરવામાં સૌ પરોવાઈ ગયાં છે.

તો વિ.સં. ૧૫૯૨માં શ્રી ગુસાંઈજી હંગામી ધોરણે ગોકુલમાં બિરાજી રહ્યા હતા ત્યારે 'છીતસ્વામી' અને 'ગોવિંદસ્વામી' નામની બે ઑર સૂરીલી કડીઓ શ્રી ગુસાંઈજી દ્વારા દીક્ષિત થઈને શ્રી ગોવર્ધનધરણના પરિકરમાં ભળે

છે. અડેલમાં શ્રી વલ્લભનો પરિવાર વિસ્તરતો જાય તો ગોપાલપુરમાં શ્રી ગોવર્ધનધરણનો પરિકર શા માટે ન વિસ્તરે!? માત્ર ગાયો, સેવકો અને વૈભવો વધવાથી થોડું જ કામ ચાલે છે? નવા નવા ભેરુઓ પણ વધવા જોઈએ ને? તો જ ખેલનો આનંદ આવે!

(૧૫)

'લક્ષ્મી' નામની મધુરી કડીને વહાલપૂર્વક ઉછેરવામાં સૌ પરોવાઈ ગયાં છે; પરંતુ શ્રી ગોપીનાથજીને સંસાર પરથી આસક્તિ ઊઠવા લાગી છે. પુત્ર શ્રી પુરુષોત્તમજીના પ્રાકટ્યથી જ વૈરાગ્ય દશામાં રહેવા લાગેલા શ્રી ગોપીનાથજીએ ૨૮ વર્ષની વયમાં તો કુટુંબની સર્વ જવાબદારી નાના ભાઈને સોંપી દીધી અને પોતે ભગવદ્ વિરહમાં વિશેષ સમય વ્યતીત કરવા લાગ્યા. તેઓ અહર્નિશ શ્રી કૃષ્ણચિંતનમાં મગ્ન રહેતા. સમય ઝડપથી વીતવા લાગ્યો. વિ.સં. ૧૫૯૫માં શ્રી ગુસાંઈજીના ગૃહે પ્રથમ સંતાન અને પ્રથમ બેટીજીનું પ્રાકટ્ય થયું.

થોડા સમય પછી શ્રી ગોપીનાથજી યાત્રાર્થે અડેલથી નીકળી વિ.સં. ૧૫૯૫માં વૈશાખ સુદ ૫ને રવિવારના દિવસે કાશી પધાર્યા અને એ જ દિવસે આપશ્રીએ ત્યાંના દેવીદાસ ઉપાધ્યાયને તીર્થપુરોહિત તરીકે સ્વીકાર્યાનો વૃત્તિપત્ર લખી દીધો. કાશીમાં વસતાં સગાં-વ્હાલાં, આપ્તજનો તેમ જ વૃદ્ધ પંડિતોને મળીને આપે લૌકિક વ્યવહાર / વિવેક પ્રદર્શિત કર્યો. હવે કાશીથી નીકળીને આપ ૨૫ દિવસે પૂર્વમાં જગન્નાથપુરી પધાર્યા. શ્રી જગન્નાથજીનું યાત્રાધામ આપને વિશેષ પ્રિય હોવાથી તેઓ ત્યાં બીજી વખત પધાર્યા.

એ સમયે પુરુષોત્તમ ક્ષેત્ર શ્રી જગન્નાથપુરીમાં દુકાળ પડ્યો હતો. ખેતરોમાં ધાનના ડૂંડા લહેરાવાને બદલે ચિરા પડી ગયેલી સૂકી ભઠ ધરતી જ ચોતરફ દેખાતી હતી. ક્યાંય પાણીનું અસ્તિત્વ નજરે પડતું નહોતું. આને કારણે પ્રજામાં ભારે અનર્થ સર્જાવા લાગ્યા. સર્વત્ર અંધાધૂંધી ફેલાઈ ગઈ. મનુષ્ય મનુષ્યનું લોહી પીવા માંડ્યા અને માંસ ખાવા લાગ્યા. આ પહેલાં ક્યારેય નહોતો થયો એવો મહામારીનો રોગચાળો ફાટી નીકળ્યો. આવે સમયે પુરીના વડસંથ મઠમાં ગુરુ રામદાસ ગુરુપીઠ ઉપર ઉપસ્થિત હતા. સૌએ એમને પ્રશ્ન કર્યો : 'શું આપના હોવા છતાં આવો' કપરો સમય નહીં બદલાય? આપ અમારો કોઈ જ રીતે ઉદ્ધાર નહીં કરી શકો?' ત્યારે ગુરુ રામદાસે આ બાબતમાં

પોતાની અસમર્થતા પ્રગટ કરી. ત્યાંની પ્રજા પસ્તાવા લાગી કે આવા ગુરુ શા કામના? ધનનું હરણ ચપટી વગાડતામાં કરી નાંખનાર ગુરુ જો ભક્તજનનો ધોખો ન હરી શકતા હોય તો લોકોએ એમને શા માટે પૂજવા જોઈએ? જેઓ પોતાના સામર્થ્યના માત્ર બણગા જ ફૂંકી શકતા હોય પણ હકીકતમાં અંદરથી પોલંપોલ હોય તો એવા શોભાના ગાંઠિયાનું શું કામ?

બસ, આવો સમય ચાલી રહ્યો હતો ત્યારે જ પરમ ભાગ્યશાળી આચાર્ય શ્રી ગોપીનાથજીનું ત્યાં આગમન થયું. આપશ્રી પ્રતિદિન અંગ પર કસ્તૂરીનો લેપ કરતા હતા. આપની પ્રખર તેજયુક્ત અતિ સુંદર મેઘશ્યામ કાંતિ હતી. આપના દર્શન માત્રથી ત્યાંની પ્રજાને વિશ્વાસ બેસી ગયો કે હવે એમની આપત્તિના દિવસો ટળશે. આપના આગમનના સમાચાર સાંભળીને પુરીના ગજપતિ મહારાજાએ અતિ આદર સન્માનપૂર્વક આપને 'ફલાહારી મઠ'માં ઉતારો આપ્યો કે જ્યાં શ્રી મહાપ્રભુજીનો હંમેશા ઉતારો રહેતો. ઉતારા પર વૈશાખ વદ ૩૦ ને દિવસે જગન્નાથપુરીના કૃષ્ણસેવક (ક્યાંક 'કૃષ્ણદાસ' તરીકેનો નામોલ્લેખ છે; પણ વૃત્તિપત્રમાં તો 'કૃષ્ણસેવક' લખ્યું છે) ગુચ્છિકારને આપશ્રીએ પોતાના કુળના (વંશ-પરંપરાના) તીર્થપુરોહિત તરીકે સ્વીકારી, પિતાનું અનુકરણ કરીને, વૃત્તિપત્ર લખી આપ્યો. આ એ જ પુરોહિત હતા કે જેમને શ્રી મહાપ્રભુજીએ અનેક વર્ષો પહેલાં પોતાની પ્રથમ જગન્નાથ યાત્રા સમયે તીર્થપુરોહિત તરીકે સ્વીકારીને વૃત્તિપત્ર લખી આપ્યો હતો. શ્રી ગોપીનાથજીએ આ પુરોહિત પાસેથી શ્રી વલ્લભાચાર્યજીના જગદીશ પધારવાના અને મંદિરમાં શાસ્ત્રાર્થ થયાના પ્રસંગને બહુ ધ્યાનથી રસપૂર્વક શ્રવણ કર્યો અને એનું ટૂંકાણમાં વર્ણન, પુરોહિતને લખી દીધેલા, વૃત્તિપત્રમાં જ સમાવી દીધું. મહારાજાએ પોતાના ગામ પર ઊતરી આવેલા કુદરતી પ્રકોપની આપશ્રીને જાણ કરી અને એમાંથી ઉગારવા માટે અતિ દીનતાપૂર્વક વિનંતી કરી.

શ્રી ગોપીનાથજીએ દયાર્દ્ર બનીને પોતાના સામર્થ્ય વડે પુરી ગામમાં અને આસપાસના ખેતરોના વિસ્તારમાં ભરપૂર વરસાદ વરસાવ્યો. લોકોના હૈયે ટાઢક વળી ગઈ. ખેડૂતોમાં નવું જોમ પ્રગટ્યું. તેઓ ખેતરોમાં વાવણી કરવા દોડી ગયા. જળાશયો છલકાઈ ઊઠ્યાં. ધરતીમાં પડી ગયેલી તીરાડો પાછી સંધાઈ ગઈ. માટી મહેકવા લાગી. મોરલા ટહુકવા માંડ્યા. સર્વત્ર હર્ષોલ્લાસનું

વાતાવરણ છવાઈ ગયું. મહામારીનો રોગચાળો ઓસરી ગયો. આ સર્વ કંઈ પરિવર્તન માત્ર દસ દિવસમાં થઈ ગયું!

પુરીના મહારાજા આવું પ્રતાપબળ જોઈ આપશ્રીને શરણે આવ્યા. પરમ સંતોષની સાથે એમણે શ્રી ગોપીનાથજીને પોતાના શાહી રથમાં પધરાવ્યા અને આખા ગામમાં આપશ્રીને ફેરવીને શ્રી જગન્નાથજીના મંદિરે લઈ ગયા. ત્યાંના સભાખંડમાં મહારાજાએ ધર્મસભા યોજી અને ધર્મોપદેશ આપવા માટે વિનંતી કરી. આપશ્રીને બિરાજવા માટેના આસન પર છત્રી (શિરસ્ત્રાણ) ધરવામાં આવી. આપશ્રીએ મહારાજાની સામે ઉચ્ચાસને બિરાજીને ધર્મવ્યાખ્યાન આપ્યું. એમાં મહારાજાએ વેદાંતનો ઉપદેશ સાંભળ્યો. આ ઉપદેશ સાંભળીને સૌ અતિશય મુગ્ધ થયા. મહારાજાએ આવા ગુરુ પામીને પરમ સંતોષ અનુભવ્યો. એમણે શ્રી ગોપીનાથજીને ગુરુ માન્યા અને પુષ્કળ ભૂમિદાન કર્યું. વિનતિ કરી કે એ ભૂમિ પર પોતાનો મઠ સ્થાપિત કરે અને ત્યાં જ નિવાસ કરીને ગુરુપીઠ પર બિરાજે. ત્યારે આપશ્રીએ સહજતાથી એ દાનનો અસ્વીકાર કર્યો અને જવાબ દીધો :

‘હે રાજન્, અમે તો ક્યાંક બીજે જશું. અમને જમીન જાયદાદ અને વિત્તથી શું પ્રયોજન છે? અમને શ્રી ગોકુલચંદ્રજીએ બધું જ દીધું છે. અમે અહીં ભૂમિ લઈને શું કરશું? આને બ્રાહ્મણોમાં વહેંચી દો.’

મહારાજા આપશ્રીના અપરિગ્રહીપણા પર વારી ગયા અને વસ્ત્રશાઠી (એક ઊંચા પ્રકારનું વસ્ત્ર) ઓઢાડીને નગરમાં ભ્રમણ કરાવ્યું. ત્યાર પછી શ્રી ગોપીનાથજી ઉત્તર ભારતની યાત્રાએ પધાર્યા. એમના ગમન પછી પુરીમાં સુખમયદાસ નામના સંતે પ્રવેશ કર્યો.

જગન્નાથપુરીથી નીકળીને ઉત્તર તેમ જ પશ્ચિમ ભારતની યાત્રા કરી શ્રી ગોપીનાથજી લગભગ બે વર્ષે પાછા અડેલ પધાર્યા. એ સમયે વિ.સં. ૧૫૯૭ના કારતક સુદ ૧૨ને શુભ દિને ૨૫ વર્ષના શ્રી ગુસાંઈજીને ત્યાં અડેલમાં રુક્મિણી વહુજીની કૂખે પ્રથમ પુત્ર શ્રી ગિરિધરજી (ઘરમાં બોલવાનું નામ ‘ગોવર્ધન’)નું પ્રાગટ્ય થયું. શ્રી ગોપીનાથજીએ પોતાના અતિ પ્રિય એવા નાના ભાઈના પ્રથમ વાર પિતા બનવાના પ્રસંગને બહુ જ ઉમળકાભેર ઉજવ્યો.

તો વિ.સં. ૧૫૯૭માં જ ‘ચતુર્ભુજદાસ’ નામની એક ઑર સુરીલી કડી શ્રી ગુસાંઈજી દ્વારા દીક્ષિત થઈને શ્રી ગોવર્ધનધરણના પરિકરમાં ભળી.

શ્રીનાથજીની અટખેલીઓ પણ અજબ ગજબની છે ને!? એક કડી અડેલમાં વધતી તો એક કડી ગોપાલપુરમાં પણ વધારાવતા!

વિ.સં. ૧૫૯૯ના કારતક વદ ૮ને શુભ દિને શ્રી ગુસાંઈજીને ત્યાં અડેલમાં રુક્મિણી વહુજીની કૂખે દ્વિતીય પુત્ર શ્રી ગોવિંદરાયજી (ઘરમાં બોલવાનું નામ ‘રાજા’)નું પ્રાગટ્ય થયું; તો શ્રીનાથજીએ વ્રજમાં ગોપીનાથદાસ ગ્વાલ, હરજી ગ્વાલ, શોભા ગુજરી, લચ્છો ગુજરી વગેરે અનેક વ્રજવાસીઓને વિ.સં. ૧૫૯૭ થી ૧૫૯૯ની વચ્ચે પોતાની મંડળીમાં ભેળવી દીધા!

વિ. સં. ૧૫૯૯ના ભાદરવા સુદ ૧૨ ને દિવસે શ્રી ગુસાંઈજીએ મથુરામાં ઉજાગર ચોબા પાસે નિયમ લઈ પોતાના માતાજી સાથે સૌ પ્રથમ વ્રજયાત્રા આરંભી. વ્રજની ૮૪ કોસની યાત્રા દરમ્યાન લીલા સ્થાનોની નોંધ કરતાં કરતાં શ્રી ગુસાંઈજીએ શ્રી હરિની અનેકવિધ વ્રજલીલાઓનાં નિશ્ચિત સ્થાનોની ઘોષણા કરી અને યાત્રાએથી પાછા પધારી વિ.સં. ૧૬૦૦ની શરૂઆતમાં જ લીલાસ્થાનો અને લીલા પ્રસંગોનો સમન્વય કરી, શ્રીનાથજીની સેવાના મહત્ત્વપૂર્ણ અંગ રૂપે સ્થાપિત વિવિધ શૃંગાર, ભોગ, રાગ, નેગ વગેરેના ક્રમનું વિસ્તરણ કર્યું.

શ્રીનાથજી સાથેના ગોપીનાથદાસ ગ્વાલ તથા હરજી ગ્વાલવાળા પ્રસંગો, વ્રજવાસીની દોણીનો ક્રમ, શોભા ગુજરી તથા લચ્છો ગુજરી વાળા પ્રસંગો, શ્યામઢાક પર દહીં-ભાત આરોગવાનો પ્રસંગ વગેરેનો સમય વિ.સં. ૧૫૯૭ થી ૧૫૯૯ની વચ્ચેનો હોવાનું અનુમાન લગાડી શકાય છે. આ તમામ પ્રસંગોનો આધાર લઈને શ્રી ગુસાંઈજીએ, નવ વર્ષ પહેલાં શ્રી ગોપીનાથજીએ સ્થાપેલા, શ્રીનાથજીની ઈચ્છા અનુસાર ઋતુઋતુના જુદા જુદા શૃંગાર, ભોગ, રાગ, નેગ વગેરેના ક્રમને વધુ વ્યવસ્થિત કર્યા.

હવે શ્રી ગોપીનાથજીના પુત્ર શ્રી પુરુષોત્તમજીએ ૧૩ વર્ષ પૂરા કરીને ૧૪મા વર્ષમાં પ્રવેશ કર્યો. વિ.સં. ૧૬૦૧માં શ્રી પુરુષોત્તમજી પણ પિતાજીની જેમ જગન્નાથપુરી પધાર્યા. પુરીના મહારાજાએ ઉચિત આદર સત્કાર કર્યો અને શ્રી ગોપીનાથજીના પ્રસંગને યાદ કરી પોતાની કૃતજ્ઞતા દર્શાવી. પરંપરા અનુસાર મહારાજાએ શ્રી પુરુષોત્તમજીને પણ ‘ફલાહારી’ મઠમાં ઉતારો આપ્યો. ‘ફલાહારી’ મઠ વિષ્ણુસ્વામી સંપ્રદાયના આચાર્યો માટે અનામત

રહેતો હતો. એ મઠમાં ઉતારો કરનાર આચાર્યોને શ્રી જગન્નાથજીની સેવાના જે પ્રકારના અધિકાર હતા એવા જ અધિકારો પ્રાપ્ત કરવા માટે આપશ્રીને અનેકવિધ વિભૂતિઓનું પ્રદર્શન કરવું પડ્યું. યૌગિક વિભૂતિઓ દેખાડી. ત્યારે મંદિરના રાજકર્મચારીઓએ કહ્યું :

'અહીં આવી કોઈ વિભૂતિઓનું મહત્ત્વ નથી. અહીં તો ભગવાનને ભોગનું જ મહત્ત્વ છે બોલો, કેવા પ્રકારનો કેટલો ભોગ ધરાવી શકશો?' રાજકર્મચારીઓએ બેમેળ વાત કરી.

આ સાંભળીને આપશ્રીએ થોડી વ્યાકુળતા અનુભવી. મહારાજાને આ વાતની જાણ થઈ. એમણે કહ્યું કે, 'પોતે એમના કુલગુરુઓને (પૂર્વજોને) જાણે છે. એમના સંપ્રદાયના શ્રી ગોપીનાથજી આચાર્ય આવ્યા હતા. હવે આ આવ્યા છે. એમને માનભેર મંદિરમાં પધરાવો.'

આમ આપશ્રીને રાજકીય માન પ્રાપ્ત થયું. તેથી (દ્વેષિત થઈને) ત્યાંના રાજગુરુઓએ આપને પૂછ્યું :

'આપ કપાળમાં જે ઊભું તિલક કરો છો એનો હેતું શો છે?'

'બંને ભ્રમરોની વચ્ચેથી કપાળના અંત ભાગ સુધી ઉપરની તરફ જતી જે રક્તિમ વર્ણની જ્યોતિ છે એ બ્રહ્મરંધ્ર છે અને ત્યાં જ રાધા-માધવ ક્રીડા કરે છે. એટલા માટે અમારા સંપ્રદાયે રક્તવર્ણના ઉર્ધ્વપુંડ્ર તિલકને ગ્રહણ કર્યું છે.'

'ઠીક છે. આપ કોઈ આચાર્યવિભૂતિ (ચમત્કાર) દેખાડી શકો છો?'

'અમે શ્રી ગોકુલચંદ્રની ઉપાસના કરીએ છીએ. અમારો ભક્તિમાર્ગ છે. આચાર્યવિભૂતિ તો મર્યાદામાર્ગમાં હોય છે... અને અહીં તો અમારી જાણમાં છે ત્યાં સુધી વિભૂતિનું નહીં પણ ભોગનું મહત્ત્વ છે!'

મહારાજા પોતાના કર્મચારીઓના પ્રપંચને સમજી ગયા અને તરત વાત બદલીને પ્રશ્ન કર્યો :

'અમને એ કહો કે શ્રી જગન્નાથજીને કેટલા હસ્ત છે? કોઈ કહે છે બે હસ્તો છે. પરંતુ અમને તો એકેય હસ્ત દેખાતો નથી!'

'તમારી લૌકિક નજરે એ વાત બરાબર છે. પરંતુ અમને તો બે નહીં, શ્રી જગદીશજીની ચાર ભુજાઓનાં દર્શન થાય છે.' શ્રી પુરુષોત્તમજીએ મહારાજા માટે નવો જ ધડાકો કર્યો.

'એ કેવી રીતે બને!?' મહારાજા તૈયાર ન થયા.

ત્યારે આપે મહારાજાના કપાળે આજ્ઞાચક્ર પર પોતાનો અંગૂઠો દબાવ્યો ને એમને અલૌકિક દૃષ્ટિ પ્રાપ્ત કરાવી શ્રી જગદીશજીના ચાર ભુજાવાળા દર્શન કરાવ્યાં.

તેજોદ્વેષી રાજગુરુઓ સરળતાથી પીછો છોડે એમ નહોતા. એમણે નવું સૂરસૂરીયું ફોડ્યું.

'આપ 'ગીતગોવિંદ' ગ્રંથને કેટલું મહત્ત્વ આપો છો?'

'એ ગ્રંથને અમે શ્રેષ્ઠત્વ આપીએ છીએ.'

''ગીતગોવિંદ' જેવો શૃંગારરસાત્મક ગ્રંથ શ્રેષ્ઠ કેવી રીતે હોઈ શકે છે?'

'જે ખંડન કરો એ સમજી વિચારીને કરો. અહીં પરમેશ્વર સિંહાસન પર બિરાજમાન છે.' એમ કહીને આપ ઊભા થઈ ગયા અને દુઃખિત થઈ પાછા ચાલ્યા ગયા.

મહારાજા આપશ્રીનો રોષ જોઈને ચૂપ થઈ ગયા. એ સમયે વૈશાખ માસની તેરસે ચંદનયાત્રાની 'ચાપ' (ભગવાનને નાવમાં પધરાવીને ચંદનના તળાવમાં ફેરવવામાં આવે છે એને 'ચાપ' કહે છે) થઈ રહી હતી. શ્રી પુરુષોત્તમજી મુક્તેશ્વરમાં હતા ત્યારે મહારાજાને સ્વપ્નમાં આદેશ થયો. મહારાજાએ સ્વપ્ન જોયું કે પરમેશ્વર શ્રી જગન્નાથજી બંને હસ્તમાં શંખ અને ચક્ર તેમ જ બીજા બે હસ્તમાં વેણુ ધારણ કરી રહ્યા છે. ચિંતામણિ કૃષ્ણનું રૂપ જોઈને મહારાજા આનંદિત થઈ ઊઠ્યા. આ જ આચાર્ય (શ્રી પુરુષોત્તમજી) દ્વારા પ્રતિપાદિત વિગ્રહ (સ્વરૂપ) હતું.

સ્વપ્નમાં કૃષ્ણના ચિંતામણિરૂપ દર્શન થયાં તેથી મહારાજાએ ચંદનયાત્રામાં હંમેશા પ્રભુનો આ જ વેશ રખાવ્યો. પ્રભુનો આ વેશ અથવા શૃંગાર શ્રેષ્ઠ હતો. મહારાજા આ સમયે ૪૧ વર્ષના હતા. શ્રી જગન્નાથજી અત્યાર સુધી જે ઈષ્ટરૂપમાં હતા એને બદલે શ્રી પુરુષોત્તમ આચાર્યના વિધાન અનુસાર ચિંતામણિ કૃષ્ણના રૂપમાં મહારાજાના મનમાં એટલા બધા વસી ગયા કે એમણે 'મુગનિ' પથ્થર (એક પ્રકારનો મોંઘો, કાળો, ચીકણો પથ્થર)માં એ સ્વરૂપને કોતરાવીને હંમેશ માટે સ્થાપિત કરી દીધા! આમ શ્રી પુરુષોત્તમ આચાર્ય શ્રેષ્ઠત્ત્વ પામીને ગોકુલની યાત્રા પર નીકળી પડ્યા. થોડા દિવસો પછી વૃદ્ધાચાર્ય નામના આચાર્ય આવ્યા.

શ્રી પુરુષોત્તમજી યાત્રાએથી પાછા અડેલ પધાર્યા ત્યારે આપશ્રી બીજી વખત થનગની ઊઠ્યા. પ્રભુ ઈચ્છાથી એમને બીજી બહેનની ભેટ મળી હતી. નામ રાખવામાં આવ્યું 'સત્યભામા'.

પુત્ર શ્રી પુરુષોત્તમજીના યાત્રાએથી પાછા ફર્યા પછી વિ.સં. ૧૬૦૧માં શ્રી ગોપીનાથજીએ અડેલમાં / ગોપાલપુરમાં સોમયાગ યજ્ઞ અને ત્યાર પછી વિષ્ણુયાગ યજ્ઞ કર્યો. તો વિ.સં. ૧૬૦૨માં શ્રી ગુસાંઈજીએ ગોપાલપુરમાં 'અષ્ટછાપ' યજ્ઞ કર્યો!! આ તે કેવો યજ્ઞ હતો!? હા, શ્રી ગુસાંઈજીએ વડીલબંધુ અને ગાદીપતિ આચાર્યશ્રી ગોપીનાથજીની ઉપસ્થિતિમાં, એમની સંમતિથી. શ્રીનાથજીની આઠેય સમયની કીર્તન સેવામાં આઠ સંગીતજ્ઞોની નિમણૂક કરી અને વિધિસરના 'અષ્ટછાપ મંડળ'ની સ્થાપના કરી. આ 'અષ્ટછાપ મંડળ'ના આઠ સંગીતજ્ઞ કીર્તનકારો આ મુજબના હતા : કુંભનદાસ (૭૭ વર્ષના), સુરદાસ (૬૭ વર્ષના), કૃષ્ણદાસ (૪૮ વર્ષના), પરમાનંદદાસ (૫૨ વર્ષના), છીતસ્વામી (૩૦ વર્ષના), ગોવિંદસ્વામી (૪૦ વર્ષના), ચતુર્ભુજદાસ (૫ વર્ષના) અને * વિષ્ણુદાસ છીપા (૫૬ વર્ષના).

આઠેય કીર્તનકારોને શ્રીનાથજીની કીર્તન સેવા સોંપીને શ્રી ગુસાંઈજી વિ.સં. ૧૬૦૩માં પ્રથમવાર ગુજરાત પધાર્યા અને દ્વારકા યાત્રા કરી. વિ.સં. ૧૬૦૫માં શ્રી ગોપીનાથજીએ કાશીમાં શ્રી ગુસાંઈજીના જયેષ્ઠ પુત્ર શ્રી ગિરિધરજીના યજ્ઞોપવીત સંસ્કારમાં હાજરી આપી. બહુ ધામધૂમથી ઘરનો મંગલ પ્રસંગ ઊજવાયો. સૌ સગાં-વ્હાલાં એકબીજાને મળ્યાં. ખબર અંતર પુછાયા. શ્રી વલ્લભની જ પ્રતિકૃતિ સમાન શ્રી ગોપીનાથજીને મળીને બધાને સર્વાધિક આનંદ પ્રાપ્ત થયો. શ્રી ગુસાંઈજીનું યુવા સ્વરૂપ પણ એટલું જ મોહક અને પ્રભાવશાળી હતું. બંને ભાઈઓની અલૌકિક આભાથી કાશી નગરી ઘેલી ઘેલી બની ગઈ! પ્રસંગ ઉકેલાયા પછી કાશીથી નીકળીને શ્રી ગોપીનાથજી શ્રીનાથજીની સેવામાં ગોપાલપુર પધાર્યા અને ૮૪ કોસની વ્રજપરિક્રમા વિધિપૂર્વક કરી.

ત્યાર પછી એક સમય આપ આગરા પધાર્યા. ત્યાં એક વૈષ્ણવે સો સોનામહોરો આપને ભેટ ધરી. આપ તો અપરિગ્રહી હતા એટલે એ ભેટ પોતે ન રાખતા નાના ભાઈ પાસે મોકલાવી દેવાનો વિચાર કર્યો. પણ આવી મોંઘી

ભેટ લઈને આગરાથી અડેલ જાય કોણ? ખાસો લાંબો અને વિકટ માર્ગ. માર્ગમાં ચોર લૂંટારાઓનો ભય ઘણો તેથી એકલ દોકલ માણસનું તો ગજુ જ નહીં. આપે સેવકોને પૂછ્યું.

'તમારામાંથી કોઈ વૈષ્ણવ આ ભેટમાં આવેલી સોનામહોરો અડેલમાં શ્રી વિઠ્ઠલનાથજીને પહોંચતી કરી શકે એમ છે?'

સૌ એક બીજાનું મોં જોવા લાગ્યા. કોઈએ હિંમત ન દાખવી. એ વખતે સિંહનંદથી શ્રી મહાપ્રભુજીના સેવક વાસુદેવદાસ છકડા (કે જેઓ પરિક્રમા દરમ્યાન શ્રી મહાપ્રભુજીની સાથે રહીને સામાન ઉપાડવાની સેવા કરી ચૂક્યા હતા) કંઈક કામ અંગે આગરા આવ્યા હતા. શ્રી ગોપીનાથજી આગરામાં બિરાજી રહ્યા છે એવા સમાચાર મળતાં તેઓ આપશ્રીના દર્શને આવ્યા હતા. એમણે સામે આવીને હાથ જોડી વિનંતી કરી :

'કૃપાનાથ, સેવક હાજર છે. આ કાર્યનો મને અનુભવ પણ છે અને હિંમત પણ છે. સો-બસોને તો એકલે હાથે પટકી દઉં. મજાલ છે કોઈની કે મારી પાસે ફરકી શકે... આચાર્યશ્રીનો સેવક છું...'

'બસ, ફક્ત સરસ્વતી નદીમાં જ તમે ઊંધે મોંઢે પટકાઈ ગયા હતા, ખરું ને?' શ્રી ગોપીનાથજી પણ પોતાના પિતાશ્રીના પ્રાચીન અંતરંગ સેવકને જોઈને થોડા ખીલી ઊઠ્યા.

'હા... મારી ભર જુવાનીના દિવસોમાં માદરે વતન સિંહનંદ ગામે સરસ્વતી નદીમાં જ્યારે હું મિત્રો સાથે ધિંગામસ્તી કરી રહ્યો હતો ત્યારે પાણીમાં મગરની જેમ મારી પાસે સરકી આવીને મારો હાથ પકડી એને મરોડી નાંખી મારો મદ ઉતારી નાંખનાર એક માત્ર ભડવીર પુરુષ હતા..'

'કૃષ્ણદાસ મેઘન, ખરું ને!'

'સાવ સાચું કહ્યું. આપે મારી પાસેથી બાલ્યાવસ્થામાં સાંભળેલી ઘણી બધી વાતો યાદ રાખી છે!

'એ બધી માત્ર 'વાતો' જ નથી પણ અમારે માટે જીવાદોરી છે.. અમારું અલૌકિક ભાથું છે.. એને કેમ કરીને ભૂલી શકાય? તમને બધાને મળીએ છીએ ત્યારે એમ લાગે છે કે પૂજ્ય શ્રી તાતચરણ અમારી સામે જ બિરાજી રહ્યા છે! એ ક્યાંય દૂર નથી થયા..' કહેતાં શ્રી ગોપીનાથજીનાં નેત્રો ભીનાં થઈ ગયાં.

---

* *(વિષ્ણુદાસ છીપાને અષ્ટછાપ મંડળમાં સ્થાન મળ્યું તે અંગેની નોંધ માટે જુઓ પરિશિષ્ટ-૧)*

'તો કૃપાનાથ, આપ આજ્ઞા કરો તો પેલી સેવા હું મારા માથે લઉં.' વાસુદેવદાસે દોર સાંધ્યો અને શ્રીમદ્ વલ્લભનંદનને વધુ ભાવવિભોર થતા અટકાવી એમની મૂંઝવણ ટાળી.

શ્રી ગોપીનાથજીએ પ્રસન્ન થઈને શ્રી ગુસાંઈજી પર પત્ર લખી દીધો અને સાથે સોનામહોરો વાસુદેવદાસને સોંપી.

'ભક્તરાજ, સાવધાનીથી પહોંચાડજો.'

'ચિંતા કાપિ ન કાર્યા... પણ.. મહારાજ, આ ઝોળીમાં ત્રણેક દિવસ ચાલે એટલો સૂકો મહાપ્રસાદ બંધાવી આપો અને સાથે થોડું ચવાણું પણ અપાવો... પછી જુઓ મારી કમાલ... સાવધાની જ સાવધાની..'

શ્રી ગોપીનાથજી વાસુદેવદાસની શારીરિક તેમ જ વિનોદી પ્રકૃતિથી સારી રીતે પરિચિત હતા. આચાર્યશ્રી પાસે તેઓ ઘણી વાર અડેલવાસ દરમ્યાન આવી ચૂક્યા હતા. ત્યારે એમની 'પરોણાગત' શ્રી ગોપીનાથજી જ કરતા હતા અને એમની પાસેથી પિતાજીની પરિક્રમાઓના સંભારણા તેમ જ વાસુદેવદાસના હળવા વિનોદ પણ માણતા હતા! હસાવી હસાવીને તેઓ ઘરના સૌને હળવા ફૂલ બનાવી દેતા. એ બધું યાદ કરતાં આપશ્રીએ સસ્મિત કહ્યું :

'ચિંતા કાપિ ન કાર્યા... અમે સ્વહસ્તે એ બધું તૈયાર કરી રાખ્યું છે. આ લો.'

શ્રી ગોપીનાથજીએ વાસુદેવદાસને જોઈતી વસ્તુઓનું પોટલું બંધાવી દઈ રવાના કર્યા.

હવે વાસુદેવદાસે વિચાર કર્યો કે સીધા સાદા વેશમાં નીકળીશ તો ચોર લૂંટારાઓ સાથે કદાચ ઝપાઝપી કરવી પણ પડે. જો કે ઝપાઝપીનો ડર નહોતો કારણ કે તનમાં અખૂટ શક્તિ હતી. પણ એમ કરવા જતાં સમય અધિક વ્યતીત થઈ જાય અને ભેટ યથાસ્થાને પહોંચાડવામાં વિલંબ થાય. પણ કદાચ નિદ્રાવસ્થા દરમ્યાન મત્તા ચોરાઈ જાય તો? તો તો ગુરુ અપરાધ પડે. તો પછી સરળ ઉપાય શું છે?... એ જ, જે ગયે વખતે અજમાવ્યો હતો!

વાસુદેવદાસે વૈરાગીનો વેશ ધારણ કર્યો. ભગવાં વસ્ત્રો પહેરી લીધાં. શરીર પર ટીલાં-ટપકાં તાણ્યાં. મસ્તક મૂંડાવી નાંખ્યું. લાંબી ચોટી રખાવી. હાથમાં કમંડલુ અને દંડ ઉપાડી લીધા અને ખભે ઝોળી ટીંગાડીને ચાલી નીકળ્યા. સોનામહોરોને લાખ ગરમ કરીને એના ગોળામાં સંતાડી દીધી અને ગરમ ગોળાને શાલિગ્રામનો આકાર આપી દીધો. ગોળો ઠર્યો એટલે ઊભે રસ્તે શાલિગ્રામની પૂજા કરવા લાગ્યા. એના પર ચંદનનો લેપ કરે, કંકુ ચોખા ચડાવે, ધૂપ-દીપ કરે, પુષ્પ વધાવે, શ્લોકો બોલે. ચવાણું ફાકતા જાય, ભગવદ નામ લેતા જાય અને આચાર્યશ્રીના સ્મરણમાં લીન બનીને માર્ગ કાપતા જાય. સામેથી કોઈ પગે લાગવા આવે તો સંન્યાસીની છટાથી આશીર્વાદ આપે અને 'કલ્યાણમસ્તુ' કહીને ભગવદ્ સ્મરણ કરે. એમનો વેશ અને છટા જોઈને લોકો એમ સમજે કે કોઈ બહુ મોટા સિદ્ધ પુરુષ ગામમાંથી પસાર થઈ રહ્યા છે! ત્યાં એમની પાસે ચોર લૂંટારા તો ફરકે જ શાના?

એમ કરતાં કરતાં ત્રીજે દિવસે વાસુદેવદાસ હેમખેમ અડેલ પહોંચી ગયા. ગામને પાદર પહોંચીને નિરાંતનો દમ ખેંચ્યો. કીર્તન લલકારતાં લલકારતા શ્રી યમુનાજીમાં સ્નાન કરીને તરોતાજા થઈ ગયા. ઘાટ પર આવીને વસ્ત્રો બદલી લીધાં અને લાખનો ગોળો ફોડ્યો! પૂજન સામગ્રીને અને ગોળાના ટુકડાઓને જલમાં વહેતા કરી દીધા... પક્ષીઓ ચોટીચતુર સેવકની આ હરકત જોઈને હસી પડ્યા... જલ મલકાઈ ઊઠ્યા... અડેલ ગામનું પાદર પણ કેવા કેવા ખેલ જોતું હતું!.. થોડી વારમાં તો વાસુદેવદાસ બેઠકમાં શ્રી ગુસાંઈજીની સન્મુખ આવીને હાથ જોડીને ઊભા રહ્યા. દંડવત પ્રણામ કરીને પત્ર અને સોનામહોરો આપશ્રીની સામે ધરી. આપશ્રીએ પત્ર વાંચ્યો. સર્વ હકીકત જાણી. મોટા ભાઈના ક્ષેમ કુશળ પૂછ્યા. સોનામહોરો સંભાળીને ભંડારીને સોંપી. પછી આપે પ્રેમથી સ્વહસ્તે મહાપ્રસાદની પાતળ વાસુદેવદાસને ધરી અને એમને આગ્રહપૂર્વક સંતોષ્યા. તાતચરણના કૃપાપાત્ર અંતરંગ સેવકો એટલે બંને ભાઈઓને મન શુંય હતા! સુખશય્યામાં રાત્રિ વિશ્રામ કર્યા પછી બીજે દિવસે વાસુદેવદાસ શ્રી ગુસાંઈજી પાસેથી પહોંચનો પત્ર લઈને, ગૃહસ્થના સાદા વેશમાં, પાછા આગરા આવવા રવાના થયા.

પાછા ફરતાં પણ માર્ગ તો એ જ હતો ને! પંચાત ઊભી થઈ ગઈ! અમુક લોકોએ એમને ધારી ધારીને જોયા. એ જ ટકો મૂંડો, એ જ ચોટી અને એ જ કદાવર કાયા પરથી શંકા જતાં કોઈએ પૂછવાની હિંમત પણ કરી લીધી:

'જય શ્રી કૃષ્ણ, મહારાજ, આમ કેમ? ભગવા વસ્ત્રોનું શું થયું?'

'ગૃહસ્થને સંસાર પ્રત્યે વૈરાગ્ય પેદા થાય તો એ શું કરે?' વાસુદેવદાસે સામું પૂછ્યું.

'ભગવા વસ્ત્રો પહેરીને સંન્યાસી બની જાય અને ગામની ભાગોળમાં નીકળી જાય.'

'અને સંન્યાસીને ગામની ભાગોળ પ્રત્યે વૈરાગ્ય પેદા થાય તો એ શું કરે?'

પ્રશ્નના જવાબમાં અણધાર્યા સામા અટપટા પ્રશ્નો આવી જતાં પ્રશ્ન કરનાર મૂંઝાઈ ગયા!

'નથી ખબર? ચાલો અમે જ કહીએ. એ ધોતી-બંડી પહેરીને ગામના ઘરમાં પાછા આવી જાય...' કહેતાં વાસુદેવદાસ ખડખડાટ હસી પડ્યા. '... અમને ભાગોળ પ્રત્યે વૈરાગ્ય પેદા થઈ ગયો... સમજાયું કંઈ?... નહીં ને?'

સાંભળનારા બબૂચક બનીને એમને મસ્તી ભરી ચાલમાં જતાં જોઈ રહ્યા. વાસુદેવદાસ થોડા આગળ વધ્યા. ત્યાં બીજું ગામ આવ્યું. થોડા બીજા દોઢડાહ્યા લોકો સામે મળ્યા.

'મહારાજ, દંડ ને કમંડલુ ક્યાં? આ અમારી જેવો પહેરવેશ..?'

'કોની વાત કરો છો ભાઈ?'

'કેમ? હજુ બે-ત્રણ દિવસ પહેલાં તો આ બાજુથી પસાર થયા ત્યારે સંન્યાસીના વેશમાં હતા! અને આજે...?'

'ઓહ, અમારા જોડિયા ભાઈની વાત કરો છો તમે? ક્યારે જોયા? ક્યાંથી કઈ તરફ જઈ રહ્યા હતા એ? અમે નાના હતા ત્યારે પિતાજીની સાથે કુંભના મેળામાં મકરસ્નાન કરવા પ્રયાગ ગયા હતા. ત્યાં ભીડમાં એ અમારાથી વિખૂટા પડી ગયા હતા. બસ, ત્યારથી એમની શોધમાં જ અમે ભટકી રહ્યા છીએ... હૂબહૂ અમારા જેવો જ દેખાવ છે એમનો. કોણે જોયા'તા એમને? ઓ ભાઈ... તમે ક્યાં છો?' કહેતાં બહાવરા બનીને વાસુદેવદાસ આગળ નીકળી ગયા. દોઢડાહ્યા લોકોની દોઢી અક્કલમાંથી હવે પોણી જ અક્કલ બાકી બચી! બાકીની પોણી ઉપર ચૂનાનો પિંછોટો ફરી વળ્યો.

વાસુદેવદાસ હરિસ્મરણ કરતાં આગળ વધ્યા. સાંજ ઢળી. એક નવું ગામ આવ્યું. એના ચૉરે વાસુદેવદાસનો ભેટો ચાર ચોરોની એક ચંડાળ ચોકડી સાથે થઈ ગયો.

'ખબરદાર, ભગતડા. જીવ વહાલો હોય તો અંગ પરનો બધો માલ ઉતારી આપ..'

'જી, બાપલિયા. હમણાં ઉતારી દઉં...' કહેતાં વાસુદેવદાસે અંગ પરથી બંડી ઉતારીને બાજુએ મૂકી.

'અરે, આ શું કરે છે?'

'કેમ? તમે જ તો કહ્યું કે અંગ પરનો બધો માલ ઉતારી આપ...! બસ, એ જ કરું છું...' કહેતાં વાસુદેવદાસે હવે ધોતિયાની પાટલી છોડી... અને એનો કાછટો માર્યો. 'મારી પાસે આ જ માલ છે... હિંમત હોય તો આગળ વધો અને એને હાથ લગાડો... કોની માએ સવાશેર સૂંઠ ખાધી છે? હુંય જોઉં.'

'અરે, આ તો બકરીએ આદુ ખાધું! તીખું લાગ્યું હશે. ચાલો એને જરા આકડાના પાન ચખાડીએ...' કહેતાં ચારેય ચોરોએ ચોતરા પરથી ઠેકડો માર્યો અને વાસુદેવદાસને ઘેરી વળ્યા.

વાસુદેવદાસે પોતાની જાંઘ પર થાપ દીધી, બાવડા થપથપાવ્યા અને જોરદાર હુંકારા સાથે ફક્ત એક એક મુક્કાના અને લાતના પ્રહારમાં ચારેયને ધૂળ ચાટતા કરી દીધા. ચારેયના શરીર પરથી માલ (કપડા) ઉતારી લીધા અને બાજુના કૂવામાં નાંખી દીધા.

'ચાલો, ભાઈઓ... હરિ ઈચ્છાથી ફરી કોઈ વાર મળવાનું થઈ જાય તો આજનો પ્રસંગ યાદ રાખજો. જય શ્રી કૃષ્ણ...'

વાસુદેવદાસે પોતાનાં વસ્ત્રો વ્યવસ્થિત ધારણ કરી લીધાં અને હાથ ખંખેરતા આગળ વધી ગયા. આમ કરતાં તેઓ ત્રીજે દિવસે આગરા પહોંચીને શ્રી ગોપીનાથજીની સન્મુખ હાજર થઈ ગયા. એમને જોઈને શ્રી ગોપીનાથજીએ ભાવપૂર્વક આવકાર્યા અને એમના તેમ જ નાના ભાઈના અને કુટુંબીજનોના ખબરઅંતર પૂછ્યા. વાસુદેવદાસે શ્રી ગુસાંઈજીનો પત્ર આપના હસ્તમાં ધર્યો. પત્ર વાંચીને આપશ્રી વાસુદેવદાસ પર અત્યંત પ્રસન્ન થયા.

'આચાર્યશ્રીના કૃપાબળ થકી સર્વ કંઈ શક્ય છે. હવે કહો, કઈ રીતે આવા વિકટ માર્ગે તમે મોંઘી જણસને હેમખેમ પહોંચાડી શક્યા?'

'કહેવું જ પડશે? રોટલા સાથે મતલબ રાખોને કૃપાનાથ. ટપાકા ગણીને શું કરશો?'

'ના ના, કહો તો ખરા. અમને તમારી વાતો સાંભળવી ગમે છે.'

'તો સાંભળો...' કહેતાં વાસુદેવદાસે અથથી ઈતિ સુધી સવિસ્તર આંખે દેખ્યો અહેવાલ આપી દીધો.

રોટલાના ટપાકા સાંભળીને શ્રી ગોપીનાથજી થોડા ખિન્ન થઈ ગયા.

'વાસુજી, તમે જણસને હેમખેમ યથાસ્થાને પહોંચાડી એ તમારી બેજોડ સેવા બદલ અમે પ્રસન્નતા અનુભવીએ છીએ અને તમારી હિંમતની સરાહના કરીએ છીએ. પરંતુ તમે જે પ્રકારે એને લઈ ગયા એ આપણા ભક્તિમાર્ગની રીતિ નથી. લાખના ગોળાને શાલિગ્રામજીનો દેખાવ આપ્યો તે યોગ્ય ન કર્યું. શાલિગ્રામજી ભગવત્સ્વરૂપ છે. એક વસ્તુમાં ભગવત્સ્વરૂપની ભાવના કર્યા પછી એને ભાંગી નાખવી એ ઈષ્ટ નથી, એમાં વૈષ્ણવતા નથી.'

'પણ કૃપાનાથ, મેં એ સ્વરૂપની પ્રતિષ્ઠા નહોતી કરાવી...' વાસુદેવદાસે વિનમ્રતાથી કહ્યું.

'તેથી શું થયું? એમાં દૈવી સ્વરૂપભાવ તો પેદા કર્યો ને? ભગવત્સ્વરૂપના બહાને કદી લૌકિક કાર્ય ન કરવું. જેમાં એક વખત અલૌકિક ભાવનું નિરૂપણ કરીએ એની સાથે પછી લૌકિક વ્યવહાર ન કરીએ.' શ્રી ગોપીનાથજીએ ભક્તિમાર્ગની પરિપાટી સમજાવી.

'જે રાજ, મારી ક્રિયાને ક્ષમ્ય કરી દેજો અને ફક્ત મારી ભાવનાને ધ્યાનમાં રાખજો. મેં કરેલા ક્રિયાત્મક અપરાધ બદલ ક્ષમા ચાહું છું અને આજ પછીથી આવી ભૂલ ક્યારેય ન થાય એનું ધ્યાન રાખવાનું વચન આપું છું.'

'શ્રી હરિ તમારી રતિ અને મતિની ગતિને સદા પોતાના શ્રી ચરણોમાં રાખે એવા અમારા આશિષ છે. બાકી શ્રી આચાર્યચરણનું જેને કૃપાબળ પ્રાપ્ત થયેલું છે એનું કોઈ શું બગાડી શકે?... પાછા ફરતાં કંઈ અવનવા અનુભવો થયા? કારણ કે માર્ગ અને લોકો તો એના એ જ હતા ને?'

વાસુદેવદાસ રંગમાં આવી ગયા. એમણે આગવી અને બહુ રસમય શૈલીમાં ભાવ-ભંગિમા સાથે કથાકથન શરૂ કર્યું. મધ્યાહ્ન કાલીન સત્રને હાસ્યની છોળોથી એકદમ હળવું બનાવી દીધું. હસી હસીને સૌ લોટપોટ થઈ ગયા. વાસુદેવદાસ આ જ તો ઈચ્છતા હતા! શ્રી ગોપીનાથજીના મનોભારને તેઓ હળવો કરવા માંગતા હતા! શ્રી ગોપીનાથજી આચાર્યશ્રીના પરિક્રમાના દિવસોને યાદ કરવા લાગ્યા અને આવા એકનિષ્ઠ ભક્તને મનોમન વંદી રહ્યા! ત્યાં આપશ્રી ઓચિંતાના શ્રીતાતચરણની યાદમાં ઝૂરી ઊઠ્યા અને મૂર્છાવસ્થા

તરફ ઢળવા લાગ્યા. વાસુદેવદાસ આપના અલૌકિક સ્વરૂપને કળી ગયા અને તરત બેઠકને બરખાસ્ત કરી.

'હા તાત, હા તાત' કહેતાં શ્રી ગોપીનાથજી નિત્યનિયમના ગોપાલમંત્રના અનુષ્ઠાનમાં, જપ-પાઠમાં અને શાસ્ત્રોના વાંચન-મનન-અધ્યયનમાં તેમ જ નિદિધ્યાસમાં પરોવાઈ ગયા.

(૧૬)

એક તરફ 'હા તાત, હા તાત' કહેતાં શ્રી ગોપીનાથજી નિત્યનિયમના ગોપાલમંત્રના અનુષ્ઠાનમાં, જપ-પાઠમાં અને શાસ્ત્રોના વાંચમ-મનન-અધ્યયનમાં તેમ જ નિદિધ્યાસનમાં પરોવાઈ ગયા હતા તો બીજી તરફ શ્રી ગુસાંઈજીના જીવનમાં લૌકિક પ્રસંગોની ભરમાર ઠલવાઈ રહી હતી. ગજબની ઊથલ પાથલ થવા માંડી હતી! પ્રસંગોની એ ભરમાર અને ઊથલ પાથલ પર એક ઊડતી નજર નાંખી લઈએ?

વિ.સં. ૧૬૦૫માં કાશીમાં શ્રી ગુસાંઈજીએ જયેષ્ઠ પુત્ર શ્રી ગિરિધરજીને યજ્ઞોપવીત સંસ્કાર કરાવ્યા છી વિ.સં. ૧૬૦૫માં જ ભાદરવા વદ ૧૩ના દિને ૩૩ વર્ષ--૯ માસના શ્રી ગુસાંઈજીને ત્યાં અડેલમાં તૃતીય પુત્ર શ્રી બાલકૃષ્ણજી (ઘરમાં બોલવાનું નામ 'રાજીવલોચન')નું પ્રાગટ્ય થયું. તેમને લઈને શ્રી ગુસાંઈજી ગોકુલ પધાર્યા અને નવું મંદિર, કે જેનો પાયો યાદવેંદ્રદાસ નામના સેવકે એક રાતમાં ખોદ્યો હતો તે, સિદ્ધ થઈ જતાં એમાં મુકામ રાખ્યો. ગોકુલના એવા હંગામી મુકામ દરમ્યાન એક દિવસ, ગોવિંદસ્વામીની જેમ, એક બીજો બ્રાહ્મણ યુવક પણ શ્રી ગુસાંઈજીને શરણે આવ્યો. અષ્ટછાપ મંડળમાં વિષ્ણુદાસ છીપાનું સ્થાન ખાલી પડવાની તૈયારીમાં હતું એટલે એને પૂરવા માટે તથા લીલામાંના પોતાના સખાને સ્વસ્થાન સુધી ખેંચી લાવવા માટે શ્રીનાથજીએ એક અટપટી લીલા ખેલી... અને નંદદાસને વિ.સં. ૧૬૦૭માં શ્રી ગુસાંઈજી સુધી પહોંચાડી દીધા.

હવે શ્રી ગુસાંઈજી ગોકુલથી પાછા અડેલ પધાર્યા અને વિ.સં. ૧૬૦૮ના માગશર સુદ ૭ને ગુરુવારના દિને ૩૫ વર્ષ-૧૧ માસના શ્રી ગુસાંઈજીને ત્યાં અડેલમાં ચતુર્થ પુત્ર શ્રી ગોકુલનાથજી (ઘરમાં બોલવાનું નામ વલ્લભ') નું પ્રાગટ્ય થયું. વિ.સં. ૧૬૧૧ના કારતક સુદ ૧૨ ના દિવસે પાંચમા પુત્ર શ્રી રઘુનાથજી (ઘરમાં બોલવાનું નામ 'રામચંદ્ર')નું અડેલમાં પ્રાકટ્ય થયું. પછી

વિ.સં. ૧૬૧૩માં શ્રી ગુસાંઈજીએ ગુજરાતની બીજી વારની યાત્રા આરંભી. એ સમયે આપશ્રી જોધપુર થઈને મેવાડ પધાર્યા ત્યારે મહારાણા ઉદયસિંહજી મેવાડના ગાદીપતિ હતા.

એ સમય દરમ્યાન ક્યારેક શ્રીનાથજી, શ્રી ગુસાંઈજીની આડીથી, મેવાડમાં રાણી અજબકુંવરબાઈ સાથે ચોપાટ ખેલીને પાછા વ્રજમાં પધારી રહ્યા હતા ત્યારે ૨૦ વર્ષના અજબકુંવરબાઈએ વિરહાતુર થઈને શ્રીનાથજીનું વસ્ત્ર પકડી લીધું અને શ્રીનાથજીને રોકી રાખવાનો પ્રયત્ન કર્યો. એ સમયે શ્રીનાથજીએ અંદાજે સવાસો વર્ષ પછી મેવાડ પધારીને સ્થાયી થવાનું વચન અજબકુંવરબાઈને આપ્યું.

આ પ્રસંગને બે વર્ષ વીત્યા. એ બે વર્ષ દરમ્યાન શ્રી ગુસાંઈજીએ પ્રથમ પુત્ર શ્રી ગિરિધરજીના 'ભામિની' નામની કન્યા સાથે અને દ્વિતીય પુત્ર શ્રી ગોવિંદરાયજીના 'રાણી' નામની કન્યા સાથે વિવાહ કર્યા.

વિ.સં. ૧૬૧૫માં શ્રી ગુસાંઈજીએ મોટાભાઈની આજ્ઞા લઈ શ્રીનાથજીના ષટ્ઋતુ મનોરથનો પ્રારંભ કર્યો અને એમાં સૌ પ્રથમ 'કસુંબા છઠ' ના મનોરથને યોજ્યો. સંસ્કૃત ભાષાનું પ્રાધાન્ય હોવા છતાં શ્રીનાથજીની આજ્ઞાથી શ્રી ગુસાંઈજીએ વ્રજ ભાષાના પ્રચારનો આદેશ કર્યો. એ જ વર્ષે વિ.સં. ૧૬૧૫માં ચૈત્ર સુદ ૬ને દિવસે શ્રી ગુસાંઈજીને ગૃહે છઠ્ઠા પુત્ર શ્રી યદુનાથજી (ઘરમાં બોલવાનું નામ 'મહારાજ')નું પ્રાકટ્ય અડેલમાં થયું. એના પછીના વર્ષે શ્રી ગુસાંઈજી સહકુટુંબ અડેલથી શ્રી જગન્નાથપુરીની યાત્રાએ પધાર્યા. યાત્રાએથી અડેલ પાછા ફર્યા પછી એ જ વર્ષે વિ.સં. ૧૬૧૬માં શ્રી ગુસાંઈજીને એક ન પૂરી શકાય એવી જબરદસ્ત ખોટ ઊભી થઈ! આપશ્રીનાં વહુજી શ્રી રુક્મિણીજી ભૂતલત્યાગ કરીને નિત્યલીલામાં પધાર્યાં! ખેલનો એક અતિ મહત્ત્વનો અંક ઓચિંતાનો એના અંતના ઓવારે આવીને ઊભો રહી ગયો!! અડેલ ગામના અટકચાળા આકાશે હવે પોતાની પડતીને નોંતરું આપી દીધું!!

વિ.સં. ૧૬૧૭ના કોઈ એક ભાગમાં શ્રી ગુસાંઈજીએ અડેલના પેલા અટકચાળા આકાશમાં બુધના ગ્રહને પીળાશ પડતો ઊગેલો જોઈને અડેલ ગામ પર આફત ઊતરવાની આગાહી ભાખી!! હવે પડતીના નોંતરાની પિપૂડી પણ વાગી ચૂકી!!

શ્રી ગોપીનાથજીને પિતાનું વાક્ય 'તમારા પછી તમારા પુત્રનો નિત્યલીલા પ્રવેશ થશે અને એ નિર્વંશ જશે, વંશ તો શ્રી વિઠ્ઠલનો આગળ વધશે' વારંવાર યાદ આવી જતું. અને શ્રી વિઠ્ઠલેશનો પોતાની દૃષ્ટિ સમક્ષ વિસ્તરતો જતો પરિવાર નિહાળીને આચાર્યશ્રીની વાણીની યથાર્થતા હવેના સમયમાં સાકાર થઈ રહી છે એ વાત શ્રી ગોપીનાથજીના મનમાં નક્કી થઈ ગઈ. શ્રી ગોપીનાથજીનું ચિત્ત સાંસારિક વાતાવરણમાં તટસ્થ થઈ ગયું. તેઓ નાના ભાઈને આગળ કરી, તેમની પાસે સર્વ કાર્ય કરાવતા. વળી સતત સેવાસ્મરણથી આપશ્રીના ભક્તિબીજનો પૂરેપૂરો વિકાસ થઈ ગયો હતો. પ્રેમ અને આસક્તિ પછી હવે આપશ્રીને વ્યસન દશા સિદ્ધ થઈ ચૂકી હતી. આ અવસ્થામાં છેવટે શ્રી ગોપીનાથજીએ સંપ્રદાયનું ઉત્તરદાયિત્વ તેમ જ પોતાનું કુટુંબ નાના ભાઈ શ્રી ગુસાંઈજીને સોંપી વિ.સં. ૧૬૧૮માં ફરીથી ગુજરાત, સિંધ, દ્વારકા વગેરેના પ્રવાસ માટે પ્રયાણ આદર્યું. માતાજીના આગ્રહથી રાઘવદાસ નામના એક અંતરંગ સેવકને પણ સાથે રાખ્યા... શ્રી ગુસાંઈજી મોટાભાઈને 'લાંબા' પ્રવાસે પધારતા અપલક નેત્રે નિહાળી રહ્યા!... ઘરના સૌએ વારાફરતી આવીને આપશ્રીના ચરણસ્પર્શ કર્યા... શ્રી ગોપીનાથજી ઘર છોડીને ગામને પાદરે શ્રી યમુનાજીને તટે પધાર્યા... અને આપના ચરણો અતિશય ભારે થઈ ગયા...

... આચાર્યશ્રી જે ઘાટ પર બિરાજીને હંમેશા સંધ્યાવંદન કરતા હતા અને શ્રી સુબોધિનીજીનું લેખનકાર્ય કરાવતા હતા એ ઘાટ પર શ્રી ગોપીનાથજી પધાર્યા અને નેત્રો મીંચી બંને હસ્ત જોડી મનમાં અતિશય દીનતા ધારણ કરીને થોડી વાર માટે ઊભા રહ્યા. એ સમયે એમના અંતરપટ પર આ ઘાટ પર ભજવાયેલા તમામ દૃશ્યોનું ચલચિત્ર ઝડપભેર ઊપસવા લાગ્યું. અંતે શ્રી દ્વારકાનાથજી પ્રભુ નાવમાં બિરાજીને પધાર્યા એ દૃશ્ય પર એમનું ચલચિત્ર અટકી ગયું! આપ જોઈ જ રહ્યા... સાંભળી જ રહ્યા...!!

'સોના-ચાંદીના પાત્રો, ઉત્તમ પ્રકારની સામગ્રી, મહામૂલા શૃંગાર વગેરે સર્વ કંઈ શ્રી ઠાકોરજીનો અઢળક વૈભવ જોઈને તમારું મન પ્રસન્ન થયું છે?' શ્રી મહાપ્રભુજીએ ગંભીરતાથી શ્રી ગોપીનાથજીને પૂછ્યું.

'આપના વંશમાં પ્રગટ થનારનું મન તો કદાપિ આ રીતે લોભ નહીં પામે. અમને તો સહજમાં શ્રી ઠાકોરજીની સેવાની જ ઈચ્છા થઈ રહી છે તેથી આપને

વિનંતી કરીએ છીએ કે ભલે પધાર્યા.' શ્રી ગોપીનાથજીએ બહુ જ દીનતાપૂર્વક પોતાના હર્ષોદ્ગારનો ખુલાસો કર્યો.

ત્યારે સેવકોને શિક્ષાત્મક ઉપદેશ દેવાના હેતુથી આચાર્યશ્રી બોલ્યા : 'અમારા વંશમાં અથવા તો અમારો કહેવડાવીને જે કોઈ ભગવદ દ્રવ્ય ખાશે એનો વંશ નિર્મૂળ થશે. આ અમારી આજ્ઞા છે.'

તો બીજી જ ક્ષણે શ્રી ગોપીનાથજીએ પીઠ ફેરવીને ગૃહ તરફ જોયું... દૃશ્ય બદલાયું.. સ્થળ બદલાયું... અને...

'... જો સાંભળો. તમારા પછી થોડા જ સમયમાં તમારા પુત્રનો નિત્યલીલા પ્રવેશ થશે અને એ નિર્વંશ જશે. આ વાત અત્યારથી જાણીને લૌકિક દૃષ્ટિએ તમને અવશ્ય ખેદ પ્રાપ્ત થશે; ન થાય તો પણ તમારે એ રીતનો અભિનય તો કરવો જ પડશે! તમે સારી રીતે જાણો છો કે તમારા ભાગે આવેલું ભગવદ્ ઈચ્છાવાળું આ એક નાટક માત્ર છે! તમારા જેવા વિદ્વાનને આનાથી વધુ સમજાવવાની આવશ્યકતા ન હોય. લૌકિકમાં તમારો આ મહાન ત્યાગ લેખાવો જોઈએ. જો ન લેખાય તો સેવકોનું કમભાગ્ય! બાકી, વંશ તો વિઠ્ઠલેશનો આગળ વધશે...'

ત્યાં શ્રી ગોપીનાથજી ચમક્યા!

'ગોપીશ..!'

શ્રી ગોપીનાથજીએ પાછળ ફરીને પાછું ઘાટ પર જોયું :

'અમારી આજ્ઞાનું તમે સંપૂર્ણ પાલન કર્યું છે. તમારા આ લૌકિક ત્યાગથી અમે અતિ પ્રસન્ન છીએ. તમે કસોટી સફળતાપૂર્વક પાર કરી ગયા છો. હવે વિશેષ વિલંબ નહીં કરતા...'

ઘાટ પર બિરાજેલા શ્રી તાતચરણ આશિષની મુદ્રામાં એમને કહી રહ્યા હતા... બોલાવી રહ્યા હતા! આ જોઈને શ્રી ગોપીનાથજીને અતિશય વિરહ પ્રાપ્ત થયો અને એમના સર્વ બંધનો એક ઝાટકે તૂટી ગયા! તેઓ દોડીને આચાર્યશ્રીના ચરણોમાં લેટી પડ્યા અને ગોદમાં મસ્તક રાખીને નાના બાળકની જેમ મુક્ત સ્વરે ધ્રૂસકેને ધ્રૂસકે રુદન કરવા લાગ્યા... આચાર્યશ્રીએ એમના મસ્તક અને પીઠ પર અતિશય સ્નેહાર્દ્ર હસ્ત ફેરવ્યો. થોડી ક્ષણો એમ જ વહી ગઈ. શ્રી યમુનાજીનાં નેત્રો પણ આ સમયે સજળ થઈ ગયાં!

બીજે એક હસ્ત પણ આપની પીઠ પર ફર્યો!

'દાઉ ભૈયા,..'

શ્રી ગોપીનાથજીએ ચમકીને ઊંચે જોયું. નાના ભાઈ શ્રી ગુસાંઈજી બંને હસ્ત લંબાવીને એમને ભેટવા માટે આતુર થઈને ઊભા હતા! આપ આવેશમાં આવીને ઊઠ્યા અને શ્રી વિઠ્ઠલેશજીને કસીને બાહુપાશમાં લઈ લીધા. બંને ભગવદ્ સ્વરૂપોનું આ ભૂતલ પર ભૌતિક દેહથી પારસ્પરિક અંતિમ આલિંગન હતું એ બંને કળી ગયા હતા!

'છોટે લાલજી... સ્વયંને સંભાળજો કારણ કે આવડા વિશાળ અંગત પરિવારની અને સાંપ્રદાયિક પરિવારની જવાબદારી હવે તમારા એકલાને શિરે છે... વહુજીએ બહુ ખૂબીપૂર્વક પારિવારિક જવાબદારીઓ સંભાળી લીધી હતી... ખરેખરે તેઓ ઉભયાન્વયી અવ્યય (એક બીજાને સાંકળતી કડી) હતા... અમ્માજી (દાદીજી) અને અક્કાજી (માતાજી) બંને અત્યંત સરળ, ઋજુ અને ભાવુક છે.. એવા જ અત્તાજી (ફોઈ) પણ છે... ત્રણેય આપણે માટે દીવાદાંડી સમાન છે. તાતજીના સમયની સ્મૃતિઓ એમનામાં ઝલકે છે... ત્રણેયની અવસ્થા થઈ ગઈ છે, સમય પાકી ગયો છે... એ ત્રણેય ક્યારેય દુભાય નહીં એનું ધ્યાન રાખજો... અને હા, નટખટ ગોપાલ શ્રી ગોવર્ધનનાથજીને બાળકની જેમ સાચવજો... ખૂબ લાડ લડાવજો... એ ક્યારેય નારાજ થઈને રિસાય નહીં એની સાવધાની રાખજો... તાતજીએ અમને આપેલા ગ્રંથો તમારા ભાભીજી (પાયમ્માગારુ વહુજી) પાસે બિરાજે છે એનો ઉપયોગ કરજો... પુરુષોત્તમજી તમારા જ પ્રથમ પુત્ર છે... બંને બેટીજીઓ પણ તમને ખૂબ જ ચાહે છે એ અમે જાણીએ છીએ... તમારા એમના પ્રત્યેના સ્નેહથી અમે પરિચિત છીએ... શ્રી તાતચરણ સદા સર્વદા તમારા હૃદયમાં બિરાજમાન છે એનું પળવાર માટેય વિસ્મરણ નહીં થવા દેતા.. કલ્યાણમસ્તુ...' કહેતાં શ્રી ગોપીનાથજીએ છોટે લાલજી શ્રી વિઠ્ઠલેશજીના કપોલ અને મસ્તક વહાલથી ચૂમ્યા... ફરીથી પ્રગાઢ આલિંગન આપ્યું...

ઊર્મિ તંતુઓને છેક તારસપ્તકમાં પહોંચાડી દઈ ઝણઝણાવી દેનાર આ ભવ્ય અલભ્ય દૃશ્ય થોડે દૂરથી બીજાં ચાર નેત્રો પણ નિહાળી રહ્યાં હતાં! 'કાકાજી'ના ચાતક સમાન બે ચકોર નેત્રોની પાછળ પાછળ આ સ્નેહપ્રચૂર આજ્ઞાંકિત ચાર નેત્રો પણ લપાતા છુપાતા ગામને પાદરે ખેંચાઈ આવ્યા હતા! એમાંથી બે નેત્રો હતાં શ્રી ગોપીનાથજીના પુત્ર શ્રી પુરુષોત્તમજીનાં તો બે નેત્રો હતાં શ્રી વિઠ્ઠલનાથજીના સૌથી મોટા પુત્ર શ્રી ગિરિધરજીનાં! બંને પિતરાઈ

ભાઈઓ એક બીજાના હસ્ત પકડીને નજીક દોડી આવ્યા અને તટની રજમાં જ લાંબા થઈ શ્રી ગોપીનાથજીને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા... એ જ સમયે અડેલ ગામનું આકાશ પણ વંદન કરવા ઝૂકી ગયું અને આપના ચરણોમાં શરણાગતિ સ્વીકારી લીધી. બહુ અટપટા ખેલ ખેલીને હાંફી ગયેલું આકાશ હવે વધુ ખેલ ખેલવાની તાકાત ખોઈ ચૂક્યું હતું! શ્રી ગોપીનાથજીએ આકાશને ઉઠાડીને એના સ્થાને પાછું મૂક્યું અને એની ગરિમા જાળવી એને સાવચેત કરી દીધું! બંને પુત્રોને પણ વહાલથી ઉઠાડ્યા અને છાતી સરસા ચાંપી ચૂમ્યા. બંનેના શિર પર હસ્ત મૂકી આશિષ દીધા.

'કાકાજી કહે એમ વરતજો. એમાં જ તમારું કલ્યાણ છે... શ્રી ગોવર્ધનનાથજી સદૈવ તમારું કલ્યાણ કરે... શ્રી ગોવર્ધનનાથજી સદૈવ તમારું સર્વ રીતે રક્ષણ કરે...' કહેતાં શ્રી ગોપીનાથજી વાંકા વળ્યા અને શ્રી યમુના પાન કર્યા. શ્રી મહારાણીજીને નમન કર્યું અને... અને શ્રી તાતચરણની અઢળક અવિસ્મરણીય સ્મૃતિઓને ત્યાં જ શ્રી યમુનાજીના નીરમાં સજળ નેત્રે વહાવી દીધી...!! ભાવુકતાને ખંખેરી નાંખી અને ચિત્તને સાંસારિક વાતાવરણમાંથી પાછું હટાવી લીધું. પ્રાકટ્યભૂમિ અડેલના એમણે અંતિમ દર્શન કર્યાં અને ઝડપથી ચાલી નીકળ્યા...

... આ જ ક્રમ શ્રી ગુસાંઈજીએ પણ કર્યો અને થોડા જ દિવસોમાં એમણે પણ અડેલ છોડ્યું... અડેલ ગામ પર ઊતરનારી આફતને લક્ષ્યમાં રાખીને શ્રી ગુસાંઈજીએ આખી બાજી સમેટી લીધી! સગાં-સ્નેહીઓને ચેતવી દીધાં અને મથુરા, કાશી, ગોકુલ વગેરે ગામોમાં સ્થળાંતર કરાવી દીધું. ગામવાસીઓને પણ ચેતવી દીધા. જે સમજદાર હતા એમણે ગામ છોડી દીધું... જે સ્થાનાસક્ત હતા એ 'જો હોગા સો દેખા જાયેગા' કહીને ત્યાં જ ચીટકી રહ્યા! શ્રી ગુસાંઈજીએ પત્ર લખીને કૃષ્ણદાસ અધિકારીને સર્વ વાતની જાણ કરી અને પોતે મુકામ ઉપાડ્યો. ભર્યું ભાદર્યું લીલુંછમ અડેલ સૂકી ડાળીઓના ઠૂંઠા સમાન થઈ ગયું.

શ્રી ગુસાંઈજીએ સહકુટુંબ મધ્યપ્રદેશ તરફ પ્રયાણ આદર્યું. થોડા જ દિવસોમાં બાદશાહનું લશ્કર અડેલ પર ચડી આવ્યું. મથુરા, કાશી, પ્રયાગ વગેરે નામાંકિત હિંદુ તીર્થસ્થાનો પર યવન બાદશાહોનો ડોળો કાયમ રહ્યા કરતો. એના રાજાઓને પોતાની સત્તા હેઠળ રાખવા માટે વારંવાર આવી ચડાઈઓ

થયા કરતી. જોતજોતામાં તો લશ્કરે પ્રયાગ અને એની આજુબાજુના ગામોને ઘમરોળી નાંખ્યા. અડેલ જેવા મુઠ્ઠી જેટલા ગામને તો મગતરાની જેમ મસળી નાંખ્યું. અર્ધી સદીના જાહોજલાલીસભર આયુષ્યવાળા ખ્યાતનામ અડેલ ગામને એની પ્રૌઢાવસ્થામાં જ નંદવાઈ જવું પડ્યું. હારી ગયું એનું આકાશ નવા નવા દાવ ખેલવા જતાં! સૌભાગ્યહીન થઈ ગઈ એની ભાગોળ અને કિલકારીઓ ખોઈ બેઠાં એનાં પક્ષીઓ!

શ્રી ગુસાંઈજી મધ્યપ્રદેશમાં 'બંદેગઢ' (બુંદેલખંડ)ના રાજા રામચંદ્ર વાઘેલાના આગ્રહથી તેના નગરમાં પધાર્યા. એકાદ વર્ષ બંદેગઢમાં બિરાજીને શ્રી ગુસાંઈજી વિ.સં. ૧૬૧૮માં નર્મદા નદીને કાંઠે જબલપુરની પાસે ગઢા ગામમાં પધાર્યા. મહોવાના રાજાની કુંવરી અને ગઢાના રાજા દુર્ગશાહની રાણી દુર્ગાવતીએ બહુ ભાવપૂર્વક ઉતારો આપ્યો. ગઢા ગામના નિવાસ દરમ્યાન એક દિવસ શ્રી ગુસાંઈજી મહેશદાસ (ઉપનામ બ્રહ્મદાસ) નામના બ્રાહ્મણના મધુર કંઠેથી પ્રભુ યશોગાનના સુંદર કીર્તનો સાંભળીને અત્યંત પ્રસન્ન થયા અને પોતાની ડગલી ભેટમાં આપી, સુખી તથા યશસ્વી થવાના આશીર્વાદ દીધા. થોડા સમય પછી ચોથા પુત્ર શ્રી ગોકુલનાથજીએ દક્ષિણની યાત્રા નિમિત્તે અને બડે દાદીજીના પિયરને નિહાળવા માટે પિતા શ્રી વિઠ્ઠલનાથજીને વિદ્યાનગર પધારવાનો આગ્રહ કર્યો. શ્રી ગુસાંઈજી કુટુંબીજનોને દુર્ગાવતી રાણી પાસે રાખીને શ્રી ગોકુલનાથજી સાથે વિદ્યાનગર પધાર્યા. ત્યાં લાગ જોઈને શ્રી ગોકુલનાથજીએ પિતાને પુનર્લગ્ન માટે સમજાવીને તૈયાર કર્યા અને લગ્નનું નક્કી કરીને ફરીથી ગઢા તરફ પ્રયાણ કર્યું.

વિજયનગરથી ગઢા તરફ પાછા ફરવાના પ્રવાસ દરમ્યાન શ્રી ગુસાંઈજીએ માર્ગમાં એક લાલચે ગુજરાતની ત્રીજી વારની યાત્રા કરી અને દ્વારકા પધાર્યા. કઈ હતી એ લાલચ? મોટાભાઈ શ્રી ગોપીનાથજીનાં દર્શનની! કદાચને એમનો ભેટો દ્વારકામાં થઈ જાય! પણ એ લાલચ ઠગારી નીવડી. દ્વારકામાં ખબર મળ્યા કે શ્રી ગોપીનાથજી થોડા દિવસો પહેલાં જ દ્વારકા છોડીને શ્રી જગન્નાથપુરી તરફ પધારી ચૂક્યા છે.

શ્રી ગુસાંઈજી થોડા હતોત્સાહ થયા. આપશ્રી જાણતા હતા કે પેલું આલિંગન અંતિમ હતું. છતાંય લૌકિક દેહના ગુણધર્મો ક્યારેક તો બળવો પોકારે ને!? એમનાં નેત્રો પિતાતુલ્ય મોટા ભાઈનાં દર્શનને માટે તરફડી રહ્યાં

હતા! દ્વારકામાં શ્રી ગોપીનાથજી જ્યાં બિરાજ્યા હતા ત્યાં પધારીને આપશ્રીએ દંડવત પ્રણામ કર્યા. શું અદ્‌ભુત હતો એ ભ્રાતૃપ્રેમ!

દ્વારકાયાત્રા પુરી કરીને શ્રી ગુસાંઈજી પાછા સવા વર્ષે પુત્ર શ્રી ગોકુલનાથજીની સાથે ગઢા પધાર્યા. શ્રી ગોકુલનાથજીએ દુર્ગાવતી રાણીને પિતૃચરણના પુનર્વિવાહના ગુપ્ત ભાવને સમજાવીને કહ્યો અને પિતૃચરણને વિનંતી કરતા રહેવાનું સમજાવ્યું. રાણી શ્રી ગિરિધરજી દ્વારા શ્રી ગુસાંઈજીને સદૈવ પુનર્લગ્ન માટે પ્રાર્થના કરતી રહી.

અંતે વિ.સં. ૧૬૨૦માં ગઢાની રાણી દુર્ગાવતીએ વિદ્યાનગરના કૃષ્ણરાય દુસેરીની કન્યા પદ્માવતી સાથે શ્રી ગુસાંઈજીનું ગઢામાં પુનર્લગ્ન કરાવ્યું. એક દિવસ પ્રખર જ્યોતિષજ્ઞાતા શ્રી ગુસાંઈજીએ ગઢાનુંય પતન હાથવેંતમાં નિહાળ્યું. દુરંદેશી શ્રી ગુસાંઈજીએ હવે મથુરા પધારવાની ઈચ્છા દર્શાવતાં રાણીએ માણસોને મથુરા મોકલી જગ્યા ખરીદી અને ત્યાં મકાન બાંધવાની આજ્ઞા આપી. મથુરામાં મકાન બંધાઈ રહે ત્યાં સુધી શ્રી ગુસાંઈજીને ગઢામાં જ બિરાજવાની વિનંતી કરી; પરંતુ શ્રી ગુસાંઈજીને એ મંજૂર નહોતું કારણ કે મકાન બંધાતા વાર લાગે એમ હતી અને રાણીનો વિનાશ તો મોં ફાડીને ગઢા તરફ ધસી રહ્યો હતો!!!

આ તરફ દ્વારકાથી નીકળીને શ્રી ગોપીનાથજી, અડેલથી નીકળ્યાના કુલ બે વર્ષના પ્રવાસ બાદ, વિ.સં. ૧૬૨૦માં શ્રી જગન્નાથજી તરફ પધારી રહ્યા હતા! આપશ્રી ભગવદ્ વિરહમાં તદ્દન ખોવાયેલા ખોવાયેલા અને વ્યાકુળ લાગતા હોવાનું સેવક રાઘવદાસે અનુભવ્યું. શ્રી જગન્નાથજીની સેવા કરતાં અને સ્તોત્રો ગાતાં શ્રી ગોપીનાથજી, એક દિવસ વહેલી સવારે જેવા મંદિરના દ્વાર ખૂલ્યા કે તરત, વિરહાવસ્થામાં દેહાનુસંધાન ભૂલીને અંદર દોડી ગયા અને શ્રી વિગ્રહમાં સદેહે લીન થઈ ગયા! સાથે રહેલા પુરોહિત કૃષ્ણસેવક ગુચ્છીકાર અને સેવક રાઘવદાસ આ જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા અને રઘવાયા બનીને આપશ્રીના નામની બૂમો પાડવા લાગ્યા. ત્યાં ઊભેલા અન્ય દર્શનાર્થીઓએ પણ આ પ્રકાર જોયો અને સૌ એકીસાથે આભા બનીને શ્રી ગોપીનાથજીને પોકારવા લાગ્યા... પણ નિરર્થક હતું... વિરક્ત અવસ્થામાં ૩૩ વર્ષ પસાર કરીને આપ જ્યારે ૫૩ વર્ષની આયુના થયા ત્યારે, પિતાજીની જ ઉંમરે, સદાને માટે આ ભૂતલનો ત્યાગ કરી ભગવદ્ ધામમાં પહોંચી ચૂક્યા! આ સમાચાર

સાંભળીને પુરીના મહારાજા પણ મંદિરમાં દોડી આવ્યા... પણ શું અર્થ!? ત્યાં તો સર્વ કંઈ પૂર્વવત થઈ ગયું હતું! સેવક રાઘવદાસ ખેદ કરતાં કરતાં અડેલ તરફ આવવા માટે નીકળ્યા.

સેવક રાઘવદાસ ખેદ કરતાં કરતાં પાછા આવી પહોંચે એ પહેલાં આ તરફ શું થયું એ આપણે જોઈએ. વિ.સં. ૧૬૨૦ના જ અંતભાગમાં બાદશાહે ગઢાની રાણી દુર્ગાવતી પાસે એના બે પ્રિય જીવોની માગણી કરી. એક હતો એનો વફાદાર અને બહાદુર 'માન' નામનો મહાવત તથા બીજો હતો એનો અત્યંત સમજદાર અને હોંશિયાર 'ગુરદાર' નામનો હાથી. કોઈ પણ લડાઈમાં જ્યારે આ બંને જીવોને લઈને રૂપસુંદરી રાણી રણચંડી બની મેદાનમાં ઊતરે ત્યારે સમજી લેવાનું કે દુશ્મનનો કચ્ચરઘાણ વાળીને જ એ ત્રણેય પાછા ફરે! બહાદુરી અને હોંશિયારીમાં એમનો જોટો ન જડે! આખા પંથકમાં એમની ચર્ચા ચાલે! બાદશાહને પણ આ વાતનો અનુભવ આ પહેલાંની લડાઈમાં થઈ ચૂક્યો હતો. આ વીરાંગના હંમેશા પોતાના શરીર પર ૧૮ શસ્ત્રો ધારણ કરતી. પોતાના વફાદાર હાથીને એક ઈશારે એવી ચપળતાપૂર્વક એણે બાદશાહના હાથીની લગોલગ ઊભો કરીને, હાથમાં બરછી લઈ, બાદશાહની છાતી પર વીજળી વેગે છલાંગ મારી હતી કે બાદશાહ ડરનો માર્યો છળી પડ્યો હતો અને હાથ જોડી કરગરી કરગરીને રાણી પાસે પોતાના પ્રાણની ભીખ માંગી હતી! રજપૂતાણીએ એના પર થૂંકીને એને ભીખ આપી અને પાછી ચપળતાપૂર્વક ઊંધી ફરીને, મહાવતના ઈશારે બાદશાહના હાથીની હારોહાર વગર સવારીએ પણ પોતાના માલિકને બચાવવા દોડી રહેલા, પોતાના હાથી પર આવી ગઈ! આ વાતનો બદલો લેવા હવે બાદશાહે 'ન રહે બાંસ, ન બજે બાંસુરી' ની નીતિ અપનાવી અને રાણી પાસેથી મહાવત તેમ જ હાથીને જ માંગી લીધા. બોલો, આ કેવી કૂટ નીતિ!? પ્રજાપાલક રાણીએ બાદશાહની માગણીને ઠુકરાવી દીધી. બાદશાહ ધૂંધવાયો. અપમાનનો બદલો લેવા એણે ગઢામાં ઉત્પાત વધારી મૂક્યો.

હવે ગઢાનું રાજ્ય થોડા જ દિવસમાં નાશ પામશે એમ સમજી, શ્રી ગુસાંઈજીએ દુર્ગાવતી રાણીને પાસે બેસાડી અને એનું ભવિષ્ય કહી સંભળાવ્યું. સાંભળીને રાણીના રૂપાળા મૃદુ ગાલો પર આંસુઓની ધારા વહી ચાલી. મૃત્યુના ભયથી નહીં, હોં. શ્રી ગુસાંઈજીને અને એમના ભર્યા ભાદર્યા પરિવારને ગુમાવવાના શોકથી તેમ જ શ્રી ગુસાંઈજીને હવે આવાસ માટે પડનારી

તકલીફના વિચારથી મૃદુ ગાલો રુક્ષ થઈ ગયા! તલવારની ધાર સાથે રમત રમનારી રાણીના ઉત્તમ મનોભાવને શ્રી ગુસાંઈજી કળી ગયા. આપે રાણીને બોધવચનો કહી સાંત્વના આપી અને એનો અંત સમય સુધારી દીધો! આપે ગઢાથી વિદાય લીધી. શ્રી ગુસાંઈજીએ પાછો અડેલનો માર્ગ પકડ્યો. બીજો કોઈ આરો પણ નહોતો.

રગદોળાઈ ગયેલા અડેલનું વરવું રૂપ જોઈને સૌ હેબતાઈ ગયા! બે ત્રણ વર્ષથી બંધ પડેલા ઘરને ઉઘાડી, સાફ સફાઈ કરી, બધા યથાસ્થાને ગોઠવાયા. થોડા દિવસો તો વ્યવસ્થિત થવામાં અને અવનવી વાતો સાંભળવામાં પસાર થઈ ગયા. ત્યાં એક દિવસ બપોરે રાઘવદાસ વીલે મોંએ આવીને દરવાજામાં ઊભા રહ્યા! અક્કાજી રાઘવદાસના હાવભાવ અને એકલાને પાછા ફરેલા જોઈને વગર પૂછે બધું જ સમજી ગયા. ભાંગેલું ઘર ઑર ભાંગ્યું! ભાંગેલી છત અને દીવાલની તો મરમ્મત કરાવી શકાય પરંતુ ભાંગેલા હૃદયની મરમ્મત શી રીતે કરાવાય? આખી ગૃહસ્થી શોકમાં ડૂબી ગઈ. પરિવારને શ્રી ગોપીનાથજીના સમાચાર સાંભળીને જબરો ફટકો લાગ્યો. ગૃહલીલામાં પધારેલાં નવાં વહુજીનો હરખ કરવો કે નિત્યલીલામાં પધારેલા મોટાભાઈ અને કુટુંબના વડાનો શોક કરવો!? અતિશય દ્વિધામાં દિવસો પસાર થવા લાગ્યા. એમાં વળી એક નવી દ્વિધા ભળી! શ્રી મહાપ્રભુજીએ જે વાતની શંકા દર્શાવી હતી એ જ વાત હવે પ્રગટ થઈને મંથરાકાંડ રચવા લાગી..! શ્રી મહાપ્રભુજીના નિત્યલીલા પ્રવેશ પછી ધીમે ધીમે દાસ વર્ગ અને એની સ્ત્રીઓએ આચાર્ય પરિવારની મહિલાઓના કાન ભંભેરવા માંડ્યા અને આચાર્યપદ અંગે ગંભીર વિવાદ ચગાવ્યો.

નવી દ્વિધા એ હતી કે શ્રીમહાપ્રભુજીના લીલાપ્રવેશ પછી ૩૩ વર્ષ સુધી શ્રી ગોપીનાથજીએ ગાદીપતિ આચાર્ય સ્વરૂપે સંપ્રદાયની ધૂરા સંભાળીને એનો પ્રચાર-પ્રસાર કર્યો હતો. પરંતુ હવે શું? હવે કોણ? શ્રી ગોપીનાથજી શ્રી મહાપ્રભુજીની જેમ બંને પક્ષના આચાર્ય હોવાને કારણે મર્યાદાભક્તિ અને પુષ્ટિભક્તિ બંનેનો, જીવન અધિકાર પ્રમાણે, ભક્તોને ઉપદેશ કરતા હતા. બસ, આ જ વાત લૌકિકમાં મારી ગઈ! અતિ ઉદારતા, અતિ સહનશીલતા અને અતિ સરળતા જ ઊંધો સાથિયો ચીતરી ગઈ! આપની આ બંને પ્રકારની ભાવનાઓને ન સમજી શકવા વાળા કેટલાક ડાહ્યા લોકોને કંઈક ભ્રમ પેદા થયો અને તેઓ આપને મર્યાદારૂપ શ્રી દાઉજીના રૂપમાં અને શ્રી ગુસાંઈજીને પુષ્ટિરૂપ શ્રી કૃષ્ણના રૂપમાં અવતરણ પામેલ બતાવવા લાગ્યા!

હકીકતે શ્રી બલરામ અને શ્રીકૃષ્ણના દૃષ્ટાંત બંને ભાઈઓ વચ્ચેના સ્નેહ અને સહયોગના કારણે જ દર્શાવવામાં આવતા હતા. આને કારણે વૈચારિક રીતે બે ભાગલા પડી ગયા. એક વૈચારિક ભાગલામાં વિદ્વાનો હતા કે જે મોટે ભાગે સજાતીય ભટ વર્ગ તેમ જ સેવક વર્ગના હતા. તેઓ સ્નેહ સ્વરૂપના ઉદાહરણ માટે શ્રી બલરામ અને શ્રીકૃષ્ણના દૃષ્ટાંતનો ઉપયોગ કરતા હતા; તો બીજા વૈચારિક ભાગલામાં ભાવુકો હતા કે જે મોટે ભાગે દાસ વર્ગના હતા. તેઓ બંને ભાઈઓને જ શ્રી બલરામ અને શ્રી કૃષ્ણના સ્વરૂપો સમજવા લાગ્યા! આમ આ દૃષ્ટાંતે બંને વર્ગ વચ્ચે વૈચારિક ગજગ્રાહ માંડ્યો. એમાંય દાસ વર્ગ વચ્ચે ફરીથી બીજા બે વર્ગ પેદા થયા. કોઈ શ્રી બલરામ સ્વરૂપને ભજવા-પૂજવા લાગ્યા તો કોઈ શ્રી કૃષ્ણ સ્વરૂપને ભજવા-પૂજવા લાગ્યા!

બસ, આ રીતે વકરેલા વૈચારિક મતભેદોને કારણે બલરામ-કૃષ્ણના વાદનો જન્મ થયો અને ભેદરેખા ખેંચાવા લાગી. પરંતુ શ્રી ગોપીનાથજીના આચાર્યકાળ દરમ્યાન આ વાદ શાંત રહ્યો. આ વાત માવજી પટેલ અને રાણા વ્યાસ જેવા વિદ્વાન સેવકો દ્વારા લખાયેલ શ્રી સુબોધિનીજીની પુષ્પિકાઓથી પ્રમાણિત થાય છે. પરંતુ શ્રી ગોપીનાથજીના લીલા પ્રવેશ બાદ ઉત્તરાધિકારના પ્રસંગે ફરીથી આ વાદ પ્રબળ બનીને સામે આવ્યો જે ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓમાં તેમ જ નિજવાર્તા અને ઘરુવાર્તા તથા શ્રી વલ્લભ દિગ્વિજય જેવા ગ્રંથોમાં સંગ્રહિત થઈને આપણને ભ્રમિત કરી ગયો.

... તો શ્રી મહાપ્રભુજીએ જે વાતની શંકા દર્શાવી હતી એ જ વાત હવે પ્રગટ થઈને મંથરાકાંડ રચવા લાગી હતી. એના નિરાકરણ માટે શ્રી ગુસાંઈજીએ નિર્ણય લઈ લીધો અને કૃષ્ણદાસ અધિકારીજી, રાઘવદાસ, દામોદરદાસ હરસાનીજી તેમ જ અન્ય સર્વ ઉપસ્થિત અંતરંગ સેવકોને એક વાર ફરીથી અસ્થિભંગ થયેલા અડેલમાં ભેગા કર્યા... ઘરના મહિલા વર્ગ સહિત નાના મોટા સર્વ પુત્રો-પુત્રીઓને તથા સમગ્ર પરિવારજનોને પણ ઉપસ્થિત રાખ્યા. શ્રી પાચ્યમાગારુ વહુજીએ પોતાના વૈધવ્યપણાની લાચારી દર્શાવી સભામાં હાજર રહેવા માટે આનાકાની કરી તો શ્રી ગુસાંઈજીએ અમ્માજી, અક્કાજી અને અત્તાજીનો દાખલો આપી ભાભીજીને મનાવી લીધાં અને હસ્ત પકડીને એમને સૌની આગળ બિરાજમાન કર્યાં...

શ્રી ગોપીનાથજીના લીલાપ્રવેશ અંગે અધિકૃત રીતે જાહેરાત કરીને શ્રીગુસાંઈજીએ લૌકિક વ્યાવહારિક શોક પ્રદર્શિત કરી મૌન પાળ્યું. થોડી વારે આપે મૌન તોડ્યું અને એક મહત્ત્વની વાત કરી :

'આજની આ શોકસભા અમે બરખાસ્ત કરીએ છીએ... અને એક નવી સભાની બેઠક અંગે જાહેરાત કરીએ છીએ.. શ્રી પુરુષોત્તમજીનો આચાર્યના ગાદીપતિ તરીકે અભિષેક કરવા માંગીએ છીએ. એ સ્થાન રિક્ત ન રહેવા દેવાય.'

વાત સાંભળીને સભામાં બે વર્ગ પડી ગયા. બંને વર્ગે પોતપોતાની દલીલો રજૂ કરી. બહુમતીએ એવું નક્કી કર્યું કે આચાર્ય તો શ્રી ગુસાંઈજી જ બનશે. લઘુમતીએ શ્રી પુરુષોત્તમજીની તરફેણ કરી. હવે ન્યાયપ્રિય શ્રી ગુસાંઈજીએ પોતાનો અધિકાર-મત વાપર્યો...

'ગાદીપતિ આચાર્ય તો શ્રી પુરુષોત્તમજી જ બનશે. સર્વ રીતે આ નિર્ણય યોગ્ય છે એવું અમારું માનવું છે..'

સભાખંડમાં શાંતિ છવાઈ ગઈ. કોઈએ વિરોધ ન કર્યો. અભિષેક માટેની પૂજન સામગ્રી મંગાવવામાં આવી. શ્રી પુરુષોત્તમજીને શ્રી આચાર્યપીઠ માટેના આસન પરની ગાદી પર પધરાવવામાં આવ્યા. શ્રી ગુસાંઈજીએ અત્યંત સ્નેહપૂર્વક, મંત્રોચ્ચાર સાથે, શ્રી પુરુષોત્તમજીનો ગાદીપતિ આચાર્ય તરીકે અભિષેક કર્યો અને તિલક કર્યું. શ્રી પુરુષોત્તમજી સર્વ ભગવદ્ સ્વરૂપોને તેમ જ વડીલ વર્ગને પગે લાગ્યા. શ્રી ગુસાંઈજીએ પોતાના વહાલસોયાં ભાભીજીને વંદન કર્યા. નિર્લેપ ભાવે, પતિ વિયોગમાં મગ્ન, ભાભીજી શ્રી પાચ્યમાગારુ વહુજીએ લાડકા દિયરના ઓવારણાં લીધાં અને મુઠ્ઠીઓને લમણે લગાડી અંગુલિઓના ટાચકા ફોડ્યા. શ્રી ગિરિધરજીએ શ્રી પુરુષોત્તમજીને વધાવ્યા અને હેતથી ભેટ્યા. સૌએ શ્રી પુરુષોત્તમજીને આજના યાદગાર પ્રસંગે ઉપલબ્ધ એવી કંઈકને કંઈક ભેટ આપી. અતિ મહત્ત્વનો પ્રસંગ આ રીતે સાદાઈથી ઊજવાઈ ગયો! ૩૩/૩૪ વર્ષના શ્રી મુરુષોત્તમજીએ પણ શાસ્ત્ર પરંપરા પ્રમાણે શુદ્ધાદ્વૈત સંપ્રદાયની ગાદી સંભાળી લીધી.

(૧૭)

પુષ્ટિ સંપ્રદાયના દ્વિતીય આચાર્ય શ્રી ગોપીનાથજીના લીલા પ્રવેશ પછી આચાર્યની ખાલી પડેલી ગાદી પર આપશ્રીના પુત્ર શ્રી પુરુષોત્તમજીનો

અભિષેક થયો. ઊભી થયેલી વિટંબણા તાત્કાલિક તો ઓસરી ગઈ... પણ ત્યાં ફરીથી પેલી જૂની વિટંબણા શરૂ થઈ. અડેલમાં ફરીથી બાદશાહનો ઉપદ્રવ શરૂ થયો અને પહેલાં કરતાં પણ વધી ગયો. એટલે હવે કમને શ્રી ગુસાંઈજીએ અડેલને અંતિમ વારના અલવિદા કહી દીધા અને વિ.સં. ૧૬૨૨માં ગોકુલ પધાર્યા. આટલા મોટા પરિવારે નાનકડા મંદિરમાંય સાંકડે માંકડે પ્રેમથી સમાવેશ કરી લીધો. પણ વાંકા ચાલી રહેલા ગ્રહો એટલી આસાનીથી જંપ વળવા દે એમ નહોતા! ભગવદ્ સ્વરૂપોએ માનવ દેહ ધારણ કર્યા હતા એટલે એમની આસપાસ જ આ રીતે ફરીને તેઓ કદાચ પોતાનો ઉદ્ધાર કરી રહ્યા હતા! ગોકુલમાં મહાવનના ભોમિયાઓ દ્વારા કલહ અને ઉપદ્રવ થતાં ફક્ત ૮૪ દિવસના મુકામ પછી શ્રી ગુસાંઈજી ગોકુલથી મથુરા પધાર્યા. ધન્ય છે શ્રી ગુસાંઈજીની ધીરજને અને ધન્ય છે એમની નિર્ણાયક શક્તિને! આવડા મોટા પરિવારના પ્રત્યેક સદસ્યના ઉછેરનું વ્યક્તિગત રીતે ધ્યાન રાખતાં રાખતાં અને આટલા બધા ભગવદ્ સ્વરૂપો સાથે, નિત્યનો સેવાક્રમ જાળવીને, વિપુલ સાહિત્ય સર્જન કરીને, સ્વમાર્ગનો પ્રચાર પ્રસાર કરીને, દૈવી જીવોને શરણે લેતાં લેતાં, ઘરવખરી સાથે મજબૂરીથી સ્થળાંતર જ કર્યા કરવાનું સહેલું નહોતું!

મથુરામાં શ્રી ગુસાંઈજીએ પ્રથમ, આગરાના ભાણા કપૂર ક્ષત્રીના મકાનમાં નિવાસ કર્યો અને તે દરમ્યાન દુર્ગાવતી રાણી દ્વારા જે મકાન બંધાઈ રહ્યું હતું, પરંતુ રાણીનો સ્વર્ગવાસ થતાં અધૂરું રહ્યું હતું, તેની પૂર્તિ કરાવવા માંડી.

વિ.સં. ૧૬૨૩ના કારતક સુદ ૧૧ને દિવસે શ્રી ગુસાંઈજીએ મથુરાના નવા ઘરમાં પ્રવેશ કર્યો. એ મકાન 'સતઘરા'ના નામથી પ્રસિદ્ધ થયું, જે આજે પણ મથુરામાં વિદ્યમાન છે. મથુરા જનારામાંથી અમુક ભાવિકો આજે પણ અચૂક આ 'સતઘરા'ના દર્શને જાય છે કારણ કે આ મકાનમાં એક સામાન્ય ક્રમની વિરુદ્ધમાં ઘટેલો એવો અવિસ્મરણીય પ્રસંગ છે કે જેને ફરીથી સ્મૃતિમાં મૂર્તિમંત કરવાનો લહાવો લેવાની આ ભાવિકો ઈચ્છા સેવતા હોય છે.

એ અવિસ્મરણીય પ્રસંગ કંઈક આ રીતે બન્યો. આપણે અતિ સંક્ષેપમાં એ દીર્ઘ પ્રસંગનો અછડતો ઉલ્લેખ માત્ર કરતાં આગળ વધશું; કારણ કે શ્રી

ગોપીનાથજીના ચરિત્રામૃત સાથે એ અતિ રસિક અને રોચક પ્રસંગનો કોઈ જ સંબંધ નથી. ફક્ત આગળ વધવા માટેની એક કડીરૂપ એ પ્રસંગ છે. હા, એ પ્રસંગ વખતે શ્રી ગોપીનાથજીના પુત્ર શ્રી પુરુષોત્તમજીની ઉપસ્થિતિ અવશ્ય માની શકાય છે! શ્રી ગોપીનાથજીના એક લાલજી શ્રી પુરુષોત્તમજી વત્તા શ્રી ગુસાંઈજીના છ લાલજી એમ મળીને સાત લાલજીઓનું એ 'સતઘરા' હતું. શ્રી ગુસાંઈજીના સાતમા લાલજીનું તો એ સમયે પ્રાકટ્ય જ નહોતું થયું! એટલે શ્રી પુરુષોત્તમજીને ગણીને એ ઘરનું નામ 'સતઘરા' પડ્યું હશે! તો શ્રી પુરુષોત્તમજીની 'સતઘરા'માં ઉપસ્થિતિ હતી એમ સમજીને અહીં સતઘરાના પ્રસંગનો સાધારણ ઉલ્લેખ કરતાં આપણે આગળ વધશું?

વિ.સં. ૧૬૨૩માં 'સતઘરા'માં પ્રવેશ કર્યા પછી થોડા જ સમયમાં શ્રી ગુસાંઈજી મથુરાથી ગુજરાતનો પ્રવાસ કરતાં ચોથી વાર દ્વારકા યાત્રા કરવા પધાર્યા. શ્રી ગુસાંઈજીની ગેરહાજરીમાં શ્રીનાથજીની સેવામાં જયેષ્ઠ પુત્ર શ્રી ગિરિધરજી પોતાની જવાબદારી અદા કરતા હતા.

એક દિવસ એવો ઊગ્યો કે જ્યારે શ્રીનાથજીએ શ્રી ગિરિધરજીને અચંબામાં ગરકાવ કરી દીધા.

'ગોવર્ધન, તમારું નવું ઘર જોવા માટે મથુરા આવવાની અમારી ઈચ્છા છે.'

શ્રીનાથજીની ઈચ્છા જાણીને શ્રી ગિરિધરજી તો ગદ્‌ગદ્ થઈ ગયા.

'આપનું જ ઘર છે, બાબા. પ્રસન્નતાથી પધારો.'

નિત્યસેવાક્રમથી પરવારી શ્રી ગિરિધરજીએ તત્કાલ એક રથ તૈયાર કરાવીને દંડવતી શિલા પાસે ઊભો રખાવ્યો. રથમાં સામગ્રીની ટોકરીઓ અને અન્ય જરૂરી સામાન રખાઈ ગયો. શ્રી ગિરિધરજીએ સ્વહસ્તે શ્રીનાથજીને રથમાં પધરાવ્યા અને રથ હંકાર્યો. વિ.સં. ૧૬૨૩ના મહા વદ ૭ (ગુર્જર)ને ગુરુવારના દિને મથુરામાં 'તુલસી ચોરા' નામના સ્થાને શ્રીનાથજીને ખાનગીમાં પધરાવવામાં આવ્યા... યવનના ઉપદ્રવથી બચવા માટે. પછીથી એકાંત મળતાં 'સતઘરા'ની પાછલી ભીંત શ્રી ગિરિધરજીએ કોચી નાંખી અને એ માર્ગે શ્રીનાથજીને પોતાના ભવનમાં પાટ પધરાવ્યા. સર્વ પરિવારજનોની પ્રસન્નતાનો પાર ન રહ્યો. એ દિવસે શ્રી ગુસાંઈજીના પરિવારજનોએ બહુ ધામધૂમપૂર્વક શ્રીનાથજીનો પાટોત્સવ ઉજવ્યો.

ફાગણ મહિનો આવ્યો. ખેલના દિવસો આવ્યા. નિકુંજનાયક મન મૂકીને સૌની સાથે હોરી ખેલ રમ્યા. આવા પ્રકારના દિવ્યાનંદનો અનુભવ કરી રહેલા શ્રી ગિરિધરજી હર્ષાવેશમાં ભાવવિભોર થઈ ગયા અને પોતાનું સર્વ કંઈ શ્રીનાથજીને સમર્પિત કરી દીધું. પરિવારના પ્રત્યેક સભ્યે શ્રીનાથજીના ચરણોમાં પોતપોતાની વસ્તુઓની ભેટ ધરી દીધી. ફક્ત અંગ પર પહેરેલા એક એક વસ્ત્ર સાથે સૌ ઘર બહાર નીકળી ગયાં અને સમસ્ત સ્થાવર-જંગમ મિલકત શ્રીનાથજીને સમર્પી દીધી. આ સર્વ સમર્પણમાં શ્રી ગિરિધરજીનો ખભેખભો મેળવનારાઓમાં શ્રી પુરુષોત્તમજી સર્વ પ્રથમ હતા હોં! આચાર્યપીઠના ગાદીપતિ હોવાની રૂએ કહો કે આચાર્યશ્રીના પૌત્ર અને શ્રી ગોપીનાથજીના પુત્ર હોવાની રુએ કહો, શ્રી પુરુષોત્તમજીએ ક્યાંય કચાશ નહોતી રહેવા દીધી! તો પછી આપણે શા માટે એમને સાત લાલજીઓની સાથે યાદ નથી કરતા? શા માટે 'સાતોં લાલજી કી જય' ને બદલે 'આઠોં લાલજી કી જય' નથી બોલાવતા?

શ્રીનાથજીનાં દર્શન કરવા આવેલા આગરાના ભાણા કપૂર નામના સાધન-સંપન્ન ક્ષત્રિય વૈષ્ણવે સર્વ સમર્પણના આ અલૌકિક પ્રસંગને નજરોનજર નિહાળ્યો અને અત્યંત પ્રભાવિત થઈ ગયા. તરત જ શ્રી ગિરિધરજીને વિનંતી કરીને પ્રત્યેક પરિવારજન માટે નવા વસ્ત્રાલંકારો તૈયાર કરાવીને અંગીકાર કરાવ્યા અને એ રીતે ભાણા કપૂરે પોતાના દ્રવ્યનું દૈવીપણું દર્શાવીને ગુરુ પ્રત્યેના ભાવને પોષ્યો.

આવા આનંદ મંગલના દિવસો વીતી રહ્યા હતા ત્યાં નૃસિંહ ચૌદશ આવી.

'ગોવર્ધન, આજે કાકાજી દ્વારકા યાત્રાએથી પાછા પધારવાના સમાચાર આવી રહ્યા છે. તેઓ જો અમને શ્રી ગિરિરાજજી ઉપર નહીં જુએ તો ખેદ કરશે. માટે અમને શીઘ્રાતિશીઘ્ર શ્રી ગિરિરાજજી ઉપર અમારા મંદિરમાં પધરાવો.'

'ભલે જેવી આજ્ઞા, બાબા. આપ સુખેન પધારો... પરંતુ રાજભોગ આરોગીને પધારો તો વધુ સારું.'

'ના, ગોવર્ધન. અમને શીઘ્ર ગોપીવલ્લભ ભોગ ધરાવીને રથમાં પધરાવો. રાજભોગ તો સાંજે મંદિરે પહોંચીને શયનભોગની સાથે જ આરોગશું. તમે બેગી (જલદી) તૈયાર થઈ જાવ... બસ, કાકાજી પધારતા જ હશે...'

શ્રી ગિરિધરજીએ મારતે ઘોડે એક સંદેશવાહકને ગોપાલપુર રવાના કર્યો અને શ્રીનાથજી મંદિરમાં પાછા પધારી રહ્યા હોવાની જાણ કરાવી. શયનભોગની સાથે રાજભોગની પણ તૈયારી રાખવા માટે કહેવરાવ્યું. ફરી પાછો પહેલાંની જેમ જ રથ તૈયાર કરવામાં આવ્યો. શ્રીનાથજીને એમાં પધરાવવામાં આવ્યા. પ્રયાણ આદરાયું. વહુજી-બેટીજીઓ અને બાલકોના હૈયાં ભરાઈ આવ્યાં. અશ્રુભીની આંખે સૌએ વિદાય આપી. રથ ગોપાલપુર તરફ હંકારાયો.

દંડવતી શિલા પાસે આવીને રથ ઊભો રહ્યો. શ્રી ગિરિધરજીએ નીચે ઊતરી શ્રીનાથજીને ફરીથી પોતાના સ્કંધ પર પધરાવ્યા અને સડસડાટ શ્રી ગિરિરાજજી પર ચડી ગયા. તરત જ શયનભોગની સાથે રાજભોગ સાજવાની તૈયારી થવા માંડી. એટલામાં શ્રી ગુસાંઈજી પણ યાત્રાએથી પાછા પધાર્યા. સ્નાન કરીને આપશ્રી સંધ્યાવંદન કરી રહ્યા હતા ત્યાં શ્રીનાથજીના રાજભોગ સરવાની ખબર આવી. શ્રી ગુસાંઈજીને આશ્ચર્ય થયું.

‘ગોવર્ધન, આ સમયે રાજભોગ?’

ઉત્તરમાં શ્રી ગિરિધરજીએ શ્રીનાથજીના મથુરા પધારવાના સવિસ્તર સમાચાર કહી સંભળાવ્યા. શ્રીનાથજીએ પોતાના પરિવાર પર વર્ષાવેલી આવી કૃપાથી શ્રી ગુસાંઈજીના રોમેરોમ હર્ષાન્વિત થઈ ગયા. તરત જ આપશ્રીએ શ્રી ગિરિધરજીને આજ્ઞા કરી :

‘ગોવર્ધન, તમારાથી લડાવાય એટલા લાડ લડાવી લો શ્રી ગોવર્ધનનાથજીને. આપશ્રી જ્યાં સુધી શ્રી ગિરિરાજજી ઉપર બિરાજશે ત્યાં સુધી સર્વને અત્યંત સુખ આપશે. પછીથી અજબકુંવરબાઈને આપેલું વચન પૂરું કરવા આજથી લગભગ એકસો વર્ષ પછી અહીંથી મેવાડ પધારશે અને ત્યાં દીર્ઘકાળ સુધી બિરાજશે. ત્યાર પછી ફરીથી શ્રી ગિરિરાજજીની તળેટીમાં મંદિર કરીને શ્રીજી બિરાજશે...’

એ દિવસે શ્રીનાથજી રાજભોગ અને શયનભોગ એકી સાથે આરોગ્યા. ત્યારથી પ્રત્યેક નૃસિંહ જયંતીને દિવસે શયન વખતે શ્રીનાથજીને રાજભોગ અને શયનભોગ એકત્ર ધરાવાય છે. વળી ફાગણ મહિનામાં હોળી સુધી આપશ્રી સન્મુખ ભિન્ન ભિન્ન પ્રકારના સ્વાંગ પણ રચાવાય છે. મથુરા પધાર્યાની યાદ શ્રીનાથજીને હજુ પણ દર વર્ષે આ રીતે આવ્યા કરે છે.

મહાવનના ભોમિયાઓને પોતાની ભૂલ સમજાતાં પશ્ચાતાપ કર્યો અને શ્રી ગુસાંઈજીને ફરીથી ગોકુલમાં વાસ કરવાની વિનંતી કરી. પરમકૃપાળુ શ્રી ગુસાંઈજીની ઈચ્છા પણ ગોકુલમાં વાસ કરવાની હતી એટલે આપે ભોમિયાઓની વિનંતી સ્વીકારી લીધી અને ગોકુલમાં હાલ પૂરતા તો હંગામી ધોરણે પધાર્યા.

ગઢાનો મહેશદાસ (ઉપનામ બ્રહ્મદાસ) નામનો દરિદ્ર બ્રાહ્મણ શ્રી ગુસાંઈજીના આશીર્વાદથી હવે રાજા બિરબલ બનીને મથુરાની ફોજદારી કરતો થયો હતો. મહાવનના ભોમિયાઓને સમજાવવામાં બિરબલે મહત્ત્વનો ભાગ ભજવ્યો. શ્રી ગુસાંઈજીને મનગમતો ગોકુલવાસ ફરીથી પ્રાપ્ત કરાવીને બિરબલે ઋણ અદા કર્યું અને શ્રી ગુસાંઈજીને શરણે આવી નામમંત્ર પામ્યો.

શ્રી ગુસાંઈજીના હંગામી ગોકુલવાસ દરમ્યાન બાદશાહની એક બેગમ (તાજ બેગમ) નૌકા વિહાર કરતી ગોકુલ આવી અને શ્રી ગુસાંઈજી પાસેથી પતિને વશ કરવાના મંત્રનું દાન પામી. સાથે સાથે ઉપદેશ પણ મેળવ્યો : ‘પ્રીતિની પૂર્ણતા દ્વિદલાત્મક રસના અનુભવમાં છુપાયેલી છે!’ ચતુર બેગમ થોડામાં ઘણું બધું સમજી ગઈ! શ્રી ગુસાંઈજીએ મહામૂલો ઉપદેશ આપતાં તો આપી દીધો પરંતુ રહી રહીને એમને જ એ ઉપદેશનું ગૂઢ રહસ્ય સતાવવા લાગ્યું...!

એક દિવસ ઓચિંતાનો બાદશાહના હાથમાં પેલો શિક્ષાત્મક મંત્ર (પત્ર) ચડી ગયો. એ વાંચીને બાદશાહ બહુ જ પ્રભાવિત થયો. બીજા પણ એક બે પ્રસંગ એવા બન્યા કે જેને કારણે શ્રી ગુસાંઈજીને બાદશાહે આદરપૂર્વક સન્માનિત કર્યા. ત્યાર પછી બાદશાહે પોતાના માનીતા બિરબલ દ્વારા શ્રી ગુસાંઈજીની નિકટતા જાળવી રાખી. એ નિકટતા ઘણા મહત્ત્વના કાર્યોમાં મદદરૂપ બનવાની નિમિત્ત બની. એવું એક અતિશય મહત્ત્વનું કાર્ય હવે આકાર ધારણ કરી રહ્યું હતું : જ્યાં પેલી રાજકીય નિકટતાએ પોતાનો ભાગ ભજવ્યો અને પેલા મહામૂલા ઉપદેશે પોતાનો ભાગ ભજવ્યો...!!

એક રાત્રિએ ગોપાલપુરમાં શ્રી ગુસાંઈજીની બેઠકમાં શ્રી પુરુષોત્તમજી, શ્રી ગિરિધરજી અને કૃષ્ણદાસ અધિકારીજીની સાથે શ્રી ગુસાંઈજીની અત્યંત ગુપ્ત મંત્રણાઓ ચાલી રહી હતી. બહુ મોડે સુધી એ મંત્રણાઓ ચાલી. લીલાનું રહસ્ય ઘૂંટાતું જતું હતું...! ઉપદેશનો અર્થ સમજાતો જતો હતો...!! છેવટે વહેલી સવારે અંતિમ નિર્ણય લેવાયો અને બધા બેઠકની બહાર નીકળ્યા...

'પુરુષોત્તમજી, કૃષ્ણદાસ... હજુય કહીએ છીએ, માની જાવ અને તમારો નિર્ણય બદલી નાંખો. નહીં તો લૌકિકમાં તમારું બહુ જ અહિત થશે...'

'અમારો નિર્ણય અફર છે. હવે તો જે થવાનું હોય તે ભલે થાય..'

'કલ્યાણમસ્તુ..'

પોષ સુદ પાંચમની સવાર પડી. ધમાકેદાર નાટકનો પ્રથમ અંક શરુ થયો. શ્રીનાથજીને રાજભોગ ધરાવવામાં કંઈક મોટી ભૂલથી સૂરસૂરિયું સળગ્યું! શ્રીનાથજી ભૂખ્યા રહ્યા. છેક શયનભોગના સમયે શ્રી ગુસાંઈજીને આ વાતની જાણ થઈ. આપશ્રીએ તાત્કાલિક, ઋતુ અનુસાર, એક સામગ્રી સિદ્ધ કરીને શયનભોગની સાથે ધરી. ભોગ સર્યા પછી એ સામગ્રી બધા સેવકોને વહેંચી દીધી. અદ્ભુત સ્વાદ હતો એ સામગ્રીનો! સૌએ એને બહુ સરાહી. નાટકનો દ્વિતીય અંક શરુ થયો!... બસ, અહીંથી પેલા સૂરસૂરિયાની વાટ સળગતી સળગતી વધુ આગળ વધી! કૃષ્ણદાસ અને શ્રી ગુસાંઈજીની વચ્ચે ઠંડુ વાક્યુદ્ધ શરૂ થયું! સેવકોને એ શાબ્દિક ટપાટપીનો અર્થ પણ ન સમજાયો અને ભેદ પણ ન સમજાયો... પરંતુ સૌ અવાચક તો થઈ જ ગયા! કૃષ્ણદાસને બહુ માઠું લાગ્યું! આખી રાત એમણે અત્યંત બેચેનીમાં પડખા ઘસીને વિતાવી!!

બીજે દિવસે સવારે જ્યારે શ્રી ગુસાંઈજી સ્નાન કરીને સેવા અર્થે મંદિરમાં પધારવા માટે શ્રી ગિરિરાજજી ચડવા ગયા ત્યારે દંડવતી શિલા પાસે કૃષ્ણદાસ ઓચિંતાના વૃક્ષ ઓથેથી પ્રગટ થયા. એમણે દંડ આડો કરીને આપશ્રીને અટકાવ્યા! નાટકનો તૃતીય અને અંતિમ અંક શરુ થયો.

'સાવધાન... આપે ઉપર જવાની આવશ્યકતા નથી. સેવા-શૃંગારમાં, અમારા કહેવાથી, શ્રી પુરુષોત્તમજી પહોંચી ચૂક્યા છે. ગાદીપતિ ટિકેત (તિલકાયત) તો એ છે. તેથી જ્યારે તેઓ આપને બોલાવે ત્યારે જ ઉપર જજો. શ્રી ગોવર્ધનનાથજીના સર્વેસર્વા અધિકારીની રૂએ અમારો આ હુકમ છે.'

ખલાસ!! સળગતી વાટ છેટ એટમબોમ્બના મુખમાં પહોંચી ચૂકી અને ભયંકર જોરદાર ધડાકો થયો! ધરણી ધ્રૂજી ઊઠી! આકાશ ફાટી પડ્યું! શિલાઓ ગબડવા લાગી! તળેટીની રજનો વંટોળ ઊઠ્યો! ચરતી ગાયોના મુખમાં ઘાસ એમનું એમ જ રહી ગયું. વૃક્ષો પર છલાંગો મારી રહેલા વાંદરાઓ અંતર ચૂકી ગયા અને નીચે ગબડી પડ્યા! હાહાકાર મચી ગયો! શ્રીનાથજીની સન્મુખ ઊભા રહીને શૃંગાર કરી રહેલા શ્રી પુરુષોત્તમજીના હસ્તમાંથી માલાજી નીચે

પડી ગયાં! ચોધાર આંસુએ આપ રડી પડ્યા! એ રુદન અત્યંત ભેદી હતું! એનો ભેદ કળવો મહા કઠિન હતો! શ્રીનાથજી એ ભેદને કળી ગયા! તરત જ શ્રીનાથજીએ પોતાનો વરદ હસ્ત શ્રી પુરુષોત્તમજીના મસ્તક પર ધર્યો અને સાંત્વન આપ્યું!

ધડાકાની અસરથી હચમચી ઊઠેલા શ્રી ગુસાંઈજીના નેત્રો આંસુઓથી છલકાઈ ગયા. આપે શ્રીનાથજીના ધજાજીને દંડવત કર્યા અને ઊભા થઈ ઉપરણા વડે નેત્રો લૂછતાં, લીલાના રહસ્યોને યાદ કરી, ગોકુલ સ્વગૃહે પાછા ન પધારતાં, સૂરદાસજીનો હાથ પકડીને, પરાસોલી ગામના ચંદ્ર સરોવર તરફ પ્રયાણ કર્યું! સૂરદાસજીને મન સોનાનો સૂરજ ઊગ્યો!

શ્રી ગુસાંઈજી શ્રી ગિરિરાજજીની તળેટીમાં આવેલા પરાસોલી ગામના ચંદ્ર સરોવર પર, સૂરદાસજીની પર્ણકુટીમાં જઈને બિરાજ્યા. નિત્ય આપશ્રી ધજાજીને દંડવત કરે અને શ્રીનાથજીના વિપ્રયોગમાં સમય વ્યતીત કરે. શ્રીનાથજીની મંદિરમાં એક બારી એવી હતી કે જે પરાસોલી તરફ ખૂલતી. શ્રીનાથજી પણ શ્રી ગુસાંઈજીના વિરહમાં નાના બાળકની જેમ એ બારીના સળિયા પકડી અંદર ઊભા રહે અને શ્રી ગુસાંઈજીને દર્શન આપી પોતે પણ શ્રી ગુસાંઈજીને નિહાળ્યા કરે! એક દિવસ કૃષ્ણદાસજી કંઈક કામ અંગે આન્યોર ગામે ગયા હતા ત્યાંથી એમણે શ્રીનાથજીને આ રીતે બારીમાં ટીંગાયેલા જોયા! શ્રીનાથજીએ કૃષ્ણદાસને ધૂંવાફૂંવા થતા જોયા અને ગભરાઈ ગયા! ધરતીકંપના પશ્ચાદ્ આંચકાની જેમ કૃષ્ણદાસજીએ તાત્કાલિક આવીને એ બારીને ચણાવી દીધી! હવે શું કરવું!?... અને શરૂઆત થઈ પત્રો લખવાની.

રાજભોગ સર્યા પછી કૃષ્ણદાસ પોતાના મુકામે પ્રસાદ લેવા અને વિશ્રામ કરવા જાય એટલી વારમાં રામદાસ મુખિયાજી શ્રીનાથજીનાં માલા-બીડાં અને ચરણોદક લઈને ઝડપભેર શ્રી ગુસાંઈજી પાસે પહોંચી જાય. શ્રી ગુસાંઈજી એ અલૌકિક વસ્તુઓને મસ્તકે ચડાવી, નેત્રે ચડાવી, નેત્રે લગાડી, હૃદય સરસી ચાંપે અને પછી વિરહાગ્નિના આવેશમાં શ્રીનાથજી પર પત્ર લખીને, માલામાં છુપાવી, રામદાસ મુખિયાજીને સોંપે. મુખિયાજી એ માલા લાવીને શ્રીનાથજીના શ્રીકંઠમાં ધરાવે ત્યારે એમાંથી પત્ર કાઢીને શ્રીનાથજી વાંચે. વાંચીને ગોખલામાં મૂકે અને પાન પર સામો ઉત્તર લખે. બીજે દિવસે એ ઉત્તર શ્રી ગુસાંઈજી વાંચે અને પાનને ચરણોદકમાં ઘોળીને પાન કરી (પી) જાય! આથી ગુસાંઈજીએ

લખેલા આ પત્રો સંપ્રદાયમાં 'વિજ્ઞપ્તિ' તરીકે પ્રસિદ્ધ થયા, પરંતુ શ્રીનાથજીએ લખેલા પત્રો આપણને મળી ન શક્યા.

આ ક્રમ પણ એક દિવસ પકડાઈ ગયો! કૃષ્ણદાસે ગોખલામાં મૂકેલા પત્રો વાંચી લીધા. શ્રી ગુસાંઈજીના વિરહાત્મક પત્રો વાંચીને કૃષ્ણદાસના ચહેરા પર પરમ સંતોષની લાગણી લહેરાઈ ગઈ!! ભેદ! ભેદ!! એમણે રામદાસ મુખિયાજીને ધમકાવી નાંખ્યા! હવે સીધા સાદા રામદાસજીની કમાન છટકી!

'અમે તો નિત્ય શ્રી ગુસાંઈજીનાં દર્શન કરવા જશું. તમારે અમને સેવામાં રાખવા હોય તો રાખો અને કાઢવા હોય તો કાઢો! સેવાના અનોસરમાં અમારે ક્યાં જવું અને ક્યાં ન જવું એ અમારી વ્યક્તિગત સ્વતંત્રતાનો વિષય છે. એની ઉપર તમારો કોઈ જ અધિકાર નથી. બસ, બહુ થયું હવે. તમારા દિવસો ભરાઈ ગયા હોય એવું લાગે છે.'

જવાબ સાંભળીને ઘડી વાર તો કૃષ્ણદાસ પણ સમસમી ગયા. પરંતુ અતિશય સમજદાર હોવાને કારણે તરત વિચાર કર્યો કે આવા સેવકને પણ ગુમાવી દઈશ તો બીજાને ક્યાંથી પેદા કરીશ? તેથી ચૂપ રહ્યા. બીજા એક ભેદી કારણથી પણ ચૂપ રહ્યા! હવે, એ જ અરસામાં રાજા બિરબલ કંઈક કામ અંગે મથુરાથી એના પરગણા ગોકુલમાં આવ્યો. મંદિરમાં આવીને ઊભો રહ્યો. શ્રી ગુસાંઈજીનાં દર્શનની ઈચ્છા સેવી. એટલે મોટા પુત્ર શ્રી ગિરિધરજીએ સહજ રીતે શ્રી ગુસાંઈજીના ઉપરછલ્લા સમાચાર આપ્યા. ચતુર બિરબલ દાળમાં કંઈક કાળું હોવાનું સમજી ગયો. એણે વ્યવસ્થિત રીતે વાત જણાવવા માટે શ્રી ગિરિધરજીને વિનંતી કરી. શ્રી ગિરિધરજીએ નાછૂટકે માંડીને બધી વાત કરી.

બિરબલ ઘોડાને ચાબખા પર ચાબખા મારતો વાયુ વેગે પાછો મથુરા આવી ગયો. એણે ઘોડા પરથી ઊતરતાં જ સેનાપતિને તૈયાર થવા કહ્યું અને કૃષ્ણદાસની પહોંચને સમજી લઈ પાંચસો સૈનિકોની ટુકડી સાથે ગોપાલપુર જઈ કૃષ્ણદાસ અધિકારીને મુશ્કેટાટ બાંધી લઈ આવવાનો હુકમ છોડ્યો. સૈનિકોએ રાજાના હુકમનું અક્ષરશઃ પાલન કર્યું. રાત પડતાં સુધીમાં તો દોરડે જકડાયેલા કૃષ્ણદાસ મથુરામાં કારાગૃહ (જેલ)ના સળિયા પાછળ ધકેલાઈ ગયા! ગજબ થઈ ગયો! ગોપાલપુરમાં સોપો પડી ગયો. ચોરે ને ચૌટે એક જ વાત ચર્ચાવા લાગી. છ મહિનાથી ગોપાલપુરમાં જ વાસ કરીને શ્રીનાથજીની અષ્ટયામ સેવામાં તલ્લીન થઈ ગયેલા શ્રી પુરુષોત્તમજી આ સમાચાર સાંભળીને સતર્ક થઈ ગયા. આપે એ રાત દ્વિધામુક્ત થઈને વિતાવી!! આટલા સમાચારમાં આપ ઘણું બધું સમજી ગયા અને 'સર્વ રીત' ની તૈયારી કરી લીધી!! આ તરફ, આટલું બધું થયા પછી પણ જેલના સળિયાની પાછળ, દોરડે બંધાયેલા કૃષ્ણદાસેય દ્વિધામુક્ત થઈને મલકાતાં મલકાતાં બાકીની રાત વીતાવી!! ભેદ, ભેદ, ભેદ!!!

રાતોરાત બિરબલે પોતાના ચોકિયાતોને ગોકુલ દોડાવ્યા અને શ્રી ગિરિધરજીને સંદેશો કહેવડાવ્યો કે, કૃષ્ણદાસને પકડીને બંદીખાને નાંખ્યા છે. આપ વહેલી તકે શ્રી ગુસાંઈજીને પરાસોલીથી પધરાવીને શ્રીનાથજીના મંદિરમાં પધારો. સમાચાર સાંભળીને શ્રી ગિરિધરજી ચોંકી પડ્યા! બિરબલ આવું કંઈ કરશે એની તો આપને કલ્પના જ નહોતી. આપે, બંડીની કસ બાંધતાં અને શિખાની ગાંઠ વાળતાં, ઘોડો પલાણ્યો અને મુશળધાર વરસતા વરસાદવાળી ઘનઘોર રાત્રિના અંધકારમાં જ મારતે ઘોડે ગોકુલથી પરાસોલી પધાર્યા. આપની રક્ષાર્થે બિરબલના ચોકિયાતોએ પોતાનાય ઘોડા પાછળ પાછળ દબાવ્યા.

કાફલો ચંદ્ર સરોવરે પહોંચ્યો. દેડકાઓના ડ્રાઉં...ડ્રાઉં, તમરાઓનાં તમતમાટ અને રહી રહીને કૂતરાઓના ભસવાની વચ્ચે એકધારા વરસી રહેલા વરસાદના ડરામણા અવાજમાં આટલા બધા ઘોડાઓની આટલી તેજ ગતિવાળી દબડાટી સાંભળીને સૂરદાસજી અને શ્રી ગુસાંઈજી જાગી ગયા. પ્રતિદિન શ્રી ગુસાંઈજી પાસે આવતા દામોદરદાસ હરસાનીજી પણ એ સમયે ત્યાં હાજર હતા. તેઓ પણ આપશ્રીની સાથે જ બેઠા થઈ ગયા. એમણે ફાનસની વાટ તેજ કરી અને હાથમાં લઈ લીધું. ત્રણેય બેઠકની બહાર આવ્યા. શ્રી ગિરિધરજી ઘોડા ઉપરથી ઊતર્યા અને શ્રી ગુસાંઈજીને દંડવત પ્રણામ કર્યા.

'ગોવર્ધન, આમ વહેલી પરોઢે... આ અવસ્થામાં... આવા મેઘલા અષાઢ માસમાં, અહીં? સર્વ કંઈ કુશળ મંગળ તો છે ને? સાથે આ લોકો કોણ છે?'

'કાકાજી, આપ શ્રી ગોવર્ધનધરણના મંદિરે પધારો અને સેવા-શૃંગાર કરો.'

'ગોવર્ધન, તમે તમારા બાવડાનું બળ ક્યાંક અજમાવીને આવી રહ્યા છો?'

'ના કાકાજી, એવું કંઈ નથી. માર્ગ એની મેળે મોકળો થઈ ગયો છે.'

'કૃષ્ણદાસની આજ્ઞા હોય તો જ મારાથી મંદિરમાં આવી શકાય.'

'કાકાજી, ગજબ થઈ ગયો છે... કૃષ્ણદાસ તો મથુરામાં કારાગૃહમાં બંદી છે...' મુખ પરથી વરસાદનું પાણી લૂછતાં શ્રી ગિરિધરજીએ ચડેલા શ્વાસે મુખ્ય મુદ્દો કહી દીધો.

'કોણ?? આપણા કૃષ્ણદાસ અધિકારીજી!? બંદીખાને!?? હોય નહીં!! જરા સમજ પડે એ રીતે કહો.'

શ્રી ગિરિધરજીએ માંડીને વાત કહી. શ્રી ગુસાંઈજી વાત પામી ગયા. તરત આપે કહ્યું :

'હવે તો કૃષ્ણદાસના આવ્યા પછી જ અમે મંદિરમાં પ્રવેશ કરશું અને ભોજન લેશું...'

સાંભળતાં જ શ્રી ગિરિધરજીએ છલાંગ મારી અને ઘોડાને એડી દબાવી. જોતજોતામાં આપનો કાફલો ભેંકાર રાત્રીના કાજળઘેરા અંધકારમાં અને ધોધમાર વરસી રહેલા વરસાદમાં અદશ્ય થઈ ગયો. થોડી વારમાં તો પ્હો ફાટી અને આખો કાફલો મથુરા પહોંચી ગયો.

'બિરબલજી, કાકાજી તો મંદિર પ્રવેશ અને ભોજન કૃષ્ણદાસના ત્યાં પહોંચ્યા પછી જ કરશે. તેથી એમને છોડી મૂકો. અમે કાકાજીને મળીને જ આવી રહ્યા છીએ.' શ્રી ગિરિધરજીએ બિરબલને પરિસ્થિતિથી વાકેફ કર્યા.

બિરબલે કૃષ્ણદાસને બંદીખાનામાંથી બહાર કાઢ્યા અને ધમકી આપીને શ્રી ગિરિધરજીને હવાલે કર્યા. સાથે સાથે એક ઘોડેસવાર આપ્યો અને એની પાછળ કૃષ્ણદાસને બેસાડી દીધા. ત્રણેય પરાસોલી આવી પહોંચ્યા. શ્રીનાથજીના અધિકારીને આવેલા જોઈને શ્રી ગુસાંઈજી ઊભા થઈ ગયા અને એમને ઉચિત માન આપ્યું. કૃષ્ણદાસે અત્યંત દીનતાપૂર્વક શ્રી ગુસાંઈજીને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા. શ્રી ગુસાંઈજીએ એમને ઉઠાડ્યા અને છાતી સરસા ચાંપી દીધા. કૃષ્ણદાસે દીનતાનું એક પાદ ગાયું અને શ્રી ગુસાંઈજીને પ્રસન્ન કર્યા.

'કૃપાનાથ, મારો અપરાધ ક્ષમા કરો અને આપ શ્રી ગોવર્ધનનાથજીની સેવામાં પધારો.'

'તમારી આજ્ઞા થઈ છે તો હવે અમે જરૂરથી પધારશું, ચાલો...'

શ્રી ગુસાંઈજી શ્રી ગિરિધરજીની પાછળ ઘોડેસવાર થયા તો કૃષ્ણદાસ બિરબલના ચોકિયાતની પાછળ. સૂરદાસજી અને દામોદરદાસજી પણ તેયાર થઈને મંદિરે આવવા નીકળ્યા. બંને ઘોડા તળેટીમાં આવીને અટક્યા. આમ શ્રી ગુસાંઈજીને અણધાર્યા પધારેલા જોઈને સૌ સેવકોમાં ચેતન આવી ગયું. શ્રી ગુસાંઈજી અને શ્રી ગિરિધરજી સ્નાન કરીને મંદિરમાં પધાર્યા. શિયાળો, ઉનાળો અને ચોમાસું એમ ત્રણેય ઋતુઓની વિરહાવસ્થામાંથી પસાર થયા પછીનો અષાઢ સુદ ૬ નો એ દિવસ હતો. શ્રી ગુસાંઈજીએ કસુંબા છઠની પિછવાઈ ધરાવી.

'કૃપાનાથ હવે આપ અંદર સેવા-શૃંગારમાં પધારો.'

'ના, એમ નહીં. ગાદીપતિ ટિકેત (તિલકાયત)ની આજ્ઞા વગર અમારાથી શ્રી ગોવર્ધનનાથજીના સેવા-શૃંગાર ન થાય...'

ત્યાં તો અંદર સેવામાં ઉપસ્થિત શ્રી પુરુષોત્તમજી દોડીને બહાર પધાર્યા અને શ્રી ગુસાંઈજીને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા. ઊભા થતાં હાથ જોડીને બોલ્યા :

'કાકાજી, આપના બાલકનો અપરાધ ક્ષમા કરજો... આપ સેવા-શૃંગારમાં પધારો...'

શ્રી ગુસાંઈજીએ શ્રી પુરુષોત્તમજીને ગળે લગાડ્યા. મસ્તક ચૂમીને ભૂરી ભૂરી આશીર્વાદ દીધા. પિતાની જેમ જ પુત્રે પણ દીધેલા લૌકિક ભોગની શ્રી ગુસાંઈજીએ મનોમન વંદના કરી! ભેદ, ભેદ!!... અને શ્રી પુરુષોત્તમજીનો હસ્ત પકડીને આપ શ્રીનાથજી સન્મુખ પહોંચ્યા. મન ભરીને બંનેએ એકમેકને નીરખ્યા. શ્રી ગુસાંઈજીએ શ્રીનાથજીને દંડવત પ્રણામ કર્યા. ત્યાં શ્રી ગિરિધરજી પણ સેવામાં આવી પહોંચ્યા અને કૃષ્ણદાસ પણ દર્શને આવી પહોંચ્યા. શ્રી ગુસાંઈજીએ કૃષ્ણદાસજીને શ્રીનાથજી સન્મુખ એક વાર ફરીથી દુશાલો ઓઢાડ્યો.

'કૃષ્ણદાસ, તમે ધન્ય છો. શ્રી ગોવર્ધનધરનો અધિકાર તમારે જ કરવાનો છે. તમારા નામથી જ શ્રી ગોવર્ધનનાથજીનો ભંડાર ચાલશે અને તમારા નામની ગાદી બિછાવાશે.'

'મારો અપરાધ ક્ષમા કરો, મહારાજ. હું અધમ છું.'

'હં, હં, અધિકારીજી, એ શું બોલ્યા? શ્રી ગોવર્ધનધરણના અધિકારી ક્યારેય અધમ ન હોઈ શકે. હા, લૌકિકમાં એમનો બગાડ અચૂક થાય... અને એટલે જ તમારો અપરાધ શ્રી ગોવર્ધનધરણ જ ક્ષમા કરશે.'

વળી પાછો ભેદ! અકળ લીલા હતી આ!!

હવે શ્રી ગુસાંઈજીએ શ્રી પુરુષોત્તમજીનો હસ્ત પકડીને શ્રી ગોવર્ધનધરણને સંબોધ્યા :

‘બાબા, આ બાલક પણ આપના જ છે. તદ્દન નિર્દોષ અને સાલસ છે. અમને બહુ પ્રિય છે. એમણે લૌકિકનો બગાડ સ્વીકારીને પણ અમને સેવામાંથી દૂર રાખવાનું જે સાહસ કરી પોતાનો નિર્ણય અફર રાખ્યો અને આપને તેમ જ અમને જે અવર્ણનીય સુખની પ્રાપ્તિ કરાવી એ સેવા બેજોડ છે. ‘બાપ એવા બેટા’ તે આનું નામ! આપ એમના પર કૃપા કરો.’

‘અમે તો એમના પર બહુ પ્રસન્ન છીએ. અમને દ્વિદલાત્મક રસનો અનુભવ કરાવવામાં એમનો બહુ મોટો ફાળો છે! વળી છ માસ સુધી દિન-રાત અમારી સેવામાં ખડે પગે હાજર હતા. બોલો, કેવી કૃપા કરીએ? આવો પુરુષોત્તમજી, તમારો હસ્ત અમારા હસ્તમાં આપો... તમારા પિતાજી અને દાદાજી તમારી રાહ જોઈ રહ્યા છે.. આવો.. અમારી નિત્યલીલામાં દાખલ કરીએ...’’ કહેતાં શ્રીનાથજીએ શ્રી પુરુષોત્તમજીનો હસ્ત ખેંચીને સદેહે પોતાનામાં સમાવી દીધા!! ભેદી રહસ્યલીલા સમાપ્ત થઈ!

સૌ સેવકો આ દૃશ્ય જોઈ અચંબામાં પડી ગયા!

ભગવદ્ વિભૂતિઓનાં કાર્યો અને એમની કૃતિઓ લૌકિકજનોને બોધ આપવા અર્થે જ હોય છે. પ્રભુએ સોંપેલું પાત્ર દુનિયાના રંગમંચ પર સફળતાપૂર્વક ભજવી જઈ તેઓ આપણને કંઈક શિખવાડી જતા હોય છે. એમાં આપણાથી એમને વિષે કંઈ જ ટિપ્પણ ન કરી શકાય. એ જ રીતે શ્રી હરિની લીલા વિષે પણ માનવીય બુદ્ધિથી મૂલ્યાંકન કરવાની ભૂલ ન કરી શકાય.

હવે રાજા બિરબલ શ્રી ગુસાંઈજીની એકદમ નજીક આવી ગયો. વિ.સં. ૧૬૨૭માં બિરબલના આગ્રહ પત્રથી શ્રી ગુસાંઈજી દિલ્લી પધાર્યા અને ત્યાં થોડા દિવસ બિરાજી અદ્ભુત રાજ્યસન્માન પ્રાપ્ત કર્યું. બાદશાહી ફરમાનો પ્રાપ્ત કરીને શ્રી ગુસાંઈજીએ ગોકુલ, મહાવન તથા ગોપાલપુર (જતીપુરા) તેમ જ આસપાસના વિભાગ ઉપરનો સંપૂર્ણ અધિકાર કાયદેસર રીતે મેળવ્યો.

આ સમય દરમ્યાન શ્રી ગુસાંઈજીના ગૃહે બીજાં પત્ની શ્રી પદ્માવતી વહુજીના પ્રથમ / અંતિમ અને કુલ સાતમા પુત્ર શ્રી ઘનશ્યામજી (ઘરમાં બોલવાનું નામ ‘પ્રાણવલ્લભ’)નું વિ.સં. ૧૬૨૮ના કારતક વદ ૮ને દિને ગોકુલમાં પ્રાકટ્ય

થયું. એ જ વર્ષે વિ.સં. ૧૬૨૮ના મહા વદ ૭ ના રોજ શ્રી ગુસાંઈજીએ મથુરાના સતઘરાને છોડીને ગોકુલનો કાયમી દૃઢ વાસ કર્યો અને હવે વ્યવસ્થિત રીતે ઠરીઠામ થતાં ગોકુલના સર્વોન્મુખી વિકાસની શરૂઆત કરી.

(૧૮)

(સાચા ઈતિહાસને સત્યતાની એકદમ નજીકથી પસાર થતા વિસ્તૃત ચરિત્રામૃતના રૂપમાં માણવાના જિજ્ઞાસુઓ થોડીક વાર માટે એમ માની લો કે અંતિમ સંશોધન પ્રમાણે વિ.સં. ૧૬૨૦માં શ્રી ગોપીનાથજીનો લીલાપ્રવેશ નથી થયો... તેઓ ત્યાર પછી પણ થોડા વધુ વર્ષો ભૂતલ પર બિરાજમાન રહ્યા છે... અને શ્રી ગોપીનાથજીનો લીલાપ્રવેશ નથી થયો એટલે શ્રી પુરુષોત્તમજીનો પણ લીલાપ્રવેશ નથી થયો...! માની લીધું!...?? બંને મહાનુભાવો આ ચરિત્રામૃતની કથામાં હજુ વિદ્યમાન છે, હં!હવે આપણે કથામાં પાંચ વર્ષ પાછળ જઈએ છીએ અને મથુરાના ‘સતઘરા’માં પ્રવેશ કરીએ છીએ... આ ઘરમાં શ્રી ગોવર્ધનધર પોતાની મેળે બે માસ અને બાવીસ દિવસ માટે પધારીને જે નિર્દોષ અલૌકિક આનંદનો મહાસાગર લૂંટાવીને, લૂંટીને ગયા હતા એ પ્રસંગને આપણે વાગોળતાં વાગોળતાં આગળ વધી રહ્યા છીએ... હા, તો ચાલો હવે આ પ્રકરણ વાંચો. આ પ્રકરણમાં આલેખેલો પ્રસંગ પૂરો થયા પછી એની ‘ખાસ પાદ નોંધ’ માં હું એક આશ્ચર્યજનક ધડાકો કરવાનો છું!)

.... આવા નિર્દોષ અલૌકિક આનંદને મણાવતા અને માણતા શ્રી ગુસાંઈજીને એક વાર વ્રજ પ્રવાસ દરમ્યાન ગોપાલપુર મુકામે શારીરિક અસ્વાસ્થ્ય પ્રાપ્ત થયું. આપને મોટાભાઈની યાદ આવી ગઈ. અડેલના ગૃહમાં તો આપને બે છીંક પણ આવતી તો મોટાભાઈ ચિંતાતુર થઈને દોડંદોડી કરી મૂકતા. દાદીજી અને માતાજી પહોંચે એ પહેલાં તો મોટાભાઈ ઔષધ લઈને હાજર થઈ જતા. પિતાની અદાથી પહેલાં થોડો ઠપકો પણ આપતા અને પછી અતિશય વહાલથી શુશ્રૂષા પણ કરતા. વડીલ બંધુના આવા અગાધ પ્રેમને યાદ કરી આપે કાગળ-કલમ ઉપાડી તરત મોટાભાઈ શ્રી ગોપીનાથજીને એક પત્ર લખ્યો.

(મૂળ સંસ્કૃતમાં લખાયેલ એ પત્રનું ગુજરાતી ભાષાંતર આ પ્રમાણે છે.)

‘સ્વસ્તિ શ્રી નવનીતપ્રિયજી (નિજના સેવ્ય સ્વરૂપ -- આગરાના ગજ્જન ધાવનવાળા), શ્રી મથુરાનાથજી, શ્રી દ્વારકાનાથજી, શ્રી

ગોવર્ધનધર[1], શ્રી વિઠ્ઠલેશ્વર, શ્રી મદનમોહનજી, શ્રી ગોવર્ધનધર[2], શ્રી નવનીતપ્રિયજી (શ્રી બાલકૃષ્ણજી)ના ચરણકમલમાં અનુચર-સેવકના પ્રણામો નિવેદન કરશો.

સ્વસ્તિ શ્રીમદ્ જયેષ્ઠભ્રાતાના (શ્રી ગોપીનાથજીના) ચરણકમલોમાં નાના વિઠ્ઠલના કોટિ પ્રણામોને આ પત્રદૂત નિવેદન કરે છે. અહીં સર્વ કુશલ છે. આપના કુશલની હું આશા રાખું છું.

હું ભગવદ્ આજ્ઞાથી રાસોત્સવ સુધી શ્રી ગોવર્ધનધરના (શ્રીનાથજીના) ચરણારવિંદ પાસે રહ્યો છું. હરિદ્વાર તરફ જવાની આજ્ઞા ન થઈ તેથી જવાયું નથી. અહીં મને બહુ અસ્વાસ્થ્ય થયું. દશ ઉપવાસ કર્યા, હવે ભગવત્કૃપાથી અને આપની કૃપાથી નીરોગિતા થઈ છે. કંઈ પણ ચિંતા કરશો નહીં. અક્કાજી, અમ્માજી અને અત્તાજીને પ્રણામ. મારું અસ્વાસ્થ્ય સાંભળીને અક્કાજીને દુઃખ ન થાય તેમ કરશો. ભગવાન સર્વત્ર (રક્ષક) છે તેથી આપ મારી કંઈ પણ ચિંતા કરશો નહીં. યાદવેન્દ્રપુરી, બ્રહ્માનંદ દીક્ષિત, હરિહર, નાગનાથ, ચૂડા વગેરે સર્વને નમસ્કાર. વિષ્ણુદાસ આદિ સર્વને આશીર્વાદ. અહીંના વૈષ્ણવોના પ્રણામ.

હે સખી! જ્યારે પ્રભુ નિકુંજમાં સ્વપ્રિયાજી સહ પ્રમોદ વડે નિર્ભર ક્રીડા કરે છે ત્યારે એકમેકની પ્રભા અન્યોન્ય વસ્ત્રાચ્છાદન થઈ રહી છે.'

શ્રી હરિ પ્રત્યેનો દૃઢ આશ્રય, મોટાભાઈ માટેનો અપૂર્વ પૂજ્યભાવ, દૈન્યભાવ, માતા પ્રત્યેની અસીમ ઋજુ લાગણી, ભરપૂર વ્યવહાર-વિવેક તેમ જ નિત્યલીલાના અદ્‌ભુત શૃંગારરસમાં ચિત્તની સદૈવ સ્થિતિ આ પત્રમાં ભારોભાર છલકાય છે. શ્રી ગોપીનાથજી અને શ્રી ગુસાંઈજી વચ્ચે અપૂર્વ બંધુભાવ હતો એ વાત પણ આ પ્રકારના પરસ્પરના પત્રવ્યવહારથી સ્પષ્ટ થઈ જાય છે.

** 'પુષ્ટિભક્તિસુધા' નામની સાંપ્રદાયિક માસિક પત્રિકાના શ્રીવલ્લભાબ્દઃ ૪૩૭ (એટલે કે વિ.સં. ૧૯૭૨-૭૩ એટલે કે ઈ.સ. ૧૯૧૬ એટલે કે આજથી ૯૩ વર્ષ પહેલાં)ના અંકઃ ૮-૯માં ઉપરોક્ત પત્ર પ્રસિદ્ધ થયો હતો; એમાંથી અહીં સાભાર ઉદ્ધૃત કર્યો છે.*

પત્રમાં કોઈ પણ સંજોગોવશાત મિતિ પ્રાપ્ત નથી થતી તેથી આપના કયા વર્ષના વ્રજ પ્રવાસ દરમ્યાન આ પત્ર લખાયો હશે એ કળવું મુશ્કેલ છે છતાંય પ્રખર સંશોધકો દ્વારા એક એવું અનુમાન લગાડાયું છે કે પત્રમાં વપરાયેલી ભાષાની શૈલી ઉપરથી આપની કિશોર કે યુવાવસ્થામાં આ પત્ર લખાયો હશે. આપે સ્વતંત્રરૂપે યાત્રા કરવાની શરૂઆત કરી એ અરસામાં ક્યારેક આ ઘટના ઘટી હશે. આ પત્રને આધાર લઈને સંશોધકો 'શ્રી ગોપીનાથજી અને શ્રી ગુસાંઈજી વચ્ચે અપૂર્વ બંધુભાવ હતો' એટલી જ વાત સ્થાપિત કરી શક્યા છે. બસ, આનાથી વધુ પ્રકાશ કોઈ સંશોધનકાર પાડી શક્યા નથી.

ખાસ નોંધ : મેં આ પત્રનો આધાર લઈને એનો રચનાકાળ શોધવાનો પ્રયત્ન કર્યો છે અને એ રચનાકાળને આધારે શ્રી ગોપીનાથજીના લીલાપ્રવેશનો કાળ અંદાજવાનો પ્રયત્ન કર્યો છે. આને કારણે બીજા ત્રણ અતિ મહત્ત્વના અવલંબિત પ્રસંગોનો કાળ પણ આપમેળે નક્કી થઈ જાય છે. મારા એ પ્રયત્નો મગજમાં કઈ રીતે વિકસિત થતા હયા એની કડીબદ્ધ વિગતો નીચે મુજબ છે :

પત્ર વાંચ્યા પછી, એમાંથી જ પ્રગટ થતા, ૬ નિશ્ચિત તારણો કાઢ્યા

૧. પત્ર શ્રી વિઠ્ઠલનાથજી શ્રી ગુસાંઈજીએ લખ્યો છે.

૨. શ્રી ગુસાંઈજીએ આ પત્ર પોતાના જયેષ્ઠભ્રાતા (શ્રી ગોપીનાથજી)ને લખ્યો છે.

૩. પત્ર શ્રી ગોવર્ધનધરના (શ્રીનાથજીના) ચરણારવિંદ પાસે રહીને (ગોપાલપુરમાં) લખવામાં આવ્યો છે.

૪. પત્રની શરૂઆતમાં આઠ ભગવત્સ્વરૂપોના ચરણકમલમાં પ્રણામો નિવેદિત કરવામાં આવ્યા છે.

૫. આઠ ભગવત્સ્વરૂપોના નામોલ્લેખમાં 'શ્રી નવનીતપ્રિયજી' અને 'શ્રી ગોવર્ધનધર'ના નામોનો ઉલ્લેખ બબ્બે વાર કરવામાં આવ્યો છે. (આમાં લખનારની કોઈ ભૂલ નથી.)

પહેલા 'શ્રી નવનીતપ્રિયજી' એટલે નિજના સેવ્ય સ્વરૂપ 'શ્રી નવનીતપ્રિયજી' (આગરાના ગજજન ધાવનવાળા) અને બીજા 'શ્રી નવનીતપ્રિયજી' એટલે 'શ્રીબાલકૃષ્ણજી'. એ જ રીતે પહેલા 'શ્રી ગોવર્ધનધર' એટલે 'શ્રી ગોકુલચંદ્રમાજી' અને બીજા 'શ્રી ગોવર્ધનધર' એટલે 'શ્રી ગોકુલનાથજી'. આ અર્થઘટન સાથે તો સૌ સંશોધનકારો એકમતીથી સહમત થાય છે.

હવે પત્રમાંથી જ પ્રગટ થતા ઉપરોક્ત ૬ નિશ્ચિત તારણોમાંથી તારણ ક્રમાંક ૪, ૫ અને ૬ના આધારે એ નક્કી કર્યું કે :

૧. આ આઠ ભગવત્સ્વરૂપોમાંથી છ ભગવત્સ્વરૂપો (શ્રી મથુરાનાથજી અને શ્રી ગોકુલચંદ્રમાજી સિવાયના) તો શ્રી મહાપ્રભુજીની ઉપસ્થિતિમાં (એટલે કે વિ.સં. ૧૫૮૭ સુધીમાં) જ આપશ્રીના ગૃહે શનૈઃ શનૈઃ વિદ્યમાન થતા ગયા હતા. બાકીના બે ભગવત્સ્વરૂપો (શ્રી મથુરાનાથજી અને શ્રી ગોકુલચંદ્રમાજી) મોડેથી શ્રી ગુસાંઈજીના ગૃહે જે તે વૈષ્ણવોને ત્યાંથી પધાર્યા હતા.

---

૧. શ્રીગોકુલનાથજી, ૨. શ્રીગોકુલચંદ્રમાજી

૨. ઉપરોક્ત નિર્ધારણ ૧ના આધારે એ નક્કી કર્યું કે આ પત્ર વિ.સં. ૧૫૮૭ પછી (કારણ કે ત્યાં સુધી શ્રી મથુરાનાથજી અને શ્રી ગોકુલચંદ્રમાજી આપશ્રીના ગૃહે વિદ્યમાન નહોતા થયા) અને વિ.સં. ૧૬૨૦ પહેલાં (કારણ કે છેલ્લામાં છેલ્લા સંશોધન પ્રમાણે શ્રી ગોપીનાથજીના લીલાપ્રવેશની સંવત વિ.સં. ૧૬૨૦ની મનાઈ છે) લખાયો હશે.

૩. શ્રી મથુરાનાથજી આચાર્ય શ્રી મહાપ્રભુજીના સેવક પદ્મનાભદાસ દાસજીને ત્યાંથી શ્રી ગુસાંઈજીને ગૃહે ક્યારે પધાર્યા એ નક્કી કરવા બેઠો પણ ઝાઝી સફળતા ન મળી. હા, એટલું નક્કી કરી શક્યો કે શ્રી મથુરાનાથજીની સેવા પદ્મનાભદાસે, એમની પુત્રી તુલસાએ, પુત્રવધૂ પાર્વતીએ અને પૌત્ર રઘુનાથદાસે કરી હતી. શ્રી ગુસાંઈજી એક વાર કનોજ પધાર્યા હતા ત્યારે એમના ઘરે શ્રી મથુરાનાથજીનાં દર્શન પણ કર્યાં હતાં. આમ શ્રી મથુરાનાથજી ઘણા વર્ષો સુધી પદ્મનાભદાસને ઘરે બિરાજ્યા હતા અને ત્યાર પછી શ્રી ગુસાંઈજીને ત્યાં પધાર્યા હતા. ક્યારે અને ક્યાં એનો જવાબ નથી મળતો.

૪. શ્રી ગોકુલચંદ્રમાજી આચાર્ય શ્રી મહાપ્રભુજીના સેવક નારાયણદાસ બ્રહ્મચારી સારસ્વત બ્રાહ્મણ મહાવનવાળાને ત્યાંથી શ્રી ગુસાંઈજીને ગૃહે ક્યારે પધાર્યા એ નક્કી કરવા બેઠો અને બે પ્રસંગોમાંથી સફળતા મળી! મગજમાં પ્રકાશ પથરાઈ ગયો! એ બે પ્રસંગો આ મુજબના છે :

૪.૧ નારાયણદાસે શ્રી ગોકુલચંદ્રમાજીને એક દિવસ, નિત્ય નિયમ પ્રમાણે, મંગલ-ભોગ ધર્યા પછીથી શૃંગાર કર્યા. મુખચંદ્રની શોભા અદ્‌ભુત લાગી એટલે નારાયણદાસે પૂછ્યું, 'મહારાજ, આ ઘટા ક્યાં વરસશે?' ત્યારે શ્રી ગોકુલચંદ્રમાજીએ કહ્યું, 'શ્રી રઘુનાથજી ઉપર વરસશે.' ('૮૪ વૈષ્ણવન કી વાર્તા' વાર્તા ૧૪ મી. નારાયણદાસ બ્રહ્મચારી - વાર્તા પ્રસંગ ૨)

શ્રી ગુસાંઈજીને ત્યાં પાંચમા પુત્ર શ્રી રઘુનાથજીનું (ઘરમાં બોલવાનું નામ 'રામચંદ્ર') પ્રાકટ્ય વિ.સં. ૧૬૧૧ના કારતક સુદ ૧૨ને દિવસે અડેલમાં થયું હતું. એટલે એક વાત તો નક્કી થઈ ગઈ કે પેલો પત્ર વિ.સં. ૧૬૧૧ના કારતક સુદ ૧૨ સુધી તો નહોતો જ લખાયો!

૪.૨ એ જ સેવક નારાયણદાસ બ્રહ્મચારીએ ઘણા સમય સુધી શ્રી ગોકુલચંદ્રમાજીની સેવા કરી. પછી જ્યારે એમનો દેહ છૂટ્યો ત્યારે એમના જ ગામવાસી અને જ્ઞાતિજન કૃષ્ણદાસ સ્વામી (તેઓ શ્રી ગુસાંઈજીના સેવક હતા) પાસે શ્રી ગોકુલચંદ્રમાજીએ થોડા દિવસ સેવા કરાવી. અંતે કૃષ્ણદાસ સ્વામી શ્રી ગોકુલચંદ્રમાજીને મથુરામાં શ્રી ગુસાંઈજીના ઘરે પધરાવી ગયા! ('૮૪ વૈષ્ણવન કી વાર્તા.' વાર્તા ૧૪ મી. નારાયણદાસ બ્રહ્મચારી--વાર્તા પ્રસંગ ૫ના અંતમાં ભાવપ્રકાશ)

શ્રી ગુસાંઈજીએ મથુરાના ઘર 'સતઘરા'માં વિ.સં. ૧૬૨૩ના કારતક સુદ ૧૧ને દિવસે પ્રવેશ કર્યો હતો. ('શ્રી વિઠ્ઠલેશ્વર ચરિતામૃત' શ્રી દ્વારકાદાસ પરીખ) એટલે નક્કી થયેલી એક વાત થોડી આગળ વધી અને ફરીથી બીજી વાર એ જ વાત નક્કી થઈ ગઈ કે પેલો પત્ર વિ.સં. ૧૬૨૩ના કારતક સુદ ૧૧ સુધી તો નહોતો જ લખાયો!... અને એટલે જ એ પણ નક્કી થઈ ગયું કે વિ.સં. ૧૬૨૩ના કારતક સુદ ૧૧ના દિવસ સુધી તો શ્રી ગોપીનાથજી અને શ્રી પુરુષોત્તમજી ભૂતલ પર વિદ્યમાન હતા!

હવે વિ.સં. ૧૬૨૮ના મહા વદ ૭ ('વાધૂલવંશાવલી' અને 'શ્રી વિઠ્ઠલેશ્વર ચરિતામૃત' શ્રી દ્વારકાદાસ પરીખ)ના રોજ શ્રી ગુસાંઈજીએ મથુરાના સતઘરાને છોડીને ગોકુલનો કાયમી દૃઢ વાસ કર્યો હતો.

આમ ઉપરોક્ત ૪ નિર્ધારણો પરથી મેં જે અંતિમ નિષ્કર્ષો કાઢ્યા એ આ મુજબના છે :

૧. મહાવનના કૃષ્ણદાસ સ્વામી શ્રી ગોકુલચંદ્રમાજીને મથુરામાં શ્રી ગુસાંઈજીના ઘરે (સતઘરામાં) વિ.સં. ૧૬૨૩ના કારતક સુદ ૧૧ અને વિ.સં. ૧૬૨૮ના મહા વદ ૭ ની વચ્ચેના સવાપાંચ વર્ષ દરમ્યાન ક્યારેક પધરાવી ગયા હોવા જોઈએ. આ પહેલાં અથવા તો આ સમય દરમ્યાન જ શ્રી મથુરાનાથજી પણ શ્રીગુસાંઈજીને ત્યાં પધાર્યા હશે.

૨. શ્રી ગુસાંઈજીએ વિ.સં. ૧૬૨૪ અને ૧૬૨૮માં વ્રજયાત્રા કર્યાનો ઉલ્લેખ પ્રાચીન ગ્રંથોમાં પ્રાપ્ત થાય છે. બંને યાત્રાનું વર્ણન એકસરખું જ છે એટલે માની શકાય કે વિ.સં. ૧૬૨૪માં કરેલી યાત્રાના વર્ણનની જ પ્રતિલિપિ કોઈએ તૈયાર કરી હશે! એટલે વિ.સં. ૧૬૨૪ની વ્રજયાત્રા દરમ્યાન શ્રી ગુસાંઈજીએ પોતાના મોટાભાઈ શ્રી ગોપીનાથજીને આ પત્ર લખ્યો હોવો જોઈએ.

૩. તો હવે ફરીથી એ પાકે પાયે નિશ્ચિત થઈ ગયું કે શ્રી મથુરાનાથજી અને શ્રી ગોકુલચંદ્રમાજી વિ.સં. ૧૬૨૩ અને ૧૬૨૪ દરમ્યાન ક્યારેક શ્રી ગુસાંઈજીને ત્યાં પધાર્યા હશે અને એટલે જ શ્રી ગુસાંઈજીએ પેલા પત્રમાં આ બંને સ્વરૂપોનો પણ ઉલ્લેખ કર્યો છે.

૪. મથુરાના 'સતઘરા'ના પ્રવેશ સમયે શ્રી ગોપીનાથજી અને શ્રી પુરુષોત્તમજી બંને વિદ્યમાન હોવા જોઈએ. એમાંથી શ્રી ગોપીનાથજી કદાચ પ્રવાસમાં હશે પરંતુ શ્રી પુરુષોત્તમજી તો અચૂક હાજર હશે જ. સાડાત્રણ મહિના પછી વિ.સં. ૧૬૨૩ના મહા વદ ૭ (ગુર્જર)ને ગુરુવારના દિને મથુરામાં જ્યારે શ્રી ગુસાંઈજીના પરિવારજનોએ બહુ ધામધૂમપૂર્વક શ્રીનાથજીનો પાટોત્સવ ઉજવ્યો અને સર્વસ્વ સમર્પણ કરી દીધું ત્યારે પણ શ્રી પુરુષોત્તમજીની ઉપસ્થિતિ હોવી જ જોઈએ.

૫. ત્યાર પછી વિ.સં. ૧૬૨૪માં શ્રી ગુસાંઈજીએ વ્રજયાત્રા કરી એમાં પત્ર લખ્યો હશે. બસ, એ જ વર્ષે ૫૭ વર્ષના શ્રી ગોપીનાથજીએ પુરીની અંતિમ યાત્રા કરી હશે અને શ્રી... વિગ્રહમાં લીન થઈ ગયા હશે.

૬. *ત્યાર પછી છ માસ રહીને વિ.સં. ૧૬૨૫ની શરૂઆતમાં શ્રી ગુસાંઈજીને શ્રીનાથજીનો છ માસનો વિપ્રયોગ પ્રાપ્ત થયો હશે અને એ વિયોગ સમાપ્ત થતાં જ ૩૭ વર્ષના શ્રી પુરુષોત્તમજી (શ્રી મહાપ્રભુજીની વાણી અનુસાર) પિતાના એક વર્ષ પછી લીલામાં પધાર્યા હશે.*

આ પ્રકારના નિષ્કર્ષો મારા પોતાના તારણો અને નિર્ધારણો પર આધારિત છે; કે જે વળી પ્રાચીન પ્રસંગો અને તિથિઓ પર આધાર રાખીને મેં તારવ્યા અને નિરધાર્યા છે. મારી મર્યાદિત પહોંચ (મતિ અને શક્તિ બંને)માં રહીને મેં આ કાર્ય કર્યું છે. એટલે શક્ય છે કે પ્રખર વિદ્વાનો કદાચ મારા નિષ્કર્ષો સર્વાંગ રીતે ન પણ સ્વીકારે. છતાંય એક દિશાસૂચન તરીકે તો મારા પ્રયત્નો લેખે લાગશે જ એવું મારું નમ્રપણે માનવું છે. આ અંગેનો પત્રવ્યવહાર આવકાર્ય છે.

- લેખક

(તો હવે આપણે પાછલા પ્રકરણમાં જ્યાંથી અટક્યા હતા, ત્યાંથી આગળ વધશું?)

(૧૯)

.... તો આ સમય દરમ્યાન શ્રી ગુસાંઈજીના ગૃહે બીજાં પત્ની શ્રી પદ્માવતી વહુજીના પ્રથમ/અંતિમ અને કુલ સાતમા પુત્ર શ્રી ઘનશ્યામજી (ઘરમાં બોલવાનું નામ 'પ્રાણવલ્લભ')નું વિ.સં. ૧૬૨૮ના કારતક વદ ૮ને દિને ગોકુલમાં પ્રાકટ્ય થયું. એ જ વર્ષે વિ.સં. ૧૬૨૮ના મહા વદ ૭ના રોજ શ્રી ગુસાંઈજીએ મથુરાના સતઘરાને છોડીને ગોકુલનો કાયમી દૃઢ વાસ કર્યો અને હવે વ્યવસ્થિત રીતે ઠરીઠામ થતાં ગોકુલના સર્વોન્મુખી વિકાસની શરૂઆત કરી.

એ વિભાગના સંપૂર્ણ રાજકીય અધિકારો કાયદેસર રીતે તો આપે બાદશાહ પાસેથી મેળવી જ લીધા હતા. સતત સેવાપરાયણ રહેવા છતાં શ્રી ગુસાંઈજીએ લૌકિક પારિવારિક કાર્યો પણ એટલી જ સ્વસ્થતા તથા શીઘ્રતાથી ઉકેલવા માંડ્યા. બીજી વાર વ્રજયાત્રા પણ કરી. એક વાર ઉત્તર ભારતની યાત્રા પણ કરી. ગોકુલથી આપશ્રી નિયમિત રીતે ગોપાલપુર (જતીપુરા) તો સેવાર્થે પધારતા જ. ગોકુલમાં રાજા ભીમદાસે શ્રી ગુસાંઈજીને વિવિધ રચનાપૂર્ણ મોટું મંદિર પણ આ સમયે જ બંધાવી દીધું. આમ શ્રી ગુસાંઈજીનો ગોકુલમાં દૃઢવાસ તથા શ્રીનાથજીની સેવાના વિવિધ ક્રમોમાં વૃદ્ધિ-વિપર્યય સહિતની વિસ્તૃત બાંધણી પણ આ અરસામાં જ થઈ. હવે શ્રી ગુસાંઈજીએ સંપ્રદાયની ધૂરા સંપૂર્ણ રીતે પોતાના હસ્તક લઈ લીધી.

આ સમય દરમ્યાન શ્રી ગુસાંઈજીના ગૃહમાં પણ ઘણા પ્રસંગોની હારમાળા સર્જાઈ. અમ્માજી, અક્કાજી અને અત્તાજી પણ ભગવચ્ચરણારવિંદ પામ્યાં. શ્રી ગોપીનાથજીના વહુજી શ્રી પાચ્યમાગારુ પતિ અને પુત્રના શોકમાં તો મગ્ન હતાં જ; એમાં અમ્માજી, અક્કાજી અને અત્તાજીના શોક પણ ભળ્યા. આથી તેઓ એકદમ વ્યથિત થઈ ગયાં. આનો એક જ ઈલાજ હતો! થોડા સમય માટે પિયરની મુલાકાત! જો કે અત્યારે વડીલના સ્થાને તેઓ જ હતાં તેથી ઘરમાંથી નીકળવું એટલું સહેલું નહોતું. છતાંય બધાંના કહેવાથી તેઓ માની ગયાં અને થોડા દિવસ માટે પિયર પધાર્યાં. જો કે એમના થોડા દિવસ ક્યારેય પૂરા ન થયા! તેઓ પિયરથી પાછા આવી જ ન શક્યાં. ત્યા જ એમણે ભૂતલ ત્યાગ કર્યો. બસ, હવે શ્રી ગોપીનાથજીની નિશાની તરીકે એમની બે બાળવિધવા પુત્રીઓ રહી.

શ્રી પાચ્યમાગારુ વહુજી ગ્રંથો સાથે લઈ ગયાં કે એ પિયરમાં બળી ગયા એ વાતના કોઈ પુરાવા નથી, તેથી એમ લાગે છે કે આ માત્ર મિથ્યા આરોપવાળું સત્ય છે. કારણ કે શ્રી મહાપ્રભુજીના લખેલા સર્વ ગ્રંથો આજે પણ ઉપલબ્ધ છે. હા, એ ગ્રંથો પર (વિશેષ કરીને મીમાંસા અને મર્યાદામાર્ગ પર) શ્રી મહાપ્રભુજી વિશ્લેષણ કરતા હતા તે કોઈ તેજોદ્વેષી તેમ જ સ્વરૂપાસક્ત મહાનુભાવોએ પાછળથી છૂમંતર કરી નાંખ્યા છે. એ ગ્રંથોની સાથે સાથે શ્રી ગોપીનાથજી સાથે સંકલિત ૩૦ વર્ષના ઈતિહાસને પણ નામશેષ કરી નાંખવામાં આવ્યો. દુઃખની વાત તો એ છે કે આવા પ્રકારના કાવતરાને નિઃસહાય વહુજીના શિરે ઢોળી દેવામાં આવ્યું. આ કાવતરાએ પેલા તમોગુણી સેવકોનાં શ્રી ગોપીનાથજી દ્વારા દીક્ષા પામેલા ઘણા (આશરે ૩૦ જેટલા) સેવકોનાં નામ સરનામાં અને અન્ય માહિતીઓ પણ ધરમૂળથી બદલાવી નાંખ્યા અને પાછળથી એ જ સેવકોનો ઉલ્લેખ શ્રી ગુસાંઈજીના ૨૫૨ સેવકોની યાદીમાં કરી નાંખ્યો હોય એવું લાગે છે.

આ કાવતરાનો પર્દાફાશ એક અતિ પ્રાચીન હસ્તલિખિત નોંધપોથી દ્વારા હાલમાં થઈ શક્યો છે. એ પ્રાચીન નોંધપોથીમાં શ્રી ગોપીનાથજી ગુજરાત, દક્ષિણ, પૂર્વ વગેરે સ્થળોએ પધાર્યા હતા, ત્યાંનું યાત્રા વૃત્તાંત નોંધાયેલું છે. એ પોથીની વિશેષતા એ છે કે આ બધી યાત્રાઓની તિથિ, સંવત, જે તે પ્રસંગે શ્રી ગોપીનાથજીનું આયુ કેટલું હતું, કેટલા અને કયા કયા શિષ્યો સાથે રહેતા હતા,

માર્ગમાં આપના દ્વારા કયા કયા ભક્તો દીક્ષિત થયા, કયા પ્રવાસમાં કયે ગામ કયો પ્રસંગ ઘટ્યો, ક્યાં મુકામ કર્યો વગેરે સર્વ વાતોનો (સાંપ્રદાયિક ઐતિહાસિક તથ્યોનો) એમાં સ્પષ્ટ ઉલ્લેખ છે.

શ્રી પુરુષોત્તમજીના લીલા પ્રવેશ પછી તેજોદ્વેષી સેવકો (શ્રી ગોપીનાથજીના વિરોધીઓ અને શ્રી ગુસાંઈજીના તરફેણદારો/સમર્થકો)ના ભેજામાં રાજરમત રમાવા માંડી હશે. શ્રી ગોપીનાથજીના તમામ પ્રકારના અસ્તિત્વને મિટાવી દેવા માટે એક જબરદસ્ત કાવતરું ઘડાયું હોય એવું લાગે છે. એના ભાગ રૂપે શ્રી પાયમ્માગારુ વહુજીને પિયર જતા રહેવા માટે બળજબરીપૂર્વક સમજાવવામાં આવ્યાં હોય અને આડી અવળી ઘણી વાતોને અંતે વહુજી ખાલી હાથે પિયર જવા તૈયાર થયાં હોય એવી શક્યતાઓ ભાસી રહી છે. ત્યારે સેવકોએ દરદાગીના સાથે બંને પુત્રીઓને અને શ્રી ગોપીનાથજીએ વસાવેલા ગ્રંથોને પણ સાથે લઈ જવાનો આગ્રહ કર્યો હશે. બહુ મથામણ પછી સંતપ્ત વહુજી એમ કરવાને પણ પરાણે તૈયાર થયાં હોય તે કહેવાય નહીં! આ રીતે પેલા સેવકોના પાસા પોબાર પડ્યા હશે! પરંતુ આ બધી ધમાલમાં પેલી હસ્તલિખિત નોંધપોથી ઘરમાં જ ક્યાંક રહી ગઈ હશે!

આ પ્રસંગને થોડો સમય વીત્યા પછી પેલી સરકી ગયેલી નોંધપોથી કદાચ શ્રી ગુસાંઈજીના કે શ્રી ગિરિધરજી અથવા તો બીજા કોઈ પણ પુત્રના હસ્તમાં આવી હશે. પોથી વાંચીને શ્રી ગુસાંઈજી ગદ્ગદિત થઈ ગયા હશે અને મોટા ભાઈનું સ્મરણ અનાયાસે જ થઈ આવ્યું હશે. એ પોથીને પાછી જતનપૂર્વક જાળવી રાખવાની શ્રી ગુસાંઈજીએ શ્રી ગિરિધરજીને કે અન્યોને આજ્ઞા કરી હશે. આમ શ્રી ગોપીનાથજીના સેવકો દ્વારા લખાયેલી એ નોંધપોથી વલ્લભકુળમાં જ ક્ષેમકુશળ રીતે જળવાઈ રહી હશે અને કોઈ સેવકોના હાથમાં નહીં ગઈ હોય!

એ સમયે તો હજુ સાંપ્રદાયિક વાર્તા સાહિત્યનું સર્જન નહોતું થયું એટલે 'ભવિષ્યમાં રચનારા સાહિત્યમાં કોઈ વિકૃતિ આવશે' એવી વિપરીત શંકા કરવાને માટે અવકાશ નહોતો. પરંતુ મોડેથી જ્યારે વાર્તા સાહિત્યના સર્જનના પગરણ, શ્રી ગોકુલનાથજી અને શ્રી હરિરાયજીના સમયમાં, મંડાયા ત્યાર પહેલાં જ એ વાર્તા સાહિત્યના આધાર તરીકેની જે મુખ્ય નોંધપોથીઓ હતી

(કે જે અંતરંગ સેવકો દ્વારા લખાયેલી અને પેઢી દર પેઢી વારસાગત રીતે સેવકો તેમ જ વલ્લભવંશજો પાસે જળવાયેલી હતી) તેમાં ઘણી ગરબડો સંમિલિત થઈ ચૂકી હતી. સુરક્ષિત જાળવણી હોવા છતાંયે ગરબડો ક્યારે અને કોના દ્વારા કયે સ્થળે પેદા થતી ગઈ એ શોધી કાઢવું તો રેતીના ઢગલામાંથી રાઈના દાણા શોધવા બરાબર હતું.

એવી ગરબડોવાળી એ નોંધપોથીઓમાંથી સંદિગ્ધ વાર્તા સાહિત્યનું સર્જન થતું ગયું અને એના સર્જનહારના હસ્ત સુધી, પેલી કાવતરાખોર રાતે ખૂણામાં સરકી ગયેલી અને વલ્લભકુળમાં જ જળવાઈ ગયેલી એકલવાઈ પ્રમાણભૂત નોંધપોથી, પહોંચી નહીં; કારણ કે વચ્ચેના આટલા દીર્ઘ કાળ દરમ્યાન વલ્લભકુળમાં અનેક ગૃહો અને આચાર્યો વિદ્યમાન થઈ ચૂક્યા હતા. એમાંથી કયા ગૃહના કયા આચાર્યના હિસ્સામાં એ નોંધપોથી પધરાવવામાં આવી અને અંગત ખાનગી સંગ્રહાલયમાં જતનપૂર્વક કયે ગામ સચવાતી રહી એ કહેવું મુશ્કેલ છે. એને અમૂલ્ય વારસાધન માનીને જે તે આચાર્યે ગુપ્ત જ રાખી અથવા તો ખોલીને વાંચી જ નહીં અથવા તો વાંચ્યા પછી શ્રી હરિરાયજીની કૃતિઓમાં સંદેહ લાવવાના અપરાધના ભયથી ચુપકીદી સેવી લીધી. અન્યથા શ્રી ગોકુલનાથજી તથા શ્રી હરિરાયજી જેવી મહાન સર્જક વિભૂતિઓ નોંધપોથીનો યથાયોગ્ય સમન્વય કરીને જ સત્ય હકીકતનો ઉલ્લેખ વાર્તા સાહિત્યમાં કરત એવું મારું અંગત મંતવ્ય છે.

આવા નાનાં છતાં અતિ મહત્ત્વનાં કારણોને લીધે આપણી ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓ તેમ જ અન્ય વાર્તા સાહિત્ય, કે જે એક પ્રકારનો સાંપ્રદાયિક ઈતિહાસ જ છે, તેમાં ઘટના તેમ જ ચરિત્રનું ક્રમબદ્ધ નિરૂપણ પ્રાપ્ત નથી થતું. જેમ જેમ એને વાંચતા જઈએ છીએ એમ એમ સંદિગ્ધતાનું વિપુલ પ્રમાણ થોડી થોડી વારે મૂંઝવી જાય છે. કોઈ પણ પ્રસંગનો બીજા પ્રસંગ સાથે મેળ બેસાડવા જતાં બધું કડડભૂસ થતું ભાસે છે. હા, એમાં બોધ, પ્રેરણા, માહાત્મ્ય વગેરેનું પ્રમાણ વિશેષ જોવા મળે છે; પણ આપણે જ્યારે એને ઈતિહાસ તરીકે તોલવા બેસીએ છીએ ત્યારે એના પલડામાંથી સંગતિ ઠેકડો મારીને બહાર કૂદી પડે છે!

ભેદી આશ્ચર્યની વાત તો એ છે કે વિ.સં. ૧૭૩૦ની આસપાસમાં રાજસ્થાનના ખીમનોર મુકામે શ્રી હરિરાયજી દ્વારા મહદ્ પ્રાચીન વાર્તા સાહિત્યનું

સર્જન પૂર્ણ થયું હતું. એને પ્રકાશિત થયે આજે ૩૩૫ વર્ષ વીત્યા છતાં પેલી કાવતરાઘેલી રાતવાળી નોંધપોથીને કેમ વાચા ન પ્રગટી! એણે કેમ બંડ ન પોકાર્યું કે, 'હે પ્રિયજનો, તમે બધા શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પ્રથમ પુત્ર શ્રી ગોપીનાથજીને અને એમના પુત્ર શ્રી પુરુષોત્તમજીને સરાસર અન્યાય કરી રહ્યા છો! વલ્લભનંદન એક નહીં, બે છે! સત્ય હકીકતની હું સાક્ષીદાર છું.' ખેર, હવે જ્યારે આટલા દીર્ઘ મૌન પછી એ નોંધપોથી અચાનક બોલતી થઈ છે ત્યારે આપણે આપણી સૈકાઓ જૂની ભૂલને સુધારી લઈએ અને વધુ પ્રમાણભૂત માહિતીને મનમાં વસવાનું સ્થાન કરી દઈ અપ્રમાણિક માહિતીને ભૂલી જઈએ.

શ્રી ગોપીનાથજીના ચરિત્રામૃતવાળા આ ગ્રંથના પ્રકાશન પછી ૧ વર્ષ રહીને શ્રી ગોપીનાથજીને ૪૯૯ વર્ષ પૂરા થશે અને એમની ૫૦૦મી જયંતીની ઉજવણી શરૂ થશે. આવો, આપણે એમને માટેની વધુ પ્રમાણભૂત માહિતી વાળી પેલી નોંધપોથીને વધાવી લઈએ, એને વધુ બોલતી કરીએ અને શ્રીમદ્ વલ્લભનંદન શ્રી ગોપીનાથજીને નવેસરથી ઓળખીએ! આપણે આમ કરશું તો જ આપણા પૂર્વજોએ કરેલી ભૂલનું પ્રાયશ્ચિત થયેલું ગણાશે અને સાચા અર્થમાં શ્રી ગોપીનાથજીને પ્રસન્ન કર્યાના આશીર્વાદ પ્રાપ્ત થશે! ૫૦૦મી જયંતીની ઉજવણીની આપણે આ રીતે આજથી જ શરૂઆત કરીએ. કરશું? પ્રત્યેક વૈષ્ણવ સાથ આપશે??

આવા ભગવત્સ્વરૂપ શ્રી વલ્લભના પ્રતિનિધિના નામનો આપણે સત્સંગ સભાઓમાં જયઘોષ શા માટે નથી બોલાવતા? એમના દ્વારા દીક્ષિત થયેલા વૈષ્ણવોના નામ અને ચરિત્રોનું સંશોધન શા માટે નથી કરતા? જેમને આખું શ્રીમદ્ ભાગવત મહાપુરાણ કંઠસ્થ હતું અને જેમને શ્રીમદ્ ભાગવતનો આખો પાઠ કર્યા પછી જ ભોજન લેવાનો નિયમ હતો એવા શ્રી ગોપીનાથજીએ બબ્બે વારના ભારત ભ્રમણ દરમ્યાન શું ક્યાંય શ્રીમદ્ ભાગવત પારાયણ સપ્તાહ નહીં કરી હોય? તો પછી એ સ્થળોએ એમનાં બેઠકજી શા માટે પ્રગટ નથી કર્યાં? આસક્તિ કે અનાસક્તિના ગાડરિયા પ્રવાહમાં આંખો મીંચીને વહેવા / તણાવા કરતાં ખરેખર આપણે વિશ્લેષણાત્મક માહાત્મ્ય જ્ઞાન પ્રાપ્ત કરીને જો શ્રદ્ધા રાખીએ તો એ વધુ યોગ્ય ગણાશે.

શ્રી ગોપીનાથજી એકાંતપ્રિય અને મિતભાષી હોવાને કારણે એકાંતમાં ભગવદ્ ધ્યાનમાં વિશેષ રહેતા હોવાથી શું એમનામાં રહેલો ભગવદ્ અંશ ન્યૂન થઈ જાય છે? 'શ્રી વલ્લભાખ્યાન'માં શ્રી ગોપીનાથજીને 'પૂરણ પુરુષ' કહેનાર શ્રી ગોપાલદાસજીને શું આપણે અબુધ કહીશું? તો પછી 'શ્રી વલ્લભાખ્યાન'નો પાઠ આપણે શા માટે આટલા હેત પ્રીતથી કરીએ છીએ? ગંગાજીએ શ્રી મહાલક્ષ્મી વહુજીને ચરણાટમાં 'ગંગાપૂજી' સમયે કહ્યું હતું કે, '...પૂર્ણમાંથી પૂર્ણ જ નીકળે અને છતાંય પૂર્ણ તો પૂર્ણ જ રહે અને નીકળેલા તમામ પૂર્ણો પણ પૂર્ણ જ હોય! સમજાયું?...' એ વાત પણ આપણે આજ દિન સુધી કેમ નથી સમજી શક્યા? સમજ્યા વિનાનું પોપટિયું જ્ઞાન ખતરનાક હોય છે. આપણે આપણી મેળે જ શ્રી ગોપીનાથજીને 'મર્યાદા પુરુષ'માં ખપાવી દેનાર કોણ? અનેક પ્રકારની મર્યાદાઓની વચ્ચે જીવનારા આપણે તદ્દન પામર જીવો શ્રીમદ્ વલ્લભનંદન માટે 'મર્યાદા પુરુષ' જેવી વ્યાખ્યા બાંધનારા કોણ? ધિક્કાર છે આપણને કે આપણે શ્રીમદ્ વલ્લભનંદનની આવી ઘોર ઉપેક્ષા કરી. સાચા હૃદયનો પસ્તાવો જ આને માટેનો એક માત્ર ઉપાય છે.

આપણને કોણ કહી ગયું કે આપણાથી શ્રી ગોપીનાથજીને ન ભજાય? આપણા પરમ ભગવદીય વડીલો? એમને કોણ કહી ગયું? ૪૯૪ વર્ષ પહેલાં બંને ભાઈઓ વચ્ચે પેલી સૂક્ષ્મ ભેદરેખા ખેંચનારા પક્ષપાતી સગુણ તમોગુણી સેવકો? તો આવો, આજે આપણે બહુ જ વિનયપૂર્વક બંડ પોકારીએ અને એ સર્વને જણાવી દઈએ કે..

'હે ગોલોકવાસી પરમ પૂજ્ય આદરણીય મહાનુભાવી વૈષ્ણવો, તમે અષ્ટમ પષ્ટમ કરીને પઢાવેલી અમુક વાતો અમને યોગ્ય નથી લાગતી અને અમારા ગળે નથી ઊતરતી. તેથી આજથી.. અને અત્યારથી જ... અમે શ્રી ગોપીનાથજી તેમ જ શ્રી પુરુષોત્તમજીને પણ અવશ્ય ભજશું જ, એમનું પણ

---

* *'શ્રીવલ્લભાખ્યાન' (રચનાકાળ વિ. સં. ૧૬૩૭/૩૮)માં નવમા આખ્યાનમાં બાલ કવિ શ્રી ગોપાલદાસભાઈ (શ્રી ગુસાંઈજીના અસારવાના સેવક ભાઈલા કોઠારીના જમાઈ) શ્રી ગોપીનાથજીનું વર્ણન કરતાં થાય છે કે -*

બળદેવ શ્રી ગોપીનાથ કહીએ શ્રીવિઠ્ઠલનંદાનંદ
તં વેદ પંથ વિસ્તારશે, મન આપશે આનંદ

* * *

શ્રી ગોપીનાથજી સોહામણા
મણિ-મરકત ઘનવાન રે રસના
સુખદાતા લઘુભ્રાતાના, પૂરણ પુરુષ પ્રમાણ રે રસના

પ્રાત:સ્મરણ કરશું; કારણકે હવે અમારી પાસે એમનું વિસ્તૃત, સત્યતાની એકદમ નજીકથી પસાર થતું, ચરિત્રામૃત ઉપલબ્ધ છે... તમે કરેલી ભૂલોને અમે સમજી ગયાં છીએ.. હવેથી અમે સત્સંગ સભાઓ / બેઠકોની શરૂઆતમાં અને સમાપનોમાં શ્રી ગોપીનાથજીની અને શ્રી પુરુષોત્તમજીની જય પણ અવશ્ય બોલાવશું... ભગવદ્ વાર્તાના ક્રમમાં એમના ચરિત્રનું પણ અવશ્ય વાંચન મનન કરશું... એમના દ્વારા દીક્ષિત થયેલા સેવકોના નામ ઠામ શોધી કાઢશું... એમણે પ્રવાસ દરમ્યાન કરેલા રોકાણોનાં સ્થળો અને યોજેલી શ્રી ભાગવત સપ્તાહ પારાયણોનાં સ્થાનો શોધી કાઢીને ત્યાં એમના બેઠકજીઓનું નિર્માણ કરશું અને ઝારી ચરણસ્પર્શનો ક્રમ શરૂ કરશું... અને એમના અંગે અમારી આવનારી પેઢીઓમાં સાચો ઈતિહાસ આપીને જશું... પરમ દયાળુ શ્રી ગોપીનાથજીના ચરણારવિંદોમાં સાદર સદૈન્ય સાષ્ટાંગ દંડવત પ્રણામ સહિત વિનંતી કરીએ કે અમને એ માટે મતિ અને ગતિ આપે.'

●●●

...હાં, તો આપણે હવે શ્રી ગોપીનાથજીની નિશાની તરીકે એમની બે બાળવિધવા પુત્રીઓ રહી હતી એમના પણ બે ભાવવાહી પ્રસંગોનું રસાસ્વાદન કરશું? એ રીતે આપણે શ્રી ગોપીનાથજીના ચરિત્રામૃતનું સંપૂર્ણ રસપાન કર્યું લેખાશે.

(૨૦)

શ્રી ગોપીનાથજીનાં મોટાં બેટીજીનું નામ 'લક્ષ્મીજી' હતું કે 'સત્યભામાજી'? શ્રી ગોપીનાથજીનાં નાનાં બેટીજીનું નામ 'સત્યભામાજી' હતું કે 'લક્ષ્મીજી'? એ વિવાદના વિષયને આપણે બાજુ પર રાખીને એ બંને બેટીજીઓના ભાવવાહી અને પ્રેરણાદાયક પ્રસંગોને માણીએ.

બંને બાળવિધવા બેટીજીઓ ભગવત્સેવામાં સદાય તત્પર રહેતાં. શ્રી ગુસાંઈજીના ઘરના બધા જ તેમને માટે અતિશય પૂજ્યભાવ રાખતા. તેઓ માતા-પિતા-ભાઈ-પતિ કે સંતાનોના રક્ષણ વગરના ઓશિયાળાં છે અને પિત્રાઈઓની સાથે વસી રહ્યાં છે એવું ક્યારેય એમના મનમાં પેદા ન થાય એ વાતની કાકાજી તથા ઘરના સર્વ અત્યંત કાળજી રાખતાં. શ્રી ગુસાંઈજીને તેઓ બંને માટે અનહદ વાત્સલ્ય હતું. (આ વાત્સલ્યનો પુરાવો - સત્યભામા બેટીજીના લગ્ન અંગેનો ઉલ્લેખ પ્રવાસમાં પધારેલા શ્રીગુસાંઈજીએ કૃષ્ણદાસ અધિકારીને લખેલા એક પત્રમાંથી પ્રાપ્ત થાય છે.)કાકાજીની જ છત્રછાયામાં ઊછરીને મોટી થયેલી આ બંને બહેનો આચાર-વિચાર, રહેણી-કરણી, બોલ-ચાલ, દયા-માયા, વિદ્વતા, સેવા વગેરે સર્વ કંઈમાં કાકાજી અને પિતાજીની પ્રતિકૃતિ હતી. કાકાજીના સેવ્ય ઠાકોરજી શ્રી નવનીતપ્રિયજીની સેવા આ બંને બહેનો અત્યંત પ્રેમપૂર્વક કરતી.

શ્રી ગુસાંઈજીના અસારવાના સેવક ભાઈલા કોઠારીના જમાઈ શ્રી ગોપાલદાસભાઈ 'શ્રીવલ્લભાખ્યાન' (અથવા 'નવાખ્યાન') (રચનાકાળ વિ.સં. ૧૬૩૭-૩૮)માં બંને બેટીજીઓનું વર્ણન કરતાં કહે છે કે -

'લક્ષ્મી સત્યભામા બેઉ, અગ્રજની અનુહાર રે રસના,
શ્રી નવનીતપ્રિયાજીને રીઝવ્યા, સેવ્યા વિવિધ પ્રકાર રે રસના.'

તો આવો, પહેલાં આપણે લક્ષ્મી બેટીજીનો એક પ્રસંગ જોઈએ.

ભગવદ્ ભક્તિમાં વ્યસનદશા પ્રાપ્ત કરી ચૂકેલા નરવરગઢના રાજા આશકરણજી પોતાનું રાજપાટ કુંવરને સોંપી વ્રજમાં વિચરતા થઈ ગયા હતા. તેઓ શ્રી ગુસાંઈજીના સેવક હતા. એમની વિરહાવસ્થા દરમ્યાન એમને દેહાનુસંધાન ન રહેતું. કુદરતી આવેગો એમને બાધા ન કરતા. પરંતુ ભગવદ્ લીલામાંથી જાગૃત થયા પછી એમના ખાનપાનનું શું? એટલે શ્રી ગુસાંઈજીએ ઘરનાં સૌને આજ્ઞા કરી રાખી હતી કે રાજા આશકરણજી જ્યારે પણ આવી ચડે ત્યારે ઘરમાં જે પ્રસાદ હોય એ એમને લેવડાવી દેવો.

એક દિવસ વ્રજમાં વિચરણ કરતાં કરતાં રાજા આશકરણજી ગોકુલમાં શ્રી ગુસાંઈજીના ઘરે આવી ચડ્યા. એ સમયે ઘરમાં શ્રી લક્ષ્મી બેટીજી હાજર હતાં. એમણે જોયું તો ઘરમાં એ સમયે પ્રસાદી વસ્તુ એકેય નહોતી. આપ મૂંઝાઈ ગયા. આપે વિચાર્યું કે જો આશકરણજી એક વખત ઘરમાંથી નીકળી જશે તો પાછા આઠ દશ દિવસે ભાણા ભેગા થશે. કાકાજીની પણ ખાસ સૂચના છે કે એમને જે હોય એ લેવડાવી દેવું અને પછી જ જવા દેવા. હવે શું કરવું?

એમણે રસોડામાં જઈને જોયું. ત્યાં શ્રી નવનીતપ્રિયજી માટે રાજભોગની સામગ્રી તૈયાર થઈ હતી. ભગવત્પ્રેરણાથી આપે એ સામગ્રીનો થાળ ઉપાડી લીધો અને બહાર આવી આશકરણજીને ભોજનમાં પીરસી દીધો. બહેનને શ્રી

નવનીતપ્રિયજી માટે બીજી સામગ્રી સિદ્ધ કરી દેવા જણાવ્યું. આશકરણજી તો ભોજનથી તૃપ્ત થઈને પાછા વ્રજ વિચરણ માટે નીકળી પડ્યા.

બહેને બીજી વારની તૈયારી કરી દીધેલી સામગ્રી લઈને લક્ષ્મી બેટીજીએ શ્રી નવનીતપ્રિયજીને રાજભોગ ધરાવ્યો. સમય થતાં શ્રી ગુસાંઈજી આરતી કરવા પધાર્યા. ત્યારે શ્રી નવનીતપ્રિયજી પ્રસન્નતામાં ઝૂમીને મંદ મંદ સ્મિત કરી રહ્યા હતા. શ્રી ગુસાંઈજીએ આનું કારણ પૂછ્યું. શ્રી નવનીતપ્રિયજીએ કહ્યું:

'આજે તો અમે બમણો રાજભોગ આરોગ્યા છીએ. આશકરણજીના હૃદયમાં બિરાજીને એક વાર અને બીજી વાર પ્રત્યક્ષ ધરેલ -- એમ બે વાર આજે તો રાજભોગ આરોગ્યા છીએ...' કહેતાં શ્રી નવનીતપ્રિયજીએ કેવી રીતે રાજા આશકરણજીને શ્રી લક્ષ્મી બેટીજીએ રાજભોગની સામગ્રી ધરી દીધી એ વાત પ્રસન્નતાપૂર્વક કહી.

'વાહ, ધન્ય છે.' શ્રી ગુસાંઈજી ગદ્‌ગદિત થઈ ગયા.

અનોસરમાં બહાર પધારીને શ્રી ગુસાંઈજીએ લક્ષ્મી બેટીજીને બોલાવ્યાં અને રાજભોગ બે વાર કેમ સિદ્ધ કરવો પડ્યો એ અંગે પૂછ્યું. બેટીજી ગભરાઈ ગયાં. પોતાનાથી કંઈ ભૂલ થઈ ગઈ છે એમ સમજીને તેઓ રડી પડ્યાં. રડતાં રડતાં એમણે આશકરણજી વાળો પ્રસંગ કહ્યો અને પોતાનાથી જો કંઈ ભૂલ થઈ ગઈ હોય તો માફી માંગી લીધી.

'બેટી, ગભરાવ છો શા માટે? આજે તો તમારી બમણી સેવાથી શ્રી નવનીતપ્રિયજી બહુ પ્રસન્ન થયા છે. તમે ધન્ય છો!'

'મોરના ઈંડા ચીતરવા ન પડે' તે આનું નામ!

●●●

સત્યભામા બેટીજી પણ શ્રી ગુસાંઈજીની જેમ દયાના અને કૃપાના પરમ સાગર હતાં. સ્વભાવે તેઓ એકદમ ૠજુ અને દૃઢ મનોબળવાળાં. પિતાજી તથા દાદાજીની જેમ જ અપરિગ્રહી વ્રતવાળાં. એવાં શ્રી સત્યભામા બેટીજી એક વાર શ્રી જગદીશજીનાં દર્શને જગન્નાથપુરી પધાર્યાં હતાં. યાત્રા કરીને પાછાં વળતી વખતે ગૌડ દેશના નારાયણદાસના ભક્તિભાવભર્યા અતિ આગ્રહને વશ થઈ આપે એમને ત્યાં મુકામ રાખ્યો. જોગાનુજોગ થયું એવું કે આ નારાયણદાસના ઘરની બાજુમાં જ રાજ્યનું બંદીખાનું હતું. એ બંદીખાને પુરાયેલા રાજાના કેદીઓને સજા પ્રમાણે દરરોજ ચાબુકના ફટકા મારવામાં આવતા. ફટકા પડે ત્યારે એનો માર અસહ્ય લાગતાં કેદીઓ બહુ કારમા ચિત્કાર કરે.

આ ચિત્કારો સાંભળીને શ્રી સત્યભામા બેટીજી અતિશય કરૂણાર્દ્ર થઈ ગયાં. એમણે નારાયણદાસને આ અંગે પૂછ્યું. ત્યારે નારાયણદાસે ઘરની બાજુમાં બાદશાહનું બંદીખાનું હોવાની વાત કરી અને એમાંથી જ એ ચિત્કારો આવી રહ્યાનું જણાવ્યું. એ જ ઘડીએ બેટીજીએ પ્રણ લીધું કે જ્યાં સુધી આ કેદીઓની યાતના દૂર નહીં થાય ત્યાં સુધી તેઓ ભોજન નહીં કરે! પ્રણ સાંભળીને નારાયણદાસ ચમકી ગયા.

'બાદશાહ તો અન્યધર્મી છે. વળી દુષ્ટ પણ છે. એ કોઈની વાત નથી સાંભળતો. માટે આપ અનશન વ્રતનો ત્યાગ કરો. નહીં તો આપ નાહકના દુઃખી થઈ જશો. અહીં તો વર્ષોથી આવું જ ચાલે છે.. અને ચાલતુ રહેશે...'

'નહીં નારાયણદાસ, સત્યવ્રતિના ઉપવાસમાં અમોઘ શક્તિ છે. અમારા ઉપવાસ એળે નહીં જાય. આ અત્યાચારનો અંત લાવીને જ અમે જંપશું...' બેટીજી પોતાના નિર્ણયમાં અડીખમ રહ્યાં.

બેટીજીને ઉપવાસ પર ઊતરેલા જોઈને બીજા વૈષ્ણવો પણ એમની સાથે જોડાયા. બાદશાહના કાન સુધી આ સમાચાર પહોંચ્યા. એને આશ્ચર્ય થયું. નારાયણદાસને બોલાવીને એણે વાત પૂછી. નારાયણદાસે હકીકત જણાવી. બાદશાહ વિચારમાં પડી ગયો. એણે એક કાંકરે બે પક્ષી મારવાનો નિર્ણય કર્યો. લાંચ સમજો તો લાંચ અને પરીક્ષા સમજો તો પરીક્ષા! એણે નારાયણદાસને કહ્યું કે જો ઉપવાસ છોડી દે તો એમને અઢળક સંપત્તિ આપું. નારાયણદાસે આવીને બેટીજીને બાદશાહના કહેણની જાણ કરી. આપ તો પોતાના નિર્ણયમાં મક્કમ હતાં એટલે તરત રોકડું પરખાવ્યું.

'અમારે ધન સંપત્તિ સાથે કંઈ નિસ્બત નથી. એ રૂપિયાનું અમારે શું કરવું છે? દેહનો શું ભરોસો? આજે છે ને કાલે નથી. એ સમયે બાદશાહનો એક રૂપિયોય સાથે નથી આવવાનો. સાથે આવશે તો એ છે આ કેદીઓની દુવાઓ. તેઓ આ નારકીય યાતનામાંથી મુક્તિ પામે એ અમારે મન ધન સંપત્તિ કરતાં પણ વિશેષ છે. માટે તમારા બાદશાહને કહી દો કે અમે આમરણાંત ઉપવાસ

પર ઊતર્યાં છીએ. કેદીઓને દંડ ઉચિત પ્રમાણમાં દેવાય. આમ અમાનુષી જુલમ ન ગુજારાય.'

નારાયણદાસે દરબારમાં જઈ બાદશાહને બેટીજીના મક્કમ નિર્ણયની જાણ કરી. બાદશાહ દંગ થઈ ગયો. એને દહેશત પેઠી કે આવા તો ફક્ત ખુદાના ઓલિયા જ હોઈ શકે! જો એમનું નહીં માનું તો મારું બૂરું થઈ શકે છે. તરત એણે બધા કેદીઓને ધમકી દઈને છોડી મૂક્યા. કેદીઓ હર્ષોલ્લાસ મનાવતા મનાવતા પોતપોતાને ઘરે ગયા. આ સમાચાર જાણ્યા પછી બેટીજીએ પ્રસાદ ગ્રહણ કર્યો અને ઉપવાસી વૈષ્ણવોને પણ લેવડાવ્યો.

આને કહેવાય 'કૂવામાં હોય એ હવાડામાં આવે!'

★ ★ ★

બોલો, 'શ્રીમદ્ વલ્લભનંદન શ્રી ગોપીનાથજી પ્રભુચરણ કી જય..'

તમહં સર્વદા વંદે, શ્રીમદ્ વલ્લભનંદનમ્

■

પરિશિષ્ટ

[શ્રી ગોપીનાથજીના ચરિત્ર વિશે સંપ્રદાયના પ્રાચીન ગ્રંથોમાં નામ, સ્થળ, તિથિ, સંવત, પ્રસંગો, રચનાઓ વગેરેમાં જોવા મળતી કેટલીક વિસંગતતાઓ અંગે વિદ્વાન લેખકશ્રીએ અનેક ગ્રંથોનો અભ્યાસ કરીને સંશોધનાત્મક વૃત્તિથી તેનો મેળ બેસાડવા પ્રયત્ન કર્યો છે. આવો, એ વિસંગતતાઓને જાણીને સત્ય શોધવાનો પ્રયત્ન કરીએ.]

(૧) શ્રી ગોપીનાથજીના પ્રાગટ્યની તિથિ :

શ્રી ગોપીનાથજીના પ્રાકટ્યની ૨ કે ૩ તિથિઓ જુદા જુદા મત પ્રમાણે પ્રાપ્ત થાય છે.

૧. વિ.સં. ૧૫૬૭ (કાર્તિકી વર્ષ) (વ્રજ આસો વદ ૧૨) ગુર્જર ભાદરવા વદ ૧૨ (સંપ્રદાય માન્ય) (જૂના મત અનુસાર – ગો. શ્રી દ્વારકેશજી મહારાજ કૃત 'મૂળ પુરુષ' માંથી)

અથવા

વિ.સં. ૧૫૬૮ (ચૈત્રી વર્ષ) (વ્રજ આસો વદ ૧૨) ગુર્જર ભાદરવા વદ ૧૨ (સંપ્રદાય માન્ય)

***ખાસ નોંધ :** આ બંને સંવતોનો અર્થ અહીં એક જ થાય છે; અને એટલે જ બંને સંવતો સંપ્રદાય માન્ય છે. ગુર્જર પ્રથા (કાર્તિકી વર્ષ) પ્રમાણે ભાદરવા મહિનામાં પણ સંવત ૧૫૬૭ જ હતી; જ્યારે વ્રજ પ્રથા (ચૈત્રી વર્ષ) પ્રમાણે ચૈત્રથી ૧૫૬૭ બદલાઈને ૧૫૬૮ થઈ ગઈ હતી. એટલે બંને સંવતોનો અર્થ અહીં તો એક જ થાય છે. આપણે ગુજરાતીઓએ ૧૫૬૭ પ્રમાણે જ ગણતરી કરવાની; કારણ કે એમના ચૈત્રી વર્ષ પ્રમાણે અત્યારે વિ.સં. ૨૦૬૬ ચાલે છે. એટલે જો બંને પ્રથા પ્રમાણે ગણતરી (બાદબાકી) કરશું તોય અત્યારે શ્રી ગોપીનાથજીએ ૪૯૮ વર્ષ પૂરા થયાનો જ જવાબ આવશે.*

૨. વિ.સં. ૧૫૭૦ આસો સુદ ૧૦ અને ૧૫૭૭ (વ્રજ આસો વદ ૧૦) ગુર્જર ભાદરવા વદ ૧૦ (શ્રી ગોકુલનાથજીવાળાઓના મત અનુસાર - બબ્બે તિથિઓ છે) (કવિ જગતાનન્દ કૃત 'વંશાવલી' અનુસાર)

સંવત પંદ્રહા સડસઠ આસો વદિ દ્વાદસિ શુભ ગાયો,
ગાયો શ્રી ગોપીનાથજી જબ જન્મ લિયો આયકે,
જાનિ બલકો રૂપ હરખત દેત દાન બઢાયકે.

* * *

તિનકે જેઠ પુત્ર હૈ દીક્ષિત ગોપીનાથ,
સંવત પન્દ્રહ સત્તરા આસો દસમી સાથ.
તિનકે પુરુષોત્તમ ભયે સત્યા કન્યા જાનિ,
પુનિ આગે પૂરન ભયો અબ દૂજે કો માનિ.

પ્રાકટ્ય તિથિમાં જેમ ફેર છે એમ ક્યાંક શ્રી ગોપીનાથજીના પ્રાકટ્ય સ્થળ અંગે પણ મતભેદ છે. '૧૨૦ વચનામૃત'કાર શ્રી ગિરિધરલાલજી ૬૭મા વચનામૃતમાં કહે છે કે :

'... અને આશ્વિન વદી ૧૨ના મોટા પુત્ર શ્રી ગોપીનાથજીનું પ્રાગટ્ય શ્રીઆચાર્યજી મહાપ્રભુને ત્યાં થયું. શ્રી ગોપીનાથજીનું પ્રાગટ્ય ગુજરાત સિકંદરપુરમાં થયું. તેથી ઉત્સવ ત્યાં પણ પ્રસિદ્ધ છે.'

પરંતુ સંપ્રદાયનું વાર્તા સાહિત્ય સિકંદરપુરવાળી નોંધથી સંમત નથી.

(૨) શ્રી પુરુષોત્તમ સહસ્ત્રનામ સ્તોત્રની રચના :

પ્રકરણ-૬માં આપણે જોયું કે શ્રી મહાપ્રભુજીએ સૂરસ્વામીને નામનિવેદન કરાવી દાસ બનાવ્યા ત્યારે શ્રીમદ્ ભાગવત દશમસ્કંધની અનુક્રમણિકા સંભળાવી. જેના દ્વારા પ્રભુની સંપૂર્ણ લીલાનું સૂરદાસજીના હૃદયમાં સ્થાપન કર્યું. હવે સૂરદાસજી ભગવદ્ લીલા-યશ વર્ણન કરવા માટે સમર્થ બન્યા. ત્યાર પછી આચાર્યશ્રીએ શ્રી પુરુષોત્તમ સહસ્ત્રનામ સ્તોત્ર દ્વારા સમગ્ર ભાગવતનો સાર સૂરદાસજીને સંભળાવ્યો. (જુઓ પ્રાગટ્યની વાર્તા - '૮૪ વૈષ્ણવન કી વાર્તા'માં) આ વિ. સ. ૧૫૬૭માં બનેલા પ્રસંગમાં નોંધાયું કે આ સ્તોત્રની રચના સૂરદાસજી માટે થઈ.

શ્રીમદ્ ભાગવતનું સંપૂર્ણ પારાયણ કરીને ભોજન કરવાનો નિયમ લેનાર શ્રીગોપીનાથજીને શ્રીમહાપ્રભુજીએ આ સ્તોત્રની રચના કરીને આપી અને તેના પાઠથી સંપૂર્ણ શ્રીભાગવતના પાઠનું ફળ મળશે એવી આજ્ઞા કરી. આમ વિ. સં. ૧૫૮૧માં બનેલા પ્રસંગમાં આ સ્તોત્રની રચના શ્રીગોપીનાથજી માટે કરવામાં આવી એવું નોંધાયું.

જોકે સંપ્રદાયના મહત્ત્વના ગ્રંથો જેવાકે સંપ્રદાયપ્રદીપ, નિજવાર્તા, ઘરુવાર્તા તથા ચોરાસી બેઠકજી કે ચરિત્ર, ચોરાસી તેમજ બાવન વૈષ્ણવનકી વાર્તા, કાંકરોલીકા ઈતિહાસ જેવા ગ્રંથોમાં આ પ્રસંગનો ઉલ્લેખ નથી પરંતુ 'શ્રી દ્વારકાધીશજીકી પ્રાગટ્યવાર્તા' અને 'જીવનદર્શન' પુસ્તકોમાં શ્રીગોપીનાથજીના આ પ્રસંગનો ઉલ્લેખ છે.

તો આ બેમાંથી સાચું શું સમજવું એ પ્રશ્ન વિચારણીય છે.

૨. રાણા વ્યાસ રચિત શ્લોકો

શ્રી મહાપ્રભુજીના વિદ્વાન સાક્ષર સેવક ગોધરાના રાણા વ્યાસને શ્રી ગોપીનાથજી પ્રત્યે અપ્રતિમ સ્નેહ હતો. એમના દ્વારા ગ્રંથસ્થ થયેલ દશમ સ્કંધ સુબોધિનીજીની પ્રતિલિપિના સમાપ્તિસૂચક મંગલ શ્લોકોમાં એમનો સ્નેહ છતો થાય છે. શ્લોકો નીચે મુજબ છે.

ગોપીનાથ મહારાજો ભગવાન ભગવતમ: ।
તદાશ્રયેડસ્મદ્હદષ્ટ્યા તત્પ્રસાદાત્ તદાત્મના ॥
તદીયાનાં તદાર્થાર્થં તદેકશરણાર્થિના ।
વ્યાસવલ્લભ શિષ્યેણ વ્યાસરાણેન લેખિતા ॥

(૪) શ્રી ગોપીનાથજી કૃત સાહિત્ય રચનાઓ :

૧. સાધનદીપિકા
૨. સેવાશ્લોકા:
૩. સૌંદર્યપદ્ય

વિ.સં. ૧૫૮૧માં ૧૫ વર્ષની વયે શ્રી ગોપીનાથજીને અન્ય વેદશાસ્ત્રોના અભ્યાસ માટે કાશીમાં મોકલવામાં આવ્યા હતા. ત્યાં શાંકરપીઠના આચાર્ય મધુસૂદન સરસ્વતીના શિષ્ય શ્રી માધવ સરસ્વતી પાસે આપે અભ્યાસ કર્યો હતો. શ્રી ગોપીનાથજીએ પોતાના અધ્યયનકાળ દરમ્યાન 'સાધનદીપિકા' નામનો ગ્રંથ રચ્યો. શ્રી મહાપ્રભુજીની મૂળ આજ્ઞાઓ અને શાસ્ત્રોની આજ્ઞાઓના મૂળ શ્લોકો એમાં રજૂ કરવામાં આવ્યા. આ ગ્રંથ પુષ્ટિમાર્ગના સ્મૃતિ જેવો ગ્રંથ છે અને શ્રીનાથદ્વારા તેમ જ અન્ય સ્થળોમાં જે સેવા પ્રણાલિકા અને આચાર-વિચાર શુદ્ધિપ્રકાર પ્રચલિત છે તેમાં મોટા ભાગમા આ ગ્રંથનો પ્રભાવ જોવા મળે છે. આમાં ૧૨૭ શ્લોકો છે. આ ગ્રંથમાં વૈષ્ણવી જીવન કેવું હોવું જોઈએ, સેવા કઈ રીતે કરવી જોઈએ, સંધ્યાવંદન, જપ, હોમ, સ્વાધ્યાય વગેરે નિત્યકર્મો કેવી રીતે કરવા જોઈએ... વગેરે વિષયોની સુંદર સમજ આપવામાં આવી છે.

આ ઉપરાંત 'સેવાપ્રણાલી' વિષયક 'સેવાશ્લોકા:' નામનો એક બીજો ગ્રંથ ગો.વા. શ્રી મૂલચન્દ્ર તેલીવાલાએ 'સરશ્મિબ્રહ્મસૂત્રાણુભાષ્ય'માં પરિશિષ્ટ તરીકે આપ્યો છે તે શ્રી ગોપીનાથજી કૃત હોય એમ માનવામાં આવે છે. આમાં ૧૦૫ શ્લોકો છે. એમાં જુદા જુદા સમયની લીલાના ભાવ અને સેવાનો પ્રકાર બતાવવામાં આવ્યો છે.

તો 'પુષ્ટિભક્તિસુધા' નામની સાંપ્રદાયિક માસિક પત્રિકાના શ્રીવલ્લભાબ્દ: ૪૩૭ (એટલે કે વિ.સં. ૧૯૭૧ એટલે કે ઈ.સ. ૧૯૧૫ એટલે કે આજથી ૯૪ વર્ષ પહેલાં)ના અંક: ૧૨માં ગો.વા. શ્રી મગનલાલ શાસ્ત્રી દ્વારા 'સેવાશ્લોકા:' શીર્ષક અંતર્ગત ઉપરોક્ત શ્લોકો પ્રસિદ્ધ થયા હતા. એમાં ઈતિ શ્રી...માં આ શ્લોકો શ્રી ગુસાંઈજી વિરચિત હોવાનું લખ્યું હતું.

એક શ્લોક શ્રી ગોપીનાથજીએ આચાર્યશ્રીના ગૂઢ સ્વરૂપનું વર્ણન કરતો એવો સુંદર લખ્યો કે આજે પણ આપણે એ શ્લોક વીસર્યા નથી. હા, શ્લોકના કર્તાને જરૂરથી વીસરી ગયા છીએ! મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યચરણોનું ધ્યાન ધરતી વખતે આપણે એ શ્લોક બોલીએ છીએ. યાદ આવે છે, એ કયો શ્લોક હોઈ શકે? જુઓ, આપણે જેને 'સૌંદર્ય પદ્ય' તરીકે ઓળખીએ છીએ એવો આ રહ્યો એ શ્લોક

સૌંદર્યં નિજહૃદ્ગતં પ્રકટિતં, સ્ત્રીગૂઢભાવાત્મકં
પુંરૂપઞ્ચ પુનસ્તદન્તરગતં, પ્રાવીવિશત્ સ્વપ્રિયે ।
સંશ્લિષ્ટાવુભયોર્બભૌ રસમય:, કૃષ્ણો હિ યત્સાક્ષિકં
રૂપં તત્ ત્રિતયાત્મકં પરમભિધ્યેયં સદા વલ્લભમ્ ॥

જી હા, આ શ્લોક શ્રી ગોપીનાથજીનો રચેલો છે. આ શ્લોક આપશ્રી વિરચિત ૨૬ શ્લોકવાળા 'શ્રીમદ્ગોપીનાથાનાં પદ્યાનિ' નામના ગ્રંથની વચ્ચે આવેલો (પાંચમો શ્લોક)

હોવાથી કેટલાક વિદ્વાનો એને શ્રી ગોપીનાથજીની રચના માને છે તો ગો.વા. શ્રી મગનલાલ શાસ્ત્રી જેવી કેટલાક વિદ્વાનો એને તેમ જ આખા ગ્રંથને શ્રી ગોપીનાથજીની રચના નથી માનતા પણ શ્રી ગુસાંઈજીની માને છે!

તો 'પુષ્ટિભક્તિસુધા' નામની સાંપ્રદાયિક માસિક પત્રિકાના શ્રીવલ્લભાબ્દ: ૪૩૭ (એટલે કે વિ.સં. ૧૯૭૨-૭૩ એટલે કે ઈ.સ. ૧૯૧૬ એટલે કે આજથી ૯૩ વર્ષ પહેલાં)ના અંક: ૮-૯માં ગો.વા. શ્રી મૂલચન્દ્ર તેલીવાલા દ્વારા 'શ્રીમદ્ગોપીનાથાનાં પદ્યાનિ' શીર્ષક અંતર્ગત ઉપરોક્ત શ્લોક પ્રસિદ્ધ થયો હતો.

'શ્રી ગોપીનાથજીકી નિજવાર્તા' (કે જેમાં ૮ વાર્તા પ્રસંગો છે)નામનો એક હસ્તલિખિત ગ્રંથ પણ પ્રસિદ્ધ સંશોધકના અંગત સંગ્રહમાં હોવાનું જણાવવામાં આવે છે.

તો વળી પ્રાચીન ગ્રંથકાર શ્રી વિઠ્ઠલનાથ ભટ્ટ (ઉર્ફે 'મનરંજન' કવિ) પોતાના 'સંપ્રદાયકલ્પદ્રુમ' નામના ગ્રંથમાં શ્રી ગોપીનાથજી કૃત સાહિત્યિક રચનાઓની સંખ્યા ૪ હોવાનું કહે છે.

'બડેજુ ગોપીનાથ કૃત, ચાર ગ્રંથ નૃપ માન,
પ્રથમ જુ 'સાધનદીપિકા', 'સેવાવિધિ' સુખદાન.
'સંજ્ઞાનામનિરૂપણ' અરુ, ગોપીજન સુખદાન,
'વલ્લભાષ્ટક' ગ્રંથ કિયે, ગોપીનાથ સુજાન.'

પરંતુ આજે આપણને ગોપીનાથજીના અધ્યયનકાળમાં લખાયેલો આપનો એક જ ગ્રંથ 'સાધન દીપિકા' અને થોડાક અન્ય શ્લોકો પ્રાપ્ત થાય છે, બસ. આપને તો શ્રીમહાપ્રભુજીએ રચેલા ગ્રંથોનો જ પ્રચાર અને પ્રસાર કરવો હતો એટલે સ્વયં પોતે કોઈ જ ગ્રંથોની રચના નહોતી કરી. શ્રી મહાપ્રભુજીએ લખેલા ગ્રંથોને લોકો સુધી આપે સરળ ભાષામાં પોતાના પ્રવચનો દ્વારા પહોંચતા કર્યા હતા.

એક પરંપરા અનુસાર એવો સંદેહ પ્રગટ કરવામાં આવે છે કે શ્રી ગોપીનાથજીએ પણ પુષ્કળ સાહિત્યની રચના કરી હશે; પરંતુ આપશ્રીના લીલાપ્રવેશ પછી આપનાં વહુજી ગૃહક્લેશ કરીને દક્ષિણમાં પોતાના પિતાને ત્યાં જતા રહ્યાં ત્યારે પોતાની સાથે શ્રી ગોપીનાથજી કૃત સર્વ ગ્રંથો પણ લેતાં ગયાં હશે. એમના ઘરમાં જ્યારે આગ લાગી ત્યારે એ ગ્રંથો બળી ગયા હશે! તેથી શ્રી ગોપીનાથજી કૃત સાહિત્ય ઉપલબ્ધ નથી.

શ્રી ગોપીનાથજીની જેમ શ્રી વિઠ્ઠલનાથજી શ્રી ગુસાંઈજીએ પણ આચાર્યશ્રીના બહુવિધ સ્વરૂપોને સાંકળી લેતો ૧૦૮ નામો વાળો 'શ્રી સર્વોત્તમ સ્તોત્ર' ગ્રંથ રચ્યો; તો પોતે રચેલા 'મંગલાચરણ' ગ્રંથમાં મોટાભાઈ શ્રી ગોપીનાથજીને વંદન કરતાં લખ્યું કે...

યદનુગ્રહતો જંતુ: સર્વદુ:ખાતિગો ભવેત્ ।
તમહં સર્વદા વંદે શ્રીમદ્વલ્લભનન્દનમ્ ॥

શ્રી ગુસાંઈજી દ્વારા રચિત 'મંગલાચરણમ્'ના આ શ્લોકમાં 'વલ્લભનંદન' તરીકે શ્રી ગુસાંઈજી પોતાના મોટા ભાઈ શ્રી ગોપીનાથજીને જ વંદન કરે છે. (કારણ કે પોતે પોતાને કઈ રીતે વંદન કરી શકે?)

આપણે દરરોજ નિત્યનિયમના પાઠની શરૂઆતમાં જે પાંચ શ્લોકોવાળું ('ચતુર્ભિશ્ચ ચતુર્ભિશ્ચ..' વાળું) 'મંગલાચરણ' બોલીએ છીએ એના શરૂઆતના બે શ્લોકો શ્રી ગુસાંઈજી કૃત ચાર શ્લોકોવાળા 'મંગલાચરણમ્' માંથી ઉપાડવામાં આવ્યા છે! ઉપરાંત એ બે શ્લોકોમાંનો પહેલો શ્લોક 'ચિન્તાસન્તાનહન્તારો... મુહુર્મુહુ:' વાળો શ્રી ગુસાંઈજી કૃત 'નવરત્ન' ગ્રંથની ટીકાનો મંગલ શ્લોક પણ છે. આપણે બોલીએ છીએ એ મંગલાચરણના પાંચેય શ્લોકો કંઈ શ્રી ગુસાંઈજી કૃત નથી... એના તો ફક્ત શરૂઆતના બે શ્લોકો જ શ્રી ગુસાંઈજી કૃત છે. ત્રીજો શ્લોક પુરાણનો છે. ચોથો અને પાંચમો શ્લોક, શ્રીમદ ભાગવતજીના દશમ સ્કંધ પૂર્વાર્ધના પ્રથમ અધ્યાય (જન્મ પ્રકરણ) પરની શ્રી મહાપ્રભુજી વિરચિત ટીકા 'શ્રી સુબોધિનીજી'ની ૨૮ ૧/૨ કારિકાઓમાંની પહેલી બે કારિકાઓ છે. એટલે જ આપણા પાંચ શ્લોકોવાળા મંગલાચરણની ઈતિ શ્રી...માં એના કોઈ એક રચનાકારનું નામ નથી!

(૫) શ્રી ગોપીનાથજીનો વિવાહ

વિ.સં. ૧૫૮૨ થી ૧૫૮૫ની વચ્ચેનો સમયગાળો શ્રી ગોપીનાથજીના દેશાટનનો અને વિવાહનો અંદાજવામાં આવે છે. દેશાટન કરતાં કરતાં શ્રી ગોપીનાથજી પોતાના મૂળ ગામ કાંકરવાડ પહોંચ્યા ત્યારે ત્યાં શ્રી મહાપ્રભુજીના વયોવૃદ્ધ (આશરે ૯૦ વર્ષના) કાકા શ્રી જનાર્દન ભટ્ટજી તેમના નાના ભાઈ (શ્રી લક્ષ્મણ ભટ્ટજી)ના પૌત્રની પ્રતિભા અને વિદ્વત્તાથી ઘણા પ્રભાવિત થયા અને આનંદવિભોર બની પ્રસન્નતાપૂર્વક એ જ ગામની પોતાની સજાતીય કન્યા પાયમ્મા સાથે ત્યાં જ વિવાહ કરી દીધા એવું લખાણ ઘણી જગ્યાએથી પ્રાપ્ત થાય છે ('યદુનાથ દિગ્વિજય' ગ્રંથમાં પણ આ મુજબનો ઉલ્લેખ છે); તો ક્યાંક શ્રી મહાપ્રભુજીના કાકાને બદલે શ્રી ગોપીનાથજીના કાકા એટલે કે શ્રીમહાપ્રભુજીના ભાઈનો પણ ઉલ્લેખ છે.

વળી કોઈક ગ્રંથોમાં શ્રી ગોપીનાથજીના વિવાહ શ્રી મહાપ્રભુજીએ જ અડેલમાં કર્યાનો ઉલ્લેખ છે તો કોઈકમાં કાશીમાં કર્યાની પણ ઉલ્લેખ છે! તો ક્યાંક વળી એવી પણ નોંધ છે કે શ્રી મહાપ્રભુજીના કહેવાથી એમના કાકાએ આ વિવાહ ગોઠવી દીધા હતા! તો ક્યાંક વળી એવી નોંધ છે કે વિ.સં. ૧૫૮૨માં કાકાશ્રી જનાર્દન ભટ્ટજીની આજ્ઞાનુસાર દક્ષિણના સજાતીય ભટ્ટજીની કન્યા પાય્યમાગારુ (પ્રિયા)ની સાથે શ્રી ગોપીનાથજીનો લગ્ન પ્રસ્તાવ કાશીમાં શ્રી મહાપ્રભુજીએ બહુ જ ધામધૂમથી કર્યો હતો. ત્યાર પછી સર્વ કુટુંબીજનોને સાથે લઈને શ્રી મહાપ્રભુજી વ્રજમાં પધાર્યા અને નવવધૂ પાય્યમાગારુને શ્રીનાથજી સંમુખ બ્રહ્મસંબંધ દીક્ષા આપી. લગ્ન પછી તરત જ વિ.સં. ૧૫૮૨માં શ્રી ગોપીનાથજી દ્વારકા યાત્રા કરવા પધાર્યા.

આમ પ્રસંગોના ઘટના ક્રમમાં, એમની સંવતો અને તિથિઓમાં, માસમાં, સ્થળમાં, પાત્રોમાં વગેરેમાં એટલી બધી વિસંવાદિતા છે કે મેળ બેસાડવા જતાં મગજ ચકરાવે ચડી જાય છે. છતાંય શ્રી વલ્લભ અને શ્રી વલ્લભનંદનની ઈચ્છા તેમ જ કૃપા થકી ધૂંધળું ચિત્ર ઘણું સ્વચ્છ કરી શક્યો છું એ મારું મહદ્ ભાગ્ય છે.

૬. શ્રી ગોપીનાથજીના સેવ્ય શ્રીમદનમોહનજી

સંપ્રદાયમાં એવી એક માન્યતા પ્રચલિત છે કે શ્રીગુસાંઈજીએ ગોડિયા સેવકોને શ્રીનાથજીની સેવામાંથી દૂર કર્યા ત્યારે તેમને શ્રીગોપીનાથજીના સેવ્ય શ્રી મદનમોહનજી પધરાવી દીધા હતા. પરંતુ આ વાત ઐતિહાસિક રીતે બંધબેસતી નથી. શ્રીગોપીનાથજી શ્રીગુસાંઈજીના મોટાભાઈ હતા. પિતાતુલ્ય હતા. બંગાળીઓનો પ્રસંગ બન્યો ત્યારે ભૂતલ ઉપર વિદ્યમાન હતા. યાત્રાર્થે વિચરણ કરતા મોટા ભાઈના સેવ્ય સ્વરૂપને એમની અનુમતિ વગર શ્રી ગુસાંઈજી બીજા કોઈને કેવી રીતે પધરાવી દઈ શકે? બંગાળીઓનો પ્રસંગ વિ.સં. ૧૫૯૦માં બન્યો. જ્યારે શ્રી ગોપીનાથજીએ ભૂતલત્યાગ વિ.સં. ૧૬૨૦માં કર્યો. તેથી શ્રીગુસાંઈજીએ ગોડિયાઓને શ્રીમદનમોહનજીનું જે સ્વરૂપ સેવા અર્થે પધરાવી દીધું તે ૮૪ વૈષ્ણવોમાંના એક નારાયણદાસ ભાટનું સેવ્ય સ્વરૂપ હતું. હા, એ સ્વરૂપને નારાયણદાસને શિરે શ્રી ગોપીનાથજીએ પધરાવી દીધું હતું, એ ખરું.

૭. વિષ્ણુદાસ છીપા :

વિષ્ણુદાસ છીપા શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર સેવક હતા. તેઓ ૨૦મા વર્ષે પોતાનું ગામ આગ્રા છોડી વિ.સં. ૧૫૬૬માં શ્રીમહાપ્રભુજી પાસે કાશી - અડેલ - ચરણાટ - અડેલમાં આવીને વસી ગયા હતા અને દ્વારપાલ તરીકે સેવા બજાવતા હતા. આચાર્યશ્રીની કૃપાને પરિણામે એમને સ્વમાર્ગના સિદ્ધાંતોનું સારું એવું જ્ઞાન પ્રાપ્ત થયું હતું. તેઓ કીર્તનો રચીને પણ ગાતા. શ્રીનાથજીનું નવું મંદિર સિદ્ધ થઈ જતાં અને ગોપાલપુર વસી જતાં વિષ્ણુદાસ છીપાને, શ્રીમહાપ્રભુજીના નિત્યલીલા પ્રવેશ પછીથી શ્રીગુસાંઈજીએ શ્રીનાથજીના મંદિરના દ્વારપાલ તરીકે નિયુક્ત કર્યા. અને અડેલને બદલે ગોપાલપુરમાં વાસ કરવાનું કહ્યું. ત્યાર પછી એમને અષ્ટ છાપમંડળમાં નિયુક્ત કર્યા.

અષ્ટસખામાંના નંદદાસ તો વિ.સં. ૧૬૦૭માં શ્રીગુસાંઈજીના શરણે આવ્યા જ્યારે અષ્ટછાપ મંડળની સ્થાપના વિ.સં. ૧૬૦૨માં કરવામાં આવી હતી. વિષ્ણુદાસ છીપાની કોઈ અશક્તિને કારણે કે દેહત્યાગ પછી, નંદદાસજીની કાવ્ય સંગીત વિષયક યોગ્યતા જોઈને શ્રીગુસાંઈજીએ તેમને અષ્ટછાપમંડળમાં ખાલી પડેલા સ્થાને નિયુક્ત કર્યા. આ બાબતોની સાબિતી શ્રી દ્વારકેશજી મહારાજ કૃત એક છપ્પાની આ લાઈન ઉપરથી મળે છે.

વિષ્ણુદાસ સો ભોજસ્વામી, ગોવિંદ શ્રીદામાલા.

(૮) શ્રી પુરુષોત્તમજીના પ્રાગટ્યની તિથિ :

જુદા જુદા મહત્ત્વના ગ્રંથોમાં શ્રી પુરુષોત્તમજીના પ્રાકટ્યની તિથિ નીચે મુજબ નોંધાયેલી છે :

૧. વિ.સં. ૧૫૮૭ ભાદરવા વદ ૮ ('જીવનદર્શન'માં પ્રેમલાલ મેવચાના મતાનુસાર, વાર્તા સાહિત્ય અનુસાર, આ તિથિ સંપ્રદાય માન્ય છે)

૨. વિ.સં. ૧૫૮૭ આસો સુદ ૮ ('શ્રી દ્વારકાનાથજીકી પ્રાકટ્ય વાર્તા'માં શ્રી દ્વારકાદાસ પરીખના મતાનુસાર)

૩. વિ.સં. ૧૫૮૯ ('કાંકરોલીકા ઈતિહાસ' માં શ્રી કંઠમણિ શાસ્ત્રીના મતાનુસાર)

૪. વિ.સં. ૧૫૯૭ ભાદરવા વદ ૮ (એક પ્રાચીન વંશાવલી અનુસાર)

૫. વિ.સં. ૧૬૦૮ ('સંપ્રદાયકલ્પદ્રુમ'માં શ્રી વિઠ્ઠલનાથ ભટ્ટ (ઉર્ફે 'મનરંજન' કવિ)ના મતાનુસાર)

શ્રી ગોપીનાથજીના લીલાપ્રવેશ બાદ શ્રીપુરુષોત્તમજી પુષ્ટિમાર્ગના આચાર્ય પદે સ્થાપિત થયા. ઘણા સંશોધકો, પ્રાચીન ગ્રંથોના આધારે, એવું માને છે કે આ પ્રસંગે શ્રી પુરુષોત્તમજી બહુ નાની વયના હતા. લગભગ ૧૦ વર્ષના. જો આ વાત સાચી માનીએ અને શ્રી પુરુષોત્તમજીના પ્રાકટ્યની સાલ વિ.સં. ૧૫૮૭/૮૯ ની પકડીને ચાલીએ તો શ્રી ગોપીનાથજીનો લીલાપ્રવેશ વિ.સં. ૧૫૯૭/૯૯ નો (વય ૩૦/૩૨ વર્ષ) માનવો પડે! ઉપરાંત એ પ્રાચીન ગ્રંથોમાં એક વાત બીજી પણ લખી છે કે શ્રી ગોપીનાથજીના લીલાપ્રવેશ પછી ૧ વર્ષ રહીને શ્રી પુરુષોત્તમજી પણ લીલામાં પ્રવેશ્યા. (એ ગ્રંથોમાં નોંધાયેલા શ્રી મહાપ્રભુજીના વાક્ય અનુસાર). એ હિસાબે એમના લીલાપ્રવેશની સાલ વિ.સં. ૧૫૯૮/૧૬૦૦ અને વય ૧૧/૧૩ વર્ષ થાય. તો પછી કૃષ્ણદાસ અધિકારીની મધ્યસ્થીથી ૧૨ વર્ષના શ્રી પુરુષોત્તમજી દ્વારા શ્રી ગુસાંઈજીને શ્રીનાથજીની સેવામાંથી દૂર કરવાના પ્રસંગને ક્યાં ગોઠવવો? આ પ્રસંગ વખતે શ્રી ગિરિધરજી ઘોડેસવાર થઈને મધ્યરાત્રિએ ગોકુલથી પરાસોલી, પરાસોલીથી મથુરા, ત્યાં બિરબલને સમજાવીને કૃષ્ણદાસને બંદીખાનેથી છોડાવીને પાછા પરાસોલી અને અંતે પરાસોલીથી શ્રી ગુસાંઈજીને લઈને ગોપાલપુર પહોંચે છે એવો પણ ઉલ્લેખ એ જ ગ્રંથોમાં છે. શ્રી ગિરિધરજી શ્રી પુરુષોત્તમજી કરતાં ૧૦ વર્ષ નાના હતા એ વાત પણ સ્પષ્ટ છે. તો પછી શું ૧ કે ૩ વર્ષના શ્રી ગિરિધરજીએ ઘોડેસવારી કરી અને રાજખટપટ કરી? ઉપરાંત ૧૩/૧૪ વર્ષની વયે શ્રી પુરુષોત્તમજી શ્રી જગન્નાથપુરી પધાર્યા હતા એવા ઉલ્લેખ વાળા તાડપત્રોનું શું કરવું? ક્યાંય મેળ બેસે છે!? ખબર નહીં કેમ, પણ શ્રી ગોપીનાથજીના ઈતિહાસની સાથે તો વધુમાં વધુ ચેડા થયેલા જણાય છે!! આપણે આજે ૩૩૫ વર્ષોથી આવા જ પ્રકારનું સંદિગ્ધ સાહિત્ય વાંચતા આવ્યા છીએ એટલે કદાચ એ કોઠે પડી ગયું છે! એનાથી આપણે ટેવાઈ ગયા છીએ!!

અન્ય મત પ્રમાણે શ્રી પુરુષોત્તમજીના પ્રાકટ્યની સાલ વિ.સં. ૧૫૯૭/૧૬૦૮ની પકડીને ચાલીએ તો ગોપીનાથજીના લીલાપ્રવેશની સાલ વિ.સં. ૧૬૨૦ સાથે બંધબેસતી લાગે છે; પરંતુ શ્રી ગિરિધરજીના પ્રાકટ્યની સાલ માટે એમાં ૧૦ વર્ષ ઉમેરીને ચાલવાનું? કે પછી શ્રી ગિરિધરજીના પ્રાકટ્યની સાલ એની એ જ રહેવા દેવાની? આમ એક વાત સાંધવા જઈએ છીએ તો તેર વાત તૂટે છે અને આખું ચિત્ર ધૂંધળું લાગે છે.

(૯) શ્રી ગોપીનાથજીનો લીલા પ્રવેશ

જગન્નાથપુરીના કૃષ્ણસેવક ગુચ્છિકારને શ્રી ગોપીનાથજીએ પોતાના કુળના

તીર્થપુરોહિત તરીકે સ્વીકારી વૃત્તિપત્ર લખી આપ્યાની સાલ કોઈ સંશોધનકાર, પત્રમાંના કૂટશબ્દ ‘રસ’ના પોતે કરેલા અર્થઘટન પ્રમાણે, સ્વાદેંદ્રિયના છ રસની સંખ્યાના અંકના આધારે, શાલિવાહનશક ૧૪૬૦ (એટલે કે વિ.સં. ૧૫૯૫) હોવાનું માને છે. તો કોઈ સંશોધનકાર, પત્રમાંના કૂટશબ્દ ‘રસ’ના પોતે કરેલા અર્થઘટન પ્રમાણે, નાટ્યશાસ્ત્રના આઠ રસની સંખ્યાના અંકના આધારે, શાલિવાહનશક ૧૪૮૦ (એટલે કે વિ.સં. ૧૬૧૫) હોવાનું માને છે. આમ જુદી જુદી મતિઓ દ્વારા કરાયેલા જુદા જુદા અર્થઘટનને કારણે સંશોધકોએ શ્રી ગોપીનાથજીના લીલા પ્રવેશની સાલમાં અને વયમાં પણ ૨૦ વર્ષની વધઘટ નોંધી છે! આ તો ફક્ત જગન્નાથપુરીના તીર્થપુરોહિતને વૃત્તિપત્ર લખી આપ્યાની સાલમાં બે મતભેદો છે; પરંતુ આપશ્રીના લીલા પ્રવેશની સાલમાં તો બે નહીં પણ ચારથી પાંચ જેટલા મતભેદો છે!

‘શ્રીગોપીનાથ પ્રભુચરણ’ નામના લેખમાં શ્રી કંઠમણિ શાસ્ત્રી દ્વારા શ્રીગુસાંઈજીના વિપ્રયોગનો પ્રસંગ નોંધાયો છે. તેમાં તેઓ જણાવે છે કે ‘શ્રી વિઠ્ઠલનાથજીના જયેષ્ઠ પુત્ર શ્રીગિરિધરજીના પત્ર દ્વારા પ્રવાસમાં જ્યારે શ્રીગોપીનાથજીને શ્રી ગુસાંઈજીના વૃત્તાંતની જાણ થઈ ત્યારે એમણે પત્ર લખીને આ અવ્યવસ્થાને દૂર કરવાનો આદેશ આપ્યો. જેના ફળસ્વરૂપ શ્રી ગિરિધરજીએ મથુરાના હાકેમ પાસેથી સૈનિકોનો પ્રબધ કરાવીને કૃષ્ણદાસને કેદ કરી દીધા અને પોતાના પિતૃચરણને માટેનો શ્રીનાથજીની સેવાનો અંતરાય દૂર કર્યો.

આનો અર્થ એવો થયો કે પ્રાચીન સંશોધકોના મત પ્રમાણે શ્રીગુસાંઈજીના વિપ્રયોગના ૬માસ દરમ્યાન શ્રીગોપીનાથજી વિદ્યમાન હતા. શ્રીગિરિધરજીએ શ્રીગોપીનાથજીને આ પ્રસંગે પત્ર લખીને ફરિયાદ કરી હતી અને કૃષ્ણદાસને બંદીખાને નખાવ્યા હતા.

શ્રી બાલકૃષ્ણ શુદ્ધાદ્વૈત મહાસભા, સૂરત, દ્વારા વિ.સં. ૨૦૨૯ (ઈ.સ. ૧૯૭૩)માં પ્રકાશિત થયેલ ‘આચાર્ય શ્રી વલ્લભાચાર્યજી તથા આપશ્રી કે વંશજોં કી શ્રી જગદીશજી કી યાત્રાએં’ નામના પુસ્તકમાં પ્રકાશિત કરવામાં આવેલ પ્રાચીન તાડપત્ર (ભોજપત્ર)માંથી ઉડિયા ભાષામાં પ્રાપ્ત થતા વર્ણનના આધારે શ્રી ગોપીનાથજીની જગદીશ યાત્રાનું આંખે દેખ્યું વર્ણન સંગ્રહીત કરવામાં આવ્યું છે. બાકી આપણા સાંપ્રદાયિક ઈતિહાસના પ્રાચીન ગ્રંથોમાં ક્યાંય આ યાત્રા પ્રસંગ નોંધાયો હોય એવી જાણ નથી. આ વર્ણનને આધારે પાછલા સર્વ તાર્કિક સંશોધનો ખોટા ઠરે છે. આપની આયુના વર્ષો માટે અને લીલામાં પધાર્યાની સાલ માટેના પણ તમામ તર્કો ખોટા સાબિત થાય છે. આ પુસ્તક શ્રી ગોપીનાથજી અને શ્રી પુરુષોત્તમજી સંબંધિત ઈતિહાસને અવશ્ય એક નૂતન અને નિર્ણાયક દૃષ્ટિ પ્રદાન કરે છે. આપણે એના આધારે આપણા ભ્રામક અને તાર્કિક ઈતિહાસને બદલવો જોઈએ.

- શ્રી ગોપીનાથજીના લીલા પ્રવેશની સાલ અંગે એટલા બધા મતભેદો પ્રવર્તે છે કે આપણે મૂંઝાઈ જઈએ! આવો, એક ઊડતી નજર આપણે એ સાલો પર પણ કરી લઈએ. દરેક સાલ શોધનાર સંશોધકે પોતાની દલીલમાં એવા એવા મુદ્દાઓ રજૂ કર્યા છે કે બીજા

સંશોધક હાંફી જાય.. અને બીજા સંશોધકોએ પહેલા સંશોધકને હંફાવવા માટે ઑર વધુ જોરદાર દલીલો કરીને પહેલા સંશોધકને ખોટા પાડ્યા છે! આપણે એ બધી દલીલોને અહીં જાણવા માટે નહીં બેસીએ; પણ માત્ર જુદી જુદી સાલો પર જ એક નજર નાંખી લેશું.

	વિ.સં	વય
૧.	૧૬૨૦	૫૩ વર્ષ ‘સમ્પ્રદાયકલ્પદ્રુમ’ અનુસાર ત્રીજી વારની શ્રી જગન્નાથપુરીની યાત્રા સમયે શ્રી જગદીશજીના મુખમાં લીન થઈ ગયા (આ સાલ હવે સંપ્રદાયમાં બહુમાન્ય થઈ રહી છે.)
૨.	૧૬૦૦	(ચૈત્રી) (વ્રજપ્રથા) અથવા
	૧૫૯૯	(કાર્તિકી) (ગુર્જર પ્રથા) ૩૨ વર્ષ ‘સંપ્રદાયપ્રદીપ’, ‘શ્રી દ્વારકાનાથજીકી પ્રાકટ્ય વાર્તા’, ‘શ્રીનાથજીકે ભંડારકી નોંધ’ તેમ જ ‘અષ્ટછાપકી વાર્તા’ અનુસાર (‘તતઃ કિયતા કાલેન જ્યેષ્ઠપુત્રો ગોપીનાથઃ પુરુષોત્તમમાદ્ય સ્વરૂપમવાપ’ નોંધ મુજબ) પાંચમી વારની શ્રી જગન્નાથપુરીની યાત્રા સમયે શ્રી જગદીશજીના મુખમાં લીન થઈ ગયા
૩.	૧૫૯૭	૩૦ વર્ષ ત્રીજી વારની શ્રી જગન્નાથપુરીની યાત્રા સમયે શ્રી બલદેવજીના સ્વરૂપમાં લીન થઈ ગયા
૪.	૧૫૯૫	૨૮ વર્ષ
૫.	તિથિ જ નથી	- ‘શ્રીનાથજીકી પ્રાકટ્ય વાર્તા’ અનુસાર

૬. શ્રી ગોપીનાથજીના લીલા પ્રવેશની હજુ એક વધુ સાલ અંગે જાણવું હોય તો ઈતિહાસ શોખીનો આ ગ્રંથનું ૧૮મું પ્રકરણ અવશ્ય વાંચે. એમાં કંઈક નવું જાણવા મળશે.

વિ.સં. ૧૬૦૧માં નાના (બીજા) બેટીજીનું પ્રાકટ્ય થયું. એ જ વર્ષે શ્રી ગોપીનાથજીએ સોમયાગ યજ્ઞ અને ત્યાર પછી થોડો સમય રહીને વિષ્ણુયાગ યજ્ઞ કર્યો. વિ.સં. ૧૬૦૫ શ્રી ગોપીનાથજીએ કાશીમાં શ્રી ગુસાંઈજીના જયેષ્ઠ પુત્ર શ્રી ગિરિધરજીના યજ્ઞોપવીત સંસ્કારમાં હાજરી આપ્યાનો ઉલ્લેખ છે. ત્યાંથી શ્રીનાથજીની સેવામાં પધાર્યા અને ૮૪ કોસની વ્રજપરિક્રમા વિધિપૂર્વક કરી એનો પણ ઉલ્લેખ છે. તો પછી વિ.સં. ૧૫૯૭/૧૫૯૯માં આપે ભૂતલ ત્યાગ કર્યાની વાત કેવી રીતે સંભવી શકે?

શ્રી ગોપીનાથજીનું આયુષ્ય ૩૦ વર્ષ કરતાં વધુ છે. તેમના પ્રાપ્ત થતા ચિત્રોમાં તેમના શ્વેત કેશ આનું પ્રમાણ છે. આપની નિત્યલીલામાં પધાર્યાની સંવત ૧૬૨૦ વધુ સબળ રીતે માન્ય છે.

સંપ્રદાયમાં એવી પણ એક માન્યતા છે કે શ્રી ગોપીનાથજી (૯૪ વર્ષ પછી) ફરી પાછા લેખવાળા શ્રી પુરુષોત્તમજી સ્વરૂપે પ્રગટ થયા હતા અને અઢળક સ્વમાર્ગીય સાહિત્યની રચના કરી હતી. સાહિત્ય રચનાની અધૂરી રહેલી ઈચ્છા એ રીતે એમણે પૂરી કરી હતી એવું વૈષ્ણવોનું માનવું છે! આ વાત ફક્ત મારી સાંભળેલી છે. જો કે એક જગ્યાએ આ અંગેની નોંધ પણ મેં વાંચી છે! 'જીવનદર્શન' (શ્રી પ્રેમલાલ મેવચા, પોરબંદર, વિ.સં. ૨૦૨૯ નામના પુસ્તકમાં કદાચ આ વાત નોંધાયેલી છે. બાકી તો આનો બીજે ક્યાંય લેખિત ઉલ્લેખ થયો હોય તો મને જાણ નથી. પરંતુ અહીં વિષય ચાલ્યો છે એટલે વાત યાદ આવી ગઈ અને એક નવી માહિતી તરીકે નોંધાઈ ગઈ!

દશદિગંતવિજયી તથા નવ લાખ શ્લોક સાહિત્યના રચયિતા શ્રી પુરુષોત્તમજી મહારાજશ્રી (સુરતની ગાદીએ શ્રી વ્રજરાયજીએ ગોદ પધાર્યા હતા તે) શિક્ષાસાગર શ્રી હરિરાયજી મહાપ્રભુ કરતાં ૬૭ વર્ષ નાના હતા. એમણે પોતાના દ્વારા રચેલા ગ્રંથ સાહિત્યમાં શ્રી હરિરાયજી તેમ જ શ્રી ગોપીનાથજી પ્રત્યે ખૂબ જ આદર ભાવ દર્શાવ્યો છે.

શ્રી ગોપીનાથજીના સ્વરૂપનો ઉલ્લેખ શ્રી ગુસાંઈજીના સેવક ભગવદીય શ્રી માણેકચંદજીની ધમારની પંક્તિમાં પણ છે કે -

'ગુણનિધિ શ્રી ગોપીનાથજુ નિર્ગુણ તેજ નિધાન લાલ મનમોહના.'

આ '...નિર્ગુણ તેજ નિધાન.' વાળી ધમાર ઉપરથી દશદિગંતવિજયી લેખવાળા શ્રી પુરુષોત્તમજી મહારાજશ્રી કૃત અણુભાષ્યની ટીકાપ્રકાશમાં પણ શ્રી ગોપીનાથજીના સ્વરૂપના વર્ણન સાથેનું મંગળાચરણ મળી આવે છે -

'શ્રીવલ્લભપ્રતિનિધિં તેજોરાશિં દયાર્ણવમ્ ।
ગુણાતીતં ગુણનિધિં શ્રી ગોપીનાથમાશ્રયે ॥

આપશ્રી સુરતની ગાદીએ ગોદ પધાર્યા ત્યારથી સુરતમાં શ્રી બાલકૃષ્ણલાલજીના ઘરમાં શ્રી ગોપીનાથજીનો ઉત્સવ શ્રી ગુસાંઈજીના ઉત્સવવત્ મનાવાય છે. આ વાતને આધારે પણ કદાચ ઉપરોક્ત માન્યતા ફેલાઈ હોય! મારી પાસે આના કોઈ ઠોસ પુરાવા નથી. આ નોંધ લખવામાં મારી જો કોઈ ભૂલચૂક થતી હોય તો હું ક્ષમાપ્રાર્થી છું.

દશદિગંતવિજયી શ્રી પુરુષોત્તમજી લેખવાળાનું પ્રાકટ્ય સંપ્રદાયપ્રસિદ્ધ એક માન્યતા અનુસાર વિ.સં. ૧૭૨૪માં થયેલું મનાતું હતું; પરંતુ નાથદ્વારાના શ્રી નૃસિંહલાલજી પંડ્યા પાસેથી પ્રાપ્ત થયેલા આપશ્રીના જન્માક્ષર પરથી સ્પષ્ટ રીતે ફલિત થાય છે કે આપશ્રીનું પ્રાકટ્ય વિ.સં. ૧૭૨૪માં નહીં પણ વિ.સં. ૧૭૧૪માં ભાદરવા સુદ ૧૧ (દાન એકાદશી)ના દિને થયું હતું.

કોઈક ગ્રંથમાં ઉલ્લેખ મળે છે કે શ્રી ગોપીનાથજી શ્રી જગદીશજીનાં મુખમાં સમાઈ ગયા; તો કોઈક ગ્રંથમાં ઉલ્લેખ મળે છે કે શ્રી બલદેવજીના સ્વરૂપમાં સમાઈ ગયા!

અહીં પણ આપણા સ્વરૂપાસક્ત ભગવદીય સેવકોની પક્ષપાતી બલિહારી નજરે ચડે છે! 'શ્રી ગોપીનાથજી શ્રી જગદીશજીના મુખમાં સમાઈ ગયા' એ વાત તેઓ જીરવી ન શક્યા હોય એવું લાગે છે; કારણ કે તેઓ એમ માનતા હતા કે શ્રી ગોપીનાથજી તો શ્રી બલદેવજીનો અવતાર છે એટલે શ્રી બલદેવજીના જ સ્વરૂપમાં લીન થવા જોઈએ ને? શ્રી જગન્નાથજીના મુખમાં કેવી રીતે પ્રવેશી શકે? અને એમણે નોંધને ફેરવી તોલી! આ માત્ર મારું અંગત અનુમાન છે. વાંચકો રખેને આને કોઈ પુરાવાની વાત માની લે!

'પ્રાકટ્યસિદ્ધાંત' નામના ગ્રંથના ચોથા માંગલ્યમાં ૨૭મી ટૂકમાં આ બાબતનો ઉલ્લેખ આવે છે જે નીચે મુજબ છે.

'રાઘવદાસ જગન્નાથ ગયા, ગોપીનાથજીને સંગ,
શોક કારણ ફરીયન આવ્યા, શ્રીઅક્કાજીને પ્રસંગ.'

(૧૦) સતઘરા

મથુરામાં 'છત્તા બજાર'માં સામસામે ઘણી ગલીઓ છે. એ બજારમાં જો આપણે રાજાધિરાજ માર્ગ તરફથી પ્રવેશીએ અને હોલી ગેટ તરફ જઈએ તો જમણા હાથે 'સતઘરા' નામની ગલી આવે છે. એ ગલીમાં સતઘરા નથી, પરંતુ એની પછી જે 'તુલસી ચબૂતરા' નામની ગલી આવે છે એમાં સતઘરા છે.

શ્રી ગુસાંઈજીના પુત્રો પાસેથી સજાતીય ભટ્ટજીઓ પાસે અને ભટ્ટજીઓ પાસેથી સ્થાનિક ચતુર્વેદીઓ પાસે આ પ્રાચીન બાંધણીના મકાનોની માલિકી બદલાતી રહી છે. અમુક મકાનો જીર્ણ થઈ ગયા છે. અમુકનો જીર્ણોદ્ધાર થઈને આધુનિક રહેણાકમાં બદલાઈ ગયા છે. કોઈ છાતી ઠોકીને કહી શકતું નથી કે 'સતઘરા'ના સાત ઘરો અચૂક ક્યા છે!

ખેદની વાત એ છે કે ઊભી બજારે કોઈ એવો જાણકાર પણ નથી કે જેને સતઘરાના ઈતિહાસની ખબર હોય! પોતાના જ ગામની અને સ્થળની ગરિમાથી અનભિજ્ઞ હોવું એ સ્થાનિક પ્રજાની કેવી ઐતિહ્ય શુષ્કતા કહેવાય!

થોડીક રઝળપાટ અને ઝાઝી પૂછતાછ પછી અમે તુલસી ચબૂતરાવાળી ગલીમાં અનેક ઘરોમાંથી ઉપર-નીચે પસાર થઈને આખરે એક એવા ઘરમાં પહોંચી ગયા કે જ્યાં શ્રીનાથજી બે માસ બાવીસ દિવસ સુધી બિરાજ્યા હતા. એ ઘરમાં પ્રવેશતાં જ ડાબા હાથે એક ઓરડીને આરસપહાણથી સુંદર રીતે મઢી લેવામાં આવી છે. એમાં લાઈટ-પંખાની સુવિધા સાથે શ્રીનાથજીનું અત્યંત મનોહારી વિશાળ કદનું ચિત્રજી ચરણચોકી પર બિરાજી રહ્યું છે. સેવાનો વ્યવસ્થિત ક્રમ ચાલે છે. દ્વારની સામેની દીવાલ પર શ્રીનાથજીનો આ સ્થળે પધારવાનો ઈતિહાસ લખેલું પાટિયું જડેલું છે.

વ્રજયાત્રા કરવા માટે સૌ પહેલાં મથુરામાં શ્રી યમુનાજીના વિશ્રામઘાટે નિયમ લઈને મથુરાની અંતર્ગૃહી પરિક્રમા કરવી પડે છે. આ અંતર્ગૃહીની શરૂઆતમાં યાત્રાનાયક ગોસ્વામી મહારાજશ્રી 'સતઘરા'માં પધારે છે (મથુરાનું પોતાનું મૂળ ઘર સમજીને) અને શ્રીનાથજીને દંડવત પ્રણામ કરે છે. ત્યાર પછી યાત્રા આગળ વધે છે.

ખાસ નોંધ : અમુક વિદ્વાન સંશોધનકારે પ્રાચીન ગ્રંથોના આધારે તાજેતરમાં, થોડા જ વર્ષો પહેલાં, 'સતઘરા' અંગે એક મોટો લેખ પ્રગટ કર્યો છે અને એમાં કંઈક આશ્ચર્યકારક માહિતી) આપી છે. એ લેખનો સારાંશ નીચે મુજબ છે.

'વિ.સં. ૧૫૪૯માં શ્રી મહાપ્રભુજી શ્રીનાથજીને પ્રગટ કરવા માટે જ્યારે વ્રજમાં પધાર્યા ત્યારે સૌ પ્રથમ મથુરામાં ઉજાગર ચોબાને ઘરે બિરાજ્યા અને ત્યાર પછી શ્રી ગિરિરાજજી પર પધાર્યા અને શ્રીનાથજીનું પ્રાકટ્ય કર્યું... ત્યાર પછી આપ કાશી પધાર્યા અને અક્કાજી સાથે વિવાહ રચાવ્યો... **શ્રી ગોપીનાથજી અને શ્રી વિઠ્ઠલનાથજીના પ્રાકટ્ય પછી જ્યારે ફરીથી શ્રી વલ્લભ શ્રીનાથજીની સેવાને માટે પધાર્યા ત્યારે શ્રી મથુરાજીમાં તૈલંગ ભટ્ટ અને ચતુર્વેદી બ્રાહ્મણોની વચ્ચે, મુગલ શાસનના સમયમાં, પોતાના પરિવારને અહીં સતઘરામાં રાખીને શ્રી ગિરિરાજજી પર શ્રીનાથજીની સેવા કરતા હતા. શ્રી આચાર્યજી / શ્રી અક્કાજી અને બંને બાલકો શ્રી ગોપીનાથજી અને શ્રી ગુસાંઈજી સહિત અહીં સતઘરામાં નિવાસ કરતા હતા** તો આ શ્રી વલ્લભની નિકુંજ છે, શ્રી વલ્લભનું પોતીકું નિવાસસ્થાન છે. જ્યારે શ્રી આચાર્યચરણનો પરિવાર મોટો થયો અને શ્રી ગુસાંઈજીના વંશનો વિસ્તાર થયો ત્યારે મધ્ય પ્રદેશના ગઢા રાજ્યના રાજાની પત્ની દુર્ગાવતીએ સતઘરાના ઘરનો વિસ્તાર અને જીર્ણોદ્ધાર, સાતેય લાલજીઓને રહેવા માટે કરાવ્યો જેથી શ્રી ગુસાંઈજીનાં પરિવાર એક જ ઘરમાં નિવાસ કરે અને ૧૦૮ ગામની જે જાગીર ભેટ કરી એનાથી શ્રીઠાકોરજીની સેવા, ભોગ, રાગ, શૃંગારની વ્યવસ્થા સમર્પિત કરી. અહીં સતઘરામાં શ્રી વલ્લભાધીશના કાળથી લગભગ સો વર્ષ સુધી શ્રી વલ્લભપ્રભુના વંશજોએ નિવાસ કર્યો... જે સત્ય છે એ જ પરમાત્મા છે. એ જ જગતનો આત્મા છે. આ સાક્ષાત સત્યમૂર્તિ શ્રીમદ વલ્લભાધીશજી, શ્રીવિઠ્ઠલનાથજી છે તથા સત્ય સ્વરૂપ પરમાત્માનું ઘર સતઘરા છે. અહીંથી જ પુષ્ટિમાર્ગનો પ્રારંભ છે તેથી આ પુષ્ટિમાર્ગની જડ છે. જડ (મૂળ) હોવાને કારણે આ સ્થાન હજુ સુધી ગુપ્ત છે કારણ કે કોઈ વૃક્ષની જડ પૃથ્વીના ઉદરમાં સમાહિત રહે તેથી એ જોવામાં ન આવે. જે આ કારણથી અહીં જે બેઠક શ્રીમદ્ વલ્લભજીની અને એમના પરિવારની છે તે હજુ સુધી પ્રકાશિત ન થઈ કેમ કે જે શ્રીઠાકોરજીની નિકુંજલીલા હતી એને શ્રી શુકદેવજી મહારાજે રાજા પરીક્ષિતને અધિકારી ન જાણવાને કારણે એને નિકુંજલીલાના રસનું રસાસ્વાદન ન કરાવ્યું એ જ રીતે સતઘરા શ્રી વલ્લભજીની અંતરંગ નિકુંજ હોવાને કારણે કોઈ વૈષ્ણવ (લેખક) જે ગ્રંથ પ્રકાશિત કરે છે તેઓ સમજી ન શક્યા, તેઓ આ સ્થળને પ્રકાશમાં ન લાવી શક્યા... આ પુષ્ટિમાર્ગના મૂળ સ્થાનને વિદ્વાનો દ્વારા ભુલાઈ જવામાં આવ્યું છે. મનુષ્ય સત્ય, બ્રહ્મને ભૂલીને માયામાં પડી ગયા છે.. અહીં શ્રી આચાર્યચરણ, શ્રી ગોપીનાથજી, શ્રી ગુસાંઈજી અને સાતેય લાલજીના ઘરની ગુપ્ત મૂળ બેઠક છે... શ્રીનાથજીની ચરણ ચોકી છે...' વગેરે, વગેરે, વગેરે.

'સાતેય લાલજીઓ' નો અર્થ મારી મતિ પ્રમાણે હું એવો કરું છું કે શ્રી ગોપીનાથજીના એક લાલજી વત્તા શ્રી વિઠ્ઠલનાથજીના છ લાલજી; કારણ કે આ સમય સુધી તો શ્રી વિઠ્ઠલનાથજીના સાતમા લાલજીનું પ્રાકટ્ય જ નહોતું થયું અને જ્યારે સાતમા લાલજીનું પ્રાકટ્ય (ગોકુલમાં) થયું ત્યારે તો આપશ્રીએ સતઘરા છોડી દીધું હતું.

(૧૧) શ્રી પુરુષોત્તમજીનો લીલાપ્રવેશ ક્યારે?

શ્રી ગુસાંઈજીને શ્રીનાથજીનો ૬ માસનો વિપ્રયોગ પ્રાપ્ત થાય છે એ પ્રસંગે શ્રી પુરુષોત્તમજી ભૂતલ પર વિદ્યમાન હોય છે અને કૃષ્ણદાસ અધિકારી શ્રી પુરુષોત્તમજીનો સેવા-શૃંગાર અંગેનો હક પ્રસ્થાપિત કરે છે. જો એ પ્રસંગ વિ.સં. ૧૬૨૦ પછી એટલે કે શ્રી ગોપીનાથજીના લીલાપ્રવેશ પછી ક્યારેક, વિ.સં. ૧૬૨૫માં, બન્યો હોય તે શ્રી પુરુષોત્તમજી વિ.સં. ૧૬૦૧માં ભૂતલ ત્યાગે છે એ વાત કેવી રીતે સંભવી શકે? અને જો ૧૬૦૧માં ભૂતલ ત્યાગે છે તો એમના શોકની વરસી વાળ્યા વગર એ જ વર્ષમાં શ્રી ગોપીનાથજી સોમયાગ યજ્ઞ કેવી રીતે કરી શકે છે? વળી શ્રી પુરુષોત્તમજી તો શ્રી ગોપીનાથજીની પછીથી ભૂતલ ત્યાગશે એવી શ્રીમહાપ્રભુજીની વાણી હતી. ઉપરાંત ગ્રંથોમાં એક અન્ય ઊણપ પણ આંખને ઊડીને વળગે એવી છે. જો શ્રી પુરુષોત્તમજી ખરેખર ૩૮/૪૦ વર્ષની વયે લીલામાં પધાર્યા હોય તો એમનાં વિવાહનું શું? એ બાબતનો ઉલ્લેખ કેમ ક્યાંય નથી કરવામાં આવ્યો? જો કે એમના વિષે તો એક પણ પ્રસંગ સંપ્રદાયના ગ્રંથોમાં નથી નોંધાયો તો પછી આ એક પ્રસંગ વિષે શું રોવું!?!

'શ્રી દ્વારકાનાથજીકી પ્રાકટ્યવાર્તા'માં શ્રી પુરુષોત્તમજીની લીલાપ્રવેશની તિથિ વિ.સં. ૧૬૦૫ અષાઢ સુદ ૫ની નોંધાઈ છે!

વળી નવા ઈતિહાસકારોએ શોધ્યું છે કે શ્રી પુરુષોત્તમજી ૧૪ વર્ષની વયે તો વિ.સં. ૧૬૦૧માં જગન્નાથપુરી પધાર્યા હતા. ભોજપત્ર પરના લખાણ પરથી આ પ્રસંગ શોધાયો છે. તેથી ૧૨/૧૪/૧૮ વર્ષની વયે શ્રી પુરુષોત્તમજીના લીલાપ્રવેશની વાત બિલકુલ મેળ વગરની લાગે છે.

આ બંને પિતા પુત્રના ઉત્સવો શ્રીનાથદ્વારામાં (મુખ્ય કેંદ્રમાં) વ્યવસ્થિત રીતે મનાવાય છે. અન્ય ગૃહોમાં પણ ક્યાંક ક્યાંક શ્રી ગોપીનાથજીનો ઉત્સવ શ્રી ગુસાંઈજીના ઉત્સવવત્ જ મનાવાય છે. પરંતુ શ્રી પુરુષોત્તમજી તો સાવ ભૂલાઈ જવાયા છે. પુષ્ટિ સંપ્રદાય માટે એ ગૌરવની વાત બની રહેશે જો આખી વૈષ્ણવ સૃષ્ટિ, શ્રી વલ્લભાચાર્યજીના હાર્દને યથાયોગ્ય રીતે સમજી, આ બંને મહાનુભાવ આચાર્યોને એમની ગરિમા અને માન્યતા પ્રદાન કરશે.

(૧૨) શ્રી પાચ્યમાગારુ વહુજીનો ભૂતલત્યાગ :

શ્રી પાચ્યમાગારુના લીલાપ્રવેશ અંગે જુદી જુદી હકીકતો પ્રાપ્ત થાય છે. ક્યાંક એવો ઉલ્લેખ છે કે શ્રી પાચ્યમાગારુ વહુજી શ્રી ગોપીનાથજીના અને શ્રી પુરુષોત્તમજીના લીલા પ્રવેશ બાદ પોતાની બંને પુત્રીઓને અને ગ્રંથોને શ્રીગુસાંઈજીને સોંપીને પોતે એકલાં જ પોતાના પિતાને ત્યાં પધાર્યાં.

તો કોઈક કહે છે કે તેઓ ક્લેશ કરીને, બંને પુત્રીઓ - દરદાગીના - શ્રીમહાપ્રભુજી તેમજ શ્રીગોપીનાથજીના ગ્રંથો વગેરે લઈને પોતાના પિતાને ત્યાં પધાર્યા. ત્યાં બધા ગ્રંથો બળી ગયા. તેમણે પણ વિરહ કરીને થોડા સમયમાં દેહ ત્યાગ્યો. વહુજીના પિતાશ્રીએ આ સર્વ હકીકત શ્રીગુસાંઈજીને જણાવી. પત્ર વાંચીને શ્રી ગુસાંઈજીને બહુ ખેદ થયો. એમણે પુત્રીતુલ્ય ભત્રીજીઓને પોતાની પાસે બોલાવી લીધી.

- લેખક

■

આ ગ્રંથ તૈયાર કરવા માટેના આધાર / સહાયક ગ્રંથો / પુસ્તકોની યાદી

આ ગ્રંથમાં આલેખાયેલા પરમ પાવનકારી ઈતિહાસ માટે નિમ્નલિખિત સંદર્ભ આકરગ્રંથો/ પુસ્તકો / લેખો / પ્રવચનો વગેરેના, ક્યાંક યથાવત્ તો ક્યાંક થોડાક સંશોધન-પરિવર્ધનની સાથે, આધાર / સહાયતા / લેવામાં આવ્યા છે : (શક્ય છે ત્યાં સુધી એ સર્વ સાહિત્યની મૂળ રચના અને / અથવા પ્રકાશનના કાળક્રમાનુસાર આ યાદી ગોઠવવામાં આવી છે.)

- સાધનદીપિકા **(શ્રીમદ્ ગોપીનાથજી પ્રભુચરણ, મૂળ રચના વિ.સં. ૧૫૮૧)**
- સેવાશ્લોકાઃ (શ્રીમદ્ ગોપીનાથજી પ્રભુચરણ, મૂળ રચના વિ.સં. ૧૫૮૧)
- **સૌંદર્યપદ્ય** (શ્રીમદ્ ગોપીનાથજી પ્રભુચરણ, મૂળ રચના વિ.સં. ૧૫૮૧)
- **સહસ્ત્રકૃત / સંવાદ** (શ્રી વિઠ્ઠલનાથજી શ્રી ગુસાંઈજી, મૂળ રચના વિ.સં. ૧૬૨૫)

  (શ્રીનાથજી સાથેના ૬ માસના વિપ્રયોગના સમય દરમ્યાન શ્રી ગુસાંઈજીએ અંતરંગ સેવક દામોદરદાસ હરસાનીજી પાસેથી સાંભળેલા અને સ્વહસ્તે ગ્રંથસ્થ કરેલા વૃત્તાંતો ૧,૦૦૦ શ્લોકોમાં આલેખ્યા છે. એ 'સહસ્ત્રકૃત' નામનો ગ્રંથ અનુવાદ થયા પછી 'સંવાદ' તરીકે પ્રસિદ્ધ થયો છે. આ સંસ્કૃત ગ્રંથ સંપ્રદાયમાં અપ્રાપ્ય છે પરંતુ એની અપૂર્ણ ટીકા વ્રજભાષામાં પ્રાપ્ય છે.)
- **શ્રી વલ્લભાખ્યાન અથવા શ્રી નવાખ્યાન**

  (શ્રી ગોપાલદાસજી - સેવક ભાઈલા કોઠારીના જમાઈ, મૂળ રચના વિ.સં. ૧૬૩૭/૮)
- **સંપ્રદાયપ્રદીપ** (પંડિત શ્રી ગદાધરદાસ દ્વિવેદી, મૂળ રચના વિ.સં. ૧૬૩૦ થી ૧૬૫૦ દરમ્યાન)

  (વિદ્યા વિભાગ -- કાંકરોલી તરફથી પ્રકાશિત)
- ભગવત્તાત્વદીપિકા (પંડિત શ્રી ગદાધરદાસ દ્વિવેદી, મૂળ રચના વિ.સં. ૧૬૩૦ થી ૧૬૫૦ દરમ્યાન)
- **શ્રી યદુનાથ દિગ્વિજય** (ગો.શ્રી યદુનાથજી, મૂળ રચના વિ.સં. ૧૬૫૦ થી ૧૬૬૦ દરમ્યાન)
- **શ્રી આચાર્યજીકી વંશાવલી** (શ્રી કવિ કેશવકિશોર, મૂળ રચના વિ.સં. ૧૬૭૫ થી ૧૬૮૦)
- **શ્રી આચાર્ય મહાપ્રભુજીકી પ્રાકટ્ય-વાર્તા** (ગો. શ્રી ગોકુલનાથજી રચિત)
  (ગો. શ્રી હરિરાયજી કૃત ભાવપ્રકાશ સહિત, મૂળ રચના વિ.સં. ૧૭૩૦)
  (શ્રી દ્વારકાદાસ પરીખ દ્વારા સંપાદિત) (વિદ્યા વિભાગ - કાંકરોલી તરફથી પ્રકાશિત)
- નિજવાર્તા - ઘરુવાર્તા તથા ચૌરાસી બેઠકન કે ચરિત્ર (ગો. શ્રી ગોકુલનાથજી દ્વારા કથિત)
  (ગો. શ્રી હરિરાયજી દ્વારા સંપાદિત, મૂળ રચના વિ.સં. ૧૭૩૦)

- **ચૌરાસી - દો સો બાવન વૈષ્ણવન કી વાર્તા** (ગો. શ્રી ગોકુલનાથજી વિરચિત)
  (ગો. શ્રી હરિરાયજી પ્રણીત, મૂળ રચના વિ.સં. ૧૭૩૦)
  (મુખ્યત્વે ગો. શ્રી વ્રજભૂષણલાલજી મહારાજશ્રી તથા શ્રી દ્વારકાદાસ પરીખ દ્વારા સંપાદિત)
- **શ્રીનાથજીકી પ્રાકટ્ય વાર્તા** (ગો. શ્રી હરિરાયજી, મૂળ રચના વિ.સં. ૧૭૩૦)
  (વિદ્યા વિભાગ -- નાથદ્વારા તરફથી પ્રકાશિત)
- **અષ્ટસખાનકી વાર્તા** (ગો. શ્રી હરિરાયજી, મૂળ રચના વિ.સં. ૧૭૩૦)
  (સંપાદક : શ્રી દ્વારકાદાસ પરીખ, પ્રકાશક : શ્રી પ્રભુદયાલ મિતલ, મથુરા. વિ.સં. ૨૦૦૭)
- **સંપ્રદાયકલ્પદ્રુમ** (શ્રી વિઠ્ઠલનાથ ભટ્ટ (ઉર્ફે 'મનરંજન' કવિ), મૂળ રચના વિ.સં. ૨૦૦૭)
- **સમ્પ્રદાય પ્રદીપાલાક** ('સમ્પ્રદાય પ્રદીપ' કા ભાવાનુવાદ) (મૂળ લેખક : પંડિત શ્રી ગદાધરદાસ દ્વિવેદી, મૂળ રચના વિ.સં. ૧૬૩૦ થી ૧૬૫૦ દરમ્યાન)
  (અનુવાદક : શ્રી કણ્ઠમણિ શાસ્ત્રી) (વિદ્યા વિભાગ -- કાંકરોલી તરફથી પ્રકાશિત)
- **શ્રી વલ્લભ કલ્પદ્રુમ** (ભાગ ૧-૨) (મૂળ લેખક : પંડિત ગોપીનાથ-સુત શ્રી સરયૂદાસ, મૂળ રચના વિ.સં.) (ભાષાંતરકર્તા : શ્રી ભદ્રશંકર જયશંકર શાસ્ત્રી)
  (શ્રી શુદ્ધાદ્વૈત સંસદ કાર્યાલય -- અમદાવાદ તરફથી પ્રકાશિત)
- **વલ્લભ વંશાવલી** (શ્રી કવિ જગતાનંદ, મૂળ રચના વિ.સં. ૧૭૮૧)
- **શ્રી ભક્તિનિકુંજ**
- **મૂલપુરુષ** (ગો. શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી, મૂળ રચના વિ.સં. ૧૮૦૦ પછીથી)
- **કાંકરોલી કા ઈતિહાસ** (શ્રી કંઠમણિ શાસ્ત્રી, વિ.સં. ૧૯૯૪ / ૯૬)
  (વિદ્યા વિભાગ -- કાંકરોલી તરફથી પ્રકાશિત)
- **અષ્ટછાપ-પરિચય** (બ્રજસાહિત્યમાલા, સંપાદક : શ્રી પ્રભુદયાલ મીતલ, મથુરા, વિ.સં. ૨૦૦૬)
- **શ્રી દ્વારકાનાથજીકી પ્રાકટ્ય વાર્તા ઔર અમરેલી ઘરકા ઈતિહાસ**
  (શ્રી દ્વારકાદાસ પરીખ, વિ.સં. ૨૦૨૩)
- **આચાર્ય શ્રી વલ્લભાચાર્યજી તથા આપશ્રી કે વંશજોં કી જગદીશજી કી યાત્રાએં**
  (શ્રી બાલકૃષ્ણ શુદ્ધાદ્વૈત મહાસભા, સૂરત, વિ.સં. ૨૦૨૯)

(આ પુસ્તકમાં ઉડિયા લિપિમાં લખેલા ૪૫૦ વર્ષ પ્રાચીન એ તાડપત્રોનું હિંદી-અંગ્રેજીમાં ભાષાનુવાદ સહિત પ્રકાશન કરવામાં આવ્યું છે કે જેમાં મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્ય, શ્રી ગોપીનાથ પ્રભુચરણ, શ્રી પુરુષોત્તમજી અને શ્રી વિઠ્ઠલનાથજી શ્રી ગુસાંઈજીની જગદીશ યાત્રાના વૃત્તાંતો અંકિત છે. એને ઉડિયા ભાષામાં 'મદલાપંજી' કહેવામાં આવે છે. આ પંજીકા ત્યાંના ગજપતિ રાજાના આદેશથી લખવામાં આવતી 'મુલાકાતીઓ અંગેની નોંધપોથી' છે. આમાં તત્કાલીન રાજાના રાજ્યશાસનના વર્ષનો તથા ક્યાંક ક્યાં શકાબ્દનો પણ ઉલ્લેખ

કરવામાં આવ્યો છે. સાથે સાથે તત્કાલીન પ્રસિદ્ધ મુલાકાતી સંત-મહંત અને આચાર્યોનો પણ ઉલ્લેખ એમાં પ્રાપ્ત થાય છે.

- જીવનદર્શન (શ્રી પ્રેમાલાલ મેવચા, પોરબંદર, વિ.સં. ૨૦૨૯)
- વૈષ્ણવ ધર્મનો સંક્ષિપ્ત ઈતિહાસ (શ્રી દુર્ગાશંકર શાસ્ત્રી)
- પુષ્ટિમાર્ગનો ઈતિહાસ (શ્રી વસંતરામ શાસ્ત્રી)
- શ્રી ગોપીનાથજી પર પ્રવચન -- પૂ. પા. ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજશ્રી (સૂરત)
- શ્રી વલ્લભાખ્યાન પર ટીકા -- પૂ. પા. ગો. શ્રી જીવણલાલજી મહારાજશ્રી (મુંબઈ)
- શ્રી ગોપીનાથજી (શ્રી ડૉ. ચીમનલાલ વૈદ્ય, મોડાસા)
- શ્રી ગોપીનાથજી (શ્રી રમેશભાઈ પરીખ, મહેસાણા)
- શ્રીમદ ગોપીનાથજી પ્રભુચરણ વિરચિત સાધનદીપિકા (પ્રથમ આવૃત્તિ, ઈ.સ. ૧૯૯૫)
  (અનુવાદક - સંપાદક : પ્રા. શ્રી ભગવત્પ્રસાદ પનાલાલ પંડ્યા (વડોદરા)
- શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજી
- શ્રીમદાચાર્ય શ્રી ગોપીનાથજી -- લેખ
  (પૂ. પા. ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી, કાંકરોલી)
  'વલ્લભીયસુધા' માસિક (સૂરત) એપ્રિલ ૨૦૦૧ના અંકમાં પ્રકાશિત)
- આપણા જ આચાર્ય શ્રીગોપીનાથજી (બીજી આવૃત્તિ, ઈ.સ. ૨૦૦૩)
  (સંકલન - લેખન : ડૉ. પીયૂષ પરીખ, ભરૂચ)
- શ્રીગોપીનાથ પ્રભુ ચરણ (શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ દ્વારા પ્રકાશિત, વિ.સં. ૨૦૬૦)
  (સંપાદક : ગોસ્વામી શ્રી શરદ કુમારજી)
- કીર્તન કુસુમાકર - શ્રી ગોપીનાથજી વધાઈઓ
  (મોટું મંદિર, સૂરત દ્વારા પ્રકાશિત)

આ ઉપરાંત અન્ય અનેક ગ્રંથો, સામાયિકો, લેખો, કથાઓ, વચનામૃતો, પ્રવચનો, જ્ઞાનગોષ્ઠિઓ, ચર્ચાઓ, અંગત નોંધો તથા સંગ્રહીત હસ્તાક્ષરોએ પણ આ ગ્રંથના સાહિત્યને ઉપસાવવામાં નાનો મોટો ટેકો આપ્યો છે. આ સર્વ મહાનુભાવ ગ્રંથકર્તાઓ, રચનાકારો, સાહિત્યકારો, લેખકો, સંશોધકો, સંપાદકો, મર્મજ્ઞો, કથાકારો, પ્રવચનકારો, વિદ્વાનો તથા પ્રકાશકો પ્રતિ હાર્દિક કૃતજ્ઞતા વ્યક્ત કરી અંતઃકરણપૂર્વક આભાર માનવામાં આવે છે.

- લેખક

■

॥ શ્રીગોપીજનવલ્લભાય નમઃ ॥

॥ શ્રી અસ્મદીયાચાર્ય શ્રીગોપીનાથચરણવર સ્તવનમ્ ॥

(છંદ - અનુષ્ટુભ્ - અનુષ્ટુપ)

આશ્વિને કૃષ્ણપક્ષે તુ દ્વાદશ્યાં વલ્લભગૃહે ।
અડેલે ગોપીનાથસ્ય પ્રાકટ્યં મંગલપ્રદમ્ ॥૧॥

શબ્દાર્થ : **અડેલે** = અડેલ ગામમાં; **વલ્લભગૃહે** = શ્રીવલ્લભાચાર્યજીના ઘરમાં; **આશ્વિને** = આસો માસ(ના); **કૃષ્ણપક્ષે** = વદ પક્ષ(ની); **દ્વાદશ્યાં** = બારસે; **ગોપીનાથસ્ય**= શ્રી ગોપીનાથજીનું; **મંગલપ્રદં** = મંગલકારી; **પ્રાકટ્યં** = પ્રાકટ્ય થયું;

ભાવાર્થ : અડેલ ગામમાં શ્રીવલ્લભાચાર્યજીના ઘરમાં આસો માસ (વ્રજ માસ પ્રમાણે)ના વદ પક્ષની બારસે શ્રીગોપીનાથજીનું મંગલકારી પ્રાકટ્ય થયું છે. (૧)

શ્રીમદ્વલ્લભવંશે તુ શ્રીપુરુષોત્તમઃ સ્વયમ્ ।
સ્વાભિધાનસાર્થકતા સ્વકીયાચાર્યઃ વસ્તુતઃ ॥૨॥

શબ્દાર્થ : **શ્રીમદ્ વલ્લભવંશે** = શ્રીવલ્લભાચાર્યજીના કુળમાં; (તુ-તો); **સ્વયં** = (આપશ્રી) સ્વયં; **શ્રીપુરુષોત્તમઃ** = શ્રીપુરુષોત્તમ સ્વરૂપ છે; **સ્વાભિધાન** = નિજ (પોતાનું) નામ; **સાર્થકતા** = સાર્થક કરનારા છે; **વસ્તુતઃ** = ખરેખર તો; **સ્વકીયાચાર્યઃ**= આપણા પોતાના જ આચાર્ય છે;

ભાવાર્થ : શ્રીમદ્વલ્લભાચાર્યજીના કુળમાં આપશ્રી સ્વયં શ્રીપુરુષોત્તમ સ્વરૂપ, નિજ (પોતાનું) નામ સાર્થક કરનારા, ખરેખર તો અમારા પોતાના જ આચાર્ય છો. (૨)

સર્વજનસુખદાતા સ્વકીયભાગ્યવર્ધનઃ ।
વલ્લભજયેષ્ઠપુત્રશ્ચ બલદેવરૂપસ્તથા ॥૩॥

શબ્દાર્થ : **સર્વજનસુખદાતા** = સર્વ નિજજનોને સુખ દેનારા; **સ્વકીયભાગ્યવર્ધનઃ** = નિજજનોનાં ભાગ્યમાં વૃદ્ધિ કરનારા; **વલ્લભજયેષ્ઠપુત્રઃ(ચ)** = શ્રીવલ્લભાચાર્યજીના જયેષ્ઠ પુત્ર; **ચ તથા** = તેમજ; **બલદેવરૂપઃ** = શ્રીબલદેવજી સ્વરૂપ (છો);

ભાવાર્થ : સર્વ નિજજનોને સુખ દેનારા, નિજજનોનાં ભાગ્યમાં વૃદ્ધિ કરનારા, શ્રીવલ્લભાચાર્યજીના જયેષ્ઠ પુત્ર (સાક્ષાત્) બલદેવ સ્વરૂપ છો. (૩)

શ્રીવલ્લભજ્ઞાનત્યાગ-પ્રભાવસુપ્રતિકૃતિઃ ।
મહાલક્ષ્મીક્રોડલાલિતો દૈવ્યાનંદપ્રદાયકઃ ॥૪॥

શબ્દાર્થ : **શ્રીવલ્લભજ્ઞાનત્યાગ** = શ્રીવલ્લભાચાર્યજીના જ્ઞાન અને ત્યાગનો; **પ્રભાવ** = પ્રભાવ; (આપશ્રીમાં છે જેની) **સુપ્રતિકૃતિ** = પ્રતિકૃતિરૂપે (આપશ્રીમાં દષ્ટિગોચર થાય છે); **મહાલક્ષ્મી** = શ્રીમહાલક્ષ્મીજીની; **ક્રોડ** = ગોદમાં; **લાલિતઃ** = (સારી રીતે) લાલન પાલન (પામેલા છો); **દૈવી આનંદ** = દૈવી જીવોને; **આનંદ** = આનંદ; **પ્રદાયકઃ** = આપનારા છો;

ભાવાર્થ : શ્રીવલ્લભાચાર્યજીના જ્ઞાન અને ત્યાગનો પ્રભાવ આપશ્રીમાં છે જેની પ્રતિકૃતિ રૂપે આપશ્રીમાં તે દષ્ટિગોચર થાય છે (દેખાય છે); શ્રીમહાલક્ષ્મીજીની ગોદમાં આપશ્રી સારી રીતે લાલન પાલન પામેલા છો; (તેમજ) દૈવીજીવોને આનંદ આપનારા છો. (૪)

અડેલયશકર્તા ચ શ્રીઅડેલસનાથકૃત ।
અડેલે મોદપ્રાકટ્યશ્ચરણાટેમુદાકરઃ ॥૫॥

શબ્દાર્થ : **અડેલયશકર્તા** = શ્રી અડેલનો યશ કરનારા (વધારનારા); **ચ** = અને; **શ્રીઅડેલસનાથકૃત** = શ્રી અડેલને સનાથ કરનારા; **અડેલે** = અડેલમાં; (જે) **મોદપ્રાકટ્યઃ**= આનંદ પ્રકટ્યો; (ચ - અને) (તે) **ચરણાટે** = ચરણાટમાં; **મુદાકરઃ** = આનંદ કરાવનાર (વૃષ્ટિરૂપે) પ્રકટ થયો);

ભાવાર્થ : આપશ્રી શ્રી અડેલનો યશ વધારનારા તથા શ્રી અડેલને સનાથ કરનારા છો; અડેલમાં જે આનંદ પ્રકટ્યો તે ચરણાટમાં આનંદ કરાવનાર વૃષ્ટિ સ્વરૂપે વરસ્યો. (૫)

શ્રીવેદપ્રતિપાદિત - પુષ્ટિમાર્ગપ્રચારકૃત્ ।
માસાશ્વિનધન્યકર્તા વિદ્યાધ્યયનતત્પરઃ ॥૬॥

શબ્દાર્થ : **શ્રીવેદપ્રતિપ્રાદિત** = શ્રીવેદો દ્વારા (સમર્થન) પ્રતિપાદિત; **પુષ્ટિમાર્ગ** = પુષ્ટિમાર્ગનો; **પ્રચારકૃત્** = પ્રચાર કરનારા; **માસ અશ્વિન** = આસો માસને; **ધન્યકર્તા** = ધન્ય કરનારા; **વિદ્યા અધ્યયન તત્પરઃ** = વિદ્યાભ્યાસ માટે ઉત્સુક;

ભાવાર્થ : આપશ્રી વેદોદ્વારા સમર્થન પામેલા પુષ્ટિમાર્ગનો પ્રચાર કરનારા, આસો માસને ધન્ય કરનારા, તથા વિદ્યાભ્યાસ માટે ઉત્સુક છો. (૬)

સ્વાધ્યાયપરિનિષ્ઠિતઃ સેવાસ્મરણ-ઉત્સુકઃ ।
શ્રીશાંકરપીઠાચાર્ય - વિદ્યાગુરુશ્રીમાધવઃ ॥૭॥

શબ્દાર્થ : **શ્રીશાંકરપીઠાચાર્ય** = શ્રીશંકરાચાર્યજીની પીઠના વિદ્વાન આચાર્ય; **શ્રીમાધવઃ** = શ્રીમાધવ (સરસ્વતી); (આપના) **વિદ્યાગુરુ** = વિદ્યાગુરુ હતા; **સ્વાધ્યાય** = નિયમિત સ્વાધ્યાયમાં; **પરિનિષ્ઠિતઃ** = પરમ નિષ્ઠાવાળા; **સેવાસ્મરણ** = સેવા અને સ્મરણ માટે; (સદા) **ઉત્સુકઃ** = ઉત્સુક;

ભાવાર્થ : શ્રીશાંકરપીઠના વિદ્વાન આચાર્ય શ્રીમાધવસરસ્વતી આપના વિદ્યાગુરુ હતા; આપ સ્વાધ્યાયમાં પરમ નિષ્ઠાવાન તથા સેવા અને સ્મરણ માટે સદા તત્પર છો.(૭)

અતિદીર્ઘ પ્રયાસેન - અણુભાષ્યાદિપાઠકઃ ।
દ્વારકાધીશસ્વરૂપેતુ પરમ - અનુરાગયુત્ ॥૭॥

શબ્દાર્થ : **અતિદીર્ઘ** = ખૂબ લાંબા સમયના; **પ્રયાસેન** = પ્રયત્નોથી; **અણુભાષ્યાદિ** = અણુભાષ્ય વગેરે આકર ગ્રંથોનો; **પાઠકઃ** = એક વિદ્યાર્થીની જેમ અભ્યાસ કરનારા; **દ્વારકાધીશ સ્વરૂપે(તુ)** = શ્રી દ્વારકાધીશ પ્રભુના સ્વરૂપમાં; **પરમ** = અત્યંત; **અનુરાગયુત્** = અનુરાગયુક્ત (છો);

ભાવાર્થ : ખૂબ લાંબા સમયના પ્રયત્નોથી અણુભાષ્ય વગેરે આકર ગ્રંથોનો એક વિદ્યાર્થીની જેમ અભ્યાસ કરનારા; શ્રીદ્વારકાધીશ પ્રભુના સ્વરૂપમાં અત્યંત અનુરાગયુક્ત (છો.)(૮)

શાસ્ત્ર-આજ્ઞાપાલકશ્ચ શીઘ્રાશુકવિરુત્તમઃ ।
સેવારસસંયુતશ્ચ સંયમયુતજીવનમ્ ॥૯॥

શબ્દાર્થ : **શાસ્ત્ર-આજ્ઞા** = શાસ્ત્રોની આજ્ઞાઓનું; **પાલક:** = પાલન કરનારા; **ચ** = અને; **શીઘ્ર** = શીઘ્રતાથી; **આશુ** = તરતજ (instant); (કાવ્ય રચનારા); **ઉત્તમ:** = ઉત્તમ; **કવિ:** = કવિ; **સેવારસ** = સેવા રસથી; **સંયુત:** = યુક્ત (સેવામાં રસ ધરાવનારા); **સંયમયુત** = સંયમયુક્ત (સંયમપૂર્ણ); **જીવનમ્** = જીવન (આપશ્રીનું હતું);

ભાવાર્થ : શાસ્ત્રોની આજ્ઞાઓનું પાલન કરનારા, શીઘ્રતાથી તરતજ કાવ્ય રચનારા ઉત્તમ કવિ, સેવામાં રસ ધરાવનારા, અને સંયમપૂર્ણ જીવનવાળા આપ (છો.)(૯)

અષ્ટાદશવર્ષપ્રાપ્તે પાયમ્મયા વિવાહકૃત્ ।
શ્રીપુરુષોત્તમ - લક્ષ્મી, સત્યભામાપિતાપ્રિય: ॥૧૦॥

શબ્દાર્થ : **અષ્ટાદશ** = અઢાર; **વર્ષપ્રાપ્તે** = વર્ષની વયના આપશ્રીએ; (આપશ્રી અઢારવર્ષના થયા ત્યારે); **પાયમ્મયા** = શ્રીપાયમ્માજી સાથે; **વિવાહકૃત્** = આપશ્રીનાં લગ્ન થયાં; **શ્રીપુરુષોત્તમ** = (આપશ્રીના પુત્ર) શ્રીપુરુષોત્તમજી; (તથા) (આપશ્રીનાં બેટીજી) **લક્ષ્મી સત્યભામા** - શ્રીલક્ષ્મી બેટીજી તથા સત્યભામા બેટીજીના; **પ્રિય: પિતા** = પ્રિય પિતાશ્રી આપ છો.

ભાવાર્થ : આપશ્રી અઢાર વર્ષના થયા ત્યારે શ્રીપાયમ્માજી સાથે આપશ્રીનાં લગ્ન થયાં; લાલજી શ્રીપુરુષોત્તમજી તથા બેટીજી શ્રીલક્ષ્મીજી તથા શ્રીસત્યભામાજીના આપશ્રી પ્રિય પિતા છો.(૧૦)

સર્વજનસંકટઘ્નસામર્થ્યસંયુત: સદા ।
સર્વેષાં દુ:ખહર્તા ચ નિર્દંભશ્ચ કૃપાર્ણવ: ॥૧૧॥

શબ્દાર્થ : **સર્વજન** = સર્વે (નિજ) જનોનાં; **સંકટઘ્ન** = સંકટ દૂર કરવાનું; **સામ્થર્ય** = સામર્થ્ય, શક્તિ; **સંયુત:** = યુક્ત (સામર્થ્યવાળા); (સદા-સદા); **સર્વેષાં** = સર્વનાં (નિજજનોનાં); **દુ:ખહર્તા** = દુ:ખ હરનારા; **નિર્દંભ:** = દંભરહિત; **કૃપાર્ણવ:** = કૃપાના સાગર;

ભાવાર્થ : આપશ્રી સદા સર્વ (નિજ)જનોનાં સંકટ દૂર કરવાના સામર્થ્યવાળા, સર્વ (નિજજનોનાં) દુ:ખ હરનારા, દંભરહિત તથા કૃપાના સાગર છો. (૧૧)

ભાગવતતત્ત્વજ્ઞાતા સાત્ત્વિકશ્ચ ઋષિસમ: ।
સાધનદીપિકાગ્રંથ - વૈષ્ણવમાર્ગદર્શક: ॥૧૨॥

શબ્દાર્થ : **ભાગવતતત્ત્વજ્ઞાતા** = શ્રીમદ્ ભાગવતના તત્ત્વને જાણનારા; **સાત્ત્વિક:** = સાત્ત્વિક વૃત્તિવાળા; **ઋષિસમ:** = ઋષિ સમાન (જીવન જીવનારા); **સાધનદીપિકાગ્રંથ** = સાધનદીપિકા નામનો ગ્રંથ રચીને; **વૈષ્ણવમાર્ગદર્શક:** = વૈષ્ણવોને માર્ગદર્શન આપનારા છો;

ભાવાર્થ : આપશ્રી શ્રીમદ્ ભાગવતના તત્ત્વને જાણનારા, સાત્ત્વિક વૃત્તિવાળા, ઋષિ સમાન (જીવન જીવનારા), તથા સાધનદીપિકા નામનો ગ્રંથ રચીને વૈષ્ણવોને ઉચિત માર્ગદર્શન આપનારા છો.(૧૨)

સેવાસંધ્યાજપહોમ પ્રણાલિકાપ્રદર્શક: ।
વિચક્ષણ: કાંતિયુક્તો વિદ્યારસપરાયણ: ॥૧૩॥

શબ્દાર્થ : **સેવાસંધ્યાજપહોમ** = પ્રભુસેવા, સંધ્યાવંદન, જપ અને હોમ જેવાં નિત્યકર્મ

કેવી રીતે કરવાં; **પ્રણાલિકા** = તેની પદ્ધતિ; **પ્રદર્શક** = અંગે માર્ગદર્શન આપનારા; **વિચક્ષણ** = નિપુણ વિદ્વાન; **કાંતિયુક્ત:** = તેજસ્વી; **વિદ્યા રસપરાયણ** = વિદ્યારૂપી રસમાં ખૂબ જ તત્પર;

ભાવાર્થ : પ્રભુસેવા, સંધ્યાવંદન, જપ અને હોમ જેવાં નિત્યકર્મ કેવી રીતે કરવાં તેની પદ્ધતિ (રીતિ) અંગે માર્ગદર્શન આપનારા, નિપુણ વિદ્વાન, તેજસ્વી તથા વિદ્યારૂપી રસમાં ખૂબ જ તત્પર છો. (૧૩)

લઘુભ્રાતા સુખદાતા સૌંદર્યપદકારક: ।
પરિવારાગ્રજદૃઢ: શ્રીપૂર્ણપુરુષોત્તમસ્તથા ॥૧૪॥

શબ્દાર્થ : **લઘુભ્રાતા** = નાના ભ્રાતા (શ્રીગુસાંઈજી)ને; **સુખદાતા** = સુખ આપનારા; **સૌંદર્યપદકારક:** = (કેટલાક વિદ્વાનોના કહેવા મુજબ) સૌંદર્ય પદ (શ્લોક) રચનારા આપશ્રી જ છે; **પરિવાર અગ્રજ દૃઢ:** = પરિવારના દૃઢ વડીલ; **શ્રીપૂર્ણપુરુષોત્તમ: તથા** = તેમ જ શ્રીપૂર્ણપુરુષોત્તમ સ્વરૂપ છો.;

ભાવાર્થ : નાના ભ્રાતા (શ્રીગુસાંઈજીને) સુખ આપનારા, કેટલાક વિદ્વાનોના માનવા પ્રમાણે સૌંદર્યપદની રચના કરનારા, પરિવારના દૃઢ વડીલ તથા શ્રીપૂર્ણપુરુષોત્તમ સ્વરૂપ છો. (૧૪)

ભ્રાતૃપ્રેમાદ્ભુતયુતો વૈદિકાચારગામિન: ।
હરિસેવાપ્રણાલિકા - સુવ્યવસ્થિતકારક: ॥૧૫॥

શબ્દાર્થ : **ભ્રાતૃપ્રેમાદ્ભુતયુત:** = અદ્ભુત ભ્રાતૃપ્રેમ ધરાવનારા; **વૈદિકાચારગામિન:** = વેદમાં કહ્યા પ્રમાણેના આચાર (વર્તન) મુજબ અનુસરનારા; **હરિસેવાપ્રણાલિકા** = શ્રીઠાકોરજીની સેવા કરવાની (માર્ગીય) રીતને; **સુવ્યવસ્થિતકારક:** = સુવ્યવસ્થિત કરનારા;

ભાવાર્થ : આપશ્રી અદ્ભુત ભ્રાતૃપ્રેમ ધરાવનારા, વેદમાં કહ્યા પ્રમાણેના આચાર મુજબ અનુસરનારા, શ્રીઠાકોરજીની સેવા કરવાની માર્ગીય રીતને સુવ્યવસ્થિત કરનારા છો.(૧૫)

'સેવાશ્લોકા' ગ્રંથકર્તા ભાવલીલાનિરૂપક: ।
કૃષ્ણ ભક્તિ પ્રચારાર્થ - દેશપરિક્રમાકર: ॥૧૬॥

શબ્દાર્થ : **'સેવાશ્લોકા' ગ્રંથકર્તા** = સેવાશ્લોકો નામના ગ્રંથના કર્તા; **ભાવલીલાનિરૂપક:** = સેવાના વિવિધ ભાવ અને લીલાઓનું નિરૂપણ કરનારા; **કૃષ્ણભક્તિપ્રચારાર્થ** = શ્રીકૃષ્ણ ભક્તિના પ્રચાર માટે; **દેશપરિક્રમાકર:** = દેશની પરિક્રમા કરનારા;

ભાવાર્થ : 'સેવાશ્લોકા' નામના ગ્રંથના કર્તા, સેવાના વિવિધ ભાવ અને લીલાઓનું નિરૂપણ કરનારા, શ્રીકૃષ્ણભક્તિના પ્રચાર માટે દેશ (ભારત)ની પરિક્રમા કરનારા છો.(૧૬)

વૈરાગ્યસંયુતાચાર્યો દ્રવ્યાસક્તિપરિહૃત: ।
લક્ષરૂપકોપહાર પરિત્યજ્ય સમર્પિત: ॥૧૭॥

શબ્દાર્થ : **વૈરાગ્યસંયુતાચાર્ય:** = વૈરાગ્યયુક્ત આચાર્ય; **દ્રવ્યાસક્તિપરિહૃત:** = દ્રવ્યની આસક્તિનો પરિહાર (ત્યાગ) કરનારા; **લક્ષરૂપકોપહાર** = (ભારતની પરિક્રમા

કરતાં) મળેલી લાખ રૂપિયાની ભેટ; **પરિત્યજ્ય** = જતી કરીને; **સમર્પિતઃ** = (શ્રીગોવર્ધનનાથજીને) ભેટ સ્વરૂપે (વસ્ત્ર, આભૂષણ સિદ્ધ કરાવી) સમર્પણ કરનારા;

ભાવાર્થ : આપશ્રી વૈરાગ્યયુક્ત આચાર્ય, દ્રવ્યાસક્તિ ત્યજનારા, દેશપરિક્રમા કરતાં મળેલી (તે જમાનાના) લાખ રૂપિયાની ભેટ શ્રીગોવર્ધનનાથજીને ભેટ સ્વરૂપે (વસ્ત્ર, આભૂષણ વગેરે સિદ્ધ કરાવી) સમર્પણ કરનારા છો.(૧૭)

નાનારજતસુવર્ણ - પાત્રાભૂષણકારકઃ ।
શ્રીગોપાલમંત્રપૂરશ્ચરણપૂર્ણસાધિતઃ ॥૧૮॥

શબ્દાર્થ : નાના = વિવિધ, અનેક પ્રકારના; **રજત** = ચાંદીના; (તથા) **સુવર્ણ** = સુવર્ણ (સોના)નાં; **પાત્ર** = વાસણો; (તથા) **આભૂષણ** = અલંકારો; **કારકઃ** = શ્રીગોવર્ધનનાથજી માટે કરાવનારા; **શ્રીગોપાલમંત્ર** = શ્રીગોપાલમંત્રનું; **પૂરશ્ચરણ** = (પૂરશ્ચરણ એટલે કોઈ એક મંત્રના તે વ્રતના નિયમ પ્રમાણે સવા કરોડ (નિયત સમયમાં) મંત્રનો જાપ કરવો) પૂરશ્ચરણ; **પૂર્ણ** = સંપૂર્ણ રીતે; **સાધિતઃ** = સિદ્ધ કર્યું;

ભાવાર્થ : અનેક પ્રકારના ચાંદીના તથા સોનાનાં વાસણો તથા અલંકારો શ્રીગોવર્ધનનાથજી માટે કરાવનારા, શ્રીગોપાલમંત્રનું પૂરશ્ચરણ સંપૂર્ણરૂપે સિદ્ધ કરનારા છો. (૧૮)

મનોવાગ્બુક્કીજગન્નાથોદ્ગારકારકઃ સદા ।
શ્રીઠક્કુરજગન્નાથસ્વરૂપે તુ પ્રવેશકૃત્ ॥૧૯॥

શબ્દાર્થ : મનઃ વાક્ બુક્કી = મન, વાણી અને હૃદયથી; **સદા** = સદા; **જગન્નાથ** = શ્રીજગન્નાથ પ્રભુના નામના; **ઉદ્ગાર** = ઉદ્ગાર; **કારકઃ** = કરનારા; **શ્રીઠક્કુરજગન્નાથ** = શ્રી જગન્નાથ ઠાકોરજીના; **સ્વરૂપે (તુ)** = સ્વરૂપમાં; **પ્રવેશકૃત્** = પ્રવેશ કરનારા છો.

ભાવાર્થ : મન, વાણી અને હૃદયથી સદા સર્વદા શ્રીજગન્નાથ પ્રભુના નામનો ઉદ્ગાર કરનારા, (અને અંતે) શ્રી જગન્નાથ ઠાકોરજીના સ્વરૂપમાં પ્રવેશ કરનારા (પ્રભુ સ્વરૂપમાં વિલીન થનારા) છો. (૧૯)

કૂપાત્ મદનમોહનસ્વરૂપસેવ્યકારિતઃ ।
દ્વારકાયાં હરિસેવા - ભક્તિપોષણપ્રાપકઃ ॥૨૦॥

શબ્દાર્થ : કૂપાત્ = (અમદાવાદમાં આપશ્રીનો મુકામ સાચોરા ભક્તની ઘરવાડીમાં હતો ત્યારે નજીકના કૂવામાં શ્રીમદનમોહનપ્રભુજીનું સ્વરૂપ બિરાજે છે એવું આપને સ્વપ્ન આવતાં) કૂવામાંથી; **શ્રીમદનમોહનસ્વરૂપ** = શ્રીમદનમોહનપ્રભુનું સ્વરૂપ બહાર પધરાવી આપશ્રીએ; **સેવ્યકારિતઃ** = સેવ્ય કરીને મોટો ઉત્સવ મનાવ્યો; **દ્વારકાયાં** = આપશ્રી દ્વારકા પધાર્યા ત્યારે દ્વારકામાં; **હરિસેવા** = શ્રીદ્વારકાધીશની સેવા કરવા લાગ્યા, આથી; **ભક્તિપોષણ** = આપશ્રીની ભક્તિને ખૂબ જ પોષણ; **પ્રાપકઃ** = પ્રાપ્ત થયું (મળ્યું);

ભાવાર્થ : (અમદાવાદમાં) (એક) કૂવામાંથી શ્રીમદનમોહનપ્રભુનું સ્વરૂપ બહાર પધરાવી, તેને સેવ્ય કરીને મોટો ઉત્સવ મનાવનારા તેમજ દ્વારકા પધાર્યા ત્યારે હરિસેવાથી જેમની ભક્તિને ખૂબ જ પોષણ પ્રાપ્ત થયું એવા આપ છો. (૨૦)

દેવીદાસ-ઉપાધ્યાય-પુરોહિતસ્વીકારકૃત્ ।
જગન્નાથપ્રિયસ્થાનઃ સોમયાગસ્ય કારકઃ ॥૨૧॥

શબ્દાર્થ : દેવીદાસ ઉપાધ્યાય = (કાશીમાં) દેવીદાસ ઉપાધ્યાય (નામના એક વિપ્ર)ને; **પુરોહિત સ્વીકારકૃત્** = પુરોહિત તરીકે સ્વીકાર કર્યાનો પત્ર લખી આપ્યો હતો; **જગન્નાથપ્રિયસ્થાનઃ** = (જેવી રીતે શ્રીમહાપ્રભુજી 'પ્રિયવ્રજસ્થિતિઃ' વ્રજમાં નિવાસ કરવો પ્રિય લાગતો હતો તેવી રીતે) આપશ્રીનું જગન્નાથપુરી પ્રિય સ્થાન હતું; **સોમયાગસ્ય કારકઃ** = આપશ્રીએ સોમયાગ કર્યો હતો;

ભાવાર્થ : કાશીમાં દેવીદાસ ઉપાધ્યાયનો પુરોહિત તરીકે સ્વીકાર કરનારા, શ્રી જગન્નાથપુરી જેમનું પ્રિયસ્થાન હતું તેવા, તેમજ સોમયાગ કરનારા છો.(૨૧)

સર્વગુણપરિપૂર્ણો વિષ્ણુયાગસ્ય કારકઃ ।
ગુપ્તલીલારસભાવ સંયુતશ્ચ તમોપહઃ ॥૨૨॥

શબ્દાર્થ : સર્વગુણપરિપૂર્ણઃ = સર્વસદ્ગુણોથી પરિપૂર્ણ; **વિષ્ણુયાગસ્યકારકઃ** = વિષ્ણુયાગ કરનારા; **ગુપ્તલીલારસભાવસંયુતઃ** = ભગવલ્લીલા અને ભગવદ્રસનો ભાવ ગુપ્ત રીતે જેમનામાં બિરાજે છે તેવા; **તમઃ** = અજ્ઞાનરૂપી અંધકારને; **અપહઃ** = દૂર કરનારા છો.

ભાવાર્થ : સર્વ સદ્ગુણોથી પરિપૂર્ણ, વિષ્ણુયાગ કરનારા, ભગવલ્લીલા અને ભગવદ્રસનો ભાવ જેમનામાં ગુપ્ત રીતે બિરાજે છે તેવા અને અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરનારા છો. (૨૨)

શાલિગ્રામહરિઃ સાક્ષાદ્ ભગવદ્રૂપમેવ હિ ।
અનુચરવાસુદેવ - છકડા - ઉપદેશકઃ ॥૨૩॥

શબ્દાર્થ : શાલિગ્રામઃ = શ્રીશાલિગ્રામજી; **હરિઃ** = હરિ; **સાક્ષાત્** = સાક્ષાત્; **ભગવત્ રૂપં એવ** = ભગવાનનું જ સ્વરૂપ; **હિ** = ખરેખર છે; **અનુચર**= (પોતાના) અનુયાયી સેવક; **વાસુદેવ છકડા** = વાસુદેવ છકડાને; **ઉપદેશકઃ** = ઉપદેશ આપનારા;

ભાવાર્થ : શ્રીશાલિગ્રામજી હરિ ખરેખર સાક્ષાત્ ભગવાનનું જ સ્વરૂપ છે, એવો પોતાના અનુયાયી સેવક વાસુદેવ છકડાને ઉપદેશ આપનારા આપ છો.(૨૩)

વિપ્રવંશમહારાજઃ પ્રેમપ્રચુરઃ પૃથુધીઃ ।
સેવાસાંગોપાંગવિધિ - સેવાભાવનદર્શકઃ ॥૨૪॥

શબ્દાર્થ : વિપ્રવંશ મહારાજ = એક હરિદાસ નામના ભક્ત કવિના મત (પ્રમાણે) આપશ્રી વિપ્ર (બ્રાહ્મણ) વંશના મહારાજા છો, **પ્રેમપ્રચુરઃ** = (ભગવત્) પ્રેમરસ આપશ્રીમાં પુષ્કળ હતો; **પૃથુધીઃ** = (પૃથુ - ઉદાર, ધી - બુદ્ધિ, મન) ઉદાર બુદ્ધિવાળા; **સેવાસાંગોપાંગવિધિ** = સેવાનો સંપૂર્ણ વિધિ; (તથા) **સેવાભાવન** = સેવા ભાવનાનું માર્ગદર્શન કરનારા;

ભાવાર્થ : આપશ્રી વિપ્ર (બ્રાહ્મણ) વંશના મહારાજા, ભગવત્ પ્રેમ રસ જેમનામાં પુષ્કળ છલકાઈ રહ્યો છે તેવા, ઉદાર બુદ્ધિવાળા તથા સેવાનો સંપૂર્ણ વિધિ તથા સેવા ભાવના વિશે માર્ગદર્શન કરનારા છો. (૨૪)

શ્રીવલ્લભહાર્દવેત્તા ગૂઢભાવપ્રકાશક: ।
પિતૃચરણસકલ - સેવકાદરસંયુત: ।।૨૫।।

શબ્દાર્થ : શ્રીવલ્લભહાર્દ = શ્રીવલ્લભાચાર્યજીનું હાર્દ (હૃદય, હૃદયનો મર્મ); **વેત્તા** = જાણનારા; **ગૂઢભાવ પ્રકાશક:** = સેવા અને લીલાના ગૂઢ ભાવો વિશે બોધ આપનારા; **પિતૃચરણ** = આપના પિતાશ્રી શ્રીવલ્લભાચાર્યજીના; **સકલ** = બધા જ; **સેવક** = સેવકો પ્રત્યે; **આદરસંયુત:** = આદર ધરાવનારા છો.

ભાવાર્થ : શ્રીવલ્લભાચાર્યજીના હૃદયનો મર્મ જાણનારા, સેવા અને લીલાના ગૂઢ ભાવો વિશે બોધ આપનારા, પિતા શ્રીવલ્લભાચાર્યજીના બધાજ સેવકો પ્રત્યે આદર ધરાવનારા છો.(૨૫)

પુરુષોત્તમસહસ્રનામસ્તોત્રસ્ય પ્રાપક: ।
વિરુદ્ધધર્માશ્રયસ્ય કિલ સાક્ષાત્ પ્રતિકૃતિ: ।।૨૬।।

શબ્દાર્થ : પુરુષોત્તમસહસ્ર = શ્રીપુરુષોત્તમ સહસ્ર (હજાર); **નામ** = નામનું; **સ્તોત્રસ્ય** = સ્તોત્ર; **પ્રાપક:** = (સર્વ વૈષ્ણવોને) પ્રાપ્ત કરાવનારા; **વિરુદ્ધધર્માશ્રયસ્ય** = (શ્રીપુરુષોત્તમજી લેખવાળા રચિત શ્લોક પ્રમાણે) આપશ્રીના સ્વરૂપમાં વિરુદ્ધધર્માશ્રયની; **કિલ** = ખરેખર; **પ્રતિકૃતિ:** = પ્રતિકૃતિ છે. (આપ ગુણાતીત તથા ગુણનિધિ હોવાથી);

ભાવાર્થ : શ્રીપુરુષોત્તમસહસ્રનામનું સ્તોત્ર સર્વ વૈષ્ણવોને પ્રાપ્ત કરાવનારા; તેમ જ જેમના સ્વરૂપમાં વિરુદ્ધ ધર્માશ્રયની ખરેખર ઝાંખી થાય છે. તેવા આપ છો.(૨૬)

અવિદ્યવિપ્રસહાયક: સપર્યાપ્રેમકારક: ।
ભગવલ્લીલાગાયક: શ્રીહરિગુણગાનકૃત્ ।।૨૭।।

શબ્દાર્થ : અવિદ્ય = અભણ (નિરક્ષર); **વિપ્ર** = બ્રાહ્મણને; **સહાય:** = સહાય કરનારા; **સપર્યાપ્રેમકારક:** = ભગવત્સપર્યા (સેવા) પૂર્ણ પ્રેમથી કરનારા; **ભગવલ્લીગાયક:** = ભગવાનની લીલાઓનું ગાન કરનારા; **શ્રીહરિગુણ** = શ્રીહરિના ગુણોનું; **ગાનકૃત્** = ગાન કરનારા;

ભાવાર્થ : આપશ્રી નિરક્ષર બ્રાહ્મણને સહાય કરનારા, પૂર્ણપ્રેમથી ભગવત્સેવા કરનારા, ભગવાનની લીલાઓનું તથા શ્રીહરિના ગુણોનું ગાન કરનારા છો.(૨૭)

તીર્થસ્યવાડવતીર્થ - દેવસમર્ચનકર: ।
અન્યાશ્રયવિષયકસ્પષ્ટમાર્ગપ્રદર્શક: ।।૨૮।।

શબ્દાર્થ : તીર્થસ્ય = તીર્થમાં રહેતા; **વાડવ** = બ્રાહ્મણનું; **તીર્થદેવ** = તીર્થના દેવની માફક; **સમર્ચનકર:** = પૂજા, અર્ચન કરનારા; **અન્યાશ્રય વિષયક** = અન્યાશ્રય વિશે; **સ્પષ્ટમાર્ગપ્રદર્શક:** = સ્પષ્ટ માર્ગદર્શન કરનારા (અન્ય દેવનો આશ્રય ન કરવો, સાથે સાથે અન્ય દેવનો અનાદરે પણ ન કરવો; આશ્રય એકનો જ, આદર સહુનો);

ભાવાર્થ : તીર્થમાં રહેનારા બ્રાહ્મણનું તીર્થના દેવની માફક પૂજન, અર્ચન કરનારા; અન્યાશ્રય અને અનન્યાશ્રય વિશે સ્પષ્ટ માર્ગદર્શન કરનારા.. (૨૮)

બ્રાહ્મણેતરપુષ્ટિસ્થ કર્તવ્યસ્યોપદેશક: ।
સધવાવિધવાપુષ્ટિ - ધર્મભાવપ્રદર્શક: ।।૨૯।।

શબ્દાર્થ : બ્રાહ્મણેતર પુષ્ટિસ્થ = બ્રાહ્મણ સિવાયના (એટલે કે ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રોના); **પુષ્ટિસ્થ** = પુષ્ટિમાર્ગને અનુસરનારા (ક્ષત્રિય, વૈશ્ય તથા શૂદ્રોના); **કર્તવ્યસ્ય** = કર્તવ્યનો; **ઉપદેશક:** = ઉપદેશ કરનારા; **સધવાવિધવાપુષ્ટિધર્મભાવપ્રદર્શક:** = સધવાએ પતિભાવથી શ્રીકૃષ્ણનો આશ્રય કરવો, વિધવાએ પુત્રભાવથી કૃષ્ણનો આશ્રય કરવો - તે કર્તવ્યનો ઉપદેશ કરનારા, ધર્મભાવ દર્શાવનારા);

ભાવાર્થ : પુષ્ટિમાર્ગને અનુસરનારા બ્રાહ્મણ સિવાયના - ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રોના કર્તવ્ય (ધર્મ)નો ઉપદેશ કરનારા, સધવા સ્ત્રીએ પતિભાવથી શ્રીકૃષ્ણનો આશ્રય કરવો તથા વિધવાએ પુત્રભાવથી શ્રીકૃષ્ણનો આશ્રય કરવો - તે કર્તવ્યનો તથા ભાવનો ઉપદેશ કરનારા.(૨૯)

વ્યંગાંગિસ્વરૂપસ્ય તુ સેવનાદ્યુપદેશક: ।
વિરજશ્ચાતિસરલશ્ચ સહજસ્તથા તિતિક્ષુ: ।।૩૦।।

શબ્દાર્થ : વ્યંગાંગિસ્વરૂપસ્ય = જો ભગવત્સ્વરૂપ ખંડિત થયું હોય તો પણ સેવા કરનારનો ભાવ બાધિત થતો ન હોય; **સેવન આદિ ઉપદેશક:** = તેવા સમયે સેવા કેવી રીતે થાય તેનો આ પ્રમાણે ઉપદેશ આપનારા; **વિરજ:** = વિકાર વગરના; **અતિસરલ:** = ખૂબ જ સરળ; **સહજ:** = સાહજિક (Natural); **ચ** = અને; **તિતિક્ષુ:** = સહનશીલતાવાળા;

ભાવાર્થ : જો ભગવત્સ્વરૂપ ખંડિત થયું હોય તો પણ સેવા કરનારના ભાવને બાધ ન આવતો હોય તેવા સમયે આ પ્રમાણે સેવા વગેરે કરવી, તેવો ઉપદેશ આપનારા, નિર્વિકાર, ખૂબ જ સરળ, સાહજિક અને સહનશીલતાવાળા.(૩૦)

દઢાશ્રયપ્રતીકશ્ચ સ્થિતપ્રજ્ઞસ્તથાપિ ચ ।
અહંકારવિહીનશ્ચ પાપાચારવિવર્જિત: ।।૩૧।।

શબ્દાર્થ : દઢાશ્રયપ્રતીક: = દઢાશ્રયના સાક્ષાત્ પ્રતીક; **તથા અપિ ચ** = તેમ જ; **સ્થિતપ્રજ્ઞ:** = સ્થિર બુદ્ધિવાળા; **અહંકારવિહીન:** = અહંકાર વગરના; **પાપાચાર** = પાપયુક્ત આચરણ; **વિવર્જિત:** = ત્યજનારા;

ભાવાર્થ : દઢાશ્રયના સાક્ષાત્ પ્રતીક, તેમજ સ્થિર બુદ્ધિવાળા; અહંકાર વગરના, પાપયુક્ત આચરણ ત્યજનારા..(૩૧)

દાસોડહં ભાવસુદઢો નિજેચ્છાધીનસ્તથા ।
અનાગ્રહીસ્વામ્યધીનો દઢવિશ્વાસધારક: ।।૩૨।।

શબ્દાર્થ : દાસ: અહં = 'હું દાસ છું'; **ભાવસુદઢ:** = એવો ભાવ અતિ દઢ (અતિદઢભાવ વાળા); **તથા** = તેમજ; **નિજેચ્છાધીન:** = પ્રભુની ઈચ્છાને જ વશ; **અનાગ્રહી** = કોઈ પણ જાતના આગ્રહ વિનાના; **સ્વામ્યધીન:** = સ્વામીને જ આધીન (વશ); **દઢવિશ્વાસધારક:** = દઢ વિશ્વાસ રાખનારા;

ભાવાર્થ : 'હું દાસ છું' એવા અતિ દઢ ભાવ વાળા, તેમ જ પ્રભુની ઈચ્છાને જ અધીન (વશ), કોઈ પણ જાતના આગ્રહ વિનાના, (પ્રભુમાં) દઢ વિશ્વાસ રાખનારા; (૩૨)

કલિદોષપરિત્યકતો ભકતસંદેહવારક: ।
અચર્ષણી - અકૈતવ: સર્વસંશયવર્જિત: ।।૩૩।।

P 605

શબ્દાર્થ : કલિદોષપરિત્યક્તઃ = કલિના દોષનો પરિત્યાગ કરનારા (કલિદોષથી પર); **ભક્તસંદેહવાહક** = ભક્તોના સંદેહ દૂર કરનારા; **અચર્ષણી** = (જેની સ્થિરતા અને રુચિ ક્યાંય પણ કાયમ માટે ન હોય તે જીવ ચર્ષણી) આપની પ્રભુભક્તિમાં સ્થિરતા અને રુચિ સર્વદા જ રહેતી. (સર્વદા પ્રભુભક્તિમાં સ્થિરતા અને રુચિવાળા;) **અકૈતવઃ** = શઠતા રહિત; **સર્વસંશયવર્જિતઃ** = કોઈ પણ પ્રકારના સંશય વિનાના;

ભાવાર્થ : કલિના દોષોનો પરિત્યાગ કરનારા (કલિદોષથી પર) ભક્તોના (સેવાવિષયક) સંદેહો દૂર કરનારા, સર્વદા પ્રભુભક્તિમાં સ્થિરતાયુક્ત અને રુચિવાળા, શઠતા રહિત, કોઈપણ પ્રકારના સંશય વિનાના. (૩૩)

વિશુદ્ધભાવસંયુતો ભક્તકલેશનિવારકઃ ।
નિરપેક્ષો નિરવદ્યો નિરમર્ષો નિરંજનઃ ॥૩૪॥

શબ્દાર્થ : વિશુદ્ધભાવસંયુતઃ = પ્રભુમાં વિશુદ્ધભાવયુક્ત (પ્રભુમાં વિશુદ્ધ ભાવવાળા); **ભક્તકલેશનિવારકઃ** = ભક્તોના અલૌકિક કલેશ દૂર કરનારા; **નિરપેક્ષઃ** = કોઈ પણ પ્રકારની અપેક્ષા વગરના; **નિરવદ્યઃ** = કોઈ પણ પ્રકારના દોષ યા પાપ વગરના; **નિરમર્ષઃ** = ક્રોધ વિનાના, અક્રોધી; **નિરંજનઃ** = કોઈ પણ પ્રકારના રાગ યા દ્વેષ વિનાના;

ભાવાર્થ : આપશ્રી પ્રભુમાં વિશુદ્ધ ભાવવાળા, ભક્તોના અલૌકિક ક્લેશો (પરિતાપ) દૂર કરનારા, કોઈ પણ પ્રકારની અપેક્ષા વગરના, કોઈ પણ પ્રકારના દોષ યા પાપ વગરના, ક્રોધ વિનાના (અક્રોધી), કોઈ પણ પ્રકારના રાગ યા દ્વેષ વિનાના છો. (૩૪)

રહઃ પ્રિય પ્રેરિતેન શંકરતનુજેન વૈ ।
વૈકુંઠદીનભક્તેન ગ્રથિતં દૈન્યપૂર્વકમ્ ॥૩૫॥

શબ્દાર્થ : રહઃ પ્રિયપ્રેરિતેન = રહઃ પ્રિય એવા શ્રીમહાપ્રભુજીની પ્રેરણાથી; **શંકરતનુજેન** = શંકરલાલના પુત્ર; **વૈકુંઠદીનભક્તેન** = દીનકિંકર વૈકુંઠદાસ ભગતે; **દૈન્યપૂર્વકં** = દીનતાપૂર્વક; **ગ્રંથિતં** = રચેલું; (સ્તવન);

ભાવાર્થ : રહઃ પ્રિય એવા શ્રીમહાપ્રભુજીની પ્રેરણાથી શ્રી શંકરલાલ (ભગત)ના પુત્ર દીનકિંકર વૈકુંઠદાસ ભગતે રચેલું (આ સ્તવન)..(૩૫)

શ્રીગોપીનાથશતાબ્દી-મહોત્સવાબ્દપર્વણિ ।
અષ્ટોત્તરશતનામ્નાં સ્તવનં તુ સમર્પિતમ્ ॥૩૬॥

શબ્દાર્થ : શ્રીગોપીનાથશતાબ્દી = શ્રીગોપીનાથજીના શતાબ્દી; **મહોત્સવ** = મહોત્સવ; **અબ્દ** = વર્ષના; **પર્વણિ** = પર્વપ્રસંગે; **અષ્ટોત્તરશતનામ્નાં** = ૧૦૮ નામોનું; **સ્તવનં** = સ્તવન; (તુ) **સમર્પિતમ્** = સમર્પણ;

ભાવાર્થ : શ્રીગોપીનાથજીના શતાબ્દી મહોત્સવ વર્ષના પર્વ પ્રસંગે ૧૦૮ નામોનું આ સ્તવન (આપશ્રીનં) સમર્પણ. (૩૬)

શ્રીકૃષ્ણકૃષ્ણવદનપ્રેરિત
રચયિતા : **દીનકિંકર - દા. દા. વૈકુંઠલાલ શંકરલાલ ભગત, ભરૂચ**

■